

# અમૃત સરિતા

પૂજ્યશ્રી નારાયણભાઈની અનુભવસિદ્ધ દિવ્યવાણી

ભાગ-3

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૭૨

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

અમદાવાદ-૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

### જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંત:શત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ:** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

॥ સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે. ॥

॥ અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે. ॥

॥ જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે. ॥



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન!

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃ પ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજ્યંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

• सर्वजीवहितावह •

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# અમૃત સરિતા

3

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૭૨


: સંસ્થાપક:

• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •



શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

❄ **પ્રકાશન સમિતિ** ❄

*: પ્રેરક - માર્ગદર્શક :*

❄ **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ❄

© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

ઈન્કમટેક્ષ એક્ષેમ્પશન u/s 80(G)5

***દ્વિતીય આવૃત્તિ***

પ્રત : ૫૦૦૦

૨૦૧૩, ૧૬, ફેબ્રુઆરી

સં. ૨૦૬૯, મહા સુદ છઠ

***સેવા મૂલ્ય*** : રૂ.૧૫/-

***પ્રકાશક***

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ

નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ ✆ : ૨૭૬૮૨૧૨૦

Website : www.shriswaminarayandivinemission.org

E-mail : info@shriswaminarayandivinemission.com

***: મુદ્રક :***

મુદ્રણ સંસ્કાર;

મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ

આંબલી ગામ, અમદાવાદ.

# નિવેદન

'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન' સંસ્થાના સંસ્થાપક, પ્રેરક, પોષક, સંવર્ધક અને આજીવન પ્રમુખ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની આત્મા-પરમાત્માના અખંડ સાક્ષાત્કારની અને પરમાત્માના દિવ્ય સુખભોક્તાની સર્વોત્કૃષ્ટ સ્થિતિ સત્સંગને સુવિદિત છે.

જેમ પરમાત્માની વાણી એ પરમાત્માનું જ સ્વરૂપ ગણાય છે, તેમ પરમાત્માનું પરમ સાધર્મ્ય પ્રાપ્ત કરેલા અનાદિમુક્તની વાણી પણ પરમાત્માના સાક્ષાત્ સંબંધવાળી હોવાથી પ્રેરણાપીયૂષ પ્રદાન કરનારી, પરમ આદર્શરૂપ અને અનુકરણીય બની જાય છે. કારણ કે અનાદિમુક્ત દ્વારા સ્વયં શ્રીહરિનું કર્તાપણું હોવાથી તેમના મુખે બોલનારા પ્રભુ જ છે.

મનુષ્યરૂપે પ્રત્યક્ષ સત્પુરુષનો જોગ-સમાગમ-સેવા તો પરમ કલ્યાણકારી છે જ, પરંતુ તેવો પ્રત્યક્ષ જોગ ન હોય ત્યારે તેમની અનુભવસિદ્ધ દિવ્યવાણી પણ અનેક મુમુક્ષુ સાધક માટે પ્રભુપ્રાપ્તિરૂપ અંતિમ મુકામ તરફ દોરી જવા માટે પથદર્શક ગુરુરૂપ બની રહે છે.

આવા મહાન સદ્‌ગુરુવર્ય અનાદિમુક્ત પૂજ્ય શ્રી નારાયણભાઈ અનેક વખત સત્સંગસભામાં પોતાની અલૌકિક વાણીનો લાભ આપતા. પહેલા તો તેઓ પોતાની વાણીનું ઑડિયો રેકોર્ડિંગ-ધ્વનિમુદ્રણ થાય તેમાં બિલકુલ

સંમત ન થતા. તેઓશ્રી જણાવતા કે શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા સદ્‌ગુરુઓની વાણીમાં બધાની વાણીનો આપોઆપ સમાવેશ થઈ જ જાય છે. માટે બીજી વાણીનું રેકોર્ડિંગ શા માટે કરવું? પછી સર્વ હરિભક્તોના અતિ પ્રેમ ને આગ્રહને વશ થઈ પ્રવચનોનું રેકોર્ડિંગ થતું હોય તો તેમાં વાંધો લેતા નહિ.

સભાને અંતે સમાપન વક્તવ્ય પૂજ્યશ્રી નારાયણભાઈનું રહેતું. તેમાં તેઓશ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન, સર્વોપરી ઉપાસના, અનાદિમુક્તની દિવ્ય સ્થિતિ, ધર્મ-ભક્તિ, જ્ઞાન-ધ્યાન, કાર્ય-કારણ સત્સંગ વગેરે અનેક ગહન વિષયો ઉપર સભામાં બેઠેલા સંત-હરિભક્તોને સરળતાથી સમજાય એવી પ્રભાવક ને પ્રાસાદિકી શૈલીમાં પ્રવચનો આપતા. તે પ્રવચનોના ધ્વનિમુદ્રણના આધારે આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. બોલવાની ઢબ અને લેખનની ઢબ જુદી પડે તે સ્વાભાવિક છે. એટલે કેટલીક વાક્યરચનાઓ વ્યાકરણ મુજબ સુધારવામાં આવી છે, જે વાંચકવૃંદની સરળતા માટે અનિવાર્ય બાબત છે. સભાને અનુરૂપ અમુક ઔપચારિક અને વ્યાવહારિક વાતો પણ પ્રવચનોમાં કરવી પડતી હોય છે. એટલે તેવી વાતો ન લેતાં તેમાંથી જીવનઉપયોગી સાર અંશોરૂપે લઈ લેવામાં આવ્યો છે. રહસ્ય જ્ઞાનને લગતી વાતોનો યથાવત્ સમાવેશ કરવામાં આવ્યો છે.

આવી અદ્‌ભુત વાણીને 'અમૃત સરિતા' શીર્ષક હેઠળ અક્ષરદેહ આપી આ સંસ્થાના રજત જયંતી પર્વના ઉપલક્ષે પ્રકાશિત કરવામાં આવેલી. વાચકવૃંદના બહોળા

પ્રતિસાદને લક્ષ્યમાં લઈને કેટલાંક અન્ય સંકલિત પ્રવચનો ઉમેરીને ભાગ-૩ રૂપે આ ગ્રંથ પ્રકાશિત કરવામાં આવેલ, જેને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડતા ટૂંક સમયમાં તેની દ્વિતીય આવૃત્તિ રજૂ કરતાં ગૌરવ અને હર્ષ અનુભવાય છે. વાચકવૃંદ તેનો મહદ્ લાભ ઉઠાવી પોતાના જીવનને પ્રભુપ્રાપ્તિરૂપ સર્વોત્કૃષ્ટ ધ્યેયરૂપે કંડારવા પ્રયત્નશીલ રહી પ્રભુ પ્રસન્નતાના અધિકારી બની રહે એવી પરમ કૃપાળુ પરમાત્મા તથા સદ્‌ગુરુવર્યને અંતરની પ્રાર્થના!

સં. ૨૦૬૯, મહા સુદ છઠ
ઈ. સ. ૨૦૧૩, ૧૬ ફેબ્રુઆરી

**પ્રકાશન સમિતિ**
**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# અમૃત સરિતા – ૩

# ૧

શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા અનાદિમુક્તોની આ દિવ્યસભાને કોટાનકોટી વંદન કરું છું.

આ સભામાં પ્રસન્નતાનું કારણ એ છે કે આપણા મંદિરમાં ભગવાન સ્વામિનારાયણ દિવ્યસ્વરૂપે બિરાજે છે. અક્ષરધામની સભા આ સભાની સાથે જ છે. આ દિવ્યસભાનો મહિમા અપાર છે. એનો મહિમા કહી શકાય એવો નથી.

બ્રહ્માનંદ સ્વામી એકવાર સભામાં શ્રીજીમહારાજની મૂર્તિનું વર્ણન કરતું એક કીર્તન બોલ્યા. એ કીર્તન સાંભળીને ભગવાનના એક ભોળા ભક્ત સભા પૂરી થયા પછી સ્વામિનારાયણ ભગવાન પાસે ગયા અને મહારાજને કહ્યું, હે મહારાજ! બ્રહ્માનંદ સ્વામી આપની મૂર્તિનું વર્ણન કરતું જે કીર્તન બોલ્યા એ પ્રમાણે હું તમારી મૂર્તિને નિરખતો હતો, પણ એ કીર્તનમાં આપની મૂર્તિનું વર્ણન કર્યું એટલા સુંદર અને રમણીય તો આપ દેખાતા નથી. તેનું શું કારણ? બ્રહ્માનંદ સ્વામીએ આપના નેણનું વર્ણન કર્યું એવા નેણ તો આપના દેખાતા નથી. તો બ્રહ્માનંદ સ્વામીએ હેતને લીધે આવું વર્ણન કર્યું કે શું? એ આપ દયા કરીને મને કહો. તો મહારાજ કહે કે ભાઈ, બ્રહ્માનંદ સ્વામીની વાણી તો મને ય સમજાય એવી નથી. બ્રહ્માનંદ સ્વામી તો બહુ મોટા સદ્ગુરુ છે. તો તમે એમને જઈને પૂછો અને પછી એ જે કહે તે તમે

મને કહેજો. પછી એ કહે, મહારાજ! એમની પાસે ક્યારે જાઉં? તો કહે, સાંજના ચાર વાગે જજો. તેઓ ધ્યાનમાંથી ઉઠે માનસીપૂજા કરીને, ત્યારે તમે આ પ્રશ્ન પૂછજો. કહે, ભલે મહારાજ!

ભક્તરાજ બરાબર ચાર વાગે બ્રહ્માનંદ સ્વામીને આસને પહોંચી ગયા. બ્રહ્માનંદ સ્વામી ધ્યાનમાં બેઠા હતા. થોડીવારમાં બ્રહ્માનંદ સ્વામી ધ્યાનમાંથી જાગૃત થયા. સ્વામીએ ઊંચી નજર કરીને ભક્તરાજ સામું જોયું. કહે, ઓહો! આવો આવો, તમે કેમ આવ્યા? પછી ભક્તરાજ કહે, મહારાજે મને તમારી પાસે મોકલ્યો છે. હા, ભલે બહુ સારું, શેના માટે મોકલ્યા છે? મહારાજનું કીર્તન આપ બોલ્યા ત્યારે મહારાજના નેણ અને મહારાજની મૂર્તિનું વર્ણન જે તમે કર્યું એવા સુંદર તો મહારાજ નથી દેખાતા! ત્યારે બ્રહ્માનંદ સ્વામી, તમે શી રીતે એવું વર્ણન કર્યું? બ્રહ્માનંદ સ્વામી હસ્યા. પછી કહ્યું કે તમે મહારાજને આ પ્રશ્ન પૂછ્યો હતો? તો કહે, મહારાજે એમ કહ્યું કે બ્રહ્માનંદ સ્વામીની વાણી તો અમને ય સમજાય એવી નથી. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, ભક્તરાજ! મહારાજની મૂર્તિનું વર્ણન કરવા માટે તો કોઈ શબ્દો જડતા નથી. ભગવાન મનુષ્યરૂપમાં જે તમને દેખાય છે તેથી કોટીગણું સૌંદર્ય તો દિવ્યસ્વરૂપમાં છે. એ દિવ્યસ્વરૂપનું દર્શન કરવા માટે તમારી પાત્રતા હજી થઈ નથી. હું એ મહાપ્રભુના સ્વરૂપમાં રહું છું અને એ સ્વરૂપનું દર્શન કરું છું. મને શબ્દો બધા પાંગળા લાગે છે. એટલે જેટલા જડ્યા, જેટલા કામમાં આવ્યા એનો

ઉપયોગ માત્ર કર્યો છે. ભગવાન સર્વાંગે સુંદર છે.

ભગવાનનું દિવ્યસ્વરૂપ તો પાત્રતા થાય, ભગવાનની કૃપા થાય ત્યારે જ એ ભગવાનના દિવ્યસ્વરૂપનું દર્શન જીરવાય છે. એ ભગવાનના નેણ જેવા સુંદર નેણ તો અનંત બ્રહ્માંડમાં કોઈ અવતારના કે કોઈ દેવોના નેણ એવા સુંદર નથી. ભગવાનનું એકેએક અંગ સુંદર છે. એ સુંદરતાનું વર્ણન કરતા તો કલમો ઘસાઈ જાય, તો પણ એ દિવ્યમૂર્તિનું વર્ણન કરી શકાય એવું નથી. એ દિવ્યસ્વરૂપ એટલું બધું આકર્ષણ કરે છે કે અનંત બ્રહ્માંડોને એ ખેંચે છે. ભગવાનના દિવ્યસ્વરૂપમાંથી પોતાની જે દિવ્યશક્તિ નીકળે છે તે વિસ્તૃત થાય છે તે દિવ્યશક્તિને આધારે અનંત બ્રહ્માંડોનું પોષણ થાય છે. અનંત બ્રહ્માંડો એ સામર્થ્ય મેળવે છે. આ મૂર્તિનું દર્શન કરવા માટે આ દિવ્ય સત્સંગ છે.

મહારાજનું આવું સ્વરૂપ પામવા માટે આપણે કેટલી બધી મહેનત કરવી પડે, કેટલો બધો પુરુષાર્થ કરવો પડે, પણ ભગવાને આ પ્રાપ્તિ આપણા માટે સુલભ કરી દીધી છે. તેઓ કૃપાસાધ્ય થઈને આવ્યા, નહિતર આ ભગવાનની પ્રાપ્તિ હજારો જન્મ, કરોડો જન્મ થાય છતાં પણ આ પ્રાપ્તિ થઈ શકે એમ નથી. સાધનથી કોઈ પાર આવે એમ નથી. કેવળ ભગવાનની કૃપાથી ભગવાનના મુક્તના સમાગમથી જ આ પ્રાપ્તિ થાય છે. ભગવાનનો આવો સર્વોપરી મહિમા છે. ભગવાનનો સર્વોપરી મહિમા જો બરોબર હોય તો આપણને ભગવાન સિવાય કોઈની ગણત્રી નહિ રહે.

એક વાત બરોબર ધ્યાનમાં રાખવાની કે મહારાજ અહીં (પૃથ્વી પર) પધાર્યા એ પહેલા શાસ્ત્રો રચ્યા ન હતા. એ પહેલા અવતારો દ્વારા, ભગવાન વ્યાસજી જેવા ઋષિમુનિઓ હતા એમના દ્વારા વેદ રચ્યા, ભાગવત પુરાણ વગેરે શાસ્ત્રો રચ્યાં. આ બધા શાસ્ત્રો જેમ જેમ અવતારો પ્રગટ થતા ગયા તેમ તેમ એમનું વર્ણન કરતા ગયા. ભગવાન સ્વામિનારાયણ જ્યારે પ્રગટ થયા, ત્યારે એમણે જુદા જુદા અવતારો, જુદા જુદા ધર્મના પયગંબરો, જુદા જુદા ધર્મના prophets જેને આચાર્યો કહીએ એ બધાના દર્શન એમના ભક્તોને કરાવ્યા. પોતાની મૂર્તિમાં એ બધાના દર્શન કરાવ્યા. એ બધા જ અવતારોને પોતાની મૂર્તિમાં લીન કર્યા. જેમ સૂર્ય તારાઓને પોતાના પ્રકાશમાં લીન કરી નાંખે છે, તેમ અવતારી પરમાત્મા એ તમામને પોતાના સ્વરૂપમાં લીન કરી નાંખે છે. અવતારોનું અવતરણ પણ એ અવતારી પ્રભુના સંકલ્પથી જ આ પૃથ્વી ઉપર થયું છે. જીવોને પાત્ર કરવાને માટે, જીવોનું કલ્યાણ કરવાને માટે ભગવાને અવતારોનું પ્રગટપણું દેખાડ્યું. ત્યાર પછી પોતે પ્રગટ થયા ત્યારે વ્યાપકાનંદ સ્વામી જેવા સંતને ૨૪ અવતારોના દર્શન કરાવીને પોતાનામાં લીન કરેલા બતાવ્યા. મુસલમાનોને પણ તેમના પયગંબરોને પોતાનામાં લીન કરીને બતાવ્યા. તેમના ખુદા એમને પણ પોતાનામાં લીન કરીને બતાવ્યા. ઈસુ ખ્રિસ્તના દર્શન ક્રિશ્ચિયન્સને આપ્યા અને એમને પોતાનો નિશ્ચય કરાવ્યો. જૈનમુનિઓને ભગવાને તીર્થંકરોના દર્શન કરાવ્યા અને એ તીર્થંકરોને પોતાનામાં લીન કરી નાંખ્યા. જેમ

સૂર્ય છે તે તારાઓને પોતાના પ્રકાશમાં લીન કરી નાંખે છે, તેમ લીન કરી નાંખ્યા.

એવી રીતે અવતારી પ્રભુ જ્યારે પ્રગટ થયા, ત્યારે શરૂઆતમાં તેમના શાસ્ત્રો રચાયા ન હતા. ત્યારે રામાયણ અને ભાગવતની કથાઓ થતી હતી. ત્યાર પછી ધીમે ધીમે ભગવાને પોતે બધાને એમ કહ્યું કે બધા જ અવતારો મેં મારામાં લીન કર્યા છે. બધા જ અવતારો મારામાંથી પ્રગટ થયા છે. જો એ બધા જ અવતારો મારામાં હોય તો તમે બધા અવતારોના નામો મારા નામની અંદર લીન કરી નાંખો અને એક જ નામનું ભજન કરો અને એમણે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એવો મહામંત્ર આપ્યો. પછી બધા ભગવાન સ્વામિનારાયણના મહામંત્રનું ભજન કરવા લાગ્યા. અને ભગવાને એમ કહ્યું કે હવે આ મહામંત્રનો જ જપ કરો. મારા દિવ્યસ્વરૂપનું જ ધ્યાન કરો. મારા જ નામની માળા ફેરવો. મારું જ ભજન-કીર્તન કરો. મારી જ ઉપાસના કરો. અને હું તમને સર્વે દોષો થકી રહિત કરીને મારા સ્વરૂપના, મારા દિવ્યસુખને પમાડીશ. આવો ભગવાને વર આપ્યો. આ વર (આશીર્વાદ) છે એ હજી સુધી ચાલ્યો આવે છે. અત્યારે તમે જોઈ શકો છો કે ભગવાન સ્વામિનારાયણને શરણે ગયેલા તેમના ભક્તો તથા જે કોઈ જીવો તેમના શરણે જાય છે તેમને અંતકાળે તેડવા આવે છે અને ભગવાન તેડવા આવે એ વખતે તેઓ (તેમના ભક્તો) કહે છે કે ભગવાન સ્વામિનારાયણ અને તેમના સંતો દિવ્યસ્વરૂપે મને તેડવા આવ્યા છે. આવું

(બીજી) કોઈ જગ્યાએ જોયું છે ખરું? ત્યારે એક વિચાર કરો કે અવતારી પ્રભુ જ આ કાર્ય કરી શકે. આ હકીકત છે.

ભગવાને કહ્યું છે કે ભૂત-પ્રેતનો ઉપદ્રવ હોય ત્યારે હનુમાનજીના મંત્રનો અને નારાયણ કવચનો પાઠ - જાપ કરવો. હનુમાનજી તો ભગવાનના ભક્ત હતા. પ્રાચીનકાળથી હનુમાનજીનો મહિમા વિશેષ છે, પણ હનુમાનજી કરતાં તો રામચંદ્રજીનો મહિમા વધારે હોયને? હનુમાનજીમાં સામર્થ્ય અને ઐશ્વર્ય કોનામાંથી આવ્યું? ભગવાન રામચંદ્રજીએ આપેલું ઐશ્વર્ય હતું, પણ હનુમાનજીનું ઐશ્વર્ય કંઈ રામચંદ્રજી ભગવાન કરતાં વધારે ન હતું, છતાં પણ સર્વાવતારી પ્રભુ ભગવાન સ્વામિનારાયણે હનુમાનજીના મંત્રનો જપ કરવાનું એટલા જ માટે કહ્યું કે ઘણા કાળથી બધાને હનુમાનજી પ્રત્યે શ્રદ્ધા આવી ગઈ છે. માટે શ્રદ્ધા હોય તો જેમ તાર હોય તેમાં વિદ્યુતનો પ્રવાહ વહે, પણ જો તાર તૂટી જાય તો બધા દીવાઓ (બત્તી) બંધ થઈ જાય. એમ તારની જગાએ શ્રદ્ધા અને વિશ્વાસ છે. જો શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો જ મંત્ર કામ કરે. હનુમાનજીમાં શ્રદ્ધા છે તો કામ કરે છે. રામચંદ્રજીનો મંત્ર કોઈ જપતું નથી અને હનુમાનજીનો મંત્ર જપવા લાગે છે. એનું કારણ કે એમાં શ્રદ્ધા આવી ગઈ છે અને પેલી શ્રદ્ધામાં કચાશ છે. ભગવાન સ્વામિનારાયણના મહામંત્રના નામમાં તો બધા જ દેવો, ભક્તો અને બધા જ અવતારોના નામો વિલીન થઈ ગયા. તો આ મંત્રનો પ્રતાપ કેટલો બધો

હોય? ત્યારે આપણે એનો મહિમા સમજીએ તો એક જ ભગવાન સ્વામિનારાયણ એટલું બોલતાની સાથે જ ભૂત-પ્રેતનો ઉપદ્રવ ચાલ્યો જાય.

આ પવિત્ર નામ છે. ભૂત - પ્રેત તો અશુદ્ધિમાં રહે. શુદ્ધિમાં એ રહી શકતા જ નથી. શુદ્ધિ જેવી ઉત્પન્ન થાય એવું એને ભાગવું જ પડે. તો ભગવાન સ્વામિનારાયણનું નામ એક જ વાર લેવાથી બધા જ દુઃખો દૂર થઈ જાય છે, પણ એટલી શ્રદ્ધા આવતી નથી, એટલી આપણા જીવની કચાશ છે. ત્યારે જીવની પાત્રતા જુઓને! એક શ્રદ્ધા લાવવી એમાં પણ કચાશ, તો બીજું શું કરી શકે? ત્યારે ભગવાને આપણા ઉપર કેટલી કૃપા કરી કે તમે મારો મહિમા જાણો. હું તમને બધા દોષથી રહિત કરી અને સુખને પમાડીશ. તો આપણે હવે આ એક જ મહામંત્રનો જપ કરવો. મને ખબર છે કે આ મહામંત્રનો પ્રતાપ કેટલો હોય છે! હું દસ વર્ષનો હતો ત્યારે એક મોટા સદ્ગુરુ મળેલા એમણે મને આ મહામંત્રની વાત કરી. એક જણને ભૂત-પ્રેતનો ઉપદ્રવ હતો. ત્યારે મને એમ થયું કે આ સદ્ગુરુએ કહેલું છે કે ભગવાન સ્વામિનારાયણ એવો નાદ સાંભળતાં આ બધું ચાલ્યું જાય અને દિવ્ય વાતાવરણ સર્જાય. તો હનુમાનજી પાસે (કોઈની અંદર) ભૂત હતું તો મેં જોરથી ભગવાન સ્વામિનારાયણ નામ મંત્રનું ઉચ્ચારણ કરતાં એ ભૂત તો બોલ્યા વગર જ ભાગી ગયું. તો બોલો હનુમાનજીના મંત્રનું બળ વધારે કે ભગવાન સ્વામિનારાયણના મંત્રનું બળ વધારે? અરે! રાડ પાડ્યા વગર જ એ પલાયન

થઈ ગયું અને કદીએ એનામાં ભૂત આવ્યું નહિ. ત્યારથી મને ખબર પડી કે આ સદ્‌ગુરુએ જે મને કહ્યું કે ભગવાન સ્વામિનારાયણ નામના મંત્ર સિવાય બીજાના મંત્ર ન કરવા. એમાં બધા જ મંત્રોનો સમાવેશ થાય છે. આપણે ભગવાનના ભક્તોએ તમામ મંત્રોને સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રમાં લીન કરવા અને ભગવાન સ્વામિનારાયણ સિવાય કોઈ મંત્રનો જપ કરવો નહિ.

ભગવાનના અનન્ય ભક્ત જેને સ્વરૂપનિષ્ઠા પાકી છે એને (બીજા) કોઈ મંત્ર કરવાની જરૂર રહેતી નથી. સ્વામિનારાયણ! એક જ ભગવાન સ્વામિનારાયણ અને એ સ્વામિનારાયણ ભગવાનમાંથી દિવ્યશક્તિ પ્રગટ થાય છે. એ દિવ્યશક્તિ જુદા જુદા સ્વરૂપે અનંત બ્રહ્માંડમાં વહેંચાઈ ગઈ છે અને જુદા જુદા સ્વરૂપ ધારણ કરે છે અને ભૂત-ભૈરવોમાં એ શક્તિ વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે. કારણ કે એ દેવોમાં એટલી જ પાત્રતા છે. એને એ કામ માટે મૂક્યા છે. જીવોની કક્ષા બહુ નીચી હોય ત્યારે એ સમાસ કરે છે. પછી ધીરે ધીરે જ્યારે જીવો ઊંચા આવતા જાય છે, જ્યારે એની પ્રગતિ થતી જાય છે, ત્યારે એને વધારે ને વધારે ઉચ્ચ દેવોની પ્રાપ્તિ થતી જાય છે. મલિન દેવોની પ્રાપ્તિ ઘટતી જાય છે. ભગવાને આખા બ્રહ્માંડોની રચનામાં અનેક દેવ-દેવતાઓ બધું જ પ્રગટ કર્યું છે અને સ્વામિનારાયણ ભગવાનની શક્તિ આ બધામાં કામ કરે છે.

મહારાજ એમ કહે છે કે કરોડો સૂર્ય ભેગા કરો, તો ય પણ મારા પ્રકાશમાં એ બધા પ્રકાશ લીન થઈ

જાય છે. જો ભગવાન સ્વામિનારાયણનું સ્વરૂપ આવડું મોટું પ્રકાશમાન હોય તો જીરવાય કેવી રીતે? રાડ પાડી જવાય, નાડી-પ્રાણ ખેંચાઈ જાય. અરે! ભગવાને એવી દયા કરી છે કે મારી મનુષ્યરૂપ મૂર્તિ, અક્ષરધામની મૂર્તિ અને આ મારી દિવ્ય પ્રતિમા એમાં રોમનો ફરક નથી. માટે આ દિવ્ય પ્રતિમાને પ્રત્યક્ષ માનીને મારું ભજન કરજો. એમાં હું સાક્ષાત્ બિરાજું છું. હું બધી રીતે તમારું રક્ષણ કરીશ અને કોઈ ચિંતા ન કરશો. મારે શરણે આવ્યા પછી 'સર્વધર્માન્પરિત્યજ્ય' બધા ધર્મોનો ત્યાગ કરીને મારા શરણે આવો. એમ ભગવાન કહે છે. આપણે સર્વે ભગવાન સ્વામિનારાયણના ભક્તો છીએ. એ ભગવાનના ભક્તોએ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપ સિવાય પોતાના ચૈતન્યમાં બીજા કોઈ સ્વરૂપનું ધ્યાન કરવું નહિ અને ભગવાને પધરાવેલા જુદા જુદા સ્વરૂપો છે. ગોપીનાથજી, રણછોડ-ત્રિકમરાયજી એ બધા સ્વરૂપો ભગવાને ધારણ કરેલા, એ સ્વરૂપે દર્શન આપેલા. એમાં (મૂર્તિમાં) ભગવાન સ્વામિનારાયણ બિરાજે છે, પણ અક્ષરધામમાં બિરાજમાન ભગવાનનું દિવ્યસ્વરૂપ છે એવું સ્વરૂપ એ નથી. એમનું ધ્યાન થાય નહિ. મહારાજે તો એમ કહ્યું છે કે હું ધર્મ-ભક્તિનો પુત્ર, હું ભગવાન સ્વામિનારાયણ, ઘનશ્યામમહારાજ એવા મારા દિવ્ય સ્વરૂપ સિવાય કોઈ સ્વરૂપનું ધ્યાન ન થાય. મેં પધરાવેલી બીજી મૂર્તિઓ એ મેં જે સ્વરૂપો ધારણ કરેલા એની સેવા-પૂજન બધું જ થાય, પણ ઉપાસના ન થાય, ધ્યાન ન થાય. માટે ધ્યાન તો એક ભગવાન સ્વામિનારાયણના

સ્વરૂપનું જ કરવું, તો જ ભગવાન સ્વામિનારાયણનો સાક્ષાત્કાર થાય. સાક્ષાત્કાર કરવો હોય તો આ દિવ્યસ્વરૂપ સિવાય આપણા ચૈતન્યમાં બીજું કાંઈ જ રહેવું જોઈએ નહિ. તો જ સાચી ઉપાસના કહેવાય. એક જ, રોમેરોમ સ્વામિનારાયણનો ધ્વનિ નીકળવો જોઈએ તો જ ભગવાનના સાચા ભક્ત કહેવાઈએ.

આપણે ભગવાનના એવા ભક્ત થઈ રહીએ કે જેથી ભગવાન સ્વામિનારાયણને આપણામાં જોઈને બીજાના અંતર ઠરી જાય. બીજાના અંતરમાં શાંતિ શાંતિ થઈ જાય. આ કોનો પ્રતાપ? ભગવાન સ્વામિનારાયણનો. જો ભગવાન આપણામાં બિરાજતા હોય તો આપણા લીધે બીજાને શાંતિ થાય. જપ-તપ-સાધન ઘણા કરીએ એથી શાંતિ થતી નથી. શાંતિ તો એક ભગવાન સ્વામિનારાયણની દિવ્ય મૂર્તિમાં જ થાય, એના ધ્યાનથી જ થાય. માટે એ દિવ્યસ્વરૂપનું ધ્યાન કરવું. અખંડ આનંદમાં રહેવું. આપણે ભગવાનની આજ્ઞા બરોબર પાળવી. આજ્ઞા પાળવી કાંઈ અઘરી નથી. આપણા હાથની જ વાત છે. દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું નહિ અને વટલાવવું નહિ. આ પાંચ (એનું પાલન) તો આપણા હાથની વાત છે. દારૂ ન પીવો એ આપણા હાથની વાત નથી? માંસ ન ખાવું એ આપણા હાથની વાત નથી? ચોરી નથી કરવી ચાલો. એ આપણા હાથની વાત નથી? મહારાજ કહે છે બધી આપણા હાથની વાત છે. બ્રહ્મચર્યનું પાલન કરવું એ પણ આપણા હાથની વાત છે અને વટલવું નહિ ને વટલાવવું નહિ એટલે કે જે ભગવાનની આજ્ઞા પાળતા

ન હોય અને ચારિત્ર્યની રીતે ભ્રષ્ટ હોય તો એના હાથનું કેમ ખવાય? જો એના હાથનું અન્ન લઈએ તો વટલાઈ ગયા, તો - તો વટલાઈ જઈએ. એટલે મહારાજ કહે છે કે આપણે બીજાને વટલાવવું નહિ. એટલે એવા ન થવું કે આપણે કોઈને આપીએ તો એ વટલાઈ જાય. માટે વટલવું નહિ ને વટલાવવું નહિ એનો મોટો અર્થ આ છે કે ભગવાનની આજ્ઞા પાળતા ન હોય એનું અન્ન-જળ ખપે નહિ. માટે આપણે તો બરોબર આજ્ઞા પાળવી પડે.

આજ્ઞા પાળવી કંઈ કઠણ વાત છે? આજ્ઞા પાળવામાં તો આનંદ છે. દારૂ પીએ તો કેફ ચડી જાય ને મરવા પડે તો એ દારૂને કરવાનો શું? એના લીધે આખું જગત હેરાન થાય છે. મહારાજે તો બસો વર્ષ પહેલાં કહ્યું છે કે દારૂ ન પીવો. અત્યારે એની માથાકૂટ ચાલે છે. અત્યારે પશ્ચિમના દેશોમાં જુઓ તો માંસ વગર તેઓ રહી શકતા નથી. આવા પશુ જેવા જીવો છે. તો ભગવાને એનો નિષેધ કર્યો છે. અત્યારે બીજા દેશોમાં પણ માંસ પ્રત્યે હવે તિરસ્કાર થવા લાગ્યો છે. માંસ ખાવાનું બંધ કરે તો શાંતિ થાય. અત્યારે ભારતીય સંસ્કૃતિને શ્રેષ્ઠ સંસ્કૃતિ તરીકે લોકો સ્વીકારવા લાગ્યા છે. અહીં તો શાંતિ નથી. આ તો ભારતમાંથી શાંતિ આવે છે. ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે શાંતિ માત્ર મારામાંથી પ્રગટ થાય છે અને એ શાંતિ સર્વત્ર વહેંચાઈ જાય છે. એટલે આ ભગવાનનું દિવ્યસ્વરૂપ છે એની આજ્ઞા બરોબર પાળીને, આજ્ઞારૂપ થઈએ તો

સ્વરૂપનિષ્ઠા કહેવાયને? ભગવાનની વાણી એ ભગવાનનું સ્વરૂપ છે. એ વાણી અને ભગવાનની દિવ્ય મૂર્તિ એ બંને એકમેક છે. એ બંનેનું એકપણું થાય, બંનેનું પાલન થાય, એ બંનેની દૃઢતા થાય, ત્યારે સ્વરૂપનિષ્ઠા પાકી કહેવાય, તો જ ઉપાસના પાકી કહેવાય. સ્વામિનારાયણ સિવાય કાંઈ જ રહેવું ન જોઈએ.

હું શિક્ષક હતો ત્યારે વિદ્યાર્થીઓને પાવાગઢ (પર્યટનમાં) લઈ ગયેલો. ત્યાં ભદ્રકાળી માતાજીની મૂર્તિ હતી. તો બધા વિદ્યાર્થીઓ ત્યાં ગયા. ત્યાં એના એક બ્રહ્મચારી હતા. મેં તેમને કહ્યું કે તમે એક કોર (બાજુ) હટી જાવ. તમારા માતાજી મને જય સ્વામિનારાયણ કરવા આવે છે. તમે હટી જાવ આઘા. બરોબર? એ મને જય સ્વામિનારાયણ કહે છે ને પગે લાગે છે. શા માટે? કારણ કે ભગવાન સ્વામિનારાયણ એ તો અવતારી મહાપ્રભુ છે. અનંત દેવો એના દર્શન કરે છે. એ ભગવાન જો આપણામાં બિરાજતા હોય તો એ માતાજી કોના દર્શન કરવા આવ્યાં? ભગવાન સ્વામિનારાયણના. તો એ ભગવાન સ્વામિનારાયણના દર્શન કરવા આવ્યાં. તેમણે (મને) જય સ્વામિનારાયણ કર્યા. મેં મહારાજને કહ્યું કે આ માતાજીનું કલ્યાણ કરી નાંખો જેથી કોઈ માતાજી જ ન રાખે. તો મહારાજ કહે કે આ માતાજીને એટલો વૈરાગ્ય નથી થયો માટે રહેવા દો હજી. જ્યારે એમને એ રાગ મટી જશે, ત્યારે એ જરૂર આમાંથી (એમની મૂર્તિમાંથી) નીકળી જશે. ત્યારે જુઓ એમને પણ એ રાગ છે. ભગવાન સ્વામિનારાયણ સુધીની બીજી

બધી ભૂમિકાઓમાં બધે થોડો થોડો ઐશ્વર્યનો રાગ છે, પણ જ્યારે એ બધા રાગોમાંથી મુક્ત થાય, ત્યારે જ ભગવાન સ્વામિનારાયણના દિવ્યસ્વરૂપમાં રાગ રહિત થઈ રહેવાય છે.

એવા રાગ રહિત થવું હોય તો આજથી નિર્ણય કરો કે સ્વામિનારાયણ નામ સિવાય કોઈ દિવસ મુખમાંથી બીજું નામ નીકળવું જોઈએ નહિ. એ સિવાય બીજી કોઈ ઉપાસના ન કરવી જોઈએ બરોબર છે? એ રીતે હંમેશાં દૃઢાવ રાખવાનો. બધા અવતારોનો મહારાજે આદર કર્યો છે. દેવોનું દર્શન કરવાનું કહ્યું છે, પણ એમ કહે છે કે બધા જ દેવો મારામાં લીન છે, માટે એ બધા દેવોને ત્યાગીને જો મારા સ્વરૂપનું ધ્યાન કરશો તો કોઈ રીતે તમારી પતિવ્રતાની ભક્તિ જવાની નથી. કારણ કે હું સર્વોપરી ભગવાન છું. મેં મારામાં બધાને લીન કરી નાંખ્યા છે. જગત આખું ધીમે ધીમે મારા સ્વરૂપ તરફ ખેંચાઈને આવશે.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે પાંદડે-પાંદડે ભજન થશે. ત્યારે મને યુરોપમાંથી આવેલા બ્રિટીશ ગોરાઓએ પ્રશ્ન પૂછેલો કે ભાઈ, આ કેવી રીતે થવાનું? પાંદડે-પાંદડે સ્વામિનારાયણનું ભજન થશે એ કેવી રીતે થઈ શકે? તો મેં એમને એમ કહ્યું કે ભાઈ, આ બધી દીવાલો, આ બધા રજકણો એ બધાયમાંથી સ્વામિનારાયણ - સ્વામિનારાયણ ધ્વનિ નીકળશે, તમારા શરીરમાંથી ય સ્વામિનારાયણ - સ્વામિનારાયણ નીકળશે. ત્યારે આખી પૃથ્વી પરના પાંદડામાંથી શું, પણ રજકણો - કણો

(પરમાણુઓ) એ તમામમાંથી સ્વામિનારાયણનો ધ્વનિ નીકળશે ત્યારે લોકો ગાંડા-ગાંડા થઈ જશે! ત્યારે તો બીજું કોઈ નામ યાદ નહિ રહે. ત્યારે તો એમ થશે કે સ્વામિનારાયણ સિવાય કોઈ શબ્દ જ દુનિયા પર હતો નહિ. આમ થવાનું છે. સ્વામિનારાયણ - સ્વામિનારાયણ એ નામનું ગુંજન થશે ત્યારે બધાયના પરિતાપ (દુઃખો) ચાલ્યા જશે. તો અત્યારથી જ પરિતાપ દૂર કરોને! તો રોમેરોમ સ્વામિનારાયણ બોલવાનું. ભગવાન સ્વામિનારાયણનું નામ રોમેરોમમાંથી એવું નીકળે તો બધાયને શાંતિ શાંતિ કરી નાંખે. અરે! અવતારો પાસે જો સ્વામિનારાયણ નામ લો તો અવતારો નાચવા લાગી જાય છે. ત્યારે તમે વિચાર કરો કે આ અવતારી પ્રભુ કેવા છે!

આ અવતારી પ્રભુનું દર્શન મને પણ ભગવાનના સાક્ષાત્કારવાળા મોટા સંતોએ કરાવ્યું છે. એટલે હું પ્રત્યક્ષ જોઈને તમને કહું છું કે સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજા કોઈ દર્શન કરવાની જરૂર રહેતી નથી. આ હું સત્ય બોલું છું તમારી પાસે. ભગવાન સ્વામિનારાયણની આ દિવ્ય સભામાં એની સાક્ષીએ કહું છું કે આ દિવ્યસ્વરૂપ સર્વોપરી છે, સર્વ કર્તાહર્તા છે, દિવ્ય સાકાર સ્વરૂપ છે. અને બધાને પોતાનામાં લીન કરીને સૌને સુખિયા રાખે છે. એવા ભગવાન સ્વામિનારાયણ છે. અનંતકોટી ભૂમિકાઓ પોતાના તેજે તેજાયમાન છે અને બધા જુદી જુદી કક્ષાના જીવોને સમાસ કરવાને માટે બધાને (દેવો - અવતારોને) રાખ્યા છે. ભગવાનની આવી પ્રતિષ્ઠા કોણ કરી શકે? તો ભગવાન સ્વામિનારાયણનું

આ દિવ્યસ્વરૂપ જોવાને માટે આપણે બધા એમના શરણે જઈએ. એ સિવાય કોઈ દિવસ બીજાનું ભજન-સ્મરણ કે ઉપાસના કરવાની જરૂર રહેતી નથી. જરૂર હોય તો ખરી, પણ એથી સર્વોપરી બીજું સ્વરૂપ હોય તો કરીએ! તો એ સ્વરૂપમાં તો બધા સ્વરૂપો છે, તો શા માટે બીજી માથાકૂટ કરીએ?

પર્વતભાઈએ મયારામ ભટ્ટજીને કહ્યું કે જુઓ મયારામ ભટ્ટ, તમે તુર્યાવસ્થા અને મહાકારણ દેહ અને મહારાજની મૂર્તિથી ઓરી બીજી ભૂમિકાઓનું વર્ણન કરતા થાકતા નથી. એનું શું કામ છે? એ તો (ધામમાં જતાં) રસ્તામાં આવે છે. એ મેં જોઈ છે. એને હટાવીને કાઢી નાંખી અને મહારાજના સ્વરૂપમાં પહોંચી ગયા. કારણ કે એ તુચ્છ લાગે છે. ત્યારે તુર્યાવસ્થાનું વર્ણન કરાય? તુર્યાવસ્થાનું ત્યાં ક્યાં કોઈ વજન છે? તો મહારાજનો મંત્ર સ્વામિનારાયણ - સ્વામિનારાયણ - સ્વામિનારાયણ આ સિવાય કાંઈ જ કરવું નહિ. અરે! ભગવાન સ્વામિનારાયણનું દિવ્ય ચરણામૃત ધરાવીને કોઈને પાઈએને તો એનો ચૈતન્ય શુદ્ધ થઈ જાય. ભગવાનના નામથી દોષો તો મટી જાય, પણ આ ચૈતન્ય પણ બદલાઈ જાય છે. ત્યારે વિચાર કરો કે ચૈતન્ય બદલવો એ સહેલું નથી. સ્વભાવ-કર્મ દૂર કરવા એ કંઈ સહેલું નથી. આ એક જ નામ એવું છે કે જે સ્વભાવ-કર્મ બદલી નાંખે.

ભગવાન શ્રીકૃષ્ણે કંસોને માર્યા, રાક્ષસોને માર્યા એ બધું જ કર્યું, પણ એમણે સ્વભાવ - કર્મ એક દષ્ટિમાત્રે કોઈના દૂર કર્યા એવો કોઈ દાખલો ભાગવતમાં પણ

નથી. રસ્તા બતાવ્યા છે, પણ મહારાજે તો દૃષ્ટિ કરીને એ ભેગી સમાધિ કરાવી ને સાધુ બનાવી દીધા. જોબનપગી સામી દૃષ્ટિ કરીને તો એના બધા દોષો દૂર થઈ ને મુક્ત થઈ ગયા. આવું દૃષ્ટાંત કોઈ જગ્યાએ જોવા મળે છે? સ્વભાવ-કર્મ બદલવા એ તો એક અવતારી પ્રભુ જ કરે. માટે એ અવતારી પ્રભુ આપણને મળ્યા છે તે આપણે બધાને ઓળખાવવા. અને કહેવું કે સ્વામિનારાયણનું ભજન કરો અને તમે જુઓ કે કેટલી બધી શાંતિ ને સુખ પ્રાપ્ત થાય છે. તમારા બધા દુઃખ દૂર થઈ જશે.

દિવ્યસભામાં આ કાલીઘેલી વાણીમાં જે મને સૂઝ્યું એ તમારી પાસે મૂક્યું. તમે બધા રાજી રહેજો. સ્વામીએ મને આજ્ઞા કરી કે તમે બોલો તો એમની આજ્ઞાથી બોલ્યો છું. તમે બધા રાજી રહેજો અને આ દિવ્યસભાને પ્રાર્થના કરું છું કે બધોય સત્સંગ દિવ્ય દેખાય. ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ સિવાય કાંઈ દેખવામાં જ ન આવે અને મનુષ્યભાવ તો કોઈ દિવસ કોઈનામાં આવે જ નહિ એવી બધા દયા કરજો. એવી પ્રાર્થના કરીને હું વિરમું છું.

સહજાનંદ સ્વામી મહારાજની જય!

## સારાંશ

અનાદિમુક્ત જે સભામાં હાજર હોય તે સભા દિવ્ય બની જાય છે. ભગવાન પૃથ્વી પર પોતાનું સૌંદર્ય ઢાંકીને પ્રગટ થાય છે. દિવ્યદૃષ્ટિવાળા તે દિવ્યસ્વરૂપના દર્શન

અખંડ કરતા હોય છે. પાત્રતા થયે જીવોને પણ એ દિવ્ય સૌંદર્યસ્વરૂપના દર્શન થાય છે. ભગવાનના સૌંદર્ય જેવું કોઈ દેવો કે અવતારોનું સૌંદર્ય નથી. એ સૌંદર્યનું વર્ણન અશક્ય છે. ભગવાનની દિવ્યશક્તિને લીધે અનંત બ્રહ્માંડોનું પોષણ થાય છે. મહારાજનું એ અલભ્ય દિવ્યસ્વરૂપ પામવાનું મહારાજ કૃપાસાધ્ય બની સુલભ કરી ગયા. ભગવાનની પ્રાપ્તિ કેવળ ભગવાનની કૃપા અને તેમના અનાદિમુક્તના આશીર્વાદથી જ થાય છે. ભગવાને પોતાના સ્વરૂપમાં દરેક અવતારોને લીન કરી દેખાડ્યા છે.

સ્વામિનારાયણ નામના મંત્રમાં દરેક મંત્રનો, દરેક નામનો સમાવેશ થઈ જાય છે. એ નામ સર્વ સુખકર્તા છે. એ નામજપથી અંતકાળે ભગવાન જીવને તેડવા આવે છે. સ્વામિનારાયણ નામ શુદ્ધ મંત્ર છે તેથી મલિન ભૂત-પ્રેત એ મંત્ર સાંભળતા જ ભાગી જાય છે. ભૂત-પ્રેતથી અનાદિમુક્તનો તાપ સહન થતો નથી. તેમની હાજરી માત્રથી તેઓ ત્યાંથી ભાગી જાય છે. ભગવાન સ્વામિનારાયણના પંચ વર્તમાન પાળવાથી અને સ્વામિનારાયણ મંત્રનો જપ માત્ર કરવાથી ભગવાન સર્વ દુઃખો થકી જીવની રક્ષા કરે છે. ભગવાનની અન્વયશક્તિ અનંત બ્રહ્માંડોમાં ફેલાયેલી છે. જેમ જેમ જીવની કક્ષા ઉચ્ચ થતી જાય, તેમ તેમ વધારે ઊંચા દેવોની તેને પ્રાપ્તિ થતી જાય છે.

ભગવાનના પ્રતિમા સ્વરૂપમાં પ્રત્યક્ષપણાનો ભાવ લાવી શ્રદ્ધા રાખી ધ્યાન કરવાથી દિવ્ય દર્શન થાય છે. ફક્ત ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપનું જ ધ્યાન કરવું. શાંતિ એક ભગવાન સ્વામિનારાયણમાં જ છે. પંચ વર્તમાન

પાળવા એ જીવના પોતાના હાથમાં છે. ભગવાનની વાણી અને ભગવાનનું સ્વરૂપ બંનેની દઢતા થાય ત્યારે સ્વરૂપનિષ્ઠા પાકી કહેવાય. દેવી - દેવતાઓ પણ પ્રતિમા સ્વરૂપમાંથી પ્રગટ થઈ અનાદિમુક્તમાં રહેલા મહારાજના દર્શન કરવા આવે છે. બીજા દેવો અને અવતારો એ દરેકમાં થોડો થોડો ઐશ્વર્યનો રાગ રહેલો હોય છે. ભગવાન સ્વામિનારાયણનું જ ભજન કરવું, તેમની જ ભક્તિ કરવી, તેમનું જ ધ્યાન કરવું. સારું ય વિશ્વ એક દિવસ ભગવાન સ્વામિનારાયણમય બની જશે. દરેક રજકણો - પરમાણુઓમાંથી સ્વામિનારાયણ નામનો દિવ્ય ધ્વનિ નીકળશે. ભગવાન સ્વામિનારાયણના ચરણામૃતમાં એટલી શક્તિ છે કે તે પીનારનો ચૈતન્ય બદલાઈ જાય છે, તેના સ્વભાવ - કર્મ બદલાઈ જાય છે. સ્વામિનારાયણ ભગવાન બીજા જીવોને પણ ઓળખાવવા પ્રયત્ન કરવો.

અનાદિમુક્ત નમ્રતાની પરાકાષ્ઠારૂપ હોય છે તેથી તેઓ સામાન્ય જીવો પાસે પણ નમ્રતા બતાવે છે અને તેમ કરી જીવોને વિનમ્ર બનવાનું શીખવે છે.

## ૨

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની આ દિવ્ય સભા, અનાદિમુક્તની આ દિવ્ય સભાને કોટાનકોટી દંડવત્ પ્રણામ સહ વંદન કરું છું. (પછી સંતોના આવવાથી તેમની સાથે થોડી વાતો કરી, સંતોના પ્રવચનો બાદ પૂ. મામા કહે છે.)

શ્રીજીમહારાજની કૃપાથી આપણને શ્રીજીમહારાજે આવા સાચા સંત દ્વારા આત્યંતિક શ્રેયની વાતો કરી અને ખૂબ ઉપકૃત કર્યા છે. એમની વાણી ખરેખર ખૂબ ઉપયોગી લાગી છે. એમણે એક સરસ વાત કરી કે મનુષ્યદેહ દુર્લભ છે. એ દુર્લભ દેહનો હેતુ ત્યારે જ સર્યો કહેવાય કે જ્યારે દુર્લભ કામ સાધ્ય બને. એ દુર્લભ કામ એ કે પ્રભુના સાધર્મ્યપણાને પમાય. આ દેહે એ દુર્લભ કામ. અને એ દુર્લભ કામ સિદ્ધ કરવા માટે ભગવાનને પામેલા સંત, મુક્તનો સમાગમ અનિવાર્ય છે. એ સમાગમ વિના, એવા સંત મળ્યા વિના ભગવાનની પ્રાપ્તિ શક્ય નથી. એવી વાણી મહારાજે તેમના દ્વારા ઉચ્ચારી. ખૂબ આનંદ થયો. આ દુર્લભ દેહ દ્વારા એ જ કરવાનું છે. ભગવાનના સ્વરૂપને પામવાને માટે એમણે ખૂબ સરસ સવિસ્તાર વાત મૂકી. મેં તો એનો સાર ટૂંકમાં તમારી પાસે રજૂ કર્યો. અત્યારે સમય નથી, નહિ તો એમની વાતો જ થોડી વિસ્તૃત કરી વધારે આનંદ મેળવત. એમાં ઘણું રહસ્ય સારું છે. એનો વિસ્તાર

કરતા ઘણો સમય લાગે.

એમણે આજ્ઞા ઉપાસનાની સુંદર વાતો કરી. ભગવાનનું સ્વરૂપ આજ્ઞા, અને એ સ્વરૂપ જો દૃઢ થાય તો ઉપાસના પરિપક્વ થવા માટે વાર ન લાગે, પણ ભગવાનના વચનોનો સાક્ષાત્કાર કરવાને માટે સતત સંતના સમાગમમાં રહીને અભ્યાસ કરવો પડે. ત્યારે આજ્ઞાનું સ્વરૂપ આત્મસાત્ થાય. ભગવાનનું વચન પાળવું કઠણ પણ છે અને તદ્દન સહેલું પણ છે. જો સમજણ બરાબર થાય તો પળમાં એ કામ સુલભ બની જાય. ભગવાનની આજ્ઞા ઘણી સરળ છે. એ સરળ છતાં પૂર્ણ છે. ભગવાન સ્વામિનારાયણે બતાવેલો જે માર્ગ એ ખૂબ સમન્વયી, સરળ અને પૂર્ણ છે. એ પૂર્ણતાને પામવાને માટે ભગવાને કૃપા વરસાવી પોતે કૃપાસાધ્ય બન્યા. અને બાપાશ્રીની વાર્તા છઠ્ઠીમાં મહારાજે એમ બતાવ્યું કે અમે અમારા અનાદિમુક્ત દ્વારા જ્ઞાનવાણી કેવી રીતે ઉચ્ચારીએ છીએ અને કૃપાવાણી કેવી રીતે ઉચ્ચારીએ છીએ એ એમાં સ્પષ્ટ નિર્દેષ થયો. જ્ઞાનવાણી દ્વારા ભગવાન પોતાના સ્વરૂપને ઓળખાવે છે, પોતાના અનાદિમુક્તને ઓળખાવે છે અને કૃપાવાણી દ્વારા પળવારમાં તમામ દોષોથી મુક્ત થઈ જાય એવી વાણી ઉચ્ચારે છે. એમાં એમ કહ્યું કે જો અમારા વચનમાં વિશ્વાસ આવે, અમારા સ્વરૂપનો નિશ્ચય બરાબર થાય અને એમાં અડગ વિશ્વાસ રહે, તો પળવારમાં અમારા સ્વરૂપનો સંબંધ થઈ જાય. વિશ્વાસ અને અડગ શ્રદ્ધા કેળવવાને માટે આપણે સતત જાગૃતિ રાખવી પડે. લાંબો અભ્યાસ પણ કરવો પડે આનંદ

સાથે. તો એ વિશ્વાસ દઢ થાય અને સંત સમાગમ અને કૃપા થાય, તો એ વિશ્વાસ જલદી કેળવાઈ જાય. એ જે ક્ષણે કેળવાઈ જાય, એ ક્ષણે જ મૂર્તિમાં જોડાઈ જવાય.

ભગવાનના સ્વરૂપમાં જોડાવાને માટે મહારાજે સંતનો સમાગમ કાયમ રાખવા માટે જણાવ્યું છે. સંત સમાગમ સિવાય ઉદ્ધાર નથી. સંત જ ભગવાનને પમાડે. બીજા કોઈનું એ કામ નથી. મુક્ત સિવાય આ સાધ્ય વસ્તુ શ્રીજીમહારાજનું સુખ શક્ય નથી. ઘણા સાધન કરે, છતાં પણ એ સાધન છે. સાધ્ય નથી. સાધનનો ભાર ઘણીવાર અહં ઉત્પન્ન કરે છે. એટલે મહારાજ એમ કહે છે કે સાધનનો ભાર રાખ્યા સિવાય અમને મુખ્ય રાખો. સાધન આપણને એમના સ્વરૂપનું સુખ જીરવાય એવા પાત્ર કરવામાં મદદ કરે છે. જેમ સોય વડે કાંટો કાઢીને બંનેને ફેંકી દઈએ છીએ, તેમ સાધનરૂપી ઉપકરણ દ્વારા પાત્ર બનાય અને જેવા પાત્ર થાય, એવી ભગવાનની કૃપા વરસે અને એ કૃપારૂપી વરસાદ થતા ભગવાનના સ્વરૂપનું રોમે રોમ સુખ અનુભવાય. એટલે એ સાધનો આપણને પાત્ર બનાવવામાં મદદ કરે છે. તેમ જ અંતઃશત્રુઓ અને માયા એ પણ આપણને ભગવાન તરફ લઈ જવામાં મદદરૂપ થાય છે. અંતઃશત્રુઓ આડા આવે તો એની સામે લડાઈ કરવી પડે છે. ભગવાનનું બળ રાખી અને તેની સામે લડતા લડતા બળવાન બનાય છે. એ આપણને ક્યારે છોડે કે જ્યારે આપણે પૂરા બળવાન થઈ જઈએ. અને એ બધા આપણાથી હારી જાય, એ સેવા બજાવ્યા પછી તેઓ આપણને છોડી જાય છે.

એટલે અંતઃશત્રુઓ પણ ભગવાનના સેવકો છે, જે સેવકો આપણને બળવાન બનાવે છે.

માયા અંધકારરૂપ છે તો ભગવાનની શક્તિ વળી અંધકારરૂપ? ભગવાને કેમ બનાવી? જાણી જોઈને બનાવી, કે માયારૂપી અંધકારમાંથી બહાર નીકળો તો તમે પાત્ર થયા કહેવાશો. અને પછી ભગવાનના સુખને પમાશે. એટલે માયા આપણને પહેલા તકલીફ આપે છે, પણ એ તકલીફ દ્વારા આપણને પાત્ર પણ બનાવે છે. તો ભગવાને એ માયા આપણને નુકસાન કરવા નથી મોકલી, પણ આપણને પોતાના સ્વરૂપને પમાડવાને માટે મૂકી છે. ત્યારે મહારાજ કહે છે કે મારો ભક્ત મારો દૃઢ આશ્રય કરે તો એ તત્કાળ માયાના અંધકારમાંથી દૂર થઈ જાય છે. એને અંતઃશત્રુઓ છોડી જાય છે. અને પછી એ બધા અંતઃશત્રુઓ એ ભગવાનના ભક્તને નમન કરે છે. ભક્ત માયિકમાંથી દિવ્ય બની જાય છે. પ્રભુની એ અંધકારમય માયા એ દિવ્યસ્વરૂપ ધારણ કરે છે અને ભગવાનના સ્વરૂપમાં લઈ જાય છે. આ ક્યારે બને કે સંત સમાગમ. ભગવાનને પામેલા સંત મળે તો આવી કઠણ જબરજસ્ત સાધના દ્વારા માંડ માંડ કેટલાય જન્મે પ્રાપ્ત થઈ શકે એ તરત થઈ જાય. ભગવાને કહ્યું કે હું કૃપાસાધ્ય સ્વરૂપ પ્રગટ થયો છું. ૨૪ અવતાર થયા પછી મહારાજ સર્વોપરી પરમાત્મા આ પૃથ્વી ઉપર દૃષ્ટિગોચર થયા.

ગોપાળાનંદ સ્વામીએ લખ્યું છે કે મહારાજના અનાદિમુક્તના દર્શન તો અવતારાદિકને પણ દુર્લભ છે.

એમ પણ કહ્યું છે કે અવતારો પણ સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં રહેલા અનાદિમુક્તના દર્શન કરવા આવે છે. ત્યારે એ બધાથી પર અનાદિમુક્તો છે. અને અનાદિમુક્તોથી પર સ્વામિનારાયણ ભગવાન છે. તેનાથી પર કોઈ સ્વરૂપ નથી, કોઈ ભૂમિકા નથી. અને જગતના ધર્મોનો પણ જો અભ્યાસ કરીએ તો એવી સ્થિતિ બતાવે છે કે કોઈ એવી સર્વોપરી ભૂમિકા છે કે જે હજી પામવાની બાકી છે. ભગવાન બુદ્ધ નિર્વાણ દશાને પામ્યા ત્યારે નિર્વાણસ્થિતિમાં રહીને એમને મહાનિર્વાણ દેખાયું. ઓ... હો! કે હજી તો ઘણું આગળ જવાનું છે. તો એ મહાનિર્વાણમાંથી ય બહાર જતા રહ્યા ને પછી બોલ્યા. તો એ સાબિત કરે છે કે સ્વામિનારાયણ ભગવાને પણ કહ્યું છે કે અમારી ભૂમિકા છે તે આત્યંતિક છેવટની ભૂમિકા છે. એમ આ બધા અનુભવો પૂરવાર કરે છે. શ્રી રમણમહર્ષિ પણ એમ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે ભગવાન કૃષ્ણના તમને દર્શન થાય, એની પ્રાપ્તિ થાય તો અટકશો નહિ એનાથી આગળ જાઓ. એ શું બતાવે છે? સ્વામિનારાયણ ભગવાનના શબ્દો ધીમે ધીમે આત્મસાત્ કરે, એટલે (આત્મસાત્) થતા જાય છે. કારણ કે પોતે પૃથ્વી ઉપર પ્રગટ થયા તો લોકોને આત્મદર્શનનો પ્રયોગ કરતા કરતા પણ એમ લાગે છે કે કંઈક આગળ છે, કંઈક આગળ છે. જ્યારે ભગવાન સ્વામિનારાયણની વાત સાંભળે, ત્યારે એમ થાય કે ખરેખર ખૂબ સાદી ભાષામાં ગહનમાં ગહન તત્ત્વજ્ઞાન એમણે વચનામૃતમાં મૂક્યું. એ સમજવાને માટે તો સર્વોપરી ભગવાનને ઓળખ્યા હોય

તે જ જ્ઞાન આપી શકે. ગોપાળાનંદ સ્વામી દ્વારા ગુણાતીતાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી જેવા પાંચ સંતો વચનામૃત સમજ્યા ત્યારે સમજાયા. લખ્યા પોતે ને પોતે, સંશોધન પોતે કર્યું તો ય (યથાર્થ) ન સમજ્યા.

એકવાર મહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી, આ સંતો કહે છે કે આ વચનામૃત સ્વામીએ અમને સમજાવ્યા ત્યારે અમે સમજ્યા છીએ, તો અમને તો એ સમજાવો કે તમે શી રીતે સમજાવ્યા? અમારી વાણી અમને સમજાવો તો ખરા! એટલે સ્વામી હસ્યા કે મહારાજ! તમને કંઈ તમારી વાણી સમજાવવાની હોય? તો કહે ના સ્વામી, અમારે તમારા મુખેથી સાંભળવી છે. અમારી વાણી તમે કેમ સમજ્યા છો એ અમારે સમજવી છે. એટલે મહારાજે આગ્રહ રાખ્યો તો સ્વામીએ વચનામૃત જે રીતે પોતે સમજ્યા હતા એ સમજાવ્યા. મહારાજ પાસે દીનભાવે એમની પ્રસન્નતા મેળવવાને માટે રજુ કર્યા. ત્યારે મહારાજે એવી પ્રસન્નતા જણાવી કે સ્વામી! અમારી વાણી આટલી ગહન અને આટલી જબરી હશે એ તો અમે તમારી પાસે સાંભળી, અમે ય ત્યારે જ સમજ્યા. એમ મહારાજે પ્રસન્નતા બતાવી કે અમારી વાણી અમે જ તમારા દ્વારા આટલી સરસ રીતે સમજાવી શક્યા. ત્યારે વિચાર કરો કે સ્વામીએ એ વચનામૃતની વાણી કેવી સરસ રીતે સમજાવી હશે! પણ ભગવાનની કોઈ ગહન ગતિ કે એ કાગળ ઉપર મૂકવામાં ન આવી. સમય ઓછો રહ્યો હશે. ભગવાને ભવિષ્યમાં આ કામ કરવું હશે.

હું વઢવાણમાં હતો, એ વખતમાં ત્યાંના સંતો સ્ત્રી - દ્રવ્યના ખૂબ ત્યાગી હતા. હરિસ્વરૂપ સ્વામી ને એ બધા. એ વખતે હું નાનો હતો. મારા અક્ષર સારા એટલે મારા પાસે ગુટકો લખાવે. હું બહુ સમજી ન શકું, પણ એ લખાવે એમ સરસ રીતે લખી નાંખું એટલે એ રાજી થતા. મને રોજ નવા કીર્તનો પણ શીખવાડતા. સો જેટલા. અને એ ભગવાનની સ્મૃતિ કરતાં કરતાં (ભગવાનમાં એકરૂપ થતા પૂ. મામાની લીંક જતી રહે છે.) એટલે એ સંતો પાસેથી ધીમે ધીમે થોડું થોડું સમજાયું. પછી ધ્રાંગધ્રામાં અનાદિમુક્ત ભગવત્-સ્વરૂપદાસજી સ્વામીનો મેળાપ થયો. અને ત્યાર પછી વૃંદાવનદાસજી સ્વામી અને ઈશ્વરચરણદાસજી સ્વામીનો સમાગમ થયો. એમણે મને બાપાશ્રીની વાતો અને રહસ્યાર્થ વચનામૃત આપ્યા. એ વખતે હું ગ્રેજ્યુએટ થયો હતો. અને મહારાજના સ્વરૂપને બરાબર (અનુભવે) ઓળખ્યું પણ હતું. આજ્ઞા - ઉપાસનામાં ફેર જરા ય પડતો જ નહિ. કારણ કે મારા મા એવા હતાં. જેણે આજ્ઞા - ઉપાસના ખૂબ દૃઢ કરીને બેસાડી દીધી હતી. એટલે આ બાપાશ્રીની વાતો અને રહસ્યાર્થ વચનામૃત વાંચ્યા. એમાં કેટલાક પ્રશ્નો મને ઉઠ્યા. મારામાં એક વસ્તુ એ છે કે સમજ્યા વગર માની નહિ લેવાનું. ગળે વાત ઊતરે તો, અને અનુભવ કરીને એ જો બરાબર લાગે તો જ સ્વીકારું નહિ તો નહિ સ્વીકારું.

એ સંતોને મેં કહ્યું કે મારા થોડા પ્રશ્નો છે એનો તમે ઉત્તર આપો. એ લાંબી વાત છે. એટલે ટૂંકમાં

એટલું કહું કે એમણે ઉત્તર આપ્યા. એના ઉપર મેં સતત વિચારણા કરી. વૈજ્ઞાનિક રીતે વિચારણા કરી. તો મને એમ લાગ્યું કે આ રહસ્યાર્થ વચનામૃતમાં ટીકા એ સમજૂતી. ટીકાના બે અર્થ થાય છે. એક criticism (સમાલોચના) અને બીજો સમજૂતી. સ્પષ્ટ વિવરણ. માટે સ્પષ્ટ સમજૂતીરૂપ આ ટીકા છે. એ શ્રેષ્ઠ માર્ગદર્શિકા છે. તો મેં એના ઉપર ખૂબ વિચાર કર્યો વૈજ્ઞાનિક રીતે. ત્યારે મને એમ લાગ્યું કે ભગવાન સ્વામિનારાયણને જેમ છે તેમ ઓળખવા માટે અને જગતને આ સર્વોપરી તત્ત્વજ્ઞાન સમજાવવાને માટે આ માર્ગદર્શિકા ખૂબ ઉપયોગી છે. એમાં ખૂબ ઊંડુ ઉતરાય તો જ સમજાય એવું છે અને ખૂબ વિચાર કરતાં બધા પ્રશ્નો મને ને મને ઊઠે અને મને ને મને અંદર (અંતરમાં) મહારાજ સોલ્વ (ઉકેલ) કરી આપે. તો હવે હું એટલો બધો સ્પષ્ટ લાગું છું મહારાજની કૃપાથી, કે જો આ રહસ્યાર્થ પ્રદીપિકા દ્વારા ગોપાળાનંદ સ્વામીએ જે સમજૂતી આપી એ પર્વતભાઈ જેવા મહા અનાદિમુક્ત અબજીબાપામાં રહીને એમણે કાગળ ઉપર મૂકાવી. ત્યારે અત્યારે મને એટલો બધો વિશ્વાસ છે કે જો કોઈ પ્રશ્નો પૂછે રહસ્યાર્થના કે છેવટની સ્થિતિના તો વૈજ્ઞાનિક રીતે હું બિનધર્મી હોય, સત્સંગી ન હોય, બીજા ધર્મી હોય એને પણ સમજાવી શકું કે ભગવાન સ્વામિનારાયણનું તત્ત્વજ્ઞાન આ રીતનું છે. અને એ હું આ રહસ્યાર્થ પ્રદીપિકાટીકા દ્વારા સમજ્યો છું. જરા ય અસ્પષ્ટતા નથી રહી. કોઈ પણ પ્રશ્ન કરે કે આ બરાબર નથી તો હું એની સાથે આનંદથી વાત

કરું. હું એટલે સુધી કહું કે જો એમાં રહેલી વાત બરાબર ન હોય એવું જો તમે મને ગળે ઉતારી દો તો હું તમારો શિષ્ય બની જાઉં. અને જો હું તમને ગળે ઉતારી દઉં તો તમારે તરત જ એ સર્વોપરી તત્ત્વજ્ઞાન, શ્રીજીમહારાજનું તત્ત્વજ્ઞાન બરોબર પચાવીને મહારાજના સુખને પામવા માટેની સાધના શરૂ કરી દેવી જોઈએને?

અત્યારે પ્રણાલિકાઓની જડતા એટલી બધી ઘૂસી ગઈ છે તેનો એક દાખલો આપું. અવલબા હતાને અવલબા, એ એકવાર મહારાજના સ્વરૂપ સાથે એવી ઉપશમ સ્થિતિ થઈ ને જોડાઈ ગયા ને જેમ મીરાંબાઈ (ગોપીઓની જેમ) દહીં લો, દહીં લોની બદલે કૃષ્ણ લો, કૃષ્ણ લો બોલવા મંડ્યાને એમ અવલબા કહે, 'હું સહજાનંદ સ્વામી, સર્વેનો અંતર્યામી.' આમ કહેતા જાય. 'હું સહજાનંદ સ્વામી સર્વેનો અંતર્યામી.' બોલો, ત્યારે વિચાર કરો. બીજા કહે, આ અવલબા તો ભગવાન થઈ ગઈ. પણ એ ભગવાન થઈ ગયાં નહોતા, એ તો સેવક હતાં. એમાં રહીને મહારાજ બોલ્યા. એમને ક્યાં દેહનું ભાન રહ્યું? એ તો ભગવાન સાથે ચૈતન્ય જોડાઈ જાય પછી ભગવાન પોતે એ દેહનો ઉપયોગ કરે છે. અને એમાં રહીને પોતે બોલ્યા તો પોતે તો એમ કહેને કે 'હું સહજાનંદ સ્વામી, સર્વેનો અંતર્યામી.' એ પોતાનો અધિકાર છે. મહારાજનો તો અધિકાર ખરો ને? અવલબાઈ નહોતા બોલ્યાં. અવલબાઈને તો ખબર જ નહોતી. જ્યારે એ ઉપશમમાંથી બહાર આવ્યાં, ત્યારે (બધા) કહે, તમે આવું બોલતા હતાં? તો કહે, હું

નહોતી બોલી. એ તો મહારાજ બોલી ગયા. કોઈવાર અનાદિમુક્ત દ્વારા મહારાજ એવું બોલે ત્યારે કંઈ એવું ન સમજી લેવાય કે એ ભગવાન થઈ ગયા. ભગવાન બોલે એમાં નકારાય કેવી રીતે? એવી સ્થિતિ થાય તો આપણા બધાયમાં એવું બોલી જાય. તો પ્રભુને માટે કોઈ ધણીનો ધણી છે? માટે એવી વાતમાં ખોટા ભ્રમમાં નહિ પીડાવું જોઈએ.

હવે તીવ્ર બુદ્ધિવાળા રહસ્યાર્થ પ્રદીપિકા સમજતા જો કોઈ બરોબર સામનો કરે તો હું એમને એવા પ્રશ્ન પૂછું કે ભગવાનને પામ્યા હોય તો જ જવાબ આપી શકે નહિ તો ઊભા થઈ રહે. કોઈ દિ' (અસત્ય) ના સ્વીકારું. સ્વામિનારાયણ ભગવાનના તત્ત્વજ્ઞાન પાસે અત્યારે જેટલા વાદ બહાર પડ્યા છે એ બધા જ વાદ એટલી ભૂમિકાએ સત્ય છે. એથી આગળ જાઓ એટલે એ સત્ય નહિ. એનાથી આગળ જવું પડે. એટલી ભૂમિકાએ બરોબર. પછી એનાથી આગળ જાઓ એટલે એની ગતિ નથી. પછી એ આગળ નીકળી જાય. એની નીચેની ભૂમિકાઓની ત્યાં ગતિ નથી. એમ ભગવાન સ્વામિનારાયણને પામે ત્યારે ઠરીને બેઠા કહેવાય. તો ભગવાન સ્વામિનારાયણે આપણને કેવું કરી મૂક્યું? કેવા સંતો આપ્યા? સંખ્યાબંધ નંદ સંતો, દાસ પદવીના સંતો, અત્યારે પણ મણિ જેવા સંતો આપણી પાસે છે. એવા સંતોના સંસ્મરણો સાંભળવા મળ્યા. એમણે (સ્વામીએ) સરસ વાત કરી એટલે મેં તેમની કદર કરી. જો એમણે નાની સરખી અન્ય જ્ઞાનની વાતો કરી હોત તો મજા ન આવત, પણ એમણે દુર્લભ

દેહથી દુર્લભ પ્રાપ્તિ કોને કહેવાય કે ભગવાનના સ્વરૂપને પામી જવાય તે દુર્લભ કામ. એટલે મને આનંદ થઈ ગયો કે સારું થયું કે આજે આવા સંતો મહારાજે મોકલ્યા ને તેમણે આવી વાતો કરી.

આજે હવે છેલ્લી ઉત્તમ વિધિ આપણે પતાવીએ કે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે, 'મરના મરના સૌ કહે મરી ન જાને કોઈ, મરના તો ઐસા મરના ફિર જનમ ન હોય.' ભગવાન સ્વામિનારાયણ વિષેની આસક્તિ સિવાય બીજી કોઈ પણ આસક્તિ રહે તો ફેર જન્મ લેવો પડે. મહારાજ કહે છે કે જેટલી આસક્તિ કરવી હોય એ મારામાં કરો, ખુશામત કરવી હોય તો મારી કરો. કારણ કે બીજાની ખુશામત કરશો તો એ ઓછી હશે. પ્રશંસા કરવી જોઈએ એથી ન કરવાની કરે. હોય નહિ ને વધુ વધુ પ્રશંસા કરે. દીધે જ રાખે. વખાણ પારાયણો તો એટલી ચાલે છે આખા વિશ્વમાં જુઓને! કેટલા બધા વક્તાઓ છે. તો એમાં એમની બાબતની વખાણ પારાયણ જો લખી હોય તો કેટલાય મહાભારત ભરાઈ જાય. એ બધા પાછા અર્થહિન. તો મહારાજે એમ કહ્યું કે તમે મારી ખુશામત કરો કેમ કે તમે મારી જેટલી પ્રશંસા કરો એટલી ઓછી છે. કારણ કે હું તો અવર્ણનીય છું. મારા ગુણો અને મારા મહિમાનો પાર નથી પામી શકાતો. માટે ખુશામત કરવી હોય તો મારી કરો, ગુણગાન - પ્રશંસા મારા કરો અને મારા સિવાય ક્યાંય આસક્તિ નહિ રાખો. તો આસક્તિ કરવી હોય તો એક સર્વોપરી ભગવાન સ્વામિનારાયણની.

હવે બીજી વાત. જ્યારે આપણે આ દિવ્ય સભામાં બધા એવા હરિભક્તો એકત્રિત થયા છીએ કે જે ભગવાનના સાચા આશ્રિતો છે. સાચો આશ્રિત એનું નામ કે જેને ભગવાનની આજ્ઞા અને ઉપાસના પહેલા સમજણમાં પરિપક્વ થઈ હોય અને પછી એનો લક્ષ્યાર્થ કરવા તરફ જેની હંમેશ નજર રહે એ ભગવાનનો સાચો આશ્રિત. તો હું કહેવા એમ માંગુ છું કે, ‘મરના મરના સહુ કહે, મરી ન જાને કોઈ, મરના તો ઐસા મરના ફિર જનમ ન હોઈ.’ એવાં ફરી જન્મ ન આવે એવી સ્થિતિ કેળવેલા પાંચ ભક્તો, મહામુક્તો ભગવાનના સુખે સુખિયા થઈ ગયા એમને આપણે આજે દિવ્ય શ્રદ્ધાંજલિ અર્પિએ છીએ.

(ત્યારબાદ ધામમાં પધારેલા હરિભક્તો વિષે તથા મિશન દ્વારા પ્રકાશિત પુસ્તિકા વિષે વાત કરી સમાપ્તિ કરે છે.)

સ્વામિનારાયણ ભગવાનની જય!

## સારાંશ

પ્રભુના સાધર્મ્યપણાને પામવાનું દુર્લભ કામ સુલભ બનાવવા અનાદિમુક્તનો જોગ - સમાગમ અતિ આવશ્યક છે. ભગવાને દર્શાવેલો માર્ગ સમન્વયી, સરળ અને પૂર્ણ છે. અંતઃશત્રુઓ અને માયા પણ જીવના સેવકો છે. જીવને પ્રભુ પ્રાપ્તિ માટે પાત્ર બનાવવાની સેવા બજાવ્યા બાદ તેઓ જીવને છોડીને ચાલ્યા જાય છે. તેઓ છોડી જાય એ માટે ભગવાનનો દૃઢ આશરો અને અનાદિમુક્તનો

જોગ - સમાગમ અનિવાર્ય છે કે જેઓ આ દુર્લભ કાર્ય સુલભ અને શક્ય કરી આપે છે. અનાદિમુક્તના દર્શન અવતારોને પણ દુર્લભ છે. ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી તત્ત્વ છે એનાથી ઉપર કોઈ ભૂમિકા નથી.

ભગવાનને જે પામ્યા હોય, અનાદિમુક્તની જેની સ્થિતિ થઈ હોય તે જ વચનામૃતના રહસ્યોને સાચા અર્થમાં સમજાવી શકે. પછી વ્યક્તિ ગમે તે ધર્મને અનુસરનાર હોય. અનાદિમુક્ત પોતાના ઉદાહરણ દ્વારા આપણને જ્ઞાન કેવું હોવું જોઈએ, સમજાવવાની શક્તિ કેવી હોવી જોઈએ તે સમજાવે છે. જ્યારે ભગવાન સાથે ચૈતન્ય જોડાઈ જાય, ત્યારે તેમાં રહી ભગવાન બોલે, વાતો કરે, બધી ક્રિયા કરે છતાં એ ચૈતન્ય ભગવાન ન થઈ જાય. ભગવાન એ સ્વામી અને મુક્ત એ દાસ. દાસ અને ભગવાનમાં ફરક તો હંમેશાં રહેવાનો જ.

બીજા બધા વાદો જે છે તે એટલી ભૂમિકાએ સત્ય છે. ભગવાન સ્વામિનારાયણને પામે ત્યારે સર્વ પ્રાપ્તિ થઈ ચૂકી કહેવાય. ખુશામત, ગુણગાન - પ્રશંસા, આસક્તિ બધું મહારાજનું જ કરવું. ભગવાનનો સાચો આશ્રિત એ છે કે જેને ભગવાનની આજ્ઞા અને ઉપાસના પહેલા સમજણમાં પરિપક્વ થઈ હોય અને પછી એનો લક્ષ્યાર્થ કરવા તરફ જેની હંમેશ નજર રહે.

# ૩

પરમ કૃપાળુ શ્રીજીમહારાજ, બાપાશ્રી, સદ્‌ગુરુઓ તથા ભગવાનની મૂર્તિમાં જ રમણ કરનારા અનાદિમુક્ત, હરિભક્ત ભાઈઓ અને બહેનો.

શ્રીજીમહારાજે અક્ષરધામમાંથી પોતાના મુક્તોને સમાસને માટે સ્ત્રીરૂપે અને પુરુષરૂપે દેહ ધારણ કરાવ્યા. લાડુબા - જીવુબા પણ મહારાજના દિવ્ય સ્વરૂપમાં રહેલા મહામુક્ત હતા. એ સ્ત્રીરૂપે દેખાયા, શા માટે? સ્ત્રી સમાજની પુષ્ટિ કરવી હોય તો બહેનો જ જોઈએને? અવરભાવમાં આ દૃષ્ટિએ સ્ત્રી અને પુરુષ બંનેને સમાસ થાય એ રીતે આ જાતના દેહ ધારણ કરાવ્યા. મહારાજે આપણને જે તત્ત્વજ્ઞાન પીરસ્યું એ શાસ્ત્રમાંથી વીણીને ભેગું કરીને આપ્યું એમ નથી. પણ જે સત્ય તત્ત્વજ્ઞાન હતું એને પોતાના મુક્તોના મિષથી નિમિત્ત બનાવી એ બોધ આપણને રચનાત્મક રીતે આપ્યો. શાસ્ત્રો અને પુસ્તક વાંચન રચનાત્મક નથી, તે વાસ્તવિક બોધ નથી આપતું. એ તો બુદ્ધિથી સમજાય એટલા માટે આપે છે અને પુસ્તકમાંથી વાંચેલું જ્ઞાન જીવનને સ્પર્શ કરતું નથી. મહારાજે પોતાના મુક્તને મિષ કેવી રીતે બનાવ્યા એનો દાખલો આપું.

મહાસમર્થ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને મિષે કેવી સરસ રીતે પ્રસંગનું સર્જન કર્યું એ જુઓ. લાડુબા અને જીવુબા નિષ્કામવ્રત દૃઢ કરીને પોતાનું જીવન વ્યતિત કરતાં હતાં.

કારણ કે બીજાને એ વ્રત દૃઢ કરાવવા આ ચર્મચક્ષુએ દેખાય એવું વર્તન બતાવવું પડે. એવું વર્તન બતાવે તો જ એ વર્તન જીવમાં ચોંટી જાય. મહારાજે એવી લીલા કરી કે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે આ એભલ ખાચરની દીકરીઓ પરણતા નથી તો એ આ લોકમાં સારું ન દેખાય. આ લોકમાં બહેનોએ પરણવું જોઈએ એમ શાસ્ત્રોમાં લખે છે. તો તમે જઈને એમને સમજાવશો? ઓહોહો! મહારાજ! એમાં શું અઘરું છે? હું એમને થોડીવારમાં જ સમજાવી દઈશ. એભલ ખાચર પણ રાજી થયા.

બ્રહ્માનંદ સ્વામી ત્યાં ગયા. લાડુબા - જીવુબાને અગાઉથી ખબર આપ્યા કે કવિ લાડુદાનજી આપની પાસે થોડી વાતો કરવા આવે છે. તો આવે? હા, કહે જરૂર પધારે. બ્રહ્માનંદ સ્વામી આવ્યા પહેલા બહેનોએ પડદો ગોઠવી દીધો અને બ્રહ્માનંદ સ્વામી માટે ચાકળો પણ પાથરી દીધો. પડદાની એકબાજુ લાડુદાનજી બેઠા અને બીજી બાજુ લાડુબા અને જીવુબા બેઠાં. બ્રહ્માનંદ સ્વામી તો તમે જાણો છો કે એવા કવિ હતા કે એમને શબ્દો શોધવા ન પડે. શબ્દો ઉપરાઉપરી આવે. એમાંથી ક્યો શબ્દ પકડવો ને ક્યો મૂકવો એ પ્રશ્ન થઈ જાય એવા એ શીઘ્ર કવિ હતા. અને મહારાજના મુક્તમાં કેવી બુદ્ધિ હોય! એ તો અદ્વિતીય અનુપમ બુદ્ધિ! એ બુદ્ધિનો ય પાર પમાય એવું નથી. તો એમણે તો બહેનો ગૃહસ્થાશ્રમ કરે એ માટેની વાણી શરૂ કરી કાવ્યરૂપે, અને ગદ્યમાં પણ બોલ્યા. લાડુબા અને જીવુબા તો

સ્વયંજ્ઞાની હતા. એમનો આખો વાર્તાલાપ લાંબો છે. પણ બ્રહ્માનંદ સ્વામી જે કહેતા એનો તેઓ જવાબ આપે. અને બ્રહ્માનંદ સ્વામીને જવાબ આપવા માટે શબ્દો જડે નહિ. ત્યારે એનો અર્થ એ થયો કે શબ્દ આ લોકની વાણી છે એ પરભાવમાં પહોંચતી નથી. પરભાવની વાણી જુદી જાતની છે. એ અનુભવવાણી છે. આ લોકના શબ્દો અને વાણી ત્યાં ન પહોંચે. ત્યારે લાડુબા અને જીવુબા એવા સાદા શબ્દોમાં જવાબ આપે તો પણ બ્રહ્માનંદ સ્વામી મૂંઝાઈ જાય. એમને એમ થયું કે આ રીતે આ બહેનો નથી સમજે એમ તો તેઓ બુદ્ધિની બીજી યુક્તિ વાપરી બીજા પ્રશ્નો મૂકી સમજાવે. એના પણ એ બહેનો એવા સરસ જવાબ આપે કે મને નથી લાગતું કે આવા શબ્દો કોઈ શાસ્ત્રોમાં કે કોઈ તત્ત્વજ્ઞાનીમાં જોયા હોય. બિલકુલ સાદી રીતે. અત્યારે એ લંબાણપૂર્વક તમને ક્યાં કહેવા બેસું? પણ કહેવાનો અર્થ એ કે બ્રહ્માનંદ સ્વામીએ લગભગ બે કલાક સુધી બહેનો સાથે જુદી જુદી રીતે બુદ્ધિની છણાવટથી સમજાવવા પ્રયત્ન કર્યો, પણ જેણે ભગવાનની મૂર્તિ સાથે હથેવાળો કર્યો હોય એના ત્યાગ - વૈરાગ્ય પાસે આપણે તેઓને પરણાવવાની વાતો કરીએ એ નરી મૂર્ખાઈ છે એમ તેમને જણાયું.

લખાણમાં એવું છે કે આ બહેનોએ બ્રહ્માનંદ સ્વામીના ચર્મચક્ષુ ખોલી દીધાં. બ્રહ્માનંદ સ્વામીને એમ કહ્યું કે આ ઠાઠ - ઠઠારો તમને શોભતો નથી. તમે કપાળ ઉપર સરસ રીતે જે રજોગુણી પાઘ બાંધી છે એથી કંઈ તમારું કપાળ શોભતું નથી. એવી ઘણી વાતો

કરી. કાવ્યરૂપે પણ બોલ્યા હતાં. બહુ સાદા કાવ્યમાં આ બહેનોએ જવાબ આપ્યો. બ્રહ્માનંદ સ્વામીના અંતરચક્ષુ ખુલી ગયાં. બહેનોએ એમને ત્યાગ-વૈરાગ્યના પાઠ શીખવી દીધા. બ્રહ્માનંદ સ્વામી પોતાને ઉતારે જઈને બધા ઘરેણા ઉતારી, પાર્ષદ જેવા સાદા વસ્ત્રો પહેરીને મહારાજ પાસે ગયા. મહારાજ કહે આ શું કર્યું? કહે, મહારાજ તમારી લીલા! મને સાધુ દીક્ષા આપવી હતી તો આ રીતે શા માટે આપી? મને કહેવું હતું ને? સ્વામી! જો મેં તમને કહ્યું હોત ને, તો તમે આ ન માનત. માટે આ પ્રસંગ યોજવો જરૂરી હતો.

ત્યારે બ્રહ્માનંદ સ્વામીને આ બધી વાતની ક્યાં જરૂર હતી? એ તો અનાદિમુક્ત હતા અને મહારાજના સંકલ્પથી દેખાયા હતા, પણ સાધનિકને બતાવ્યું કે પુરુષ હોય કે સ્ત્રી હોય, જો એમને નિષ્કામવ્રતની દૃઢતા પૂર્ણ હોય તો એમને એમની ઈચ્છા વિરુદ્ધ પરણાવવા માટે મા-બાપે આગ્રહ રાખવો જોઈએ નહિ. એ બતાવ્યું. બીજું એ બતાવ્યું કે ત્યાગ - વૈરાગ્ય અંદરથી જ પ્રગટે છે. એ કંઈ પુસ્તકના વાંચનથી ન બને. એવું વર્તન આ ચર્મચક્ષુથી દેખાવું જોઈએ. એવું વર્તન લાડુબા - જીવુબા મારફત દેખાયું તો બ્રહ્માનંદ સ્વામીમાં વૈરાગ્ય પ્રવેશી ગયો અને અંતરચક્ષુ ખુલી ગયાં.

## સારાંશ

બહેનોના સમાસને અર્થે અનાદિમુક્તો સ્ત્રીરૂપે પણ પૃથ્વી પર પ્રગટ થાય છે. મહારાજે પોતાનું તત્ત્વજ્ઞાન

અનાદિમુક્તોના જીવનને ઉદાહરણ બનાવી જીવો સુધી પહોંચાડ્યું. પુસ્તકનું જ્ઞાન જીવનને સ્પર્શતું નથી. ગમે - તેવું ઉચ્ચ કક્ષાનું પુસ્તકીયું જ્ઞાન અનુભવજ્ઞાન આગળ વામણું ભાસે છે. અનાદિમુક્તની વાણી અનુભવવાણી હોવાથી જીવનમાં આમૂલ પરિવર્તન લાવનારી હોય છે.

જેને પૂર્ણ નિષ્કામવ્રતની દૃઢતા હોય તેવાઓને પરણાવવાનો આગ્રહ રાખવો હિતાવહ નથી.

## ૪

સ્વામિનારાયણ ભગવાનને ધરી રહેલા મુક્તોની આ દિવ્ય સભાને પ્રથમ વંદન કરું છું.

અમેરિકાની વિદેશ યાત્રા દરમ્યાન જે જે સત્સંગ કાર્ય થાય છે તેનું નિરીક્ષણ દરેક ગામમાં કર્યું. તે ઉપરથી એમ લાગે છે કે ભારતનું સર્જન (ભારતીય સંસ્કારોનું) અમેરિકામાં પણ થઈ રહ્યું છે. ભારત જેવો પવિત્ર બુદ્ધિશાળી દેશ હું વિશ્વમાં નથી જોતો. ભારતમાં Intelligent quotient (બુદ્ધિ આંક) નો આંક જેટલો ઊંચો છે એટલો આંક વિશ્વમાં કોઈ દેશ પ્રાપ્ત કરી શક્યો નથી. એના statistics (આંકડાઓ) પણ છે. ભારત જે સંસ્કૃતિ ધરાવે છે એ સંસ્કૃતિમાં વિશ્વના દરેક દેશની સંસ્કૃતિ સમાઈ જાય છે. કોઈ એવો વિષય નથી કે જે ભારતે ન સમજાવ્યો હોય. વિજ્ઞાનની શોધ થઈ એ પણ ભારતીય અસલ ancient (પ્રાચીન) પુસ્તકોના આધારે થઈ છે. અત્યારે ભારત સિવાયના બીજા દેશો આ લોકની દૃષ્ટિએ ખૂબ આગળ વધતા લાગે છે. એનું કારણ એ છે કે ભારતમાં જુદા જુદા ધર્મો, જુદા જુદા અવતારો થયા. એ બધા ધર્મો એક સરખું જ કહે છે. છતાં પણ માનવીય નબળાઈને લીધે કેટલાક મતભેદો મનભેદમાં પરિણમ્યા. એટલે ભારત દેશની જે મહાન સમૃદ્ધિ હતી એ ઓછી થઈ અને ઋષિમુનિઓએ અને મહાન સંતોએ જે કાર્ય કર્યું એ કાર્ય કેટલાક વિદેશી પરિબળોને લીધે ઓછું થતું

ગયું અને શિથિલતા આવતી ગઈ અને બીજા વિદેશી પરિબળો આપણી સમૃદ્ધિને પોતાના દેશમાં લઈ ગયા. ઇંગ્લૅન્ડમાં ગયા પછી ત્યાંની જે કોઈ જાહોજલાલી અને સમૃદ્ધિ જોઈ તે જોઈ મને એમ લાગ્યું કે એ ભારતની સંપત્તિના ભોગે થયેલું છે. ખરી રીતે જુઓ તો આખો ઇંગ્લૅન્ડ દેશ એ ભારતના તાબામાં હોવો જોઈએ અને એ ઇંગ્લૅન્ડના બ્રિટિશર્સ લોકોએ ભારતને ચૂસી લીધો. લોકોને ગુલામો બનાવી દીધા અને ભારતની વિચારસરણી ભારતીયજ્ઞાન એ તરફ લોકોનું લક્ષ ન જાય એવી પરિસ્થિતિ ઊભી કરી દીધી. મોગલ, મરાઠા વચ્ચે દુશ્મનાવટ ઊભી કરી અને પછી સૌ લડવામાં જ પડી ગયા. એ આધારે ભારત ભૌતિક રીતે પાછળ પડવા લાગ્યું. આર્થિક રીતે નબળું પડવા લાગ્યું.

બીજા દેશો ભૌતિક સમૃદ્ધિની દૃષ્ટિએ આગળ વધ્યા. એમની પાસે અધ્યાત્મ નથી. માટે એમાં એમને કોઈ રસ રહ્યો નહિ. એમને એમ લાગ્યું કે આ ભારતના લોકો પ્રભુસ્મરણ આખો દિવસ કરે એમાં આગળ કેવી રીતે વધાય? આટલી બધી વૈજ્ઞાનિક શોધો કરવી હોય તો આખો દિવસ ભજનમાં અને ભગવાનની મૂર્તિમાં જો જોડાઈ જાય તો થઈ શકે ખરું? એ લોકોને એ વાત ગળે ઉતરી નહિ. એટલે એ લોકોએ પોતાની બધી બુદ્ધિ શક્તિનો ઉપયોગ કરી વૈજ્ઞાનિક રીતે અને ભૌતિક રીતે ખૂબ ચમત્કારિક જણાય એવી શોધો કરી અને પછી જીવન જીવવા માટે ઘણી બધી સુવિધાઓ ભૌતિક વિજ્ઞાને ઊભી કરી. અને તેના લીધે બધા લોકો મોજશોખ અને

જાહોજલાલીભર્યું જીવન જીવવામાં જ પડ્યા. અત્યારે ભારત પણ પશ્ચિમી સંસ્કૃતિ અપનાવતું થવા લાગ્યું છે. હવે પશ્ચિમી દેશોમાંથી જે સારું હોય એ લઈએ, પણ જે ખરાબ હોય એ દાખલ થઈ જાય એ પણ બરાબર નથી.

એવું નથી કે ભજન - ભક્તિ કરીને, ધ્યાન કરીને બેસી રહીએ, એવું મહારાજ નથી કહેતા. જો એવું જ કરે તો બધા ધંધાઓ કેવી રીતે ચાલે? અને આપણે વ્યાવહારિક કામો કેવી રીતે કરી શકીએ? વૈજ્ઞાનિક શોધો કેવી રીતે કરી શકીએ? અને અત્યારે જગતની સાથે સાથે જો નહિ રહીએ તો પાછા પણ પડી જઈએ. તો મહારાજે પોતાના જીવન દ્વારા એવું કરી બતાવ્યું કે એવો કર્મયોગ કોઈ ન કરી શકે. સ્વામિનારાયણ ભગવાનને Historical (ઐતિહાસિક) કહે છે. લોકો હજી ભગવાન તરીકે ઓળખી શક્યા નથી. મહાન આર્ષદૃષ્ટા, મહાન સુધારક, મહાન સંત, અવતાર એટલું જ સમજ્યા છે. રાજારામમોહનરાય, ભોજો ભક્ત, કબીર એવા મહાન સંતો પણ એ વખતે વિચરતા હતા. તો રાજારામમોહનરાય એમ કહેતા હતા કે સ્વામિનારાયણ ભગવાન ૪૯ વર્ષ રહ્યા. બહુ નાની ઉંમર કહેવાય. એ દરમ્યાન એમણે માત્ર સાડાત્રણ કલાક સરેરાશ નિદ્રા લીધી છે. સાડાત્રણ કલાક બાદ કરતાં બાકી બધો સમય એમણે કર્મયોગ શીખવ્યો છે. જ્ઞાનયોગ અને ભક્તિયોગની સાથે. એ કર્મયોગ માત્ર સામાન્ય ભૌતિકયોગ નથી કે કેવળ સામાન્ય કર્મયોગ પણ નથી. એ કર્મયોગ એવો શીખવ્યો કે ભાઈ,

તમે પરમાત્માનું સ્વરૂપ છો. આત્મા અને પરમાત્મા એ બેનો સંબંધ નદી અને સમુદ્ર જેવો છે. નદી કદી સમુદ્રમાં મળ્યા વગર ન રહે. એવી રીતે ભગવાન સ્વામિનારાયણે એમ શીખવ્યું કે આપણે મહારાજની સ્મૃતિ કરીને કોઈ પણ કાર્ય કરવું. કે જેથી સરસ થાય. એટલા માટે કે પ્રભુ બધા સદ્‌ગુણોનો ભંડાર છે, બધી બુદ્ધિનો ભંડાર છે, બધી વિદ્યાઓ એમનામાંથી પ્રગટ થઈ છે. બ્રહ્મવિદ્યા એનું નામ કે જેમાંથી બધી જ વિદ્યાઓ ઉદ્‌ભવી છે. અને અંતે બધી જ વિદ્યાઓ આત્યંતિક પ્રલયને સમયે પ્રભુમાં વિલીન થઈ જશે. ત્યારે મહારાજ એમ કહે છે કે સત્ય રીતે બોલો, સત્ય રીતે કાર્ય કરો અને સત્ય રીતે વિચારો, ત્રણેય સાથે રહેવું જોઈએ.

શિક્ષાપત્રી ને વચનામૃત સમજવા એ અતિ કઠીન બાબત છે, સહેલી પણ છે. પરમાત્મા સિવાય કોઈ પણ આવી સુંદર તળપદી ભાષામાં લખી શકે નહિ. આવી સરળ રીતે તત્ત્વજ્ઞાન કોઈ મૂકી શકે નહિ. એ તત્ત્વજ્ઞાન એવું છે કે કોઈ બિલકુલ નિરક્ષર હોય, ભણેલા ન હોય અને કાને સાંભળે તો પણ એ જીવન સારું બનાવવાનું બધું સમજી શકે. કોઈ પણ અભણ માણસ હોય તે વચનામૃત કે શિક્ષાપત્રી વાંચે કે સાંભળે તો પોતાની રીતે જ પોતાનું જીવન સુંદર બનાવી શકે. સાથે સાથે એક વસ્તુ એ પણ છે કે તેમાં એવા ગહન રહસ્યો સમાયેલા છે કે જે સમજી શકવા મુશ્કેલ છે. એમ કહેવાય છે કે પાંચ મહાન સદ્‌ગુરુઓ બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને

ગોપાળાનંદ સ્વામી તથા એવા સદ્‌ગુરુઓએ એ વચનામૃત શોધ્યા, લખ્યા છતાં પણ એમને જોઈએ એવી શાંતિ ન થઈ. તેથી ગુણાતીતાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી, અંતરમાં જે ભગવાનની મૂર્તિ દેખાવી જોઈએ, જે પરમ શાંતિ, શીતળ શાંત એવું સુખ કેમ નથી થતું? ગોપાળાનંદ સ્વામી કહે, કે તમે વચનામૃત (વચનામૃતનું રહસ્ય જેમ છે તેમ) સમજી શક્યા નથી. એ એનું કારણ છે. ગુણાતીતાનંદ સ્વામી કહે, એટલું ગહન છે? તો કહે હા, એટલું ગહન છે.

એ સદ્‌ગુરુઓ બાર માસ સુધી એકે એક વચનામૃત ગોપાળાનંદ સ્વામી થકી સમજ્યા ત્યારે એ યથાર્થ સમજી શક્યા. ગોપાળાનંદ સ્વામી જેવા મહાન સત્પુરુષ સિવાય એ વચનામૃત સમજવા એ કંઈ સહેલી વાત નથી. વચનામૃતમાં Western Philosophy (પશ્ચિમી તત્ત્વજ્ઞાન) અને Indian Philosophy (ભારતીય તત્ત્વજ્ઞાન) બધી જ, બધા જ પંથ, એનું જે રહસ્ય તે અંદર સમાયેલું છે. એ સમજવું અઘરું છે. દુઃખની વાત એ છે કે સ્વામીએ જે સમજાવ્યું એ લખાયું નહિ. બાર મહિના સુધી સદ્‌ગુરુઓને શાળાના વિદ્યાર્થીની જેમ વચનામૃત સમજાવ્યા. તો એ કેટલું બધું હશે? એનું પૃથ્થકરણ કરીને જે સરસ રીતે સમજાવ્યું એ જો લખાયું હોત તો? વિચારીએ? શા માટે કે ગોપાળાનંદ સ્વામીએ સ્વામિનારાયણ ભગવાન સાથે એકાત્મતા કેળવી હતી, તેમની સાથે તદ્રૂપ થઈ ગયા હતા. એટલે ભગવાનની બુદ્ધિમાં અને એમની બુદ્ધિમાં ફેર ન રહ્યો. એટલી બુદ્ધિ એક મેક થઈ ગઈ.

મને કોઈએ એવું પૂછ્યું કે આ શિક્ષાપત્રીમાં Scientifically (વૈજ્ઞાનિક રીતે) કેટલુંક બરોબર નથી. મેં કહ્યું, Scientifically બરોબર છે, પણ કેટલીક situations (પરિસ્થિતિઓ) દેશકાળ પ્રમાણે બદલાતી રહે છે. પણ Education never stops. (શૈક્ષણિક વિકાસ ક્યારેય અટકતો નથી) એ આગળ વધતું જ જાય છે. શિક્ષણનો પાર આવતો નથી. એ ક્યારે પાર આવે? Education (શિક્ષણ) કોનું નામ? એ જ્યારે સંપૂર્ણ બને ત્યારે. ત્યાં સુધી Education ચાલુ રહે છે. અત્યારે આપણે બધા વિદ્યાર્થી છીએ. We are students અને ગુરુ ભગવાન સ્વામિનારાયણ અને એમને પામેલા ગોપાળાનંદ સ્વામી, વૃંદાવનદાસજી સ્વામી જેવા મહાન સંતો. એવા આપણે થવું પડશે. શ્રીજીમહારાજને વિજ્ઞાનાનંદ સ્વામીએ પૂછ્યું કે મહારાજ! મને ગોપાળાનંદ સ્વામીએ સમાધિ કરાવીને તમારી પાસે મોકલ્યો. તો એ સ્વામીને અઠવાડિયા સુધી સમાધિ રહી. ત્યાં સ્વામીએ જોયું કે આ કોઈ જીવ અહીંયા કેમ ટકી શકતો નથી? ત્યારે એનો ઉત્તર એ કર્યો કે ભગવાન જેવા નિર્મળ થવાય, એવી પાત્રતા કેળવાય, તો એમાં રહી શકાય. તે સુખ જીરવી શકાય.

ભગવાનનું તેજ કોટી કોટી સૂર્યના તેજ સરખું છે. એક સૂર્યના તેજને વિશિષ્ટ કાચ વગર જોઈએ તો ખમી શકાતું નથી. તો મહારાજનું તેજ જીરવી શકાય એટલા પાત્ર પહેલા થવું પડે. પાત્ર થાય એટલે તેજ શીતળ-શાંત લાગે અને પાત્રતા ન હોય તો નાડી-પ્રાણ ખેંચાઈ

જાય અને બૂમાબૂમ કરી મૂકે અર્જુનની જેમ. કે ભગવાન તમારું આવું સ્વરૂપ મારે નથી જોવું. તમે મનુષ્યરૂપે છો એ બરાબર છો. કારણ કે પાત્ર થયા નહોતા. મહારાજે વિચાર કર્યો કે વાત સાચી છે. ત્યારે મહારાજ બિરાજતા હતા. ભગવાને પોતાનું પ્રકરણ બદલ્યું. કે ભાઈ, જો આવું વર્તીશું તો આ જીવો મારી પાસે નહિ આવી શકે. આજ્ઞા પાળે, ઉપાસના રાખે, પંચ વર્તમાન સંપૂર્ણ પાળે એ પાત્ર થાય.

આજ્ઞા સંપૂર્ણ પાળવી એ બહુ અઘરી વાત છે. ઉપાસના બરોબર કરવી એ પણ બહુ અઘરી વાત છે. આપણે મહારાજની આજ્ઞાઓ અને પંચ વર્તમાન પાળતા હોઈએ ત્યારે આપણું મૂલ્યાંકન કરવું અને અમૂક દઢતા કર્યા પછી મહારાજને આપણે પ્રાર્થના કરવી કે મહારાજ એવા સંજોગો તમે મૂકો કે જેમાં મને ખબર પડે કે હું બરાબર દઢ થયો છું કે નહિ? મારી શ્રદ્ધા ડગી જાય છે કે નહિ? તમારા સિવાય બીજે ક્યાંય પ્રતીતિ આવી જાય છે કે નહિ? ક્યારેક સંજોગો ઊભા થાય ત્યારે આપણું આજ્ઞાનું પાલન અને ઉપાસનાની ખબર પડે. મહારાજે વિચાર કર્યો ત્યારે સદ્‌ગુરુઓ પણ બેઠા હતા કે મહારાજ, તમારી પાસે આ જીવો કેમ આવી શકશે, જો તમે આવું કરશો તો? તો મહારાજ કહે શું કરશું? તો બ્રહ્માનંદ સ્વામી તો બહુ રમુજીને! કહે મહારાજ, કૃપાસાધ્ય બની જાવ. કૃપાથી જ કલ્યાણ કરી નાંખો. તમારો સત્સંગ વધે. પાંદડે-પાંદડે ભલે ભજન થાય, અને તમે જો કૃપાથી કલ્યાણ નહિ કરો તો એકેયનું થાય

નહિ. પછી મહારાજ કહે ભલે, તમારું વચન માનીએ. તમારી વાણી સાચી છે. સત્સંગ વધે છે, પણ બધા સુખમાં રહી જાય, રહી શકે એવા પાત્ર થતા નથી. શું કરવું? કૃપા વાપરો. જેમ વાદળો હોય અને સૂર્ય તપે તો વાદળો હટી જાય, તેમ તમે જીવોના આવરણો કાઢી નાંખો. તમે સર્વોપરી પરમાત્મા છો તો તમે એ કામ કરો.

મહારાજે વર આપ્યો જો મારા ભક્ત પંચ વર્તમાન પાળશે તો હું કૃપાસાધ્ય થઈને સંપૂર્ણપણે આવરણો ટાળીશ. એ પાળવા માટે આપણે પ્રયત્ન કરવો. જો આપણે પંચ વર્તમાનનું સ્થૂળ સ્વરૂપ અને સૂક્ષ્મ સ્વરૂપ જોઈએ તો કોઈ હાઈ ફિલોસોફીમાં જતું રહે. એટલું બધું અઘરું છે. આપણે સ્થૂળ વર્તમાન બરાબર પાળવાનું પણ અત્યારના સંજોગોમાં કઠીન પડે છે. તો પંચ વર્તમાનનું સ્વરૂપ સૂક્ષ્મ અર્થમાં સમજીએ તો કેટલું અઘરું થઈ જાય? તો નાહિંમત થઈ જવાય કે આપણે ધામમાં જવાના જ નથી, કે મૂકો માથાકૂટ. આ બધી માથાકૂટ શું કામ કરવી? ત્યારે મહારાજ કહે તમે કોઈ ચિંતા નહિ કરો. કાંઈ પણ કચાશ રહી જશે તો હું કૃપાસાધ્ય થઈશ.

એમાં એટલું ધ્યાન રાખવાનું પણ કહ્યું કે તમને કોઈ પણ વ્યક્તિ કે કોઈ દેવ-અદેવ એમ કહે કે આ રોગ મટાડી દઉં, તો તમારે એમ કહેવું કે તમારામાં જે શક્તિ અને ઐશ્વર્ય છેને! એ સર્વોપરી પરમાત્મા જે મારા સ્વામિનારાયણ ભગવાન છે એમનું છે. એમાંથી હવે તમારી પાસે થોડુંક આવ્યું તો એવા સર્વોપરી

પરમાત્માને મૂકીને તમારી પાસે શું કામ આવું? બરાબર! માટે ક્યાંય પ્રતીતિ નહિ આવવી જોઈએ. મહારાજ કહે છે કે મારા જેવું હેત તો મારા મુક્તને વિષે પણ ન કરવું. મને પામવું હોય તો મારામાં જ આસક્તિ કરો. આનું નામ attachment (આસક્તિ) કહેવાય. ભગવાન સિવાયના બીજામાં આસક્તિને લીધે પુર્નજન્મ થાય. આસક્તિ કારણદેહમાં વળગી છે. આપણને અમુક સમયે ખબર પડે કે આપણા કુટુંબમાં આને કેન્સર થયું છે તો ય ગભરાટ થઈ જાય છે. એકદમ દુઃખ થઈ જાય છે. એનો અર્થ એ કે આપણને એના વિષે એટેચમેન્ટ છે. એ એટેચમેન્ટ ખસી જવું જોઈએ. કર્તવ્ય પૂરું બજાવવું. સેવા બજાવવી. એને જેટલું સારું થાય એવી બધી સેવા કરવી, આ સેવાનું કાર્ય છે, એમાં દુઃખની અભિવ્યક્તિ થાય એ બરાબર, પણ એ જીવમાં આસક્તિરૂપે ન થવી જોઈએ.

ગમે ત્યાં બહાર કોઈ અજાણ્યાને એવું કાંઈ થાય છે ત્યારે આપણને એટલું દુઃખ થાય છે? નથી થતું. કોઈને એક્સિડન્ટ રસ્તામાં થઈ જાય તો આપણે એટલું કહીએ કે આવો એક્સિડન્ટ થઈ ગયો, પણ જો આપણામાંથી કોઈને સહેજ એક્સિડન્ટ થાય તો આપણને થોડો દુઃખ - શોક થઈ જાય. એ દુઃખ અંદરથી આસક્તિને લીધે ન થવું જોઈએ. પણ એ રીતે થવું જોઈએ કે એ ભગવાનનો જીવ છે ને એને આમ થયું? આપણને થોડું દુઃખ થાય, પણ આસક્તિને લીધે નહિ થવું જોઈએ. તો એ આસક્તિ કાઢવી એ તો સમજણની વાત છે ને? એમાં શું પુરુષાર્થ

બોલો? તપ કરવું હોય તો પુરુષાર્થ કરવો પડે. અહીંથી મંદિર જવું હોય તો પગનો ઉપયોગ કરવો પડે. કથા સાંભળવી હોય તો બેસીને સંભળાય. પણ આસક્તિ તો એક સમજાણ માત્રથી નીકળી જાય. એકવાર સમજાણ દૃઢ કરતા જઈએ તો આસક્તિ ટળી જાય છે કે નહિ? અને ભગવાનને વિષે સ્નેહ વધતો જાય... (થોડું રેકોર્ડીંગ નથી થયું.)

મને એમ થાય કે ત્યાંના બુદ્ધિશાળીવર્ગ જે થોડાક છે તેમને ભેગા કરી અને એક નાનકડી પત્રિકા, મૅગેઝિન નહિ. ટૂંકા લેખ લખવા. ગમે તેમ નહિ. Every matter of pamphlet should be authentic એના શબ્દો સનાતન હોવા જોઈએ. અત્યારે તો એ બધાનું ટૂંક સમયમાં વિશ્લેષણ ન કરી શકાય. પંચ વર્તમાનના સ્થૂળ અને સૂક્ષ્મ અર્થો છે. એ એટલા સરસ છે કે કોઈ પણ ધર્મ એને માની શકે. એમાં આપણો સંપ્રદાય એ બિનસાંપ્રદાયિક. સંપ્રદાયનો અર્થ બહુ વિશાળ પણ છે અને ટૂંકો પણ છે. એક અર્થ વાડો પણ થાય અને બીજો વિશ્વસંપ્રદાય, વિશ્વધર્મ એવો પણ થાય. જે સંપ્રદાયના સિદ્ધાંતો બધા મનુષ્યોને લાગુ પડે એ વિશ્વધર્મ. તો આપણે એ કરવા માટે કામ કરવું જોઈએ. World level (વિશ્વસ્તરે) ઉપર એ (તત્ત્વજ્ઞાન) Philosophy મૂકવી જોઈએ, એવો પ્રયત્ન કરવો જોઈએ. આપણો પુરુષાર્થ હજી બહુ સિમિત છે. થોડું narrow (સંકૂચિત) દૃષ્ટિથી જોઈએ છીએ. તો વિચાર કરું છું કે એક પત્રિકા, 'સ્વામિનારાયણ ચિંતનિકા' નામની એક પત્રિકા જે કોઈ

પક્ષ કે કોઈને લગતી નહિ. કેવળ સ્વામિનારાયણની Pure philosophy not in narrow sense (સાચું જ્ઞાન સંકૂચિત અર્થમાં નહિ) એ અહીંયા મોકલું તો તમે તમારા views (અભિપ્રાય) મોકલજો. બરોબર! એમાં પ્રશ્નો પણ હશે. અમુક - અમુક સિદ્ધાંતોની ટૂકી નોંધ પણ હશે.

જે બાવીસ પ્રકાશનો થયા છે, (આ આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે ત્યાં સુધીમાં ૭૩ પ્રકાશનો થઈ ચૂક્યાં છે.) એમાં થોડાંક જીવન-ચરિત્રો પણ છે. અને એ જીવનચરિત્રોની અંદર પણ philosophy (તત્ત્વજ્ઞાન) વણી છે. એ બાવીસ પ્રકાશનોમાં એમ છે કે એ Narative (કેવળ વર્ણનાત્મક) નથી, છતાં ય જો ધ્યાનપૂર્વક વાંચીએ તો સમજાય એવું છે. તો મને લાગે છે કે ઘણું બધું જે મહારાજ વિષે જાણવું જોઈએ એ અંદરથી મળશે. એમાં ખૂબ પરિશ્રમ લીધો છે. ગમે તેમ એ લખી કાઢ્યા નથી. એ સદ્‌ગુરુઓ ને નંદ-સંતોના જ વચનો અંદર મેં ગૂંથ્યા છે. એમાં કાંઈ ભેળસેળ ન હોય એટલે એ સરસ લાગે. અને એ વાંચ્યા પછી તમને જો કાંઈ પણ પ્રશ્ન હોય તો મને પૂછજો. એ પુસ્તકોનો આખો સેટ હું મોકલાવીશ. તમે જરા જો જો. એમાં વૈવિધ્ય છે. જુદા જુદા વિષય ઉપર છે. પુસ્તકો નાના પણ છે અને મોટા પણ છે. દરેક  પુસ્તકની કિંમત cost price (મૂળ કિંમત) કરતાં અર્ધી કિંમતે આપીએ છીએ. એ પછી લાખોપતિ હોય, કે મધ્યમવર્ગ હોય કે પછી ગરીબવર્ગ હોય તે કહે give me free તો અમે એને વિના મૂલ્યે

આપીએ છીએ અને પૂછતા નથી કે તારી કંડીશન શું છે? He should say કે મને આ પુસ્તક ભેટ આપો, તો તરત જ આપી દઈએ છીએ.

મિશનની જે પ્રવૃત્તિઓ છે એ તમે આહીં પ્રવૃત્તિ કરો છો એ પણ છે. એ ઉપરાંત પણ છે. તમે તો અહીંયા દૂર-દૂર રહો ને ત્યાં જલદી બધા ભેગા થઈ જાય. રોજ પણ ભેગા થઈ શકે. એટલે એ રીતે તમે જે સરસ રીતે સત્સંગ કરો છો એમાંથી હું અહીં શીખ્યો છું એ હું ત્યાં જઈને દાખલ કરીશ. હવે શું શીખ્યો એ અત્યારે નહિ કહું મોડું થઈ જાય. અને philosophy (તત્ત્વજ્ઞાન) કોઈવાર તમને પત્ર દ્વારા જણાવીશ. જુદા જુદા વાદોના Comparative Study (તુલનાત્મક અભ્યાસ) સાથે કે જેથી તમને ખ્યાલ આવે. તમે બધા બુદ્ધિજીવી મહારાજના મુક્તો છો. મૂઢ ભક્તો નથી. થોડા મૂઢે ય છો અને બુદ્ધિજીવી પણ છો. ભગવાનની આજ્ઞા બ્લાઈન્ડ રીતે પણ પાળો છો. અને સમજીને પણ પાળો છો એ વિશેષતા છે. તમે એટલે બધે દૂર રહો અને છતાં પણ શનિ - રવિમાં ટાઈમ કાઢી ભેગા થઈ સરસ સત્સંગ કરો છો બધા. જ્યાં જ્યાં હું ગયો, ત્યાં બધે આવી સરસ સભા થાય છે. પણ એટલું કે થોડી સંકૂચિતતા જોવા મળી. એ સંકૂચિતતાને લીધે આ સત્સંગ છે તે એક સૂરથી નથી થતો. થોડું Opposition (વિરોધ) જોવા મળે છે અને એ Opposition (વિરોધ) થોડો જેને કહીએ એક જાતની થોડી hatred, Spiritual hatred (આધ્યાત્મિક ઘૃણા) એ જોવા મળી. એ નીકળી જવી

જોઈએ. કારણ કે અરવિંદભાઈ અને તમે બધા સત્સંગીઓ, પરધર્મીઓ સાથે રહીને કામ કરો છો એ સૌથી સરસ છે. મહારાજે કઈ જ્ઞાતિને છોડી કહો જોઈએ? છોડી એકેયને? મુસ્લિમ, હરિજન કોઈને બાકી રાખ્યા નહોતા. જૈન હોય તો બધા જૈન ધર્મી જ હોય. મહારાજનો ધર્મ Universal (વૈશ્વિક) છે.

આ રીતે તમે પણ મને મોકલો થોડુંક પત્રિકા જેવું. ઈસકોનની જેમ કાઢો. ભલે ચાર પાના કાઢો, પણ સરસ authentic (પ્રમાણભૂત) હોવા જોઈએ બરોબર! એક આખું મૅગેઝિન ભરી દેવું એવું નહિ. બધાયના લેખો આવે એટલે એને ખોટું લાગશે માટે મૂકો એવું નહિ. એમાંથી જુઓ કે તંત્રીના વિચારો સાથે સંમત છે? તે બરોબર જ હોય એમ માનવું નહિ. એમાં હું નથી માનતો. એ દરેકનું editing કરવું. હું તો તરત જ એને લખું કે ભાઈ, આટલી આટલી વસ્તુ બરાબર નથી, કહો તો અમે editing (સુધારીને) કરીને છાપીએ. કાં તો તમે સમજાવો. એમ તમે વિસ્તૃતરૂપે નહિ, ભલે બે પાના હોય તો ય વાંધો નહિ કે ભલે એક પાનું હોય, પણ સરસ રીતે બહાર પાડો. તમે બધા ઘણા બુદ્ધિશાળી છો. થોડો અભ્યાસ કરો સાધનાની જેમ.

એક અગત્યની વાત કહેવાની રહી ગઈ એ કહી દઉં કે અહીંયા જો તમારા બાળકો એકલું અંગ્રેજી જ બોલશે, તો પોતે આ સાહિત્ય ક્યારે વાંચશે? ગુરુકુળવાળા એનો ઉચ્ચાર અંગ્રેજીમાં લખે એ ક્યારે પાર આવે? એમાં તો ચાર - પાંચ કીર્તનો ને એટલું જ બોલ્યા કરે છે.

તમને ઠીક લાગે તો હોં! કે ઘરમાં ગુજરાતી જ બોલો. અંગ્રેજી તો એ શીખવાના જ છે. એ અંગ્રેજીમાં બોલે તો એને જવાબ નહિ આપવાનો. એને ગુજરાતી શીખવાડવાનું. ગુજરાતી તો બરાબર આવડવું જોઈએ. અંગ્રેજી ભાષા એ તો કનિષ્ઠની ભાષા છે. એ કનિષ્ઠની ભાષાને આટલું બધું કેમ મહત્ત્વ? સંસ્કૃત એ શ્રેષ્ઠ ભાષા છે. સંસ્કૃત એ શ્રેષ્ઠ ઉપરાંત બહુ જ Pious, auspicious (પવિત્ર) ભાષા છે. અંગ્રેજી એવી નથી. બધા છોકરાઓ અંગ્રેજી જ બોલ બોલ કરે. તો મને એમ લાગે છે કે તમે ઘરમાં ગુજરાતી નહિ બોલો તો એ વચનામૃતનો અભ્યાસ કેવી રીતે કરી શકે? મહારાજ જે ભાષામાં બોલ્યા હોય એ અંગ્રેજીમાં exactly interpretation (યથાર્થ અર્થઘટન) થવું એ ન થઈ શકે. એ જ્ઞાન અંગ્રેજી ભણનારા બાળકો એની રીતે સમજેને! તો They should know Gujarati as perfectly as English (અંગ્રેજી જેટલું જ ચોક્કસ ગુજરાતી આવડવું જોઈએ.) આ તો જો તમને ઠીક લાગે તો એક નિર્ણય કરો. તમે કહો તો હું ગુજરાતી શિક્ષણના પુસ્તકો તમને મોકલી આપું ચાલો. બાળકોને અંગ્રેજીની સાથે ગુજરાતી સરસ આવડવું જોઈએ. આ તો અંગ્રેજી જ બોલે બધા.

મેં નક્કી કર્યું કે આજે અંગ્રેજી ભાષામાં ન બોલવું. જેથી આ બાળકોને એમ થાયને કે આપણે બરાબર સમજતા નથી. એટલે એમ થાય કે ગુજરાતી જાણવું જોઈએ. એકલું અંગ્રેજી બોલાય? એ સાથે હું વિરમું

છું અને આ દિવ્ય સભામાં ખૂબ ખૂબ આશીર્વાદ અને રાજીપો મેળવવા માટે પ્રાર્થના કરું છું કે સૌ ખૂબ રાજી રહેજો. બસ!

સહજાનંદ સ્વામી મહારાજની જય.

(પછી પાછા કહે છે)

મહારાજ તમારામાં રહીને કેમ નહિ બોલે? તમારામાં રહીને કેમ નહિ વિચારે? આ બધા ગળાઓ કોના છે? મહારાજના. મહારાજ બધાય ગળાઓ દ્વારા કંઈ કંઈ બોલશે એટલે બધું સરસ ભેગું થશે. સરસ વસ્તુ તૈયાર થશે. કદીયે એમ નહિ માનવાનું કે મહારાજ આપણામાં રહીને કામ નહિ કરે. આપણામાં રહીને એ જ કામ કરે છે. તો હવે તમે બધા પ્રશ્નોત્તરી કરજો અને મને પણ જરૂર મોકલજો.

જય સ્વામિનારાયણ!

## સારાંશ

ભારતની સંસ્કૃતિમાં વિશ્વની તમામ સંસ્કૃતિ સમાઈ જાય છે. દુનિયાના બીજા દેશો ભૌતિક રીતે આગળ વધેલા દેખાય છે. જ્યારે ભારતમાં આધ્યાત્મિકતા વધુ છે. તે આધ્યાત્મિકતાનો ઉપયોગ કર્મયોગની સાથે સાથે જ કરવાનો છે. સ્વામિનારાયણ ભગવાને શીખવ્યું છે કે કોઈ પણ કાર્ય કરતા પહેલા ભગવાનની સ્મૃતિ કરવી અને પછી કાર્ય કરવાથી તે ભક્તિરૂપ બને છે. ભગવાન સ્વામિનારાયણનું તત્ત્વજ્ઞાન સમજવા માટેના ગ્રંથો શિક્ષાપત્રી અને વચનામૃત તે સરળ હોવા ઉપરાંત પૂર્ણ

અને સચોટ છે. એ જ્ઞાન સાચા અર્થમાં અનાદિમુક્ત થકી જ સમજી શકાય છે. વચનામૃતમાં દરેક તત્ત્વજ્ઞાનનો સાર સમાયેલો છે. જ્યારે ભગવાનનું દર્શન કરી જીવ પાત્ર થાય, ત્યારે પૂર્ણ થયો કહેવાય. ત્યાં સુધી દરેક જણ વિદ્યાર્થી જ છે.

ભગવાન જેવો નિર્મળ થાય ત્યારે જ જીવ એ સુખમાં ટકી શકે છે, એ સુખ જીરવી શકે છે. આજ્ઞા ઉપાસના દૃઢ કર્યા હોય છતાં ભગવાનને પ્રાર્થના કરવી કે મારી પરીક્ષા કરો જેથી હું વધુ દૃઢ થાઉં. સ્વામિનારાયણ ભગવાન કૃપાસાધ્ય બન્યા જેથી જીવોના આવરણો હટી જઈ તેઓ પાત્ર બન્યા. ભગવાન કૃપાસાધ્ય બને તો જ જીવ પાત્ર થઈ શકે. સ્વામિનારાયણ ભગવાન જ સર્વોપરી છે. તે પરમાત્મામાં જ પ્રતીતિ રાખી પૂર્ણ શ્રદ્ધા, વિશ્વાસ રાખવા, સ્વામિનારાયણ ભગવાનમાં જ આસક્તિ રાખવી. કુટુંબીજનોની સેવા આસક્તિએ રહિત થઈ કરવી. આસક્તિ સમજણથી ટળે છે.

વિશ્વના દરેક જીવોના લાભાર્થે પત્રિકા બહાર પાડીએ તો તેના લેખ authentic (પ્રમાણભૂત) હોવા જોઈએ. પત્રિકા ભલે નાની હોય, પણ અંદરના લેખ સચોટ હોવા જરૂરી છે. ભગવાનનું જ્ઞાન પામવામાં રસ ધરાવનાર ગરીબ વર્ગને જ્ઞાનસભર પુસ્તકો મફત મળી રહે તેવું કરી તે જ્ઞાન પ્રાપ્ત કરી શકે તેવા પ્રયત્નો અવશ્ય કરવા. પોતાના મનમાં ઉઠતા પ્રશ્નોનું નિરાકરણ અનાદિમુક્ત પાસેથી જ્ઞાન લઈ મેળવી લેવું. અને સમાજમાં સત્સંગ પ્રચારની સેવા અંગેનું જ્ઞાન પણ પ્રાપ્ત કરવું. બાળકો

આપણું આધ્યાત્મિક જ્ઞાન સારી રીતે સમજી શકે તે માટે આવશ્યક છે કે તેઓ ગુજરાતી ભાષા સારી રીતે શીખે. તો જ મહારાજના શબ્દો આત્મસાત્ કરવામાં સરળતા રહે.

# ૫

સ્વામિનારાયણ ભગવાનની જય.

આ દિવ્ય સભામાં ખૂબ ઊંચા પ્રકારની વાતો થઈ. શ્રીહરિજીના મહિમાની ભારે ભારે વાતો થઈ. વચનામૃતમાં પણ સર્વોપરી વાતો આવી. શ્રીજીમહારાજે કૃપા કરીને વચનામૃતમાં જણાવ્યું કે અમે સ્થાપેલ એકાંતિક ધર્મ તથા અમે બતાવેલ આત્યંતિક કલ્યાણનો માર્ગ આ બ્રહ્માંડમાં સર્વજનોનો હિત કરનારો છે. શા માટે? એ માર્ગ સર્વ ધર્મોના સારરૂપ છે. એમાં વિશાળ ઔદાર્ય સાથે સમન્વય કરેલો છે. શ્રીજીમહારાજ કહે છે કે અમે સ્થાપેલ ધર્મ એ સંકુચિત નથી, થોડા મનુષ્યોને માટે નથી, પરંતુ સર્વ મનુષ્યોને અનુસરવા યોગ્ય એવો ધર્મ છે. આવો ધર્મ જો વિશ્વમાં બધે પ્રસરે તો સર્વ જનોનું કલ્યાણ થાય. સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે શા માટે માત્ર ગુજરાત અને ભારતનો થોડો વિભાગ પસંદ કર્યો? વિશ્વના બીજા દેશોને કેમ એ વખતે બાદ રાખ્યા? ભગવાન જાણતા હતા કે જો હું સારાય વિશ્વમાં આ તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરવાની ઉતાવળ કરીશ તો સર્વ મનુષ્યો સમજી શકશે નહિ. એના કરતાં થોડો વિસ્તાર પસંદ કરીને આ તત્ત્વજ્ઞાન પચાવી શકે, આ માર્ગનો પ્રચાર કરી શકે, ફેલાવી શકે એવા મહાન સંતો અને મુક્તોને તૈયાર કરું. શ્રીહરિજીએ આ કામ બરાબર કર્યું અને પછી અંતર્ધાન થયા. શ્રીહરિજીએ મુક્તાનંદ સ્વામી આદિક મહાન સંતો

દ્વારા આ સર્વોપરી તત્ત્વજ્ઞાનનું વિવેચન કરતા ગ્રંથો રચાવ્યા. પોતે પણ મહાગ્રંથ વચનામૃત રચ્યું. એ મહાગ્રંથ વચનામૃત અંગે અત્યારે સભામાં સ્પષ્ટ રીતે વાતચીત થઈ ગઈ.

આ સંત-મુક્તો દ્વારા વર્તમાન કાળે શ્રીહરિજીના સંકલ્પથી વિશ્વમાં આ તત્ત્વજ્ઞાનનો પ્રચાર થતો જાય છે. સર્વ મનુષ્યોને આ તત્ત્વજ્ઞાનમાં શ્રદ્ધા આવતી જાય છે. બુદ્ધિશાળી વર્ગને આ માર્ગ સંપૂર્ણ છતાં સરળ લાગે છે. આ માર્ગ પામવાને માટે ભગવાન સ્વામિનારાયણના આશ્રિતોએ કમ્મર કસવી જોઈએ. એ જ સાચી સેવા છે. ભગવાન સ્વામિનારાયણનું આ તત્ત્વજ્ઞાન અને સંદેશ જો સારાય જગતમાં પ્રસરાવવું હશે તો ભગવાને ચીંધેલી આજ્ઞાઓ આચરણમાં ઉતારવી પડશે. આચરણમાં ઉતાર્યા વગરની વાતો કોઈના હૃદયને કે મનને સ્પર્શ કરશે નહિ. બાપાશ્રી કહે છે કે જેના અંતરમાં મહારાજની મૂર્તિનું સુખ હોય તેની વાતથી શાંતિ અને સમાસ થાય છે. ભગવાનનું સુખ મેળવવું હશે તો ભગવાને જે રીતે પોતે આ જ્ઞાન આચરણમાં બતાવીને સમજાવ્યું, તેમના સંતોએ આચરણમાં મૂકીને આપણને બતાવ્યું એ માર્ગે ચાલીને આપણે ભગવાનનું કાર્ય કરી શકીશું. આવો આત્યંતિક કલ્યાણનો માર્ગ પામવો હોય, શ્રીહરિજીના પરમપદને પામવું હોય તો શ્રીજીમહારાજની મૂર્તિનું લક્ષ રાખીને ધ્યાન કરવા મંડી પડવું જોઈશે. બાપાશ્રી કહે છે - ધ્યાન કરવામાં જે આગ્રહ રાખે છે તેને મહામૂલી, મોંઘી એવી મહારાજની મૂર્તિની પ્રાપ્તિ થાય છે. એમનું

દિવ્ય સુખ મળે છે. શ્રીહરિજીના આવા દિવ્ય સુખની પ્રાપ્તિ સર્વજનોને થાય એ માટે જીવનની એકે એક પળનો ઉપયોગ આપણે કરવો જોઈએ. આપણે કોઈ સમય, એકપણ મિનિટ વૃથા જાય એમ કરવું જોઈએ નહિ. કોઈ એવી સંઘર્ષની પ્રવૃત્તિઓ પણ કરવી જોઈએ નહિ. ભગવાન સ્વામિનારાયણ કહે છે કે હું સંઘર્ષ કરવા નથી આવ્યો, સંઘર્ષ કરાવવા નથી આવ્યો. સંઘર્ષને શમાવવા માટે આવ્યો છું. સારાય વિશ્વમાં સંવાદિતા સ્થાપવા આવ્યો છું. જીવોને બંધનમાંથી મુક્ત કરવાને માટે આવ્યો છું. આ ભગવાનનો આદેશ સર્વને પહોંચે એ માટે આપણે મોટા સંત - મુક્તોના સમાગમ થકી આ તત્ત્વજ્ઞાન સમજવું પડશે. એ જીવનમાં ઉતારવું પડશે અને ભગવાન સ્વામિનારાયણનો સાક્ષાત્કાર કરી એ સંદેશ ફેલાવવાને માટે જીવનપર્યંત મુક્તાનંદ આદિક મહાન સંતોએ જે કાર્ય કર્યું એ પ્રમાણે કરવું પડશે.

ભગવાને અદીબાના દૃષ્ટાંત દ્વારા આપણને શીખવ્યું કે ભગવાન સાથે જો હથેવાળો કરવો હશે તો અદીબા જેવા નિર્વિકારી અને નિષ્કામી ભક્ત થવું પડશે. નિષ્કામવ્રત દૃઢ કર્યા વિના આ કામ નહિ થઈ શકે. પરમપદને પામી શકાશે નહિ. નિષ્કામવ્રત એ પરમપદ પામવા માટેનો પાયો છે. એ પાયો દૃઢ કરીને આગળ ચાલવું પડશે. બ્રહ્માનંદ સ્વામીએ "હૈડાનો હાર" એ કીર્તન બનાવ્યું એની પાછળનો પણ ઈતિહાસ છે. જે રણછોડભાઈએ સમયના અભાવે કહ્યો નહિ. શ્રીહરિજીએ

જ્યારે બ્રહ્માનંદ સ્વામી ઉપર ખૂબ પ્રસન્નતા જણાવી તેના અનુસંધાનમાં લખેલું છે. તેની વિગતવાર ચર્ચા આવતા બ્રહ્મયજ્ઞમાં રણછોડભાઈ કરશે. આજનો કાર્યક્રમ એ ખૂબ મર્યાદિત હતો, છતાં લંબાઈ ગયો. ભગવાનની ઈચ્છા હશે કાંઈ વાંધો નહિ. હવે આપણે વાર્તાની સમાપ્તિ કરીને ભગવાન સ્વામિનારાયણનું ધ્યાન ધરી એ મૂર્તિ સામે હંમેશાં લક્ષ્ય રાખી અને જીવનની બધી પ્રવૃત્તિઓ કરીએ અને એમ થાય એ માટે ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરીએ.

સહજાનંદ સ્વામી મહારાજની જય, બાપાશ્રીની જય!

## સારાંશ

શ્રીજીમહારાજે સ્થાપેલ એકાંતિકધર્મ અને તેમણે બતાવેલ આત્યંતિક કલ્યાણનો માર્ગ બ્રહ્માંડમાં સર્વજનોને હિત કરનારો માર્ગ છે. વિશ્વના દરેક જીવો મહારાજનું સર્વોપરી તત્ત્વજ્ઞાન તરત ન સમજી શકે. તે માટે જ મહારાજે ગુજરાતનો થોડો ભાગ પસંદ કરી ત્યાં એ જ્ઞાન પચાવી અને પ્રચાર કરી શકે એ રીતે સંતોને તૈયાર કર્યા. બુદ્ધિશાળીવર્ગને સ્વામિનારાયણ સંપ્રદાયનો માર્ગ સરળ છતાં સંપૂર્ણ લાગે છે. ભગવાનની આજ્ઞાઓ આચરણમાં ઉતારી, ભગવાનનું તત્ત્વજ્ઞાન જીવનમાં ઉતારી વાત કરવાથી જ જીવો પર વાતનો પ્રભાવ પડે અને એ વાતોથી તેમને શાંતિ થઈ જીવમાં 'હા' પડે છે. શ્રીજીમહારાજના પરમપદને પામવા ભગવાનના

સ્વરૂપનું ધ્યાન કરવું આવશ્યક છે અને સાથે સાથે નિર્વિકારીપણું અને નિષ્કામીપણું દૃઢ કરવું પણ અનિવાર્ય છે. એ પરમપદ પામવા માટેનો પાયો છે.

## ૬

શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા મુક્તોની આ દિવ્ય સભાને કોટાનકોટી વંદન કરું છું.

વાદ કેટલા બધા છે. દ્વૈતવાદ, અદ્વૈતવાદ, દ્વૈતાદ્વૈત બરોબર? અનેક પ્રકારના વાદ છે. આટલા બધા વાદમાં કયો વાદ પૂર્ણ? એનો અર્થ એ થયો કે તમામ વાદો અપૂર્ણ છે. વાત પતી ગઈ. જો અપૂર્ણ હોય, તો ગોપલાણીજી* મને પૂછે છે કે સ્વામિનારાયણ ભગવાનનો વિશિષ્ટાદ્વૈત વાદ છે. તો જો બીજા વાદ અપૂર્ણ હોય તો એ અપૂર્ણ નહિ? મેં કહ્યું સ્વામિનારાયણ ભગવાનનો એ વિશિષ્ટાદ્વૈત વાદ જ નથી. ભગવાને વાદ કહ્યો જ નથી. એ તો રામાનુજાચાર્યના અને બીજા લોકોના સમાસ માટે કહ્યું. રામાનુજાચાર્યમાં પરમાત્મા સાથેનો સ્વામી-સેવકનો ભાવ હતો એ લીધું એટલું જ છે. એમ નહિ સમજો કે રામાનુજાચાર્યનો મત એ ભગવાનનો મત છે. ભલે પોતે સમાસ માટે એમ કહેતા હોય. પોતે પણ કહ્યું છે કે હું તો સર્વોપરી પરમતત્ત્વનું તત્ત્વજ્ઞાન સમજાવું છું. હું ક્યાં વાદ કહું છું? સ્વામિનારાયણ ભગવાને વાદ રચ્યો જ નથી. માટે એ પૂર્ણ છે. વિશિષ્ટાદ્વૈત એ સર્વોપરી તત્ત્વજ્ઞાનનો મત છે. એ વાદ નથી. વાદ તો બધા અધૂરા કહેવાયને? વાદનો અર્થ જ અપૂર્ણ. જેટલી હદ સુધી અનુભવ થાય એટલો અનુભવ સત્ય, પણ એ

*શ્રી ગોપલાણીજી અ.મુ.પૂ.મામા સાથે શૈક્ષણિક વ્યવસાયમાં હતા.

અનુભવ પૂર્ણ નથી. એ અનુભવમાંથી આગળ જવું પડે કે નહિ? ત્યારે સ્વામિનારાયણ ભગવાને એમ કહ્યું કે સર્વોપરી પરમતત્ત્વરૂપે હું અહીંયા તમને દર્શન આપું છું, એ સર્વોપરી પરમતત્ત્વનું જે સર્વોપરી તત્ત્વજ્ઞાન છે એ હું તમને સમજાવવા આવ્યો છું. એટલે મારી વાણી અને મારું સ્વરૂપ, વ્યતિરેક સ્વરૂપ અને અન્વય સ્વરૂપ એ બંનેરૂપ તમે બની જાઓ તો બરોબર, તો પૂર્ણ. ત્યારે મેં ગોપલાણીજીને કહ્યું, સ્વામિનારાયણ ભગવાન હજી તમને અનુભવે નથી ઓળખાયા, તમને બુદ્ધિથી ઓળખાયા છે.

મને ગોપલાણીજીએ જ પ્રશ્ન પૂછ્યો કે સ્વામિનારાયણ ધર્મમાં આટલા બધા પંથો શું? કોઈને એમ થાય કે ક્યા સ્વામિનારાયણ ભગવાન સાચા? મેં કહ્યું હા, તમારી વાત સાચી. જેને સત્પુરુષ થકી જ્ઞાન નથી થયું, એને આ પ્રશ્ન ઊઠે. ત્યારે મને કહે, તમને સ્થૂળ રીતે સમજાવતાં આવડે કે શા માટે આ પંથો થયા? મેં કહ્યું જરૂર આવડે. તમે માનો છોને કે સ્વામિનારાયણ ભગવાન કૃપાસાધ્ય છે. એનો અર્થ એ થયો કે એ સર્વોપરી પરમ તત્ત્વ છે. દરેક જીવાત્માનો ચૈતન્ય નિર્મળ છે, આવરણો ચડ્યા છે. જો એક સરોવર ભરેલું હોય કે ખાબોચિયું હોય એમાં નિર્મળ જળ હોય, એના ઉપર સૂકા પાંદડાં મૂકી દઈએ તો? જળ દેખાય? અને હટાવી લો તો? જળ તો નિર્મળ જ છે. એમ ચૈતન્ય નિર્મળ છે.

ગુણાતીતાનંદ સ્વામી દ્વારા સ્વામિનારાયણ ભગવાન એમ બોલ્યા કે હજી પાંદડે - પાંદડે સ્વામિનારાયણનું

ભજન થશે. જ્યાં સુધી મનુષ્ય ભગવાનને સંપૂર્ણ ઓળખે નહિ, ત્યાં સુધી એનામાં રાગ હોય, ઐશ્વર્યનો રાગ એ મહાકારણ દેહ કીધો કે નહિ? ત્યાં અટકી પડે છે. ભક્તિ કરતાં કરતાં ઐશ્વર્યાર્થી બને. જેમ પીએચ.ડી., પ્રિન્સીપાલ થાય તો એને જ્ઞાન તો થઈ ગયું કે નહિ? તો એ જ્ઞાનનું ને ભગવાનનું નામ તો લે છે, ત્યારે એનું આગળ ચાલે છે. જ્યાં જાવ, ગમે તે પક્ષમાં જાવ ત્યાં ધૂન તો સ્વામિનારાયણ ભગવાનની જ થાય છે કે નહિ? ભગવાન એને જે રાગ હોય તે રાગનો ઉપયોગ કરે છે. એ ઉપયોગ કરી અને જીવોને મારું નામ એકવાર પહોંચે એ એમને જોઈએ છે. પછી જેણે પ્રસિદ્ધિના રાગ સાથે ઐશ્વર્યાર્થી બની અને ભગવાન ઓળખાવ્યા તેથી તેને વધુ સહન કરવાનું રહે. માટે ઐશ્વર્યાર્થીને સમજવું જોઈએ કે મહાકારણથી આગળ જવું. જો એ વખતે ઐશ્વર્યાર્થી થાય તો એને ભગવાન થવાનું મન થઈ જાય. તો એ ઐશ્વર્યાર્થી ક્યારે થયો હોય? ભક્તિ કરતાં કરતાં ખૂબ ઊંચા સાધને પહોંચે પછી એનામાં ઐશ્વર્ય આવે. ત્યારે સાધારણ બુદ્ધિવાળા માણસો હોય એને તો એમ થાયને કે કેવડા મોટા છે! અને પાછું એ ઐશ્વર્યાર્થીમાં સ્થૂળ રીતે તો ત્યાગ, વૈરાગ્ય બધું દેખાય.

બાપામાં રજોગુણ જોયો? ચપટી વગાડતાં જ મૂર્તિમાં મૂકી દેતા! તો વિચારીએ કે કોઈ ભારે ભારે વાતો કરે ત્યારે કોઈ પણ પક્ષની સભા હોય આપણે એમને કહી શકીએ કે સ્વામિનારાયણ ભગવાન તો એક જ રહે. ભગવાન બે થાય એમ શી રીતે કહેવાય? તો એનો

અર્થ એ કે બીજો કોઈ ભગવાન છે જ નહિ. તો સ્વામિનારાયણ ભગવાનનું જ ધ્યાન થાય. ગુરુરૂપ શ્રીહરિનું ધ્યાન ન થાય. ગુરુરૂપ શ્રીહરિ તો સર્વોપરી પરમતત્ત્વને લીધે કહેવાય છે. પણ જો એમાં ભૂલ થઈ જાય અને જો બીજે જોડાઈ જાય તો આગળ ન વધાય. ભગવાન શું કરે? તેમાં બાપાએ કહ્યું છે કે અમે વહાણમાં બેસાડ્યા, પણ કૂદકો મારે તો? એનો અર્થ એ થયો કે આપણે ભગવાનને જેવા છે તેવા ઓળખ્યા નહિ, માટે આપણને ઐશ્વર્યો સારા લાગ્યા. તો આપણી ઉણપ ખરી કે નહિ? એ તો વહાણમાંથી કૂદકો માર્યા જેવું થાય.

છેલ્લા જન્મના આશીર્વાદ ઝીલે નહિ તો શું થાય? તેને એમ કહ્યું કે મેં તને આશીર્વાદ આપ્યા કે હું તને લઈ જઈશ. તો મારું એમ કહેવું છે ભલે આપણે ગમે ત્યાં જઈએ. નિશ્ચય પાકો થઈ જવો જોઈએ. આપણને કેવા ગુરુ મળ્યા? ઈશ્વરચરણદાસ સ્વામી જેવા, વૃંદાવનદાસ સ્વામી જેવા, નિર્ગુણદાસજી સ્વામી જેવા, મુનિસ્વામી જેવા અને સફેદ વસ્ત્રોમાં સોમચંદભાઈ, લક્ષ્મીરામભાઈ, દેવરાજભાઈ, પર્વતભાઈ આ બધા મુક્તો નો'તા? વિચારો. આ બધા મુક્તોમાં ઐશ્વર્ય સહેજે જ દેખાય, પણ મહારાજે ઢાંકી એટલા માટે રાખ્યું કે એમને ભગવાન માનતો ન થઈ જાય. બાપાએ વાતોમાં લખ્યું છે કે ગુણાતીતાનંદ સ્વામીએ પરચા-ચમત્કારનું પ્રકરણ બહુ વિકસાવ્યું. તો લોકો તેમને ભગવાન માનતા પણ થઈ ગયા. કોઈ એમ જ કહે કે ના તમે જ ભગવાન છો. કારણ કે એને જોવાનું આ આંખથી. ત્યારે મહારાજ એમ કહે છે કે

મુક્તમાં ન જોડાઈ જાય એટલા માટે અમે ઢાંકી રાખીએ છીએ કે જેથી અમારામાં જોડે. જો કોઈ પોતાનામાં જોડે તો એને બાપાએ મહાપાપી કહ્યો. કારણ કે ઘણાનું બગડે કે નહિ? એક જીવનું બગડે તો ય પાપ કેટલું બધું લાગે. તો આ તો કેટલાયનું બગાડી નાંખે.

આપણે આ સભામાં જેને જ્ઞાન કરીએ એને એટલું તો કહેવું જ કે ભાઈ! તું ગમે ત્યાં જા, કદાચ ગયો હો, પણ તને ઐશ્વર્યાર્થીનો ચેપ ન લાગવો જોઈએ. એમાં ભગવાન ધારીને જોડાઈશ નહિ મહેરબાની કરીને. સ્વામિનારાયણ ભગવાન, પ્રતિમારૂપે પ્રત્યક્ષ ખરા કે નહિ? આખા સત્સંગને પૂછો ધામની મૂર્તિ, મનુષ્યમૂર્તિ અને પ્રતિમાસ્વરૂપ એક જ છે એવો અવાજ એક પણ પક્ષમાં નથી એમ નથી. તો જો એમ જ હોય, ભગવાન મૂર્તિ દ્વારા પ્રત્યક્ષ હોય તો ક્યાં બીજે જોડાવાની જરૂર? ધારો કે બીજે જોડાઈ જાય અને એ અપૂર્ણ હોય તો? પછી પસ્તાવાનો પાર રહે કે નહિ? મેં તો બધા પક્ષોને વાત કરી છે કે કોણે કહ્યું છે કે તમે પૂર્ણ છો મને તો એવું નથી દેખાતું. તો હું પૂર્ણમાં વળગું તો તમને શું નુકશાન? તમે તમારામાં શું કામ જોડો છો? બરાબર? કેટલીકવાર એવું કહે છે કે મુક્ત દ્વારા ભગવાનને પહોંચાય એનો અર્થ જ એ લોકો સમજતા નથી. મુક્ત દ્વારા પહોંચાય એટલે જેમ મારે આ સ્થળ જોવું હોય તો ભોમિયા હોય એને સાથે લેવા પડે કે નહિ? એમ મુક્તો દ્વારા પહોંચાય, નહિ કે એમનું ધ્યાન કરીએ એટલે મહારાજને પહોંચાય, એમ નથી. એમને ભોમિયા તરીકે રાખવાના. એમાંથી

દિવ્ય પ્રેરણા લેવાની, દિવ્ય પ્રેરણા લઈએ એટલે આપણો ચૈતન્ય નિર્મળ બને અને મૂર્તિમાં જોડાઈ જાય. ધ્યાન કરવા યોગ્ય અને ઉપાસના કરવા યોગ્ય એક મહારાજ જ છે.

પૂજાવાના બે અર્થ છે. સંત તરીકે પૂજાવું અને શ્રીજીમહારાજની ઉપાસના કરવારૂપ પૂજાવું. અત્યારે કહે છેને કે પૂજાવા લાગ્યા એટલે ભગવાન થયા, પણ સંતરૂપે પૂજાય કારણ કે સંતમાં ભગવાન પ્રકાશે તો એની પ્રસિદ્ધિ તો થાય કે નહિ? આપણે દીવો કરીએ તો દેખાય કે નહિ? પણ એમને પ્રસિદ્ધિનો રાગ નથી, પરમાત્મા પોતે પ્રકાશે છે અને પરમાત્મામાં કઈ પ્રસિદ્ધિ બાકી? બધી દેખાય. ત્યારે એમ કહ્યું કે સંતમાં હું બિરાજું છું, માટે સંત મારી મૂર્તિ. સંત મારી મૂર્તિ એટલા માટે કે એમાં રહીને હું કામ કરું છું અને દિવ્યદષ્ટિવાળા દેખે છે કે એ જ કામ કરે છે. ગોપાળાનંદ સ્વામીને એક જણે પૂછ્યું કે તમે રિદ્ધિ - સિદ્ધિનો આટલો બધો ઉપયોગ કરો છો તો સંત હોય એને વળી રિદ્ધિ - સિદ્ધિ ને આટલું બધું ઐશ્વર્ય બતાવવાની શી જરૂર, તો તમને સંત કેમ કહેવા? સ્વામી કહે, તમારી વાત હું બરાબર કબૂલ કરું છું, પણ હું તમને પ્રશ્ન પૂછું કે આ રિદ્ધિ - સિદ્ધિનો ઉપયોગ કરવાનો અધિકાર કોઈને ખરો? તો કહે એક પરમાત્માને, બિલકુલ વાત સાચી. તો મારા દ્વારા, મને નિમિત્ત કરીને જે સિદ્ધિઓ - ચમત્કારો બતાવ્યા છે એ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણે બતાવ્યા છે. હું તો એમનો સેવક છું. હવે તમારે મને પૂછવું

હોય એ પૂછો. પછી નમન કર્યા કે હવે તમારી વાત સાચી કે સંતમાં રહીને ભગવાન કામ કરે. પણ એ સંતને કદીયે એમ નથી થતું કે હું બધું કરું છું અને દિવ્ય ખુમારી શું કે એમાં અહ્‌મ નથી. દિવ્ય ખુમારી એટલે એનો આનંદ, એનું જબરજસ્ત બળ, સર્વોપરી બળ, દિવ્ય આનંદ ભોગવવાનું સર્વોપરી બળ!

એક વાત જરૂર કહીએ, એટલું તો કહીએ કે ભગવાન થવાની પ્રણાલિકા કાઢી નાંખવી. બરોબર? નહિતર એ રોગ ચારેકોર પેસે. પણ એટલો બધો ઊંડો પેસી ગયો છે કે ભગવાન એનો ઉપયોગ એવી રીતે કરે છે કે બધાયની જીભે એકવાર મારું નામ પહોંચવા દે. ઐશ્વર્યાર્થીઓને તો સંકલ્પમાત્રે સરખા કરી નાંખે. ક્યાં વાર લાગે? પણ ભગવાનની લીલા તો અજબ છે. સંકલ્પમાત્રે કામ કરે. અરે! આ દિવ્ય સભાના વાયરામાં જે આંદોલન થાય એ એટલા બધાયક્તિશાળી છે કે ક્યાંયના ક્યાંય પહોંચે. અને જે જે મુમુક્ષુ હોય એને સ્પર્શ કરતાં એને પણ ભગવાન તરફ બળ વધે છે અને જે આસુરી જીવો છે એને ય અડે, પણ કાળે કરીને અડે. કાળે કરીને એટલે જન્માંતરે. ત્યારે આપણે એટલી એક વાત તો પાકી રાખવી કે સર્વોપરી પરમતત્ત્વ સિવાય બધા સેવકો જ છે. એમાં કદી નહિ જોડાવાનું. બળ લેવું, દિવ્ય પ્રેરણા મળે એટલે એ મહારાજની મૂર્તિરૂપ થાય.

એક વ્યક્તિએ મને પ્રશ્ન કર્યો કે ભાઈ! આટલી સરસ ધ્યાન-શિબિર ચાલે છે, તે ક્યાં ચાલતી હતી?

ભાગવત્ વિદ્યાપીઠમાં. મોટો એક ખંડ છે, એમાં શિબિર ગોઠવી હતી. હું ત્યાં જઈ ચડેલો, પણ હું બહાર ઊભો હતો. તો કહે શિબિરમાં કેમ અંદર નથી જતા? બહાર કેમ ઊભા છો? હું એટલા માટે ઊભો છું કે જો કોઈ શિબિરમાંથી બહાર આવે તો મારે એમને મળવું છે. પણ તમને કેમ ઈચ્છા નથી થતી? તો મને એમ લાગે છે કે આ શિબિર બહિર્મુખ ધ્યાન કરાવે છે. તો હું જોઉં છું કે જે કોઈ મળે એને હું પૂછું કે ધ્યાન - શિબિરમાંથી તને શું મળ્યું? તને સ્પર્શ શું કર્યું એ તો કહે? એ કહે તો ખરો કે એ અનુભવ હજી અત્યારે છે? એ ચમત્કાર બતાવે, તો ચમત્કાર અદૃશ્ય થઈ જાય પછી શું? ચમત્કાર પણ થોડી અસર કરે છે. પણ એ ચમત્કાર ક્ષણિક છે, જતો રહે. જાદુગરો નથી બતાવતા? બધા જોવા જાય છે. પૈસા ખર્ચે પાર વગરના ત્યારે જીવોને એ સ્થૂળ ચમત્કારમાંથી આપણે બહાર લાવવાના, કે ભાઈ, આ ક્ષણભંગુર ચમત્કારને શું જોવા ઈચ્છે છે?

બે જાતના ધ્યાનઃ અંતર્મુખ ને બહિર્મુખ. બહિરદૃષ્ટિ અને અંતરદૃષ્ટિ. બહિર્મુખ ધ્યાન તો બધા જીવો ચોવીસ કલાક કરે છે. જો ભણવું હોય તો પણ ચિત્ત લગાડવું પડે કે નહિ? બ્રશ કરીએ તો બ્રશમાં પણ ચિત્ત રહે કે નહિ? ખાવું - પીવું કરીએ તો પણ ધ્યાન થયું. ધ્યાન એટલે જે વસ્તુ કરતા હોઈએ એ બરાબર થાય એનું ચિંતવન. ધ્યાનનું ચિંતવન દરેક ક્રિયા કરતા કરવું જ પડે, ક્યાં જાય? ત્યારે બહિર્મુખ ધ્યાનની સાથે અંતર્મુખ ધ્યાન વણી લેવાનું બાપાએ શીખવ્યું. કે ભાઈ, પ્રવૃત્તિ

કે ક્રિયા વગર તો રહી શકવાના જ નથી. દેહ રહે ત્યાં સુધી, પણ એ ઈંદ્રિયોના દ્વાર અંદરના બંધ રાખીએ અને બહારના ખોલીએ તો એ ઈંદ્રિયો વાટે બધા અંદર પેસે કે નહિ? પણ જો ઈંદ્રિયોના દ્વાર બહારના બંધ કરી દઈએ અને અંતર્મુખ થઈને જો મૂર્તિનું ધ્યાન થોડીવાર કરીએ તો ધીમે ધીમે એ પ્રતિલોમ ધ્યાન થઈ જાય. અંતર્મુખ ધ્યાન એટલે પ્રતિલોમ ધ્યાન. એમાં મહારાજે કહ્યું કે જેવી સમજણ એવી ગતિ. જો અનુલોમ ધ્યાનમાં પૂર્ણપણું મનાઈ જાય તો પરમએકાંતિકની સ્થિતિ રહે. એથી આગળ ન જવાય. પરમએકાંતિકની સ્થિતિ પણ એટલી મોટી છે કે એને એમ જ થાય કે આથી અધિક કાંઈ નથી.

એક કૂવામાંનો દેડકો હતો, કોઈકે કહ્યું, હાલ એલા મહાસાગરમાં. તો કહે અરે! આથી કયો મોટો મહાસાગર છે? બરાબર! એને ખ્યાલ નથી. ત્યારે બાપાએ પ્રતિલોમ ધ્યાન કહ્યું. અનુલોમ ધ્યાન થયા પછી પ્રતિલોમ ધ્યાન બરાબર થાયને? માટે મૂર્તિને એવી એકાગ્રતાથી નિરખવી કે કુશળકુંવરબાઈએ જેવી રીતે મનની વૃત્તિ જોડી દીધી કે આંખો મીંચી ભગવાનનું એકેએક અંગ અંતરમાં ઉતારતા જાય. એમ મહારાજની મૂર્તિનું જે સ્વરૂપ આપણને ગમે - બધા સાકરના નારિયેળ કહેવાય. સાકરના નારિયેળના આકાર તો અલગ અલગ હોયને? પણ સ્વાદ તો એક સરખો કે નહિ? તો જે મૂર્તિ હૈયામાં ચોટી જાય પછી ફેરવવી નહિ. સિદ્ધ થાય ત્યાં સુધી. હવે આ જુદા જુદા સ્વરૂપો નથી? ઘનશ્યામ

મહારાજની મૂર્તિ, મહારાજની મૂર્તિ એક સરખી નથી. અલગ-અલગ લાગે, પણ સાકરના નારિયેળ.

મહારાજ કહે, અમે જ્ઞાન કરીને સમજાવીએ, એની મેળાએ પાત્ર થવું જોઈએ. એમ લખે છે બાપા કે પાત્ર તો જાતે જ થવું પડે. કંસારા કૂટી - કૂટીને કરે, એમ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો તો કહે, અમે આ શું કરીએ છીએ? કૂટી - કૂટીને પાત્ર જ કરીએ છીએને? સ્વામી! આથી વધુ ક્યો કંસારો સારો. તો પાત્ર કરે છે. પાત્ર કરીને જો આપીએ તો ટકે. અમુક ક્ષણભર કરે ને ઉલટું પૂર્ણકામ મનાઈ જાય પછી આગળ જ ન વધે. પછી મુક્તની ગરજ ન રહે. માટે આપણે એમ કહેવું કે હે પ્રભુ! તેં અમને મૂર્તિમાં રાખ્યા, બરાબર. હવે તું એવું બળ આપજે કે જેથી આ ધ્યાન મને થયા કરે. કંટાળવું નહિ. અંત સુધી કર્યા કરવું. અંતે તો સુખની પ્રાપ્તિ છે જ.

એટલું રાખવું કે કોઈ સંજોગોમાં કદી ડરવું નહિ. 'શ્રીજીના કેડે ફરીએ રે, કોઈથી ના ડરીએ' બરાબર? આપણે શ્રીજીની પાછળ ફરીએ છીએ. તો પછી જો મહારાજે મૂર્તિમાં રાખ્યા પછી કોઈનું માદળિયું કે દોરો બાંધવો કે એવું શોભે? કેટલાક હરિભક્ત આવ્યા હતા. મેં કહ્યું આ શું પહેર્યું છે? પછી કહે, આ હનુમાનજીની ડોડી છે. બીજો કહે, આ હનુમાનજીદાદાએ ડોડી આપી! મેં કહ્યું આ ડોડી તું કાઢી નાંખ. હું તને પહેરાવી દઈશ બીજી. કાઢ્યા પછી તને શું દુઃખ થાય છે એ મને કહે, હું એવી ને એવી સાચવી રાખીશ. પછી કાઢી. મેં કહ્યું

શું ફરક પડ્યો? મેં કહ્યું કંઠી છે એ પહેર તો કેટલું સારું કહેવાય? આની ક્યાં જરૂર છે? કંઠીનો અર્થ જ એ કે તમને સુરક્ષિત કરી રાખ્યા છે. જો કોઈ સર્વશ્રેષ્ઠ માદળિયું હોય તો કંઠી. મેં કહ્યું, આ દોરા તું તોડીને ફેંકી દે કારણ કે આ કચરો જ છે.

મહારાજે દેવોને સડતાળાના રાંકા કીધા છેને? તો કોઈ પણ હરિભક્તે ભૂત - ભૂવાથી ક્યાંય ડરવું નહિ, જો ડરીએ તો એનો અર્થ એ થાય કે આપણે આશીર્વાદ નથી ઝીલ્યા. ફડક ઘૂસી જાય તો અંધારામાં જતા ડરે. હવે એ તો કાંઈ સમજણ કહેવાય? ઓરડો તો એનો એ જ છે. એક પ્રકાશ બંધ થયો એમાં ડરવાનું? જો ડરીએ તો મન નાનું છે, પણ કેટલું બધું સંઘરે છે? બરાબર! તો એ બીક છે તે મૂર્તિમાન થઈ જાય છે. એ ભૂત નથી હોતું. મૂર્તિમાન ખોટું ભૂત ઊભું થઈ જાય છે અને પછી એને હેરાન કરે છે. ત્યારે મહારાજે આપણને ભયથી મુક્ત કર્યા. અરે! ગમે ત્યાં જઈએને પણ આપણને વળી શું થવાનું હતું? આવી સમજણ આવે તો પ્રતિલોમ ધ્યાન થાય.

સચ્ચિદાનંદ સ્વામીને વાઘ મળ્યો. તો સચ્ચિદાનંદ સ્વામી કહે કે વાઘની રૂચિ ફાડી ખાઈ અને આહાર કરવાની તો મહારાજની મરજી એમ હશે કે આને ફાડી ખાશે તો વાઘનું કલ્યાણ થશે. તો પોતે મૂર્તિમાં સ્થિર થઈ ગયા અને પોતે બીજા દેહે થઈ ગયા. બીજો દેહ એટલે દિવ્ય શરીર. ભાગવતીતનુ એ રૂપ થઈ ગયા. તો વાઘ ઘૂંટણીએ પડીને સ્વામીને પગે લાગ્યો. પછી સ્વામીની

દૃષ્ટિ પડી, સ્વામીએ સામું જોયું એટલે જતો રહ્યો. ત્યારે પણ સ્વામીએ એમ નહોતું કહ્યું કે એ મને શું કરવાનો? એને એમ થયું કે એનો સ્વભાવ છે એટલે ભલે ખાઈ જાય. ત્યારે એવો અહ્‌મ નહિ માનવાનો. મહારાજની મરજી. કાંઈ નહિ આપણો દેહ પડશે. ચૈતન્ય તો સુરક્ષિત કર્યો છેને? એ ભાવ ભૂલવો નહિ. અરે! અંત વખતે ગમે તેટલું દુઃખ થાય, અંત વખતે ભગવાન સાંભરે નહિ, કંઈ વાંધો નહિ. ભગવાન તો જાણે છેને? તો છેલ્લી ઘડીએ જ્યારે દેહ નીકળવાનો હોય એ વખતે દર્શન આપે છે. એટલે જેમ પાંદડાં હટાવી લે અને જળ દેખાય, એમ ચૈતન્ય નિર્મળ બને છે અને પછી અનુભવજ્ઞાને કરીને મૂર્તિમાં ખેંચાઈ જાય. એમ આટલી જ વાર લાગે. બાપા કહેતા આમ ચપટી વગાડીને.

બ્રહ્માનંદ સ્વામીને પેલાએ પાણી પાયું. તો કહે, આ ફાંદ સંભારજે. એને એમ થયું કે આ સાધુ ગાંડા જેવા લાગે છે. ફાંદ સંભારવાથી શું થાય? સ્વામીએ કહ્યું આ ફાંદ સંભારીશ એટલે અમે તને ભગવાનના સુખનો અનુભવ કરાવીશું. સારું કહે ભલે, પણ મને ફાંદ ન સાંભરે તો? તને સાંભરશે. સત્પુરુષ વચન બોલ્યા એટલે થઈ જાય. કહ્યું નહિ કૃપાસાધ્ય. એકવાર બોલ્યા એટલે એમાં ફેરફાર ન થાય, પણ આપણને શંકા થવી જોઈએ નહિ. દેહનું દુઃખ ભલે થોડું સહન કરી લેવું. કોઈક પરાણે સહન કરાવીને કેદમાં પૂરે તો કેમ થાય? કરવું પડે કે નહિ? તો મૂંઝાવું નહિ. સુખ-દુઃખથી શું મૂંઝાવું? આનંદમાં રહેવું. મુઓ દેહ વહેલો પડે કે મોડો બીજું શું

થવાનું છે?

એક બીજી વાત કે પ્રતિલોમ ધ્યાનની વાત પાકી કરવી. કેમ કે કામ કરતા કરતા મૂર્તિમાં એવી સ્થિતિ થાય. ભલે મહારાજને આંખ ઉઘાડીને જોઈએ. મહારાજે આપણા બે દેહ કર્યા. એક દેહ ભાગવતીતનુ. બીજે દેહે કામ કરાવે છે. આ સેવા કોણ કરાવે છે? આ દેહે મહારાજ સેવા કરાવે છે. તો જેને મૂર્તિમાં રાખે અને છેલ્લા જન્મના આશીર્વાદ આપે એને બે દેહ કરી નાંખ્યા. આ દેહે અંતરશત્રુ નડે એવું ય દેખાય. એની સાથે આપણે નિસ્બત નથી. આપણે તો એક જ તાન રાખવું. હું તો મહારાજની મૂર્તિમાં છું. મહારાજે મને રાખ્યો છે.

કોઈ દિવસ કદીયે ભયભીત થવું નહિ. ડરવાની ટેવ પડી હોય તો આ જ્ઞાને કરીને ધીમે ધીમે ટાળી નાંખવી. પછી વિચાર કરવો. શું બદલાઈ જાય? એક જણ મને કહે આ પાછળ સ્ટોર છે ત્યાં રાતે એકલા જતા મને બીક લાગે. મેં કહ્યું સારું. એક ફાનસ છેને ફાનસ એ લઈને જજે અને પહેલા લાઈટ કરજે, પછી તું જજે. હવે તને બીક લાગે છે? તો કહે નથી લાગતી. ત્યારે તારે ગ્રંથિ બંધાઈ ગઈ છે. તારું મન જ તને બીવડાવે છે, છે કંઈ નહિ. આપણને કોઈ ભૂત પ્રવેશે? કોઈ રોગ પ્રવેશે? કદીયે ન પ્રવેશે.

આપણે મહારાજના પંચ વર્તમાન પાળીએ એટલે અન્ન, વસ્ત્ર અને રહેઠાણ આપે જ છે. વિદ્યાર્થીઓને આપણે શીખવવું કે ભાઈ! કોઈ પણ કરોડપતિ હોય તે પણ આ અન્ન, વસ્ત્ર ને રહેઠાણ આ ત્રણ સિવાય ચોથું

શું ભોગવે છે? અન્ન, વસ્ત્રો સારાં - સારાં ને સારું રહેવાનું. આટલું આપવા તો ભગવાન બંધાયેલા છે, પણ આપણને શ્રદ્ધા નથી, નહિતર આખા જગતને જો ભગવાન સ્વામિનારાયણ ઓળખાય તો એમ કહે તમે ઓળખાવવા કેમ માગો છો? તો એને એમ સમજાવવું કે સ્વામિનારાયણ ભગવાન એમ કહે છે કે સર્વોપરી પરમાત્માને જો ઓળખે તો અન્ન, ધન, વસ્ત્ર મળ્યા વગર ન રહે. તો આખી દુનિયાને અમારે સુખી કરી નાંખવી છે સ્વામિનારાયણ ભગવાનથી. તો સ્વામિનારાયણ ભગવાન શું કામ પ્રગટ થયા છે? બહારથી અને અંતરથી બેય રીતથી સુખી કરવા માટે પોતે પ્રગટ થયા છે. તો આપણે આપણાથી બનતો પ્રયાસ પણ કરવો. આપણે પણ સરસ થઈ રહેવું.

બધાયને દિવ્યભાવથી જોવા. મોડા - વહેલા બધા દિવ્ય તો થવાનાને? એટલે છેલ્લો જન્મ કદાચિતને શંકા થઈ તો છેલ્લા જન્મનો અર્થ એ કે બીજી કોઈ કોટીમાં જવાનું ન રહે, પણ જો વિશ્વાસ હોયને તો છેલ્લો જન્મ થયા વગર રહે જ નહિ આ સમજી જ રાખવું. પણ વિશ્વાસ એવો અડગ કે અત્યારે ધરતીકંપ થાય અને આખી ઈમારત જાય તો ય આપણને અસર થવી જોઈએ નહિ. ધ્રાંગધ્રા મંદિરમાં બધા હરિભક્તો એમ કહે કે ધરતીકંપ થયો. ભગવત્‌સ્વરૂપ સ્વામી ભગવાનને થાળ ધરાવીને જતા હતા તે ઊભા રહ્યા. બધા એકદમ ઊભા થઈને નાસવા લાગ્યા. કહે, શું કરો છો તમે? શું થવાનું હતું? પુરુષોત્તમનારાયણની સમીપમાં બેઠા છો શું થવાનું

હતું? થોડીવારમાં ધરતીકંપ બંધ થયો. બધા ડરી ગયેલા. એમ આપણે મૂર્તિથી બહાર છીએ એવો ભાવ કદીયે લાવવો નહિ. એ કૃપાસાધ્ય. મારી વાત પૂરી કરું.

બધા ખૂબ રાજી રહેજો. ભૂલચૂક થઈ હોય તો એ ભૂલચૂક કાઢી નાખજો. સારું હોય એ લઈ લેજો. બસ જય સ્વામિનારાયણ!

## સારાંશ

સ્વામિનારાયણ ભગવાને બતાવેલો વિશિષ્ટાદ્વૈતમત પૂર્ણ છે. એ કોઈ વાદ નથી. ભગવાન સ્વામિનારાયણ પોતાનું સર્વોપરી પરમતત્ત્વનું સર્વોપરી તત્ત્વજ્ઞાન સમજાવવા પૃથ્વી પર આવ્યા હતા. દરેકનો ચૈતન્ય નિર્મળ જ હોય છે. સ્વામિનારાયણ ભગવાનના નામે જે જુદા જુદા પંથો થયા છે તે બધામાં ભજન તો સ્વામિનારાયણનું જ થાય છે. એમાં ઐશ્વર્યાર્થીઓના રાગ પૂરા પણ થાય છે અને એમને લીધે લોકો સ્વામિનારાયણ ભગવાનને ઓળખે છે, પણ ઐશ્વર્યાર્થી હોવાથી પાછળથી તેવાઓને ઘણું સહન કરવું પડે છે. સ્વામિનારાયણ ભગવાનનું જ ધ્યાન થાય તે સિવાય બીજા કોઈનું નહિ. અનાદિમુક્તો પોતાનું સામર્થ્ય એટલે ઢાંકીને વર્તે છે કે નહિ તો લોકો તેમને ભગવાન માનતા થઈ જાય. મહારાજના સાચા મુક્તો તો દરેકને ભગવાનમાં જ જોડે.

અનાદિમુક્ત જીવોને મહારાજ સુધી પહોંચાડવાનું ઉચ્ચત્તમ માધ્યમ છે. તેઓ ભોમિયાનું કામ કરે છે.

અનાદિમુક્તમાં રહી મહારાજ જ સઘળું કાર્ય કરે છે. સાચા મુક્તને પ્રસિદ્ધિના રાગ ક્યારેય હોતા નથી. મુક્તમાંથી પ્રેરણા લેવાય, પણ તેમાં જોડાવાય નહિ. બહિર્મુખ ધ્યાન સ્થૂળ છે અને એ ક્ષણભંગુર છે. દરેક ક્રિયામાં જે લક્ષ આપી કાર્ય કરીએ તે બહિર્મુખ ધ્યાન. તે ધ્યાનની સાથે અંતર્મુખ ધ્યાનને વણી લેવું એટલે કે દરેક ક્રિયા કરતા મહારાજને સંભારવા. બહારથી ઈંદ્રિયોના દ્વાર બંધ કરી અંતર્મુખ થઈ ધ્યાન કરવાથી ધીમે ધીમે પ્રતિલોમ ધ્યાન થાય. અનુલોમ ધ્યાન એ પરમએકાંતિકની સ્થિતિ છે. તેથી અધિક પ્રતિલોમ ધ્યાન અનાદિમુક્તની સ્થિતિ છે. માટે પ્રતિલોમ ધ્યાન કરી છેવટની સ્થિતિ પ્રાપ્ત કરવી.

પાત્ર થયા પછી જ સુખ જીરવી શકાય છે. દરેકે પાત્ર જાતે જ થવું પડે તેમાં અનાદિમુક્ત મદદ કરે. કેવળ એક મહારાજમાં જ વિશ્વાસ અને શ્રદ્ધા રાખવાં. બીજા અવતારો ભગવાનનું આપેલું ઐશ્વર્ય ભોગવે છે. કોઈથી ડરવું નહિ. દેહને ગમે તેવું દુઃખ પડે મહારાજે ચૈતન્યને સુરક્ષિત રાખ્યો છે એ વિશ્વાસ અડગ રાખવો. અંત વખતે ભગવાન ચૈતન્યને પોતાના સુખમાં મૂકી દે છે. આશીર્વાદમાં સંપૂર્ણ વિશ્વાસ રાખવો અને પ્રતિલોમ ધ્યાન પાકું કરવું. ગમે તે થાય શ્રીજીમહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એ વિશ્વાસ, એ શ્રદ્ધાને ડગવા ન દેવી. ક્યારેય કદી કોઈથી ડરવું નહિ. ભગવાનના વચન પ્રમાણે પંચ વર્તનમાન પાળનારને અન્ન, વસ્ત્ર ને રહેઠાણ તો મળી જ રહે છે. છેલ્લા જન્મનો અર્થ એ કે જીવને

બીજી કોટીમાં જવું ન પડે. છેલ્લા જન્મના આશીર્વાદમાં સંપૂર્ણ શ્રદ્ધા હોય તો પાર પડાય છે.

## ૭

શ્રીજીમહારાજની આ દિવ્ય સભાને કોટાનકોટી વંદન કરું છું.

આ દિવ્યસભામાં મહારાજ પોતાના અનાદિમુક્ત સહિત બિરાજે છે. આ વ્યાસપીઠ ઉપર આવીને જે વક્તા બોલે છે તેમાં મહારાજ ભેળા હોય. મહારાજ કોઈવાર ગુસ્સો પણ બતાવે, કોઈવાર ગરમા ગરમ સ્વભાવ પણ દર્શાવે, પણ જો આપણે બરાબર એનું હાર્દ સમજીએ તો એમાંથી સાર વસ્તુ આપણને જોવા મળશે. કારણ કે મેં જોયું કે બધા જ વક્તાઓમાં રહીને મહારાજે તત્ત્વજ્ઞાનની અને મૂર્તિની નવીન નવીન વાતો કરી. સારી વાતો થઈ.

હંમેશાં એક વસ્તુ યાદ રાખીએ હીરાભાઈએ કહ્યું ને કે આ સાધુ આવો, આમ કરે છે ને આ ફલાણા સ્વામી આમ કરે છે તે વાત પડી મૂકીને મહારાજના સ્વરૂપમાં રહીને સુખ લેવું. વાત બરોબર છે. આપણે વ્યક્તિ સામે નજર નહિ રાખવાની, પણ વર્તન બરાબર ન હોય એની સામે મહારાજની નજર છે. મહારાજને ખરાબ વર્તન દૂર કરી દેવું છે અને સારું વર્તન પ્રસ્થાપિત કરવું છે. એટલે જેમ હમણાં એક ભાઈએ કહ્યુંને કે મહારાજ કળિયા, બળિયા ને છળિયા છે. એમાં એમણે કળિયાની વાત બરાબર સમજાવીને? મહારાજ આ બધી લીલા કરે છે.

કાંતિભાઈએ કહ્યું કે પ્રતિબંધના (વચનામૃત રહસ્યાર્થનો પ્રતિબંધ) ટેકેદારોએ એક વાત સમજવી જોઈએ કે વચમૃતના તત્ત્વજ્ઞાનનો જો ઊંડાણથી અને સ્પષ્ટતાથી અભ્યાસ કરવો હોય તો આ ગ્રંથ વાંચ્યા વગર નહિ ચાલે. એ તો હકીકત છે. હવે એ પ્રતિબંધના ટેકેદારો પોતાનો ટેકો આપતા ક્યારે બંધ થઈ જાય? કે જ્યારે એ સમજશે કે આપણે આ પ્રતિબંધને ટેકો આપીએ છીએ એ ભૂલ કરી છે. પ્રતિબંધ એ તો પ્રભુની ઈચ્છાથી થયેલું એક સર્જન છે. પ્રતિબંધ મુકાવનાર ભગવાન સ્વામિનારાયણ છે અને એ પ્રતિબંધ ઉઠાવી લેનાર પણ પોતે જ થવાના. જેનામાં અજ્ઞાન છે એમનામાં સામાન્ય રીતે દ્વેષ અને ઈર્ષાનું થોડું સૂક્ષ્મ સ્વરૂપ હોય છે. એ અજ્ઞાન જો દૂર થઈ જાય તો બધી માથાકૂટ જાય. ત્યારે મહારાજે જેમનામાં આ અજ્ઞાન હતું તેમનામાં રહીને આ પ્રતિબંધ મૂકાવ્યો. એ પ્રતિબંધ એટલા માટે મૂકાવ્યો કે જો પ્રતિબંધ ન મૂકાયો હોત તો આ ગ્રંથની મહત્તા સમજી શકાત નહિ. બુદ્ધિશાળી માણસો વિચાર ન કરી શકત અને પુસ્તક એક કોર મૂકી દેત.

જ્યારે પ્રતિબંધ આવ્યો, ત્યારે બુદ્ધિશાળી વર્ગને એમ થયું કે આ પ્રતિબંધ મૂક્યો છે, શું કારણ? એવું તો અંદર શું છે કે આ વાંચવા જેવો ગ્રંથ નથી? હવે કાંઈ અંધશ્રદ્ધા આ બુદ્ધિયુગમાં તો ચાલે નહિ. મહારાજના સમયમાં પણ આ અંધશ્રદ્ધા નહોતી ચાલતી. એટલે આ પ્રતિબંધને લીધે બુદ્ધિશાળી વર્ગ તેનો

ઊંડાણથી અભ્યાસ કરશે. ઊંડાણથી અભ્યાસ કરશે એટલે જે નહિ સમજાતી બાબતો વિશે વધુ ને વધુ જે સમજતા હશે તેની પાસે જઈને વાત સાંભળશે. એટલે પ્રતિબંધ એ પ્રતિબંધ નથી, પણ એ પ્રતિબંધ અનેકને આ ગ્રંથનો અભ્યાસ કરાવી અને મૂર્તિના સુખ તરફ લઈ જશે. આપણે પાડ માનીએ એમનો કે જેમણે પ્રતિબંધ મૂક્યો. કારણ કે પ્રતિબંધ ભલે અજ્ઞાનને લીધે મૂક્યો એટલે એ સત્ય ઘટના છે, પણ અજ્ઞાન તો બધું કરે. ન કરવાનું કરાવે. ન બોલવાનું બોલાવે. ન લખવાનું લખાવે. અજ્ઞાન ટળી જાય એટલે બોલવાનું બોલે, કરવાનું હોય તે કરે. માત્ર એટલું જ કે અજ્ઞાન ટાળવાનું. આ ગ્રંથ માટે અજ્ઞાન જેવું ટળી જશે એટલે પ્રતિબંધ શબ્દ જ નહિ રહે, પણ જ્યાં સુધી આ જ્ઞાનનો અભ્યાસ ખૂબ પ્રસરશે નહિ, ત્યાં સુધી આવી ચર્ચા ચાલશે પ્રતિબંધ, પ્રતિબંધ, પ્રતિબંધ! એ જો ન ચાલે તો અભ્યાસ કેવી રીતે કરે? એટલે મહારાજ આમાં કળિયા બન્યા છે. ભગવાનની મરજી વગર કોઈ પ્રતિબંધ મૂકી શકે ખરું? પ્રભુની કળા અજબ છે.

જેમ જીવાખાચરના દોષો આપોઆપ ખૂલ્લા થયા અને લોકોને જ્ઞાન થઈ ગયું. જો જીવાખાચરની પોલો જેવું ન બન્યું હોત તો એ બધું શીખવા ક્યાંથી મળત? માટે એની પણ જરૂર છે. મૂંઝાઈએ નહિ અને ટેકેદારો આપણને એમ કહે કે આ પુસ્તક નહિ વાંચવું જોઈએ. તો આપણે એમને શાંતિથી કહીએ કે એમાં શું છે કે આ પ્રતિબંધ મૂકાયો? એવા એક - બે શબ્દો તો કહો?

ફક્ત બોલ બોલ કરે તો કિંમત જતી રહેને? પ્રતિબંધ પ્રતિબંધ એમ ફક્ત બોલે શું થાય? પણ પછી મૂકતા આવડે નહિ તો લોકો હસેને! કે પ્રતિબંધને ટેકો આપે છે અને પ્રતિબંધ શા માટે છે? એ તો સમજતો જ નથી ત્યારે આ તો બોઘા જેવો લાગે છે. એમ કહેને! કે આ તો સાવ બોઘો છે. અમથો અમથો બોલ બોલ કરે છે. એને કાંઈ ખબર નથી. ભગવાને એકવાર કહ્યું હતું કે ભાઈ, સંતોની દૃષ્ટિ પડી પશુઓ ઉપર તો પશુઓ ઘડતા પછી માનવ ઘડવા પડ્યા. એટલે થોડું ઘણું તો એવું રહેવાનું. પછી તેઓને જ્યારે પશ્ચાતાપ થાયને! ત્યારે પોતે જ કહે છે કે હે ભગવાન! હું આટલો બધો બોઘો બની ગયો? કે (અજ્ઞાન) નહિ જાય? માનવને વિચાર શક્તિ આપી, તો એનો ઉપયોગ જ ન કર્યો? કોઈ દિવસ આવેશમાં આવવું નહિ, પણ સરસ જવાબ આપવો. ખોટી વસ્તુનો પ્રતિકાર કરવો, પણ ખોટી વસ્તુ રજૂ કરનાર પ્રત્યે તિરસ્કાર ન કરવો. રજૂ કરનાર પણ આત્મા છે. કેવળ વ્યક્તિ નથી, પણ એના અજ્ઞાન સામે આપણે પ્રતિકાર કરવાનો. એ પ્રતિકાર બરાબર ક્યારે આવડ્યો કહેવાય કે એનું અજ્ઞાન ટળી જાય એવી વાતો મૂકીએ તો.

આપણે આ રહસ્યાર્થ વચનામૃત ગ્રંથ બે બે, ત્રણ ત્રણને (વ્યક્તિને) બરોબર સમજાવીને પછી આપીએ તો ત્રણ જણા ભગવાનનું જ્ઞાન સમજતા કહેવાયને? તેઓ ભાવથી વચનામૃત રહસ્યાર્થનો સ્વીકાર કરે સમજીને તો બરોબર કહેવાય. તો આપણે સમજીને સ્વીકાર કરાવવો

એ સેવા છે. એ કંઈ જેવી તેવી સેવા નથી. લોકો મારે પણ ખરા. મહારાજે કહ્યું કે મારે તો માર ખાવો, પણ સામું મારવું નહિ. સંતોએ પણ માર જ ખાધાને? બરોબર? માર ખાતાં આવડે એટલે માર ખાનારને મારનાર મારતો અટકી જાય આ હંમેશાં સમજવું. સંતોએ માર ખાધા એટલે મારનાર બધાયના હાથ પછી હેઠા પડી ગયા. સંતોએ સ્વામિનારાયણ ભગવાનનો માર્ગ અંગીકાર કર્યો.

મહારાજ સમય જોઈને પ્રકરણો પણ બદલતા. પરમહંસની દીક્ષાઓ આપી દીધી. ભાગવતી દીક્ષા લઈને શું કામ? પેલા વૈરાગીઓ કંઠી-તિલક જુએને! એટલે સંતોને મારવા જ માંડે. મહારાજ કહે, કાઢી નાંખોને આ કંઠી-તિલક. કંઠી-તિલકનું કામ છે કે મારું કામ છે ને મારી મૂર્તિ સમજાવવાનું કામ છે? મહારાજે બધું કઢાવી નાંખ્યું. માળા-બાળા બધું. કંઠી-તિલક-ચાંદલો બંધ. પૂજા કરવાનું પણ બંધ. બધું બંધ. અમારા જ્ઞાનની વાતો કરો. સદ્ઉપદેશ આપી લોકોનું કલ્યાણ કરો બસ. એ કામ કરો. તો સંતોએ એ જ કરવા માંડ્યું. એટલે કોઈને આ સ્વામિનારાયણના સાધુ છે એમ ખબર ન પડે. તો વૈરાગીઓ પણ સાંભળવા માંડ્યા. વૈરાગીઓ કહે કે સાધુ મહારાજ, તમારી વાતો તો બહુ સારી. તમારા જેવા સાધુ આવ્યા એટલે ઓલા સ્વામિનારાયણના સંતો તો હવે બંધ જ થઈ ગયા. આ સંતો હસે, પણ ઓલા સમજી શકે નહિ. આ સંતોએ વાતો કરી કરીને એવો ભાવ ઉત્પન્ન કર્યો કે એમ થયું

કે આના જેવા તો કોઈ સંતો જ નથી. પછી એવો મોટો સમાજ ઊભો થયો ભાવવાળો અને આ સંતોને ગુરુઓ માનવા લાગ્યા.  ગુરુ તરીકે માનવા લાગ્યા ત્યાં સુધી ભગવાને એવી સ્થિતિ રૂંધી રાખી કે કોઈને સૂઝ્યું જ નહિ કે એમ તો પૂછીએ કે તમારા ગુરુ કોણ? તમે આ બધું કોની પાસેથી સમજ્યા કે પછી તમારી જાતે સમજ્યા?

જ્યારે બધું એવું વાતાવરણ તૈયાર થઈ ગયું, ત્યારે કોઈએ પૂછ્યું કે તમારા ગુરુ કોણ? સંતોએ જોઈ લીધું કે આપણો પ્રભાવ હવે બરાબર જામી ગયો છે. એટલે હવે ખરું સત્ય જાહેર કરીએ તો કશો જ વાંધો નથી. હવે કોઈ વૈરાગીઓ લાકડી લઈને સામા થાય એમ નથી. પછી કહે કે ભાઈ, જે સ્વામિનારાયણના સંતોને તમે મારતા હતાને! એ જ સંતો અમે છીએ. સ્વામિનારાયણ ભગવાન પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. તમે અમને મારતા માટે ભગવાને કહ્યું કે આ તિલક-ચાંદલા સાથે તેઓને વેર છે, એટલે એ કાઢી નાંખો, પ્રભુને ઓળખે એટલે કંઠી-તિલક-ચાંદલો તો આવી જ ગયા અને આ બધું જે જ્ઞાન કર્યું તે બધું જ સ્વામિનારાયણ ભગવાનનું પીરસેલું અક્ષરે - અક્ષર તમારી પાસે મૂક્યું. તમને સારું લાગ્યું કે નહિ કહો? પછી કહે મહારાજ, બહુ ભૂલ કરી અમારા અપરાધ....! સંતો કહે અરે, ભગવાન તો બહુ દયાળુ છે. તમારા બધાયના અપરાધ દૂર કરી દેશે. પછી વૈરાગીઓ કહે, ગુરુઓ હવે તમે તિલક-ચાંદલો કરો.

અમે જ તમને તિલક-ચાંદલો કરીએ. પછી બધાએ તિલક-ચાંદલો કર્યા. આપો-આપ જ ભાગવતી દીક્ષા ગ્રહણ થઈ ચૂકી કે નહિ? પરમહંસની દીક્ષા તે સમય પૂરતી હતી તે ચાલી. અને પાછી ભાગવતી દીક્ષા થઈ અને જે વિરોધ કરતા હતા તે બધા જ ભગવાનના ચરણોમાં ઢળી પડ્યા.

એમ એ બધા જ ટેકેદારો વચનામૃત રહસ્યાર્થના ચરણોમાં ઢળી પડે એવું જ કરીએ નહિ? અવશ્ય પ્રતિબંધ ઉઠશે જ બરોબર! એમાં આપણે આ સેવા કરવાની પણ મેં કહ્યું એમ. વ્યક્તિ તરફ તિરસ્કાર નહિ કરવો, પણ એ જે પ્રતિકાર, એ જે અસત્યે સત્ય ઉપર આક્રમણ કર્યું એનો આપણને અફસોસ. એના સામે આપણે પ્રતિકાર. એ પ્રતિકાર બુદ્ધિપૂર્વક સરસ રીતે સમજાવીને કરવો. એટલે ધીમે ધીમે એ પ્રતિબંધ જરૂર હટશે. મેં એક વાત સભામાં કરી હતી કે એક સમય આવશે જ્યારે મહારાજને એમ લાગશે કે હવે થોડાક સંજોગો ઊભા કરીએ, ત્યારે આપોઆપ જ એવા સંજોગો ઊભા થશે. ટેકેદારો અંદરખાને સમજતા હોય છે કે આ બરાબર છે, પણ એક ઈર્ષા-દ્વેષનું કારણ અથવા તો પૂર્વગ્રહ. પૂર્વગ્રહ જેવો કોઈ ખરાબ ગ્રહ નથી. નવ ગ્રહ તો આપણને મદદરૂપ થાય છે, જ્યારે આ પૂર્વગ્રહ જ એવો છે કે આપણા જીવનો નાશ કરી નાંખે છે. માટે આ પૂર્વગ્રહ દૂર કરવાની સેવા જો કરીએ તો આપણને બહુ મોટું ફળ થાય. કારણ કે પૂર્વગ્રહથી જીવનો નાશ થતો અટકે, પણ એ એવી રીતે કરવો જોઈએ કે જેમ આ સંતોએ એવી

દીક્ષા ગ્રહણ કરી કે અમે સ્વામિનારાયણના છીએ એમ ન બોલ્યા, તેમ આપણે બધાએ બોલવું જ નહિ કે અમે બાપાના હેતવાળા છીએ. આપોઆપ સમજશે.

બાપાના હેતવાળા કોને કહેવાય ખબર છે? એ વાત આપણે કરી હતી કે જેનું વર્તન આજ્ઞા - ઉપાસનામાં સર્વોપરી હોય એ બાપાના હેતવાળા. આજ્ઞા બરોબર પાળે એ બાપાનો હેતવાળો. ઉપાસના બરાબર સમજે અને તે પ્રમાણે વર્તે એ બાપાના હેતવાળો. તો બાપાના હેતવાળા આપણે એવું બનવું કે સમજાવવા પાછળ પડવું. સંતો પાછળ પડ્યા તો સત્સંગ થયો. કેટલા પાછળ પડ્યા? ચારે કોર ઘૂમવા માંડ્યું. જીવોને પકડી-પકડીને સમજાવે કહે થોડીવાર બેસો, થોડી વાત સાંભળો. પછી સરસ-સરસ દૃષ્ટાંતો આપે. જેમ આ પ્રિયકાંતભાઈએ દૃષ્ટાંત આપ્યુંને! એમ દૃષ્ટાંતો આપીને સમજાવવું. અભ્યાસ કરવો પડે. વચનામૃત રહસ્યાર્થનો પ્રચાર કરવા જઈએ ત્યારે આપણે અમુક મુદ્દાઓ એવા લેવા જોઈએ કે જેથી એના ઉપર પ્રભાવ પડે. પ્રિયકાંતભાઈએ કહ્યું કે એક ભાઈએ વચનામૃતની પાંચ પારાયણ કરી એટલે રોગ મટી ગયો. સ્વાભાવિક છે. સરસ કહેવાયને! સારું દૃષ્ટાંત આપ્યું. એ શું? ભલે સકામ પણ સકામ થયા પછીથી નિષ્કામમાં જાયને પાછો! એટલે એમને સારું થયું, એટલે એમને એમ થયું કે જે ગ્રંથ વાંચવાથી સારું થાય એને હું બરાબર સમજું તો કેટલું બધું સારું થાય? એટલે આપણે રહસ્યાર્થ વચનામૃતનો પ્રચાર બરાબર કરવો. એટલે પ્રતિબંધને

ટેકો આપનારને ટેકો આપતા અટકાવી દેવા એ મોટામાં મોટી સેવા છે.

હીરાભાઈએ કહ્યું એ પણ હું સમજાવું. એમણે એમ કહ્યું કે આ બધી પડ મૂકીને મૂર્તિના સ્વરૂપમાં રહેવું, એ બરાબર છે. એ બધું જો પડ્યું જ મૂકવું હોય તો-તો સારામાં સારી વાત. અને એ સ્વરૂપમાં જોડાઈ રહેવું એના જેવું તો કાંઈ નથી. પણ એ સ્વરૂપમાં બધું પડ્યું મૂકીને જોડાઈ રહેવું ખૂબ અઘરું છે. એટલે ભગવાન શું કરે છે? આપણને બાધિતાનુવૃત્તિમાં રાખે છે. એ જો લઈ લે તો પછી આ બધા જ પ્રતિકારનો અંત આવી જાય, આ એના માટે છે. બાધિતાનુવૃત્તિ જો લઈ લે તો પછી કોઈ જ્ઞાન કરવાનું કે કોઈનો પ્રતિકાર કરવાનું, કાંઈ બાકી ન રહે. ભગવાન સિવાય પછી કાંઈ દેખાય જ નહિ. શું, કોણ કોનો પ્રતિકાર કરે? બરાબર! પણ મહારાજ દયાળુ બહુ છે. બાધિતાનુવૃત્તિ અમૂક સ્ટેજે જ લઈ લે છે. આગળ વધાય તે માટે પછી ધીમે ધીમે લઈ લે. પછી જેના ઉપર કૃપા થઈ હોય તેની અંત વખતે બાધિતાનુવૃત્તિ જરૂર લઈ લે. એ આશીર્વાદનો પ્રતાપ છે. આશીર્વાદ કાંઈ જેવી તેવી વસ્તુ નથી. આશીર્વાદ એનું નામ જે સદાય સાથે રહે. એટલે એક વાર આશીર્વાદ આપી દીધા એ સદાય સાથે રહે. નવા આશીર્વાદની જરૂર ન પડે. પણ એ આશીર્વાદમાં આપણી શ્રદ્ધા જો ડગી જાય, તો એ આશીર્વાદ પાછા મૂર્તિમાં જતા રહે. જતા રહે એટલે વળી પાછા આશીર્વાદની જરૂર પડે. મહારાજ કહે છે, શ્રદ્ધા ડગવી

ન જોઈએ, માટે એ શ્રદ્ધા ડગાવવી નહિ. બરોબર! આશીર્વાદમાં શ્રદ્ધા ખૂબ રાખવી.

સમજાવવાની શક્તિ ખૂબ કેળવવી, કે જેથી સામાને સમાસ થાય. એક ને એક બે જેવી વાત કરવી. એટલે ગળે ઉતરી જાય. જો એવી વાતો ન કરીએ અને ગોળ-ગોળ વાતો કરીએ તો કોઈ અસરકારક રીતે કામ ન થઈ શકે. માટે બરોબર થોડું ચિંતન ઘરે બેઠા-બેઠા કરવું. રહસ્યાર્થનો પ્રચાર કરવો એ તો સારામાં સારી સેવા છે. જો એ કરવી હોય તો બહુ નહિ, પણ થોડું બેસીને વિચાર કરવો જોઈએ કે હું જઈશ તો ખરો, પણ પ્રશ્નો પૂછશે તો? તો એના માટે તૈયારી તો રાખવી જ પડે ને? કદાચ ગયા. જવું જોઈએ, ભલે જાવ. જેમ નૃસિહાનંદ સ્વામીને કોઈએ પૂછ્યું તો જવાબ ન આપી શક્યા. એમને તો અખંડ મહારાજની મૂર્તિ દેખાતી હતી. કોઈકે પૂછ્યું કે સાધુ મહારાજ, ભગવાનનું સ્વરૂપ શું? ભગવાનનું સ્વરૂપ સમજાવો? તો કહે ભગવાનના વચન એ ભગવાનનું સ્વરૂપ. ત્યારે પૂછ્યું કઈ રીતે એ તો સમજાવો? તો કહે, અરે ભૂડા, તારામાં તો અક્કલ જ નથી. બરોબરને! વાતે ય સાચી. અક્કલ ન હોય તો ન જ સમજાય. અરે! તને એ ન સમજાય. ભગવાનના વચન એ ભગવાનનું સ્વરૂપ. મહારાજે કહ્યુંને! મારી વાણી એ મારું સ્વરૂપ છે. એ વાણી ભગવાનના સ્વરૂપને સમજાવે છે. એ ભગવાનનું વચન. નૃસિહાનંદ સ્વામી એમ કહેવા માંગતા હતા કે ભગવાનના વચનો બરાબર સમજીને અજ્ઞાન ટાળો. એટલે આપોઆપ

ભગવાનનું સ્વરૂપ ઓળખાઈ જશે. એટલે ભગવાનના વચન એ આપોઆપ ભગવાનનું સ્વરૂપ થઈ જવાનું. ભગવાનનું વચન ભગવાનની વાણી એ જ ભગવાનનું સ્વરૂપ. એક મેક છે ને બીજું શું છે? પણ તેઓ સમજાવી શક્યા નહિ.

ભગવાન કળિયા, એમણે બધાને ભણાવવાનો સંકલ્પ કર્યો. જો મોટા સંતો ભણે તો નાના ભણેને! તો મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી બધાયને અભ્યાસ કરવાનું કહ્યું, કે જાવ શાસ્ત્રોનો અભ્યાસ કરો. ભણવા જાવ. ખૂબ પદવીઓ મેળવો બધી. બરોબર! રત્ન, શાસ્ત્રી, આચાર્ય વગેરે પાર વગરની પદવીઓ હતી. બધાએ કહ્યું ભલે મહારાજ! જઈએ. તેઓ તો પૂર્ણ જ્ઞાની હતા. સ્વયં જ્ઞાની, તો પણ બીજાને શીખવવા માટે એ બધાએ વિદ્યાર્થી થઈને અભ્યાસ કર્યો કે જેથી બીજા બધા સંતો પણ ભણે. જો તેઓ ન ભણ્યા હોત તો? તો બીજા જાય ખરા? કહેશે મૂકો માથાકૂટ. તેઓએ શાથી કર્યું? બીજા કરે માટે. પ્રતિબંધ જરૂર ઉઠવાનો. પ્રતિબંધ ઉઠાવવાની સેવા કરવી. એના જેવી કોઈ સેવા નથી, પણ એ સેવા કરતાં આવડવી જોઈએ. જો ન આવડે તો વળી પાછો પ્રતિબંધ ઉઠવાને બદલે થોડો મજબૂત થઈ જાય. એટલે એવું નહિ કરવાનું. બરાબર શીખી જવાનું.

અહીં નવીન-નવીન વાતો થઈ. પ્રિયકાંતભાઈએ અન્વયસ્વરૂપના અવતાર અને વ્યતિરેકસ્વરૂપના અવતાર વિશે વાત કરી એ અવતારો શું કાર્ય કરે છે એ પણ

વાત કરી. એ વાત બરોબર સમજવી, તો ખબર પડેને કે અન્વયસ્વરૂપના અવતાર શા માટે? અને વ્યતિરેકસ્વરૂપના અવતાર શા માટે? એમણે એ સમજાવ્યું, પણ આપણે એ સમજૂતી યાદ રાખવાની. એવો અભ્યાસ કરીએ કે મનન કરી, નિદિધ્યાસ કરીને એ વાતો પાકી કરવી. આ આઠ વક્તાઓને આપણે બોલાવ્યા. મહારાજ અહીં શું કામ બોલાવે છે? કે એ બહાને આપણે આ ગ્રંથનો સરસ રીતે ઊંડાણથી અભ્યાસ કરીએ. હંમેશાં ઠરેલ ચિત્તે વાતો કરવી. જે આપણો વિરોધી હોય તેની સાથે ઠરેલ ચિત્તે એવી વાતો કરવી કે વિચારમાં પડી જાય કે વાત બરાબર છે. હા જ પાડે. અને ભગવાનને સાથે રાખીને વચનામૃત રહસ્યાર્થની વાત કરવી. જેમ મહારાજે પહેલા નિયમ આપ્યા કે રોજ પાંચ જણને તૈયાર કરીને વર્તમાન ધરાવવા. તો વર્તમાન ક્યારે ધરાવ્યા કહેવાય કે બરોબર સમજીને સત્સંગી થાય ત્યારે, મહારાજે દરરોજ પાંચ સત્સંગી કરવાનું નિયમ આપેલું. સંતો ભૂખ્યા - તરસ્યા એટલી બધી મહેનત કરે કે વાત મૂકી દો. પછી મહારાજને પ્રાર્થના કરે કે મહારાજ, આજે તો ત્રણ જ થયા હજી બે બાકી છે. હવે તમે ભેગા ભળીને જો બે નહિ શોધી આપો તો તમારું વચન નહિ રહે શું કરીએ? એમ કહેતા. પછી મહારાજ પાછા ભેગા ભળે ને બે જણને મોકલે. એટલે તેમને વર્તમાન ધરાવે. એમ આપણે મહારાજ અને બાપાને પ્રાર્થના કરવી કે હે મહારાજ! આ ગ્રંથ સમજે એવા મુમુક્ષુ જીવોને મોકલો

જેથી એ મુમુક્ષુ જીવો સમજી શકે.

જેમ બાલુભાઈ, ખંભાતવાળા શેઠ ભૂજ ગયા. દિવસના સમયે મંદિર ગયા. ત્યાં કહે, બાલુભાઈ, તમે અહીં કેમ ન ઉતર્યા ને ત્યાં ઉતર્યા? તમારે તો અહીં ઉતરવું જોઈએને! એટલે કહે તમે અહીં ઉતારો નથી આપતા છત્રીએ જનારને, એટલે હું ત્યાં સીધો ગયો. એટલે હું દિવસે દર્શન કરવા આવું છું કારણ કે અહીં ઉતારો તો મળવાનો નથી. એટલે ઉતારો મળે કે ન મળે, પણ મારે પાંચેય દિવસ બાપાની છત્રીએ રહેવું છે. અરે! તમારા માટે ક્યાં એવું છે? તમે તમારે પાંચેય દિવસ બાપાની છત્રીએ ભલે રહો, પણ અહીં ઉતારો તો કરો. બાલુભાઈ કહે, વળતા આવીશ. એક દિવસ અહીં ઉતરીશ અને તમે એમ કહેશો કે છત્રીથી આવ્યા માટે જતા રહો, તો તમારું વચન માનીને જતો રહીશ. ત્યારે બાલુભાઈએ એમ કહ્યું કે ભાઈ, આ તમારો ખોટો વિરોધ છે. તમે કહો છો એવું જો ત્યાં હોય તો મારા ઘાટ-સંકલ્પ ત્યાં કેમ ટળી જાય છે? જો ખરાબ જગ્યા હોય તો, ત્યાં તો ઉલટા ઘાટ-સંકલ્પ વધવા જોઈએ. ઉલ્ટી ત્યાં તો મને શાંતિ વર્તવા માંડી અને હું માનસીપૂજામાં ધ્યાન કરું છું તો મહારાજ તરત દેખાય છે, તો હવે મારે તમારું માનવું કેવી રીતે? માટે એ નહિ બને. હું તો છત્રીએ જઈને પછી જ આવીશ. તમારે ઉતારો આપવો હોય તો આપજો. એટલે કહે ખુશીથી આવજો. ત્યારે બાલુભાઈ કહે, મૂકી દો ને જે છત્રીએથી આવે તેને પહેલો ઉતારો આપવો જોઈએ.

એ બાલુભાઈનો પહેલો મેળાપ થયો ત્યારે શંકરભાઈ અને બાલુભાઈને વચનામૃત પર વાત થતી હતી. ત્યારે મેં કહ્યું આ વચનામૃત વાંચો આમાંથી તમને સમજાશે. ત્યારે કહે, રહસ્યાર્થ છે? એ પુસ્તક પર પ્રતિબંધ મૂક્યો છે. એ પુસ્તકને ન અડાય. એવું કહેવા લાગ્યા. મેં કહ્યું અચ્છા, તો તમે એટલું જ કામ કરો કે આ પ્રતિબંધ મૂકવાનું  કારણ શું? એ એના ટેકેદારોને પૂછી આવો અને પછી હું તમારી સાથે વાત કરું, તો બરાબર. અત્યારે (ગ્રંથને) ન અડશો. હું લઈ જ જાઉં છું. તમારે અત્યારે શું કામ અડવું પડે? હું અડ્યો તો મને તો આનંદ - આનંદ થઈ જાય છે. એ પુસ્તક જ એવું છે કે હાથમાં લઈએ ને આનંદ થઈ જાય, પણ તમને નહિ થાય. એનું કારણ તમારો એ પ્રત્યેનો અભાવ. જ્યારે એ જશે, ત્યારે એમ થશે. માટે પહેલા તમે પૂછી આવો. વાત મારી બરાબર છે? તો કહે હા. પછી તેમણે બધા ટેકેદારોને પૂછ્યું તો ગલ્લા-તલ્લા કરે. મેં પૂછ્યું કે શું પોઈન્ટો હતા? અંદર એવું શું છે? તો કહે તેઓ એમ કહેતા હતા કે એ બાપાને ભગવાન માને છે. તો મેં કહ્યું તમે એમને જઈને પૂછી આવો વચનામૃતમાં, રહસ્યાર્થમાં કે પ્રશ્નોત્તરમાં કોઈ જગ્યાએ ક્યાંય બાપાએ એમ કહ્યું છે કે સ્વામિનારાયણ સિવાય બીજો ભગવાન છે? એમ એમને પૂછો? બાપાએ એવું કહ્યું હોય તો વાત મનાય. એવું તો કાંઈ છે નહિ. એ તો દ્વેષને લીધે એમણે જ આવું ઊભું કર્યું છે ધાંધલ અને એવું ફારસ ઊભું કરીને પ્રતિબંધ ઠોકી દીધો. પછી એમ

કરતાં - કરતાં સંબંધ થયો એટલે મેં ભગવાનના સ્વરૂપની બધી વાતો કરી કે મુક્તિ આમાં છે. મેં કહ્યું ક્યાં સુધી અંધશ્રદ્ધા રાખશો? અંધશ્રદ્ધા રાખશો તો ભગવાનના સ્વરૂપમાં કઈ રીતે પહોંચાશે? ખોટી વસ્તુમાં અંધશ્રદ્ધા? સાચી વસ્તુમાં અંધશ્રદ્ધા રાખો કે સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. એમાં અંધશ્રદ્ધા મૂકો જેટલી મૂકવી હોય એટલી. અને ન સમજાવતાં આવડે તો કાંઈ નહિ, પણ સાચી વસ્તુમાં અંધશ્રદ્ધા રાખો. ખોટી વસ્તુમાં અંધશ્રદ્ધા એ તો મોક્ષ બગાડી નાંખે. ખોટી વસ્તુમાં અંધશ્રદ્ધા હોઈ શકે નહિ અને રાખવી નહિ જોઈએ, નહિતર એ મનુષ્ય ન કહેવાય અને દેવ પણ ન કહેવાય તો ત્રીજી સ્થિતિમાં જ મુકાઈ જાય ને! તો એમ વિચાર કરવો જોઈએ. ખોટી વસ્તુમાં, અસત્ય વસ્તુમાં શ્રદ્ધા મુકવી જોઈએ નહિ. આંધળા ન થવું જોઈએ. આ પ્રતિબંધ એમણે શું કામ મૂક્યો? પૂછોને એમને? કે આમાં છે શું એ તો સમજાવો? પછી શું જવાબ આપે? તો એમને ક્યાંય જવાબ ન મળ્યો. પછી તો ખૂબ વાંચવા માંડ્યા અને મારી પાસેથી પ્રતો લીધી અને હીરાભાઈ પાસેથી પણ લઈને બધાને આપતા કારણ કે સત્સંગમાં પ્રસિદ્ધ બહુ હતા. એટલે કહે વાંચજે. પ્રતિબંધ તો ખોટો છે એટલે બધા વાંચવા મંડ્યા. એટલે બંને શેઠનું વિચાર પરિવર્તન, હૃદય પરિવર્તન કર્યું. એટલે સ્વામિનારાયણ ભગવાનના મહા અનાદિ મુક્તરાજનું પ્રસાદી સ્થાન છત્રીએ એમને હૃદય પલટો થઈ ગયો. તો એ જરૂર થશે. ઉતાવળા થવાની

જરૂર નથી.

કોઈ બાપાવાળા - બાપાવાળા કહ્યા કરે તો ગૌરવ લેવું. જેનું તદ્દન શુદ્ધ વર્તન હોય, એટલે કે જે આજ્ઞામાં તદ્દન શુદ્ધ હોય ઉપાસનામાં જે તદ્દન શુદ્ધ હોય એનું નામ બાપાવાળા કહેવાય. કોઈ પૂછે તો કે ભાઈ, આવું છે. બાપા એમ કહેતા કે જેની આજ્ઞા અણીશુદ્ધ હોય, આજ્ઞામાં જેનું અણીશુદ્ધ વર્તન હોય અને ઉપાસનામાં જે અણીશુદ્ધ હોય તે સ્વામિનારાયણનો કહેવાય. એમ બાપા ઠસાવી - ઠસાવીને કહેતા. તો આ વાત સાચી છે? તો એમાં ના પડાય? તો જે આવી વાતો કરતા હોય એ ક્યારે કરે? એવા વર્તન હોય ત્યારે. તો એના જે હેતવાળા હોય એમનામાં આવા ગુણ મૂક્યા હોય કે નહિ? તો બાપાવાળા થવું એ તો ગૌરવ લેવા જેવું છે. તમારે આ બે (આજ્ઞા - ઉપાસના) શુદ્ધ છે કે નહિ એ કહો પહેલા. તો કહે હા છે. તો તમે આપોઆપ બાપાવાળા છો. શું કામ ના પાડો છો વગર મફતની? હવે તમારી પાસે બીજી કોઈ દલીલ હોય તો કહો કે તમે બાપાવાળા નથી. દરેકે બાપાવાળા થયે જ છૂટકો છે. બાપાવાળા ન થાય તો અક્ષરધામમાં કેવી રીતે પહોંચાય? શુદ્ધ આજ્ઞા ન હોય ને શુદ્ધ ઉપાસના ન હોય તો પહોંચાય ખરું?

બાપાએ શુદ્ધ આજ્ઞા અને ઉપાસનારૂપી તત્ત્વજ્ઞાનની છણાવટ આ રહસ્યાર્થ ગ્રંથ રચીને કરી. હવે એ કેટલા ધીરજવાળા! અને એ ટીકા કોણે રચી? સ્વામિનારાયણ ભગવાને બાપામાં રહીને રચી. નહિતર આવી ટીકા ન

થઈ શકે. અરે! ભૂલ કરે. હું કોઈને કહું કે તમે આનાથી સારી ટીકા રચી આપો. પછી અનુભવ તો હોય નહિ, એટલે બાફણું થાય કે બીજું કાંઈ? હમણાં એક વચનામૃત ગ્રંથ બહાર પાડ્યો છે તેમાં નીચે ત્રણ-ચાર લીટી લખી છે તે સમજાવતા આવડ્યું નહિ તે બાફણું જ કહેવાયને! કોઈક એમ જ કહે કે આ વચનામૃત નહિ વાંચવું જોઈએ. આ શબ્દોવાળું સાવ ખોટું. નીચે સમજાવ્યું છે ને? ટિપ્પણી, તેમાં કે ભગવાનના તેજ સાથે એકતા કરે તો ઉપાસનાનો ભંગ થાય. આવું અજ્ઞાન! હવે આ વિદ્વાનોને વિદ્વાનો કહેવા કે પેલા બાળમંદિરના ભૂલકા કહેવા? વિચાર કરવો આપણે. અરે ભાઈ, મહારાજનું અન્વય સ્વરૂપ જે તેજ એ તેજ સાથે આ ચૈતન્યની એકતા થાય ત્યારે એ ભાગવતી દેહને (ભાગવતીતનુ) ધારણ કરે છે અને ભગવાનની સેવામાં રહે છે. નિરાકાર મટીને સાકાર બનાવી દે છે. ત્યારે એ અન્વય સ્વરૂપ ચૈતન્યને સાકાર ભાગવતીતનુ આપે ત્યાર પછી સેવામાં રહેને? આમાં ઉપાસનામાં ભંગ ક્યાં આવ્યો? ભગવાન થઈ જવાય એમ કહે છે. એલા પણ તેજરૂપ થઈને ક્યો ભગવાન થઈ ગયો? અરે ભાઈ, ભગવાન કોઈ થઈ શકે નહિ. એ તો દંભી હોય અને જેને લહેર કરવી હોય એ જાત-જાતના નુસખા શોધી અને ખૂબ વિદ્યાપારંગત બને છે. કઈ વિદ્યા? બીજાને બનાવવાની વિદ્યા. ભ્રમિત બનાવે Hypnotize કરે. આ ખોટા ભગવાનોનો માર્ગ, બરાબર! આ ખોટા ભગવાનોનો પછી કોઈ ભાવ પૂછતું

નથી. એ મોડા - વહેલા ભૂંસાઈ જાય, પણ માણસોએ વિચાર કરવો જોઈએ. એટલી તો બુદ્ધિ હોયને આ આંખ હોયને કે આ સાચો છે કે ખોટો છે? ખબર જ પડી જાય. સમજણ રહેવી જોઈએ. તો કોઈ દહાડો ખોટા ભગવાનના માર્ગે જવું નહિ. ત્યારે બાપાએ તો કહ્યું કે સ્વામિનારાયણ ભગવાન સિવાય કોઈ ભગવાન નથી. થયો નથી, છે નહિ ને થશે નહિ. તો ભગવાન તો એક જ હોયને?

સર્વોપરી પરમાત્મા મનુષ્ય દેહ ધારણ કરીને અહીં આવ્યા. પછી અનાદિ મહામુક્તોની દિવ્ય સેના મોકલી તો એમણે કામ કર્યું. એ કામ હજીયે ચાલુ જ રહેવાનું. આખું વિશ્વ સ્વામિનારાયણમય નહિ થાય, ત્યાં સુધી આ કાર્ય ચાલશે. તો આપણે મૂંઝાવું નહિ. પ્રતિબંધ ઉઠાવવામાં ખૂબ ધીરજપૂર્વક આવેશમાં આવ્યા વગર આ સેવા જરૂર બજાવવી. એ સારામાં સારી સેવા છે. એવું ન કરવું કે આ વચનામૃત આપીએ ને એ ફેંકી દે. પહેલા પાયો પાકો કરવો. એમાં મહેનત પડે. આપણે નિશ્ચય કરીએ કે નવા પાંચ જણને સરસ તૈયાર કરવાના બરોબર સમજાવીને, તો એ પાંચ બીજા પચાસને સમજાવવાની સેવા કરશે. હજારોની સેવા કરવા જઈએ અને એકે ન સમજે એવું ન કરવું. પછી આ રીતે પ્રચાર કરવાની રીત રાખવી. અહીં જે વાતો થઈ એ બહુ સારી થઈ. આત્મા, અક્ષર એની જે વાત થઈને, શરીર-શરીરી એ ગહન તત્ત્વો હજી ખૂબ સરસ રીતે સમજાવવા.

વ્યાસજીને વેદ લખાવવા હતા તો લખે કોણ? ગણપતિ એવા કે બોલે એવું જ લખી નાંખે એટલા ઝડપી. વ્યાસજીએ ગણપતિને કહ્યું કે ગણપતિજી થોડી સેવા કરશો? હું વેદ લખાવું એ લખશો? હા લખું, પણ હું બેસી રહું એવું મને નહિ ગમે. મારી કલમ ચાલુ રહેવી જોઈએ. ગણપતિએ આ શરત મૂકી તો વ્યાસજીએ પણ શરત મૂકી કે તમારે સમજ્યા વગર નહિ લખવાનું. તો વ્યાસજી બોલતા જાય અને ગણપતિ ઝડપથી લખતા જાય. પછી વ્યાસજીને કંઈક વિચારવું હોય ત્યારે અઘરો શ્લોક મૂકી દે. એવું અઘરું મૂકે કે ગણપતિ વિચારે ત્યાં સુધીમાં વ્યાસજીને નવા શ્લોકો વિચારવાનો સમય મળી જાય અને પછી નવો શ્લોક લખાવે. તેમ દિલીપભાઈ બહુ ઝડપી વક્તા છે. તત્ત્વજ્ઞાનમાં ઝડપ રાખે તો બીજા ન સમજી શકે. તો બીજી સભામાં ધીમે ધીમે બોલવું બરોબર! બીજી સભા રાખીશું. ભલે ત્યારે!

હવે એક વાત કદાચ બધાને ગમે કે ન ગમે. આપણે એવું નક્કી કર્યું છે કે આ અષાઢ - શ્રાવણ - ભાદરવો - આસો અને કારતક સૂદ અગિયારસ સુધી આ જે આઠ મહિનામાં આપણે જે સત્સંગ કર્યો એનું ફળ મહારાજનું સ્વરૂપ દઢ કરવું. એ કરવું, પહેલી વાત. હવે આટલો સમાસ થયા પછી કેફ તો રહેવાનો. હવે ચોમાસામાં વરસાદ થાય પાણી, કીચડ બહારગામથી આવનારને કેટલી ઉપાધિ, અત્યારે ન ખબર પડે, પણ વરસાદ પડતો હોય તો વરસાદને એમ કહેવાય કે

હમણાં સભા થાય ત્યારે તું આવીશ જ નહિ? કેમ ન કહેવાય? કારણ કે એમાં પ્રભુને આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ કરવો પડે અને એથી શું ફાયદો? મહારાજ આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ ક્યારે કરતા કે જ્યારે બહુ જ મોટો સમાસ થતો હોય, અનેક જીવોનું કલ્યાણ કરવું હોય ત્યારે કરે. ગમે તેમ નથી કરતા અને બાપાશ્રીએ પણ પોતાનું જ ગાડું પલળવા દીધું અને જ્યારે ભૂજના સંતો યજ્ઞ કરતા હતા, ત્યારે વરસાદ પડ્યો, ત્યારે કહ્યું ફરતો વરસાદ પડશે તમારા યજ્ઞમાં નહિ પડે. એવા સમયે કરતા, કારણ કે એ વખતે સમાસ મોટો કરવો હતો. હવે બાપા પોતાનું ગાડું લઈ જતા હતા ને વરસાદ ચડી આવ્યો. વરસાદ તો સૃષ્ટિના નિયમ મૂજબ આવે ને જાય એવું થયા કરેને! તો આખા વર્ષના દાણા બધા બાજરી ને ઘઉં ભરેલું ગાડું લઈને જતા હતા અને બાપા અંદર બેઠેલા. અને આશાભાઈ ગાડું હાંકે. ઘર આવવાને થોડુંક જ અંતર બાકી સાવ પંદર-વીસ ડગલા ને વરસાદ પડ્યો. બાપા, આખા વર્ષની મહેનત છે, તો કહે ઢાંક રૂમાલ હું શું કરું? વરસાદ રોકવો એ કંઈ થોડો આપણા હાથમાં છે? એ તો મહારાજના હાથમાં છે. ઝટ હાંક, ઝટ હાંક આશાબાપા કહે શું હાંકે? બધો (માલ) પલળી ગયો. હવે સૂકવીને બધાને વહેંચી દો. બાપા કહે શું થાય? ત્યારે જુઓ, ત્યાં આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ કર્યો? નહિતર હાથમાં જ હતું. આમ કરે એટલી વાર, પણ એમ ન થાય. આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ ગમે તેમ

કરે તો વેપાર કહેવાય, ખોટ આવે, સહન કરવું પડે.

મહારાજ બળિયા, કળિયા ને છળિયા શું કામ થયા હતા? નહિ તો આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ કરવો પડે. ગમે તેમ તેનો ઉપયોગ ન થાય. પ્રભુએ પોતે નથી કર્યો. જ્યાં ખાસ જરૂર હોય ત્યાં જ કરે. જો આપણને એ શક્તિનો ઉપયોગ કરવાની મહારાજ છૂટ આપી દે તો હાલતા-ચાલતા આપણે બધા ઉપયોગ જ કરવા માંડીએ. પછી તો જોઈ લો આપણે કોઈ કાબૂમાં ન રહીએ. બધા એવા છૂટથી વેપાર કરવા માંડે કે દુનિયામાં હૉસ્પિટલમાં કોઈ દર્દી જ ન રહે હોં! જો શક્તિ વાપરવાની છૂટ આપી દેને તો. મહારાજના મુક્તમાં એટલી બધી શક્તિ ભરી છે કે મહારાજ એનું નિયંત્રણ કરે છે. નહિતર તો હૉસ્પિટલમાં જેટલા દર્દીઓ છે તેના રોગ જતા રહે ને ફટાફટ ઊભા થઈને ચાલવા માંડે. બધા ચાલવા માંડે. એમાં જરાયે ફેરફાર ન થાય, પણ એ આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ જેમ તેમ થાય નહિ. હવે સાજા કરી દેવાથી એને શું ફાયદો કહો? એનું દુઃખ દેહ થકી ગયું, પણ જીવનો રોગ ક્યાં ગયો? માટે મહારાજ કહે છે, એમ ન કરાય. એ તો રોગરૂપી શિક્ષા ભોગવે એટલે ચૈતન્ય પાપથી રહિત થતો જાય. એ શિક્ષા ભોગવવી જ પડે. એ શિક્ષા ધીમે ધીમે ચૈતન્યને ભગવાન તરફ મોક્ષ માર્ગે લઈ જાય એટલા માટે છે. માટે જ્યાં - ત્યાં એનો ઉપયોગ કરાય નહિ. મહારાજના વખતમાં વ્યાપકાનંદ સ્વામીએ ઘોડીને આમ કરીને કહે પૂંછ છે, પગ છે, આંખ-નાક છે. બધું

ય છે, ક્યા મર ગઈ હૈ? આ બેઠી થઈ ગઈ ઘોડી. ભગવાને કહ્યું, તમે ભગવાન થયા કહેવાઓ હવે મારે બદલે તમે બેસી જાવ. પછી સ્વામીએ ક્ષમા માગી. એમ મહારાજે ત્યારથી આપણી બધી શક્તિઓનું નિયંત્રણ પોતાના હાથમાં રાખ્યું કે જેથી આપણે પણ એ સુખ જીરવાય એવા મહાન બની શકીએ તો એવા પાત્ર થવાયને! તો એ તો ખૂબ જરૂરી છે. ત્યારે બાધિતાનુવૃત્તિ એ પણ આપણી સેવા માટે છે, સારા માટે છે. તો આધ્યાત્મિક શક્તિનો બહુ ઉપયોગ કરતા નહિ શીખવું હોં! સહન કરવું, સેવા કરવી. કોઈને કંઈ રોગ થયો હોય તો સેવા કરવી. ભગવાનની આજ્ઞા મુજબ કોઈ ઔષધ આપવું ને સાજો કરવો. ત્યારે એકદમ કહી દઈએ કે જાઓ તમને સારું થઈ જશે એમ ન કરવું. (કોઈ ભક્તની વાત કરતા કહે છે) એનામાં તો મહારાજ બોલ્યા કે આ પાઠ વાંચજે તો એનું વચન નહિ ફેરવવા માટે બાપાએ એને સાજા કરી દીધા અને ન સાજા કર્યા હોત તો? આ તો કહું છું. તો શું થાત? બરોબર?

એકવાર મને સોમચંદબાપાએ કહેલું કે ભગવાન આવું બોલે, તમારે આવું ન બોલવું જોઈએ. તમે બોલો ને તરત થઈ જાય છે. અને જે દિવસે નહિ થાય તે દિવસે તમારી કિંમત કોડીની થઈ જશે. બરાબર! એટલે વાત પડી મૂકો. તો ય હું તો નહોતો પડી મૂકતો પછી એક રાત્રે આવ્યા અને મને બધા સંતો પાસે લઈ ગયા. મોટા મોટા મુક્તોએ વાત કરી, અને મને સમજાવ્યું કે

આધ્યાત્મિક શક્તિ આમ વેડફી ન નંખાય. આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ જીવોના કલ્યાણ માટે કરવો, ભૌતિક સુખો આપવા જ ન કરવો. એ તો પ્રભુ કરે જ. એની મેળે સારું થાય જ. ભગવાનના આશરે થાય એટલે દુઃખ જતું જ રહે ને! સ્વામી (વૃંદાવનદાસજી સ્વામી) કહેતા કે મૂર્તિમાં રાખ્યા પછી ક્યાં દુઃખ - બુખ, કાંઈ ન રહે. રહ્યું મને કહે? મેં કહ્યું ના બાપજી, બરોબર? એ એવા હતા. તો આપણે બધા આપણા રોગ તો ક્યારના જતા રહ્યા. તદ્દન નિરોગી જ છીએ. દુઃખી થવાનો તો હવે કોઈ અવકાશ જ નથી. સદાય સુખી. કોઈ દિવસ દુખિયા માનવું નહિ. દુઃખને સંભારીએ તો ગાંડા થઈ ગયા કહેવાઈએને! ભગવાનની નિરોગી મૂર્તિ છે. નિરોગી એટલે, એકલો (દેહનો) રોગ જ નહિ ચૈતન્યના બધા રોગો પણ નહિ, એકેય દોષ જ નહિ. ઐશ્વર્યમાં ય રાગ નહિ. કોઈ રાગ જ નહિ. એ બધા જ રોગથી રહિત હોય તેને નિરોગી કહેવાય. ત્યારે બાપાશ્રીમાં રહીને મહારાજે આપણને એવા નિરોગી બનાવી દીધા છે.

આપણે આ ચાર મહિના હીરાભાઈનું દૃષ્ટાંત લઈને એવું કરીએ તો? બે વર્ષ પહેલા હીરાભાઈ મારી પાસે બેઠા હતા. એ વખતે નિયમ લેવાનો દિવસ હતો. (નિયમએકાદશીનો દિવસ) તો મને કહે, મને કંઈક એવું નિયમ આપો કે મને ખૂબ આનંદ આવે મહારાજની મૂર્તિનો. પછી મેં કહ્યું ભાઈ, ક્યું નિયમ આપું? મારાથી એવું નિયમ કદાચ બોલાઈ જવાય કે તમને કઠણ પડે

તો તમને થોડી વ્યાધિ થાય તો નિયમ તો એવું આપવું જોઈએ કે તમે સરળતાથી પાળી શકો, તો કહે ના મને દુ:ખ નહિ થાય તમે આપો. હું કહું છું ને આપો, તો મેં કહ્યું તમે ચાર ગ્રંથોનો અભ્યાસ કરી નાંખો. (૧) રહસ્યાર્થ વચનામૃત (૨) શિક્ષાપત્રી રહસ્યાર્થ (૩) બાપાની બે ભાગની વાતો અને (૪) સોમચંદબાપા કૃત અબજીબાપાશ્રીનું જીવન ચરિત્ર. આ ચાર ગ્રંથો તમારે પૂરા કરવા, સમજપૂર્વક વાંચવા. મેં કહ્યું આ તો અઘરું પડેને! તો કહે ના હું વાંચીશ. ઓહો.... ઓહો! મેં કહ્યું આ ચાર ગ્રંથો વાંચો તો બધું જ સમજવાનું સમજાઈ ગયું. પછી એકવાર એમણે એ ગ્રંથો કારતક સુદી અગિયારસ સુધીમાં પૂરા કર્યા. ઘરે બેસે વાંચે, કાયમ વાંચે. કોઈની સાથે વાતો કરે નહિ, મારે ત્યાંય ન આવે, આવે તો ટાઈમ બગડેને! એટલે આવતા નહિ. હું સમજું. એટલે આવતા નહિ અને પોતે કહ્યું કે હું કરીશ એટલે પાછા કરે. એટલે એમણે એ ચાર ગ્રંથો પૂરા કર્યા.

આપણે આપણી શક્તિ પ્રમાણે નિયમ લેવો. એક ગ્રંથ વંચાય, બે ગ્રંથ વંચાય જે શ્રદ્ધા હોય તે પોતાની મેળે મહારાજ પાસે નિયમ લેવો. સંકલ્પ કરીને બરોબર! શક્તિ પ્રમાણે નિયમ લેવો અને રોજ ધ્યાન કરવું. પંદર મિનિટ, પંદર મિનિટ રાત્રે સૂતી વખતે, સવારમાં, રાત્રે નિદ્રા ઉડી જાય તો પંદર મિનિટ ધ્યાન કરવું. વધારે થાય તો સારું આ તો પંદર મિનિટ થઈ શકે, એટલે બોલું છું. તો મહારાજના સ્વરૂપનું ધ્યાન કરવું. રાત્રે તો

શાંતિ હોયને! એ વખતે ધ્યાન સારું થાય. સવારમાં ધ્યાન સારું થાય. મહારાજનું સ્વરૂપ આ ચાર મહિના એવું દૃઢ કરીએ કે નખશિખાન્ત આંખો મીચીએ ને મૂર્તિ દેખાય અને મહારાજનું એક જ સ્વરૂપ રાખવું. મહારાજનું જે સ્વરૂપ વહાલું લાગે, પોતાને ધારવામાં જે જલદી આવે એવું હોય એ એક જ સ્વરૂપમાં ધ્યાન કેન્દ્રિત કરવું. ફેરવ ફેરવ ન કરવું, નહિ તો કોઈ દિવસ સિદ્ધિ ન થાય. જુદું જુદું સ્વરૂપ ન ધારવું. ઘડીકમાં આ સ્વરૂપ ને ઘડીકમાં આ સ્વરૂપ. તો એક જ સ્વરૂપ ધારવું. બધા સ્વરૂપ સાકરનું નારિયેળ છે એમ સમજવું બરોબર! પ્રભુની એ કળા છે કે આટલા બધા મંદિરો છે એમાં ઘનશ્યામ મહારાજ પધરાવેલા છે. હરિકૃષ્ણ મહારાજ છે. જુઓ તો દરેક સ્વરૂપમાં થોડો થોડો ફેર હોય. જેમ આ છોટાભાઈ ને એમના દીકરામાં ફેર છે કે નહિ? એમ ઘનશ્યામ મહારાજ પણ વૈવિધ્ય ધારણ કરે છે, પણ બધાં સ્વરૂપ સાકરનું નારિયેળ. ધીમે ધીમે એ સ્વરૂપરૂપ થાવું. દિવ્ય દર્શન આપો આપ થશે. એ સ્વરૂપ એકદમ તેજોમય થઈ જશે. એ સ્વરૂપ એટલું બધું સૌંદર્ય રૂપ ધારણ કરશે કે વાત મૂકી દો. પણ એક સ્વરૂપ રાખવું. પછી એ સ્વરૂપ પોતે જેમ છે તેમ આપણને દર્શન કરાવશે. ધીરજ રાખવી. અરે, અંત સુધી ધીરજ રાખવી. અધીરા ન થવું. અધીરા થાય એ ભગવાનને છોડીને ચાલ્યો જાય છે. એની શ્રદ્ધામાં ઠેકાણું રહેતું નથી, નાસ્તિક બની જાય છે. અધીરા બનવું નહિ. ભગવાનના સ્વરૂપમાં રહેવું હોય, એ સ્વરૂપમાં

જેને રહેવું હોય એને ધીરજ રાખે જ છૂટકો. ધીરજ તો હોવી જોઈએને? ભગવાનના સ્વરૂપ પ્રત્યે કોઈ દિવસ કાયર ન થવું. મહારાજ જરૂર રાજી થાય. શરૂઆતમાં તો ભગવાન પરીક્ષા કરે કે આ મને છોડી દે છે કે વયો જાય છે? તો આપણે આ ચાર મહિના આમ કરીએ.

આવતી સભા દસમી જૂને સરસપુર છે. જેઠ મહિનામાં બરોબર! પછી અષાઢ મહિનામાં આપણી સભા આવે. તો આપણે ચાર મહિના કંઈક નિયમ લઈ અને વરસાદમાં આપણે ઘરે સત્સંગ સભાની મઝા માણવી. સત્સંગસભા બંધ નથી કરવી, પણ અંતરવૃત્તિ કરીએ તો આખી સભા હાજર. બરોબર! તો હવે ચાર મહિના આપણે આ રીતે એકત્ર થવાને બદલે અંતરવૃત્તિએ સત્સંગસભામાં બેસવું અને મઝા માણીએ તો? એટલે આપણે ચાર મહિના અંતરવૃત્તિએ સત્સંગ કરીએ તો ઠીક કે નહિ? ગયા વર્ષે કર્યું તો બધાને મૂર્તિનું સ્વરૂપ પાકું તો થઈ ગયું કે નહિ? થઈ જ જાય એમાં શું? ચાર મહિના આપણે નિયમ લઈએ કે મહારાજની સ્મૃતિ કરતા કરતા કરવું. હવે એક નિયમ તમને કહું. એમ કે જાગૃત રહેવાનું. સહેલામાં સહેલું અને સારામાં સારું, ઊંચામાં ઊંચું. કોઈ વસ્તુ મોઢામાં મૂકવી કે પાણી પીવું હોય તો એ પહેલા પાંચ-દસ સેકન્ડ મહારાજની સ્મૃતિ કરીને પછી પીવું. સ્વામિનારાયણ એમ મનમાં બોલવું આટલું કરીએ. એ નિયમમાં રાખવું. પછી ટેવ પડી જાય. કેટલીકવાર

જમીએ તો એમને એમ જમવા માંડીએ છીએ. ગુણાતીતાનંદ સ્વામીની માએ થાળી કાઢીને તો સ્વામીએ જમવા જ માંડ્યું. તો મા કહે, ખાઉધરો છે, ખબર નથી પડતી. એવો વિચિત્ર શબ્દ વાપર્યો મા ખરીને! તો સ્વામીને કહ્યું, કેટલો ઉતાવળો છો? હજી ભગવાનને ધરાવ્યા વગર જમવા માંડ્યું. એટલી ખબર ન પડે કે ભગવાનને જમાડીને જમાય? સ્વામી કહે, મા હું ભગવાનને જ જમાડું છું. તો કહે, ક્યાં જમાડશ ભગવાનને? તો એમની માને ભગવાન જમતા દેખાયા. ગુણાતીતાનંદ સ્વામી મહારાજને જમાડે છે એવા દર્શન કર્યા એટલે સંકલ્પ ટળી ગયા. એમ જે સ્થિતિમાં વર્તતા હતા એ સ્થિતિનું દર્શન કરાવ્યું. એટલે આપણે એમ ને એમ નહિ જમવાનું. ગુણાતીતાનંદ સ્વામીની જેમ જમવાનું. મહારાજની મૂર્તિનું અનુસંધાન રાખીને જમવું જોઈએ. તો આ તો સહેલું કહેવાયને? પાણી પીએ તો ભગવાનની સ્મૃતિ રાખવી, મોઢામાં કાંઈ મૂકીએ તો ભગવાનની સ્મૃતિ રાખવી. જમતી વખતે સ્મૃતિ રાખીને પછી જમવું.

આ ગ્રંથોમાંથી કોઈ ગ્રંથ વાંચવો. સરસ રીતે વાંચવો. ભલે એક વંચાય, પણ સરસ રીતે વાંચવો ને મહારાજની મૂર્તિનું થોડું ધ્યાન કરવું. સરસ રીતે. એવું ધ્યાન પંદર મિનિટ કરવું. ભગવાનનું ધ્યાન કરતાં પહેલા ભગવાનના આખા સ્વરૂપનું થોડીવાર ચિંતવન કરવું અને પછી મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. આવું પંદર મિનિટનું ધ્યાન એ એક કલાકના ધ્યાનથી ચડી જાય.

એક કલાક ધ્યાન કરો તો સરખું સ્વરૂપ ધારવામાં આવે નહિ તો શું કામનું? મૂર્તિનું સ્વરૂપ ધારતા ધારતા ઘાટ-સંકલ્પ થાય, કાંઈક બીજો વિચાર મગજમાં આવી જાય. આ આપણું ભેજું કેવું છે એ ખબર છે? આપણા મનમાંથી એક સેકન્ડમાં હજારો તરંગો નીકળે છે. ક્યારે કયો નીકળશે એ કલ્પનામાં જ ન આવે. હજી સુધી કોઈ જોઈએ એવો માઈન્ડનો (મનનો) અભ્યાસ કરી શક્યું નથી. માઈન્ડ છે શું? ત્યારે એ મન માંકડા જેવું છે. ઘડીકમાં ક્યાં ને ઘડીકમાં ક્યાં કૂદા-કૂદ કર્યા જ કરે. સ્થિર થાય જ નહિ. ઘડીકમાં કોઈ વિચાર આવે. ક્યાંક ગયા હોયને! તો એ વિચાર આવે તો એ વિચારે ચડી જાય અથવા કોઈ કામ કરતા કોઈ પ્રશ્ન ઊભો થયો હોયને! તો એ પ્રશ્નનો વિચાર ચાલે કે બહુ થયું હવે શું કરવું? મૂર્તિનું મનન તો ક્યાંથી થાય? તો એક વસ્તુ યાદ રાખીએ કે જુઓ પ્રશ્ન એ જીવનનો એક ભાગ છે. પ્રશ્ન ન ઊભા થાય એવું કદી ન બને બરોબર! જીવન એ જ પ્રશ્ન છે, પ્રૉબલેમ છે, કોયડો છે. તો દેહ ધારણ કર્યો એટલે એ થવાનું જ અને જો પ્રશ્ન ઊભો ન થાય, તો જ્ઞાન પણ ન સમજાય. પ્રૉબલેમો જરૂરી છે, પણ એ પ્રૉબલેમ ભગવાનનું સ્વરૂપ ધારતાં આડો ન આવે એવું માઈન્ડને કેળવવું જોઈએ. આપણે નક્કી કરીએ તો ન આવે. આપણે જો હાથે કરીને વિચારીએ તો પછી શું થાય? ગમે તેવા પ્રશ્નો ઊભા થાય, તો ય મૂર્તિ ધારવા બેસીએ ત્યારે જય ભગવાન! સૌ-સૌના રસ્તે. એવું કરી મૂકવું. માઈન્ડને એવું ટ્રેઈન કરવું પડે, કેળવવું

જોઈએ, બસ.

આ છેલ્લી સભા આપણને ખૂબ સુખરૂપ બની. આજે ઘણું સરસ સરસ સમજવા મળ્યું. બધા વક્તાઓ દરેક વખતે નવું નવું કહે છે. આ વ્યાસપીઠ જ એવી છે. શ્રીજીમહારાજ અંદર રહીને નવું નવું જ બોલે. ત્યારે એ ભગવાનની કળા છે. તમે એકલા બોલજો જોઈએ, નહિ સૂઝે કાંઈ, એ તો અહીં બેસો ત્યારે જ સરખું બોલાય. શા માટે? મહારાજ પોતે અંદર રહીને બોલાવે છે. અને આપણને ખબર પડવા દેતા નથી. સમજતા શીખવું, એકદમ ઉતાવળા થઈ જવું નહિ. કોઈ વાદ-વિવાદમાં ન ઊતરવું. કારણ કે વાદ-વિવાદ કરતાં આવડે નહિ ને નાહક શી માથાકૂટ કરવી? બરોબર! ભલે. સહજાનંદ સ્વામી મહારાજની જય! બાપાશ્રીની જય!

(પ્રિયકાંતભાઈના સૂચન કર્યા પછી પૂ.મામા વાત કરે છે.)

ભાઈએ જેમ કહ્યું, એમ જો કરવું હોય તો એમ કરો. રહસ્યાર્થ વચનામૃતમાં બે અનુક્રમણિકાઓ હોય છે. રહસ્યાર્થ અને ટીકાસ્થ. એ બે અનુક્રમણિકામાં તત્ત્વજ્ઞાનના બધા વિષયો આવરી લીધા છે. તો એ અનુક્રમણિકા લઈ અને એક - એક શબ્દ ક્યા - ક્યા વચનામૃતમાં છે અને ટીકામાં શું સમજાવ્યું છે એ સમજીને પાકું કરી લેવું, મોઢે કરવું. ભગવતસ્વરૂપદાસજી સ્વામીને ૨૭૩ વચનામૃત મોઢે હતા. રોજ બોલ્યા કરે, બહુ અભ્યાસ. જો તમે વાંચતા

હો અને કોઈ એક શબ્દ રહી જાય તો તરત કહે કે નારાયણભાઈ, આ રહી ગયું. તમે એક શબ્દ ચૂકી ગયા વાંચવામાં. અક્ષરે - અક્ષર મોઢે. એવું સરસ મોઢે. તો મેં સ્વામીને કહ્યું કે સ્વામી, આટલા બધા વચનામૃત તમે મોઢે શી રીતે કરી નાંખ્યા? તો કહે જેનું મનન, ચિંતન ને નિદિધ્યાસ કરીએ તો એ મોઢે થઈ જાય કે નહિ? મારું નામ તમને કેમ મોઢે થઈ ગયું, કોઈ દિવસ ભૂલો? એમ મારે પણ એવું થઈ ગયું. એટલે કહેવાનો અર્થ એ છે કે મહારાજની વાણી મોઢે કરવી, એટલે અનુક્રમણિકા લેતા જવાનું અને એક એક શબ્દ ક્યાં આવ્યો તે જોવાનું. જુઓ કેવું સરસ જ્ઞાન. કારણ કે એ વચનામૃત અને ટીકા તો મહારાજ અને બાપા બંને પ્રત્યક્ષ થયાને? કારણ કે અંદર સમજણ જ આપી છે. મહારાજ બોલે છે કે આનો અર્થ આમ થાય ને આનો અર્થ આમ થાય. તો એ અનુક્રમણિકા પ્રમાણે અભ્યાસ કરવો, તો બહુ જ વ્યવસ્થિત અભ્યાસ થશે. તો આપણે એ પણ કરીએ.

તો હવે આ ચાર મહિના મહારાજનું સ્વરૂપ દૃઢ કરોને મારા ભાઈ! આપણે બધા વરસાદમાં ક્યાં ભેગા થવું? મને કોઈવાર મૂંઝવણ થઈ જાય છે. કોઈવાર વરસાદ પડેને ત્યારે એમ થાય કે આ હરિભક્તો આવશે અને શું થશે? એવી ચિંતા થાય છે. એટલે પછી શું થાય? અંગ એવું ચિંતાવાળું થઈ ગયું. એટલે એમ કહું કે ચાર મહિના અંતરવૃત્તિએ સત્સંગ કરીએ. પછી તો સભાની જેવી મરજી અને કહ્યું તેમ આ ચાર મહિના

અભ્યાસ કરવો. તો રહસ્યાર્થ વચનામૃત સમજાવી શકીશું. નહિતર કેવી રીતે સમજાવી શકીએ? મોઢે થવું જોઈએ. ભગવત્સ્વરૂપદાસજી સ્વામીની જેમ કડકડાટ મોઢે થઈ જવું જોઈએ. તો પછી તરત જવાબ આવડે. સૂઝે કે નહિ? જવાબ જે આપવો હોય તે તરત જીભ ઉપર આવે. મુમુક્ષુ હોય તો એને વચનામૃત રહસ્યાર્થ આપવું બહુ સારું.

(મિશન તરફથી વચનામૃત પુસ્તક છપાયા એ વિશેની માહિતી આપ્યા પછી દાન વિષે વાત કરતા કહે છે.)

દાન કરનારને ફળ મળે, મહારાજનું સુખ મળે એ ફળ. આ લોકનું ફળ નહિ. મહારાજની મૂર્તિનું સુખ મળે. મહારાજનું જ્ઞાન મોઢે કરવું. મહારાજની વાણી તો મોઢે કરવી જોઈએ. એક વચનામૃત મોઢે થાય તો શું ખોટું? એવું કરવું. તો હવે સભા માગશર સુદ ચોથે રાખીએ. તો ૨૧મી નવેમ્બર સોમચંદબાપાની તિથિ છે તે દિવસે સભા. આ ચાર મહિના મહારાજનું સ્વરૂપ દૃઢ કરવાનું નિયમ લઈએ. થોડું થોડું. એ કંઈ અઘરું નથી. હાલતા-ચાલતા થોડી થોડીવાર એ સ્વરૂપ સંભારીએ તો એ સ્વરૂપ પાકું થઈ જાય તો આનંદ આવે. આ મારી વાત. હું કહું એમ નહિ સભા કહે એ સારું. ચોમાસાના ચાર માસ અંતરવૃત્તિએ સત્સંગ કરીએ. આ રીતે અનુક્રમણિકા લઈને અભ્યાસ કરવો. જુઓ કેવું સરસ કામ થાય છે. ભણતા હોય એ છોકરાઓ પોતાની ચોપડી કેવી મોઢે કરી નાંખે છે? એમ આપણે આ

વચનામૃત ગ્રંથ મોઢે કરવો. એ તો આપણો ધર્મ છે. બસ!

જય સ્વામિનારાયણ!

## સારાંશ

અનાદિમુક્ત જે સભામાં બેઠા હોય ત્યાં મહારાજ ભેળા જ બિરાજતા હોય છે. હંમેશાં વ્યક્તિ સામી નજર ન રાખતા તેના વર્તન સામે મહારાજની નજર છે તે યાદ રાખી તેના તરફ દ્વેષ ન રાખવો. ઈર્ષા, દ્વેષ અને અજ્ઞાન ટળે ત્યારે યોગ્ય નિર્ણયો લેવાય છે અને ત્યારે પ્રતિબંધ જેવા શબ્દોનું અસ્તિત્વ રહેતું નથી. ફક્ત વાદ-વિવાદ કરવાથી કાંઈ હાથ લાગતું નથી. 'વચનામૃત રહસ્યાર્થ'નું જ્ઞાન યથાર્થ રીતે સમજાવવાની સેવા કરવાથી અજ્ઞાન દૂર થઈ સ્વીકૃતિની ભાવના ઉત્પન્ન થાય છે. એ સેવા બજાવતા કષ્ટ પડે તો સહન કરવું. અસત્યએ સત્ય ઉપર આક્રમણ કર્યું તેને દૂર કરવાની સેવા કોઈપણ જાતના દ્વેષ વગર, શ્રમ લઈ અને પૂરી શ્રદ્ધા રાખી, ધીરજથી કરવી. રહસ્યાર્થ વચનામૃતનું જ્ઞાન સમજાવતાં પહેલા પોતે તેનો ઊંડો અભ્યાસ કરી પાયો પાકો અવશ્ય કરવો અને ઠરેલ ચિત્તે ઉશ્કેરાયા વગર સચોટ વાતો કરવી. સભામાં વાત કરવી ત્યારે ધીમે ધીમે બધા સમજી શકે એ રીતે દૃષ્ટાંતો આપી મહારાજનું તત્ત્વજ્ઞાન સમજાવવું. ફક્ત 'બાપા' શબ્દોનો જ વિરોધ હોય તો પહેલા એ નામ બોલ્યા વગર સાચું જ્ઞાન સમજાવી, અજ્ઞાન ટાળી છેલ્લે કહેવું કે આ બાપાનું જ જ્ઞાન છે. જેની આજ્ઞા અને ઉપાસના તદ્દન શુદ્ધ હોય તે બાપાવાળા જ કહેવાય અને એ બંને શુદ્ધ હોય ત્યારે

જ અક્ષરધામમાં જવાય.

અનાદિમુક્તે એકવાર આશીર્વાદ આપ્યા પછી બીજીવાર આશીર્વાદની જરૂર રહેતી નથી. એ આશીર્વાદમાં શ્રદ્ધા રાખવાથી અંતે ભગવાન જીવોની બાધિતાનુવૃત્તિ ખેંચી લઈ પોતાના સુખમાં રાખે છે. શ્રીજીમહારાજના અનાદિમુક્તનું જે સ્થાન હોય તે અતિ પવિત્ર જગ્યા હોવાથી તે સ્થાનમાં ઘાટ-સંકલ્પો વિરામ પામે છે. સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે એ એક વાત જીવમાં બરાબર જડી દેવી. શ્રીજીમહારાજના તેજ સાથે એકતા થાય ત્યારે ચૈતન્યને ભાગવતીતનુ પ્રાપ્ત થાય છે. અનાદિમુક્ત અનેક લોકોને સમાસ થતો હોય ત્યારે જ પોતાની આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ કરે છે અને જીવોના કલ્યાણ કરવા એ શક્તિનો ઉપયોગ કરે છે. રોગરૂપી શિક્ષા દેહ ભોગવે ત્યારે ચૈતન્ય ધીમે-ધીમે પાપથી રહિત થઈ ભગવાન તરફ મોક્ષ માર્ગે આગળ વધે છે. માટે એવી શિક્ષા આવે ત્યારે ભગવાનની મરજી જાણી તેને ભોગવી લેવી. બાપાશ્રી દ્વારા મહારાજે આપણને બધાયને નિરોગી બનાવી દીધા છે.

નિયમ ભલે ઓછા લઈએ, પણ ભગવાનમાં વૃત્તિ રાખી એ પળાય તો વધુ લાભ થાય, એક ગ્રંથ પણ પૂરતી સમજણ અને ભગવાનની સ્મૃતિ રાખી વાંચવાથી અલભ્ય લાભ પ્રાપ્ત થાય છે. રોજ પંદર મિનિટ કે તેથી વધારે જેવો સમય હોય તે પ્રમાણે ધ્યાન કરવાથી મૂર્તિ સિદ્ધ થઈ ભગવાનની કૃપા થયે તેજાયમાન દેખાવા લાગશે. દરેકે પોતાના દૈનિક જીવનમાં થોડો સમય ધ્યાન

માટે ફાળવવો જોઈએ, અને એ માટે ધીરજ રાખવી અને દરેક ક્રિયા કરતા પૂર્વે મહારાજ સંભારવાની ટેવ પાડી દેવી જોઈએ. સભામાં જે કાંઈ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય, જે બળ મેળવ્યું હોય તેનો કેફ રાખી અંતર્વૃત્તિ કરતા શીખી લેવું. મગજને એવું કેળવવું કે ધ્યાન કરવા બેસીએ ત્યારે ભગવાન સિવાય બીજા કોઈ વિચારો ન આવે. અનાદિમુક્ત જ્યાં હાજર હોય ત્યારે એ સ્થાને ભગવાન પણ હાજર હોય, જેથી જે વક્તા બોલવા ઊભા થાય ત્યારે અનાદિમુક્તના પ્રભાવને લીધે તેઓથી યોગ્ય અને સરસ બોલાય. અનાદિમુક્ત પોતે સભા પાસે આશીર્વાદ માગી આપણને એવા નમ્ર બનવાનું પોતાના વર્તન દ્વારા શીખવે છે. મહારાજની વાણી સમજીને મોઢે કરવી અને મહારાજનું મનન-ચિંતન અને નિદિધ્યાસ કરી મૂર્તિ પાકી કરી લેવી. શુદ્ધ ભાવના રાખી કરેલા દાનથી મહારાજની મૂર્તિનું સુખ પ્રાપ્ત થાય છે.

## ૮

મને તો સર્વત્ર ઉપર-નીચે, આજુ-બાજુ ભગવાન સ્વામિનારાયણ અને તેમના મહા અનાદિમુક્તો સિવાય કંઈ જ જોવા મળતું નથી. એમની વચ્ચે આ સમગ્ર સભાનો સમાવેશ થઈ ગયો છે. આ સારીયે સભા દિવ્ય છે, તેજોમય છે. આ સભામાં કોનું સંબોધન કરું પહેલા અને કોનું ન કરું? તો સંબોધન કરવા જેવા કોઈ હોય તો એક ભગવાન સ્વામિનારાયણ. આ સભામાં મધ્યસ્થ બિરાજતા પરમ કૃપાળુ કરુણાસાગર મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન, મારા જ્ઞાનગુરુજી અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી જેમણે મને ભગવાન સ્વામિનારાયણને યથાર્થ સ્વરૂપમાં સમજાવ્યા, ઓળખાવ્યા, અનુભૂતિ કરાવી અને ભગવાન સ્વામિનારાયણ કેવા છે, તેમના મુક્તો કેવી રીતે સુખ લે છે એ બધું સમજાવ્યું, સાથે સાથે અનુભૂતિ પણ કરાવી. એ જ્ઞાનગુરુને પણ અત્યારે યાદ કરું અને સત્સંગી હરિભક્તોને વંદન કરી ખૂબ આનંદ અનુભવું છું.

જો શરૂ કરવાની કોઈ બાબત હોય તો તે ભગવાન સ્વામિનારાયણથી શરૂઆત કરવી જોઈએ અને ભગવાન સ્વામિનારાયણ પછી તેમના અનાદિ મહામુક્તો જે કામ કરી રહ્યા છે તેમને યાદ કરવા ઘટે. ભગવાન સ્વામિનારાયણ શા માટે પ્રગટ થયા? ભાગવતધર્મના પોષણ માટે, આત્યંતિક મોક્ષ કોને કહેવાય એ સમજાવવાને માટે, પોતાના સ્વરૂપમાં છે એવું દિવ્યત્તમ સુખ ક્યાંય નથી તે

સમજાવવાને માટે આવ્યા. સાથે સાથે લોકોને સત્યનો અને અહિંસાનો ધર્મ સમજાવ્યો, બ્રહ્મચર્યની સ્થાપના કરી, નિષ્કામધર્મને દૃઢ બનાવ્યો, નીચલા સ્તરથી માંડીને ઉપલા સ્તર સુધીના બધા લોકોનો સંપર્ક સાધીને તેમને ઉર્ધ્વગામી બનાવીને પોતાના સુખભોક્તા કરી દીધા. એમણે પૂર્વના અવતારો જેવું કામ કરવાનું રહ્યું નહોતું. તે કામ તો પતી ગયું હતું. એ કામ પતી ગયા પછી બાકી શું રહ્યું? તો ભગવાનના સુખમાં લઈ જવા માટેની પાત્રતા ઊભી કરી દીધી. કંસોને મારવા, મોટા યુદ્ધો જીતવા એ બધું તો ઍલેકઝાન્ડર ધ ગ્રેટ, નેપોલિયન જેવા માણસો પણ કરી ગયા. એ બધું મોટી વાત નથી. અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયમાં આવું તો ખૂબ ચાલે છે.

જેને આપણે ઐતિહાસિક રીતે મહાન કહીએ છીએ એવા એ નેપોલિયન અને ઍલેકઝાન્ડરની ભગવાન પાસે કોઈ જ ગણતરી નથી. ભગવાન સ્વામિનારાયણમાંથી આ તમામ વિદ્યાઓ પ્રગટ થઈ છે. એની કલ્પના ત્યારે જ આવે કે જ્યારે એ પ્રભુની દિવ્ય અનુભૂતિ થાય. ત્યારે આ લોકના બધા જ વૈજ્ઞાનિક ચમત્કારો, કાર્યો, ઐશ્વર્યો એ ક્ષુલ્લક લાગે. એમ થાય કે આવા કાર્યો તો એના સંકલ્પ માત્રે થાય છે. સ્વામિનારાયણ ભગવાને પૃથ્વી પર પ્રગટ થયા પછી કંઈ કરવાનું બાકી નથી રાખ્યું. જુઓ, એમણે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિથી શોભતા હજારોની સંખ્યામાં સંતો તૈયાર કર્યા. જો કે, નંદસંતોને તો અક્ષરધામમાંથી પોતાની સાથે જ લાવ્યા હતા. એ

પછી કેવા હોય! નંદસંતોને તો બીજાના કલ્યાણ કરવાને માટે લાવ્યા હતા. એમણે સમાજસેવાની સામાજિક પ્રવૃત્તિ કે આધ્યાત્મિક સેવા, સંગીત, કળા, સાહિત્ય, જ્ઞાન કે એવું કોઈ ક્ષેત્ર બાકી રાખ્યું નથી.

ભગવાન સ્વામિનારાયણે તો એમ કહ્યું કે શાહુકાર પાસે જેમ રાંક હોયને! એમ દેવો ભગવાન આગળ ગૌણ છે. ભગવાને તો બધાયને એક બાજુ મૂકીને એમ કહી દીધું કે હવે તમારે કોઈનું સ્મરણ કરવાની જરૂર નથી. માત્ર સ્વામિનારાયણ નામનું ભજન કરવું. મારા નામની અંદર બધા જ અવતારોના નામનો સમાવેશ થઈ જશે. એ ભગવાન સ્વામિનારાયણ આપણને ઓળખાયા. ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે જે રીતે હું ભગવાન સ્વામિનારાયણને જોઉં છું ત્યારે મને એમ લાગે છે કે ભગવાનનું પ્રાગટ્ય એ થોડા માટે નથી, પણ સારાય વિશ્વમાં ધીરે ધીરે પ્રસરી જશે અને એમણે એમ કહ્યું કે હજી તો પાંદડે-પાંદડે ભજન થશે. પાંદડે-પાંદડે ભજન કેવી રીતે થાય? સત્સંગ કરાવવો એ સિવાય કોઈ વિકલ્પ ખરો? પાંદડામાંથી સ્વામિનારાયણ - સ્વામિનારાયણ દિવ્ય નાદ નીકળે તો બધાને આશ્ચર્ય થાય કે આ શું? પણ મોટા પુરુષ - સત્પુરુષ બોલે છે એ વાક્ય કોઈ દિવસ ફરતું નથી. ત્યારે, જરૂર પાંદડે-પાંદડે ભજન થવાનું છે. એ એક સમયની વાત છે. સમય તો તમે જુઓને વૈરાજ પુરુષનો દિવસ અને રાત્રિ ગણો તો આપણો કોઈ મેળ ખાય ખરો? હું તો બધાયને કહું કે હવે તમે બધું જ છોડીને ભગવાન

સ્વામિનારાયણને અને એમના સંતોને વળગી પડો. ત્યાં તમને બધું જ મળી રહેશે.

હું તો સારાય સત્સંગના સંતોને કહું કે જ્યાં સારું મળે, ત્યાં જવામાં મુશ્કેલી ક્યાં? હનુમાનજીને મોતીનો હાર પહેરાવ્યો તો કહે મને જોવા દો. તો જે મોતીમાં રામનું નામ ન જડે એ ફેંકી દે એવી પતિવ્રતાની ભક્તિ હોવાને લીધે અત્યારે હનુમાનજીની પ્રતિષ્ઠા બધે ય થઈ રહી છે. માટે આપણે સર્વોપરી ભગવાન સ્વામિનારાયણના પતિવ્રતા ભક્તોને એવું જ હોવું જોઈએ કે ભગવાન સ્વામિનારાયણ સિવાય આપણી દૃષ્ટિમાં બીજું કાંઈ દેખાવું જોઈએ નહિ. અહીંયા જુઓ, ભગવાન સ્વામિનારાયણ જ દેખાય છે કે બીજું કોઈ? આપણે તુલસીદાસ જેવા બનવાનું. અરે! તુલસીદાસે ભગવાન કૃષ્ણને પણ કહી દીધું કે તમને આ મસ્તક નહિ નમે પ્રભુ! રામચંદ્રજી ભગવાનનું સ્વરૂપ ધારણ કરો, ધનુષ-બાણ હાથમાં લો, તો જ આ મસ્તક નમે, નહિતર નહિ નમે. એવા પતિવ્રતાના અંતરમાં કોઈ અસ્થિરતા આવે ખરી? અરે! કૃષ્ણભગવાને આનંદથી સ્વરૂપ બદલી નાખ્યું! તો આપણને તો રામકૃષ્ણાદિક અવતાર નહિ, પણ અવતારી એવા ભગવાન સ્વામિનારાયણ મળ્યા, તો પછી આપણી પતિવ્રતાની ટેક કેટલી હોવી જોઈએ? અરે! આભ તૂટી પડે તો ય શું? ગમે તેવા સંજોગો ભલે આવે. સંજોગો તો બદલાતા જ રહે. ભગવાનની કળ પ્રમાણે સંજોગો ન બદલાય? જરૂર બદલાય, પણ આપણી જે દૃઢતા, આપણું જે વલણ તે

ન બદલાય. જો એ બરાબર દૃઢ થઈ ગયું હોય તો સંજોગો એને શું કરે? આત્માને - ચૈતન્યને ક્યાં કંઈ અડવાનું જ છે? બસ એ રીતે દૃઢતા રાખવી.

જ્યાં ધર્મશુદ્ધિ હોય, ત્યાં વહીવટશુદ્ધિ હોય જ. કારણ કે ધર્મ વહીવટને અણીશુદ્ધ રાખે. વહીવટશુદ્ધિ ધર્મશુદ્ધિ વગર શક્ય નથી એ હકીકત છે. મને તો એક જ વાત આવડે કે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપમાં રહેવું. બીજું કાંઈ આવડે નહિ. આડું-અવળું બોલાય, એક વાત પહેલા બોલાય ને એક વાત પછી બોલાય. પણ એક વાત તો નક્કી કે ભગવાનની કૃપા એવી છે કે એનું સ્વરૂપ મને એક ક્ષણ પણ ભૂલવા દેતા નથી. એવી કૃપા આપણા બધા ઉપર વરસી છે. નિર્ગુણદાસજી સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે સ્વામી! મને કેમ સમાધિ નથી કરાવતા મહારાજ? ગોપાળાનંદ સ્વામી કહે, સ્વામી! સમાધિ બે પ્રકારની છે. એક છેવટની સમાધિ અને એક નજીકની સમાધિ. જે બીજાને કરાવીએ છીએ એ નજીકની સમાધિ છે. કારણ કે, એ નજીકની સમાધિ જ જીરવી શકે અને તમને સમાધિ કરાવીએ તો એ છેવટની સમાધિ થાય તો તમે તો એ જીરવો એટલે એમાંથી નીકળો જ નહિ. પછી આ કામ કોણ કરે?

હવે આ આખી દિવ્યસભાને હું કોટાનકોટી વંદન કરી અને ખૂબ આનંદ અનુભવું છું અને મહારાજને પ્રાર્થના કરીને આ દિવ્યસભાને પ્રાર્થના કરું છું કે જે જાતનો રાજીપો અને પ્રસન્નતા ભગવાન જાળવી રાખે છે એવું સદાય જાળવી રાખે એવો આ દિવ્યસભાનો

રાજીપો ઈચ્છું છું અને એવી એમને પ્રાર્થના કરું છું. હું મારી વાત પૂરી કરું છું, બધાયનો રાજીપો ઈચ્છીને વિરમું છું.

જય સ્વામિનારાયણ!

**સારાંશ**

અનાદિમુક્ત દરેક જીવોના ચૈતન્યને દિવ્ય રીતે જ જુએ છે. દરેક જીવમાં તેમને ભગવાનના જ દર્શન થાય છે. સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં છે તેવું દિવ્યત્તમ સુખ બીજે ક્યાંય નથી. સ્વામિનારાયણ ભગવાન તથા તેમના અનાદિમુક્ત ભાગવતધર્મનું પોષણ કરવા અને આત્યંતિક મોક્ષ શું છે તે સમજાવવા પૃથ્વી પર પ્રગટ થાય છે. સ્વામિનારાયણ ભગવાનમાંથી જ બધી જ વિદ્યાઓ પ્રગટ થાય છે. એ અનુભવે જ ખબર પડે છે. એમની સામે વિશ્વના બધા જ ચમત્કારો, કાર્યો, ઐશ્વર્યો ક્ષુલ્લક ભાસે છે. સર્વોપરી પરમાત્મા પૃથ્વી પર પ્રગટ થાય ત્યારે બધા જ ક્ષેત્રમાં કાર્યો સંપન્ન કરે છે. પૂર્ણ પુરુષોત્તમ મળ્યા પછી તેમના નામમાં બધા નામનો સમાવેશ થઈ જાય છે. માટે પતિવ્રતાની ભક્તિ દઢ રાખવી.

ભગવાનને ઓળખાવવાની સેવા બજાવવાની જવાબદારી દરેકની છે. અનાદિમુક્તની દરેક વાત ભગવાનને અનુલક્ષીને જ હોય. તેઓ એક ક્ષણ પણ ભગવાનની મૂર્તિ ભૂલતા નથી. અનાદિમુક્ત વિનમ્રતાની પરાકાષ્ઠારૂપ હોય છે. બીજા જીવોને શીખવવા પોતે

સભા પાસે 'રાજીપો ઈચ્છું છું'. એવા વચનો બોલી બીજાને પોતાના વર્તન દ્વારા નમ્ર બનવાનું શીખવે છે.

# ૯

શ્રીજીમહારાજના અનાદિમુક્તોની આ દિવ્યસભાને હું કોટાનકોટી વંદન કરું છું.

જ્યાં મહારાજ, ત્યાં અનાદિમુક્ત અને અનાદિમુક્ત ત્યાં મહારાજ. મહારાજે આજના દિવસને એવો તો આકર્ષક - ચિત્તાકર્ષક - ચિત્તનિરોધક એવો સરસ બનાવ્યો છે. એનો પ્રતાપ જ એક ચમત્કાર છે. આ દિવસ કોનો? અનાદિ મુક્તરાજ સોમચંદબાપાની પુણ્યતિથિનો દિવસ. વચનામૃતજયંતી બે દિવસ સુધી થઈ. જેમ બે અગિયારસ હોય છેને? ગઈ કાલે પણ હતી અને આજે પણ છે. વચનામૃતની તો વાત જ જુદી છે. એ તો શ્રીમુખવાણી. મુક્તના પરચા છે એ પણ શ્રીજીમહારાજના જ છે. જેમ રામકૃષ્ણભાઈએ તથા ગોવિંદભાઈએ એમની વાતમાં કહ્યું એમ જે કંઈ પરચા-ચમત્કાર કે દિવ્ય પ્રભાવ દેખાય છે એ કેવળ શ્રીજીમહારાજના જ છે. મારે તો ભગવાનને વિશે કેવળ પ્રેમ જ હતો. હવે એ પ્રેમ જ હોય તો શું ખબર પડે? કોઈ વસ્તુ જ ન ગમે. મુક્તોના અંગ (પ્રકૃતિ) જુદા જુદા હોયને? એ અંગની વાત કેટલીકવાર મહારાજના મુક્તો એટલા માટે કરતા હોય છે કે તે ઉપયોગી હોય અને જીવનમાં બધાયને સ્પર્શે. એવી ઘણી વાતો મુક્તોએ કરેલી પણ છે.

સોમચંદબાપા પાસેથી કેટલીક વિગતો મેં પૂછી પૂછીને કઢાવી અને એમણે સત્ય પણ કહેલી. મેં કહ્યું, તમારા

જીવનનો એકાદ પ્રસંગ તો કહો તો ભવિષ્યમાં કામ આવે. તો કહે જુઓ, હું એકવાર બધું કામ કરીને પછી આખડતો પાખડતો ગમે એમ કરીને ઘરે આવ્યો. રસ્તામાં રાત પડી ગઈ હતી. કંઈક કામ હતું. લાંબી વાત તો કરે નહિ. બાપા પાસે આવી પહોંચ્યા અને બાપાશ્રી તેની રાહ જોઈને આમ બેસી રહેલા. જેમ મા પોતાનો દીકરો મોડો પડે ને રાહ જુએ, એમ રાહ જોતા હતા. બાપા કહે, અહોહો! આટલું બધું મોડું કર્યું? હું તો ક્યારનો ય વરસાદની જેમ રાહ જોઉં છું. ચિંતા થતી હતી કે આ છોકરો કેમ મોડો પડ્યો? પછી એમણે (સોમચંદબાપાએ) કહ્યું કે બાપા! તમે તો અંતર્યામી છો એમાં કોઈ શંકા નથી. અને તમે આમ બધી લીલા બતાવીને એમ કહ્યું કે તું કેમ મોડો પડ્યો? તમે બધું જાણો છો ને હું કહું એ સારું કહેવાય? ત્યારે બાપાએ સમજાવવા માટે એમ કહ્યું કે જુઓ, હું પૂછું ત્યારે ભલે હું બધું જાણતો હોઉં તો પણ તારે મને બધું કહી દેવાનું. બાપા! એમ કેમ? એનું શું કારણ? તો બાપાએ કહ્યું જુઓ, આ જે હું જાણતો હોઉં તો તું એમ ધારે કે હું બધું જ કહી દઉં, તો આશ્ચર્યો ઊભા થાય. આવા આશ્ચર્યોની અપેક્ષા બધાય રાખે. ત્યારે હું જો મારું અંતર્યામીપણું ઢાંકુ નહિ તો ભગવાનની મૂર્તિમાં જોડાવાને બદલે ઐશ્વર્યોમાં જોડાઈ જાય. એને ઐશ્વર્યો જ માફક આવે. અને પછી ભગવાન કે મુક્ત ઐશ્વર્ય ન બતાવે તો મનુષ્યભાવ આવી જાય. એ મનુષ્યભાવ જેવી બૂરી ચીજ એકે ય નહિ

કોઈએ ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન કરેલો કે સ્વામી! તમને કોઈના વિશે કોઈ દિવસ મનુષ્યભાવ આવેલો ખરો? કોઈ સંતપુરુષને વિશે? તો સ્વામીએ એમ કહ્યું કે સંતપુરુષને વિશે તો નહિ, પણ કોઈને વિશે મનુષ્યભાવ નથી આવતો. પછી એને એમ થયું કે કોઈને વિશે એટલે ગમે તેવો હોય, પંચ વર્તમાન પાળતો ન હોય બરાબર, સરખો ન હોય તો ય એના વિશે ય સ્વામીને મનુષ્યભાવ ન આવે? એ તો વિચારમાં પડ્યા. સ્વામી નજરે જોતા હોય કે બરાબર નથી અને એના વિશે મનુષ્યભાવ ન આવે? તો સ્વામીએ મનુષ્યભાવનો અર્થ સમજાવ્યો કે જો ભાઈ, સાધનદશામાં જરૂર મનુષ્યભાવ આવે. દિવ્યભાવમાં કોઈ દિવસ કોઈને વિશે મનુષ્યભાવ નથી આવતો. મનુષ્યભાવ એટલે મનુષ્ય જે પાપકર્મ કરે છે એ પાપકર્મ અનાદિમુક્તો નજરે જુએ છે, એને ખબર પડે છે, એનું અંતર એને દેખાય છે. જેમ અરીસામાં આપણું પ્રતિબિંબ દેખાય છે, એમ ભગવાનના અનાદિમુક્તોને દરેકે દરેકનું અંતર જો જાણવાને ઇચ્છે તો એવું ને એવું દેખાય. આપણે આ ઘડીએ જે વિચારવાના છીએ ને બીજી ઘડીએ જે વિચારવાના છીએ એ ય ભગવાનના પ્રતાપે એમના જાણ્યામાં આવે છે.

મનુષ્યભાવનો અર્થ એ કે દેખાય બધું, પણ એનું જાણપણું રહે. પણ એના વિશે તિરસ્કાર કે અભાવ આવે નહિ. એ મનુષ્યભાવનો છેલ્લો અર્થ છે. અનાદિમુક્ત જે ભગવાનની મૂર્તિમાં રહેતા હોય એના વિશે મનુષ્યભાવ ભૂલેચૂકે ય ન લાવવો. એક દાખલો

આપું કે ગોપાળાનંદ સ્વામીના પટ્ટશિષ્ય મહાનુભાવાનંદ સ્વામીના દર્શન કરવા હળવદ ગયા. સ્વામીના એક બીજા પણ શિષ્ય હતા. બેની જોડ હતી. સ્વામીને કહ્યું કે સ્વામી, અમે મહાનુભાવાનંદ સ્વામીના દર્શને જઈએ છીએ. સ્વામીશ્રી મહાનુભાવાનંદ સ્વામીની પ્રશંસા કરતા, તેમના ગુણોની પ્રશંસા કરતા એટલે આ સંતોને તેમના દર્શનની ઈચ્છા થઈ અને ગયા. મહાનુભાવાનંદ સ્વામી આ સંતોને આવેલા જોઈ એકદમ ઊભા થયા કહે, 'અહો!' એમ કહીને ભેટ્યા, આવકાર્યા. પછી એમની વૃત્તિ મહારાજે ખેંચી લીધી અને તેઓ જમવા બેસી ગયા. તેઓ એક પિત્તળની થાળીમાં જમતા હતા અને એ ભૂલી ગયા કે આ સંતો આવ્યા છે. આ સંતો હજી સાધનદશામાં હતા તો પોતે અપમાનિત લાગ્યા કે 'અરે! આ સ્વામી પાતરમાં જમતા નથી, પિત્તળની થાળીમાં ખાય છે. હમણા આપણને ભેટ્યા પછી થઈ રહ્યું. આપણે જાણે છીએ જ નહિ, આપણી તો પડી જ નથી અને પોતે જમવા બેસી ગયા! અરે! આમને શું ભેળા થઈએ (મળીએ) મૂકોને વાત? અહીં આવવાથી શું ફાયદો? એમ વિચારી તેઓ તો તરત પાછા જ વળ્યા. હજી મહારાજના દર્શને ય ન કર્યા. તાનમાં ભૂલી ગયા અને સીધા પાછા વળી ભાગવા જ માંડ્યું. એટલામાં મહાનુભાવાનંદ સ્વામીએ મહારાજને જમાડી લીધા. સ્વામી શિષ્યને કહે, 'પેલા સંતો આવ્યા હતા તેમને જમાડ્યા, ક્યાં બેસાડ્યા, શું કર્યું?' તો પેલા શિષ્ય કહે, 'સ્વામી! શું કરે? તમે એવું કાંઈ કહ્યું નહોતું.' સ્વામી કહે,

'અરે! કંઈ અક્કલ છે? હું તો મહારાજને જમાડવામાં મૂર્તિ દેખાતી હતી એટલે ભૂલી ગયો, પણ તારી બુદ્ધિ ક્યાં જતી રહી હતી? તારે બેસાડીને જમાડવા જોઈએને?' તો પેલા શિષ્ય કહે, 'સ્વામી! તમે કંઈ બોલ્યા નહિ તો મારે શું કરવું?' સ્વામી કહે, 'અરે! જા જા દોડ. જ્યાં હોય ત્યાંથી લઈ આવ. નહિતર અપરાધ થઈ જશે અને મહારાજ વઢશે અને ઠપકો આપશે.' પછી બધાને દોડાવ્યા, પણ પેલા સંતો એટલું બધું દૂર નીકળી ગયેલા કે હાથ આવ્યા નહિ. પછી સંતો પોતાને સ્થાને પહોંચ્યા. આવીને સ્વામીના આમ તેમ દર્શન કર્યા, પણ બીજી વાત કરી નહિ. એમને એમ થયું કે સ્વામીને આવું શું કહેવું? એટલે મગજમાંથી વાત કાઢી નાંખી.

એમ કરતાં છ મહિના થયા. ત્યારે ગોપાળાનંદ સ્વામીની ઈચ્છાથી ચૈતન્યમાં મહારાજના દર્શન થતા હતાં તે બંધ થઈ ગયા. મૂર્તિ દેખાતી બંધ થઈ ગઈ. ધ્યાન કરે તો ય મૂર્તિ ન દેખાય. મૂર્તિ ન દેખાય ને બીજું દેખાય. જે ન જોવાનું હોય એ દેખાય. તો પછી બંનેને એવું થયું. તે બે સંત સાથે હતા. કે આ શું થાય છે? તમને સારું ધ્યાન થાય છે? તો કહે, મને ય એવું થાય છે. બે ય જણાને એમ થયું કે આવું કેમ થાય છે? મહારાજની મૂર્તિ દેખાય નહિ એ કઈ જાતનું? પછી મૂંઝાણા એટલે ગોપાળાનંદ સ્વામીને વાત કરી કે 'સ્વામી! આવું કેમ થાય છે? શું કારણ? અમે કોઈ આજ્ઞા લોપતા નથી. ધર્મ-નિયમેયુક્ત રહીએ છીએ અને આ શું વળી?' તો સ્વામી કહે, 'ક્યારથી થાય છે!' તો કહે, 'લગભગ છ

મહિનાથી થાય છે.' સ્વામી કહે, 'અચ્છા. એવું કંઈ તમને યાદ આવે છે કે તમે કંઈ ખોટું કર્યું હોય? તો કહે, 'ના સ્વામી! અમે કંઈ ખોટું નથી કર્યું.' સ્વામી કહે, 'ના, ના ખોટું કર્યું હશે.' પછી તરત જ કહ્યું કે 'તમે મહાનુભાવાનંદ સ્વામીના દર્શન કરવા ગયા હતા?' સંતોએ કહ્યું, 'હા, ગયા હતા.' પછી એમણે વાત કરી કે એ સ્વામી પિત્તળની થાળીમાં જમતા હતા અને એટલે એમને વિશે સંકલ્પ થયો હતો. સ્વામી કહે, 'અરે મુરખ! જમાડનારે ય મૂરખ અને જોનારા ય મૂરખ. એમને તો પારસની થાળીમાં જમાડો તો ય ઓછું છે. કારણ કે, તેમના મુખે જમનારા મહારાજ છે. એ પાતર તો તારા માટે છે, એમના માટે નહિ. તું પાતરમાં ખાઈશ ત્યારે મહારાજ દેખાશે. આવો સંકલ્પ કર્યો એમાં આમ થાય છે.' પછી તો બહુ જ કહ્યું. ઉઘાડે પગે જા અને સ્વામીની માફી માગ તો મૂર્તિ દેખાશે. ઉનાળો હતો તેમાં ઉઘાડા પગે ગયા તો પગમાં ફોલ્લા પડી ગયા. પછી મહાનુભાવાનંદ સ્વામીએ પોતે તેલ વગેરે ચોપડીને સારવાર કરી. પછી સ્વામી કહે, 'ગોપાળાનંદ સ્વામી દયાળુ થઈને કેમ આટલા બધા આકરા થઈ ગયા? તમને આમ મોકલ્યા?' પછી સંત કહે, 'આપના વિશે આવો સંકલ્પ થઈ ગયો હતો એટલે મૂર્તિ દેખાતી બંધ થઈ ગઈ.' સ્વામી કહે, 'ભલે થઈ ગયો. જાવ માફ બધું. આવો ભેટીએ' પછી ભેટ્યા એ ભેગી જ મૂર્તિ દેખાણી.

એટલે કહેવાનો અર્થ એ છે કે મનુષ્યભાવ ભગવાનના મુક્તો-સંતો વિશે કે કોઈના વિશે કરવો

નહિ. જાણપણું રાખવું, પણ અભાવ લેવો નહિ. કારણ કે એ એની મેળે સુધરેને? ઉત્ક્રાંતિ એક દિ'માં થઈ જાય, રાતોરાત થઈ જાય? વાર લાગે થોડી. સત્સંગ કરતાં કરતાં અંતે ભગવાન એની એવી સ્થિતિ કરશે. અરે! બાપાની વાતમાં છે કે કોઈકે પૂછ્યું કે બાપા! ધર્મ-નિયમે યુક્ત હોય, પંચ વર્તમાન પાળતો હોય, પણ ઉપાસનામાં કચાશ હોય તો એની શી ગતિ થાય? તો બાપાએ પોતે કહ્યું છે કે ભગવાન સ્વામિનારાયણ જે બ્રહ્માંડમાં પ્રગટ હોય અને અનાદિમુક્ત વિચરતા હોય તે જોગમાં એને મૂકે અને એના લીધે એનું અજ્ઞાન ટળી અને ઉપાસના પરિપક્વ થઈને ભગવાનના સુખમાં પહોંચે. કેટલા દયાળુ! કરુણાસાગર વિશે પ્રશ્ન પૂછ્યો ત્યારે આવો ઉત્તર કર્યો. કે તમારો કરુણાસાગરનો એક દાખલો તો દો! આ કરુણાસાગર. પોતાની દૃષ્ટિમાં આવે એટલે કામ કરી નાંખે.

સોમચંદબાપાને યાદ કરતાં ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, પર્વતભાઈ, દાદાખાચર બધા જ મુક્તો આંખ સામે આવે. આ સભામાં એમના જે ગુણગાન ગાયા તેથી અત્યંત આનંદ થાય છે, તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું. ઘણી જ વાતો છે, પણ એક વાત કહું કે સોમચંદબાપાનું વ્યક્તિત્વ અનોખું લાગે. અને એમના વિચરણ જેવો હજી સુધી કોઈ દાખલો થયો નથી. ભગવાન વિવિધ સમયે મુક્તોના અંગ (પ્રકૃતિ) અલગ અલગ રાખે છે. એ અંગોની વાતો કરુંને તો કલાક થઈ જાય, પણ મઝા આવે. હજીયે ઊભા થાવ

નહિ. બરોબર? એ સોમચંદબાપા તે આપણા ગુરુદેવ સમાન અને ભગવાનની મૂર્તિના સુખમાં મૂકી દેનાર બાપાશ્રી આપણા ગુરુવર્ય જ્ઞાનગુરુજી. એથી આગળ વધીને શું કહીએ? પણ ભગવત્સ્વરૂપ સ્વામી કહેતા કે બાપા એટલે બાપા. મેં પૂછેલું કે તમને સુખ કોણે અપાવ્યું? સ્વામી કહે, 'અરે! મૂર્તિ ત્રણેય અવસ્થામાં દેખાતી હતી, પણ સુખ ભોગવાવું જોઈએને? તે નહોતું થતું. તે બાપાએ કર્યું.' મેં કહ્યું, 'તમે હવે એવું કરી શકો?' તો કહે, 'ના. એ વાત ન થાય. એ સુખ શું છે તે વાતો કરીએ, પાત્ર કરીએ, પણ બાપા જેવું કામ ન થાય.' તે સ્વતંત્ર મુક્તદશા બતાવતા હતા. એટલે અનાદિમુક્તની વાત જુદી છે. આ સોમચંદબાપાની તિથિનો દિવસ અને એક અબજીબાપાનો પ્રાગટ્યદિન આ પ્રસન્નતાના દિવસો છે. કારતક સુદ એકાદશીનો દિવસ છત્રીએ ઉજવીએ છીએ. બાપાની વાત બહુ ન્યારી છે. એ મૂર્તિની વાત ન્યારી એટલે ન્યારી.

વાત પતી ગઈ? બસ, બધા મુક્તો ખૂબ રાજી રહેજો.

આ સભામાં જે વાતો થઈ, જે પ્રવચનો થયા એવા બીજી સભામાં થાય? એવા થાય જ નહિ. બીજી સભામાં તો શું બોલવું અને શું નહિ એ જ વિચાર આવે. બરોબર? કારણ કે બધાને સાચવવાના અને અહીં તો એક જ વાત કે મહારાજની મૂર્તિ. ચૈતન્યને મુક્ત કરી દીધો. હવે બીજી વાતો ક્યાં કરવાની હોય? આમાં જેવો આનંદ આવે તેવો બીજી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય,

ભક્તિની વાતો એ ઉપયોગી છે, પણ આવો આનંદ ન આવે. કારણ કે એ સાધન છે અને મૂર્તિની વાતો એ સાધ્ય છે. સાધનની વાતોમાં કોને રસ ન મળે? જે મૂર્તિના આનંદ માટે ઝંખતો ન હોય એને સાધનદશાની વાત બહુ ગમે. બધા રાજી રહેજો.

## સારાંશ

અનાદિમુક્ત સાથે મહારાજ સદાય હોય જ છે. દરેક મુક્ત પોતાના અંગ જુદા જુદા એટલા માટે રાખે છે કે જીવોના અંગ પણ જુદા હોવાથી દરેકને એ ઉપયોગી બને. અનાદિમુક્ત અંતર્યામી હોવા છતાં તેઓ જ્યારે કંઈક પૂછે, ત્યારે જવાબ આપવો. તેઓ દરેક વખતે અંતર્યામીપણું બતાવે તો જીવો મહારાજને મૂકી તેમનામાં જોડાય, માટે તેવું કરતા નથી. અનાદિમુક્તને વિષે મનુષ્યભાવ જીવનું બગાડી નાંખે છે. કોઈ જીવને વિષે પણ મનુષ્યભાવ લાવવો નહિ. સાધનદશામાં મનુષ્યભાવ આવે, પણ દિવ્યભાવમાં કોઈ વિષે મનુષ્યભાવ આવતો નથી. દિવ્યભાવમાં બધું જ જાણતા હોવા છતાં તિરસ્કાર આવતો નથી. જીવની ઉત્ક્રાંતિ ધીમે ધીમે જ થાય. તે ઉત્ક્રાંતિમાં ઝડપથી આગળ વધવા કોઈના વિશે મનુષ્યભાવ લાવવો નહિ.

ઉપાસના પરિપક્વ થાય પછી જ જીવ મહારાજના સુખમાં પહોંચે. ઉપાસના કાચી હોય ત્યાં સુધી મહારાજ જે બ્રહ્માંડમાં પ્રગટ હોય ત્યાં જન્મ ધરાવી મુક્ત દ્વારા અજ્ઞાન ટાળી પછી સુખમાં મૂકે એ એમની કરૂણા.

અનાદિમુક્ત જ જીવને મહારાજના સુખની પ્રાપ્તિ કરાવી શકે છે. બીજા કોઈથી એ વાત બનતી નથી. અનાદિમુક્ત બિરાજમાન હોય એ સભામાં મૂર્તિની જ વાતો થતી હોવાથી જીવોને વિશેષ આનંદ આવે છે.

## ૧૦

સહજાનંદ સ્વામી મહારાજની જય! બાપાશ્રીની જય!

શ્રીજીમહારાજ અને બાપાશ્રીએ આપણને આશીર્વાદ આપ્યા કે તમને મૂર્તિમાં રાખ્યા છે. બેંકમાં પૈસા પડ્યા હોય, પણ જ્યારે આપણને મળે ત્યારે સુખ આવેને! એમ આપણો ચૈતન્ય છે તેને ભગવાને પોતાના સુખમાં રાખ્યો છે, પણ બાધિતાનુવૃત્તિ એટલે હજી પાત્રતા નથી. એટલે આપણને સુખનો અનુભવ થતો નથી. જેમ બેંકના પૈસા હાથમાં આવે તો તેનો ઉપયોગ થઈને આનંદ આવેને, તેમ આપણા ચૈતન્યને હજી સુખનો અનુભવ થતો નથી, પણ આપણને રાખ્યા છે ખરા. એ પાત્રતા થાય ત્યારે સુખનો અનુભવ થવા માંડે બસ. પછી આવરણ હટી જવા જોઈએ. ત્યારે આવરણ સહિત ભગવાને પકડીને પોતાના સુખમાં રાખ્યા છે. એટલે આપણને નિર્ભય કરી દીધા કે હવે તમે ચિંતા ન કરશો. એટલે ભગવાનને એમ કહે કે મહારાજ, આ ક્યારે થાય? ત્યારે મહારાજ કહે કે અંતકાળે તો જરૂર એ સુખનો અનુભવ કરાવશું. એ પહેલા જો પાત્ર થશો તો એ પહેલા પણ કરાવશું. પણ પાત્ર નહિ થાઓ ત્યાં સુધી આ દેહના સુખ-દુઃખ છે તે અમારી ઈચ્છાથી તમારે ભોગવવાના રહેશે. પણ અંતકાળે અમે બધું પૂરું કરી નાંખશું, માફ કરી દેશું. કારણ કે તમે અમારા શરણે આવ્યા છો, માટે તમારું બધું સમાપ્ત કરીને આવરણ

હટાવી દેશું અને આવરણ હટી જશે એટલે સુખનો અનુભવ થશે.

આપણો જે ચૈતન્ય છે તે આવરણોથી ઘેરાયેલો છે, છતાં પણ ભગવાને પોતાની પાસે આકર્ષણ કરીને પોતાના સુખમાં રાખ્યો છે. એ કૃપાળુ છે, હવે કૃપા એ જબરજસ્ત વાત છે. માટે ચૈતન્યને આકર્ષણ કરીને પોતે રાખે છે. એ ચૈતન્ય સુખમાં છે, પણ એ શ્રદ્ધા બરોબર રાખવાની. એ શ્રદ્ધા એવી રાખવાની કે આપણને ભગવાને સુખમાં રાખ્યા છે. એ મનન સતત રહેવું જોઈએ, પણ એમ થાય કે હું હોઈશ કે નહિ? એ સંશય થયો તો 'સંશય આત્મા વિનશ્યતિ' એમ લખ્યું છે ને ગીતામાં? સંશય નહિ થવો જોઈએ. ભગવાને આશીર્વાદ આપીને સુખમાં રાખ્યા પછી વિચાર કરીએ કે રાખ્યા હશે કે નહિ? તો માણસ જેટલો ય વિશ્વાસ ન કર્યો. એમાં તો એવું થયુંને, બીજું શું થયું? હા, પણ એવું ન થવું જોઈએને! માણસમાં વિશ્વાસ રાખીએ છીએ. કોઈક સારો માણસ હોય એકદમ. આપણા પરિચયમાં આવ્યો હોય, આપણને એમ લાગે કે આહા! સો ટકા સોના જેવું પ્રામાણિકપણું છે. તો વિશ્વાસ રાખીએ છીએ કે નહિ? તો ભગવાનમાં કેમ ન રાખીએ? એ કંઈક બોલે તો કરીએ. આપણે કોઈકને કહીએ કે હું આમ કરીશ તો આપણે કરીએ છીએને! વિશ્વાસ થઈ જાય છે. તો પરમાત્મામાં વિશ્વાસ કેમ ન રાખીએ? એમ કહે છે કે પોતે સુખમાં રાખ્યા છે. તેથી એમ માનવું, નિશ્ચય રાખવો બરોબર!

દાખલા તરીકે તમે લાયક ન હો, પણ તમારા પર

રાજી હોઈએ તો ભલે કાંઈ કામ ન હોય, પણ તમને રાખ્યા કંપનીમાં. ચાલો રાખી દઈએ છીએને! ભલે કાંઈ આવડત ન હોય, પણ પાંચ માણસ રાખવા હોય એટલે એમ થાય કે ભલે બેસી રહે અને કાંઈ કામ ન કરે, અને કાંઈ ન આવડે બરોબર! તો ય પગાર આપે છે. તેમ ભગવાનના છે તેને ભલે પાત્રતા ન હોય તો પણ એને શરણે ગયા, એના વિષે હેત રાખ્યું. હે પ્રભુ! તારા શરણે છીએ, તું તારા શરણમાં અમને રાખજે, તારામાં અમે વિશ્વાસ મૂકશું કે તું પાપ થકી રહિત કરીશ, તારા સુખને પમાડીશ. મહારાજ કહે ભલે! આપણને એ સુખમાં રાખ્યા છે. આ રીતે હવે એની દયાએ પૂરું કરતાં એને આવડે છે. આવરણો હટાવવા એ તો દૃષ્ટિમાત્રમાં ખસી જાય. જેમ પ્રકાશ આવે તો અંધકાર ન હટી જાય? હટી જાય. એમ પોતાના સંકલ્પ ભેગા જ આવરણો હટી જાય અને ચૈતન્યદેહ બની જાય અને ભગવાનના સુખમાં રહે. અને એ ચૈતન્ય દિવ્યદેહ ધારણ કરે છે; સાકાર. એ દિવ્યદેહ અને આ માયિક દેહમાં કોઈ મેળ નથી. બધું જુદું. ત્યાં કોઈ એવો માયિક હાથ-બાથ, બીજું-ત્રીજું કાંઈ, કોઈ એવી વસ્તુ જ નથી. એક એ સુખ જ છે. અને તે ભગવાનના સુખમાં રહે છે. ત્યારે આમ મનન કર્યા કરવું કે ભગવાનના સુખમાં જ છીએ.

એક ભક્ત હતા તે કહે મને ભગવાનની મૂર્તિ નથી દેખાતી અત્યારે હવે. કારણ કે એવું દુઃખ હશે. એ વખતે ન સાંભરે એવું બને, યાદ ન આવે એવું ય

બને. મેં કહ્યું તમને મૂર્તિ નથી દેખાતી, પણ ભગવાન તો તમને દેખે છેને? ભગવાન તમને દેખે છે તેમ રાખો. ભલે, ભગવાન મને દેખે છે. મહારાજે મને એના સુખમાં રાખ્યો છે બસ. એ વખતે એ જ મનન કરવાનું, પણ બીજું મનન નહિ કરવાનું. બરોબરને? ભલે તે ન સાંભરે બીજી શું જરૂર છે? આ  જ મનન. એકરૂપ થઈ જવાનું બસ! હું એ સુખમાં જ છું બસ! એટલે પછી આપોઆપ જ દિવ્ય પ્રકાશ અજવાળું થઈ જશે. જ્યારે દેહમાંથી નીકળવાનું થાયને! ત્યારે ખબર જ નથી પડતી. એટલે સુખમાં જ લાગીએ છીએ. એટલે બધું ભૂલી જવાય છે. હું આવો હતો ને મંદવાડ, દુઃખ ને બધું હતું, એમ કાંઈ સ્મૃતિ રહેતી નથી. સનાતન દિવ્ય સુખમાં આમ જ છું એમ જ લાગે છે. કોઈ દુઃખ કે પૂર્વજન્મના દુઃખો યાદ આવે છે? તો દિવ્યજન્મ થતાં તો આવા કોઈ જ દુઃખો યાદ આવતા નથી. એ વિશિષ્ટતા છે. એ ક્યારે મળે? શ્રદ્ધા, શ્રદ્ધામાં ફેર પડવો જોઈએ નહિ. ઢચુ-પચુ થઈ જાય તો એ બરાબર ન કહેવાય, પણ ઢચુ-પચુ કરવું જ શું કામ પડે? એમ ઢચુ-પચુ કરવાથી ફાયદો શું? મને સમજાવો. માણસો ઢચુ-પચુ કરે છે. હું એમ કહું છું તમને ઢચુ-પચુ કરવાથી ફાયદો તો થતો નથી. ઉલટો ગેરફાયદો થાય છે. તો ઢચુ-પચુ કરીએ જ શા માટે? વિશ્વાસ કેમ ન આવે?

ભગવાનના મુક્તો દ્વારા ભગવાન બોલે છે અને કહે છે કે મારા શરણે હવે તું આવ્યો, માટે તારા બધા સંશયો દૂર કરી દે અને એમ જ રાખ કે બસ મને

ભગવાને એના સુખમાં, એના સાંનિધ્યમાં રાખ્યો છે. પછી ક્યાં વાંધો છે? એમ સતત એ ચિંતનમાં, આનંદમાં રહેવું જોઈએ. એક એક ઘડી આનંદમાં વર્તાવી જોઈએ. કેટલાય જન્મથી અશ્રદ્ધા કરતા આવ્યા છીએ એટલે એવું ઢચુ-પચુ થાય છે. એવો સ્વભાવ પડી જાય છે. સંશયી સ્વભાવ થઈ જાય છે. બધા મનુષ્યનું એવું છે. ઠેકાણું જ નથી. સંશય કર્યા જ કરે, નવરા બેઠા ઘાટ કરે, મન એવું સાવ નીચ છે તે આખો દહાડો નવરું હોય તો વિચાર કર્યા જ કરે. ન કરવાના વિચાર કરે. તો પછી આવો પણ વિચાર કરે, ત્યારે એવો વિચાર નહિ કરવાનો. આપણું પૂર્ણકામ થઈ જ ગયું છે. માટે અધૂરું નથી. પૂરું જ થઈ ગયું છે, પણ એમાં એક ઢચુ-પચુ નહિ કરવાનું. બસ, પછી જુઓ એ સુખમાં કેવો આનંદ આવે છે! ત્યારે એમાં રહ્યા છીએ પછી શી કડાકૂટ? હવે શા માટે સંતાપ કરીએ? આપણે બધા જ એ સુખમાં છીએ. હવે જુદા તો પડવાનું નથી, બીજા જીવોની જેમ. જેને ભગવાન નથી ઓળખાયા એ બધા જીવો અત્યારે આ દુનિયામાં સાથે રહે છે, પણ જેવા દેહથી જુદા પડે છે ત્યારે કોઈ ક્યાંય ને કોઈ ક્યાંય. આપણે તો ભગવાનના સ્વરૂપમાં જ રહેવાનું. તરત જ ખબર પડે છે કે ભગવાનના મુક્તો ભગવાનના ધામમાં આવ્યા. બરોબરને! એવું જાણપણું પણ રહે છે. તો પછી આપણે જુદા પડવાનું નથી.

ભગવાનમાં દિવ્યદૃષ્ટિ થાય એને બધું દિવ્ય લાગે. દિવ્ય જ જણાય. બધું દિવ્ય કેવું હોય? કેમ અનુભવ

થાય? એ તો માણીએ તો જ ખબર પડે. ગોળ ખાધો ન હોય કોઈ દી' તો ગોળનું વર્ણન કરે, પણ ગોળનો સ્વાદ આવે? એ તો ખાઈએ ત્યારે જ અનુભવ થાયને કે ગોળ આવો હોય! ગમે એવું વર્ણન કરે, પણ શું ખબર પડે? ગોળ ખાધો જ ન હોય તો; ખાવો જ પડે. એમ આ દિવ્ય વસ્તુ કેવી છે એનું વર્ણન કરે ક્યાં પાર આવે? એ તો જ્યારે એનો સ્વાદ આવે, ત્યારે જ ખબર પડે કે આમ છે. એ અનુભવ-સ્વાદ એટલે આપણને અનુભવ કરાવે. માટે એવી શ્રદ્ધા પાકી રાખવી તો પૂરું થઈ જાય. નહિ તો એના જેવું, એકવાર છોટાભાઈ સ્કૂટર ઉપર ચડ્યા અને સ્કૂટરને સવારમાં કીક મારી પછી ચાલુ થયું. થોડીવારે બંધ થઈ ગયું. પછી કીક લગાવ્યા જ કરે, પણ ચાલુ જ ન થાય. પછી ત્યાં પડખે કોઈક હતા, ત્યાં એક બાજુ લઈ ગયા, કહ્યું ભાઈ, જોને શું થયું છે? તો કહે પેટ્રોલમાં સહેજ કચરો આવી ગયો હતો એટલે અટકીને ઊભું રહ્યું. એમ અશ્રદ્ધા છે એ કચરા જેવી છે. એ અટકાવે તો અટકી જાવું પડે. માટે શ્રદ્ધામાં ખામી આવવી જોઈએ નહિ. શા માટે લાવીએ? ખામી લાવીએ તો અટકી જઈએને! મહારાજની મૂર્તિમાં છીએ એવી ખુમારી રાખવી બસ! મને મહારાજે મુક્ત દ્વારા આશીર્વાદ આપ્યા છે. એનાથી મારું પૂર્ણકામ થઈ ગયું, એમ માનવું. ગમે તેમ થાય તો ય શું? કૃપાથી પૂરું થઈ ગયું બસ! અને હકીકત છે. કૃપાને ક્યાં શરત છે? કૃપા કરી નાંખી પછી ભગવાન કાંઈ કૃપાની શરત નથી રાખતા. જો શરત રાખવા બેસે તો

કોઈનું પૂરું થાય? ભગવાન આપણા કૃપાસાધ્ય છે. નહિતર તો જન્મો જન્મ સુધી માથાકૂટ કરે તો ય પાર આવતો નથી. આ તો આ જ જન્મે જાવ બધું પૂરું કરી દઈશ. મારે શરણે આવો બસ! એણે શરણે રાખ્યા છે.

તમારે તો સુખ છે. તમે સુખિયા છો. તમે ભગવાન ઓળખ્યા છે. અને હવે એમ જ રાખજો કે ભગવાનના સુખમાં છીએ બસ! અધૂરું છે જ નહિ આપણું. આ જ મનન કરવું. મારા ચૈતન્યને મુક્ત કરીને મહારાજની મૂર્તિમાં રાખ્યો છે. શ્રીજીમહારાજની મૂર્તિમાં જ રાખ્યો છે. આપણા ચૈતન્યને એમની કૃપાથી રાખ્યો છે. પછી ક્યાં સવાલ છે? માટે એમ માનવું. મુક્ત મનુષ્યરૂપે ન દેખાય (અદૃશ્ય થાય ત્યારે) એટલો ફેર છે, પણ મહારાજ ને મહારાજના મુક્તો દિવ્યભાવે અખંડ ભેળા જ છે. અનંત મુક્ત અને મહારાજ એક મુક્ત ભેળા જમે છે. અખંડ દિવ્યભાવમાં સુખ જ જમે છે. અને આનંદ કરે છે. આપણે બધાય મહારાજના દિવ્યસુખમાં છીએ, કોઈ નાનું-મોટું નથી એમ માનવું. બધાને વિષે દિવ્યભાવ રાખવો. મહારાજના પ્રતાપે મુક્તના ચરણમાં જ અડસઠ તીર્થ છે.

બાપાની વાતમાં લખ્યું છે કે ગોપાળાનંદ સ્વામી જેવા ઐશ્વર્ય ચમત્કાર અત્યારના મુક્ત કેમ નથી બતાવતા? તો બાપા કહે, જો અત્યારના મુક્ત એવું બતાવે તો અંધપરંપરા ચાલે. તો ભગવાનને પડ્યા મૂકી અને મુક્તમાં જોડાઈ જાય. એટલે તેઓ ઐશ્વર્યને ખૂબ દાબી રાખે છે અને પરચાઓ બતાવતા નથી. પણ

ભગવાનનું જ્ઞાન કરી અને મૂર્તિના સુખમાં રાખે છે. જો એવું બતાવે તો માણસો પછી એમાં જ વળગે, પરચા જ ઇચ્છે. મહારાજે કહ્યું, પરચા ઇચ્છે એ પામર કહેવાય કારણ કે, પરચા પતી જાય એટલે ભગવાનને પડ્યા મૂકે. જ્યાં સુધી પરચા બતાવે, ત્યાં સુધી સારું લાગે. પછી એવું થાય કે પરચાનું માહાત્મ્ય થઈ જાય ને પછી પરચા મુક્ત ન બતાવે તો એને પડ્યા મૂકે. પછી બીજા પરચાવાળાને શોધે. ત્યારે જેમાંથી અનંત પરચાઓ નીકળે છે એ પ્રભુને ઓળખવા જોઈએને? જેમ વૃક્ષ છે એ થડને આધારે છે. માટે થડ પકડવું. ડાળાં-પાંખડાં કામના છે ખરા, પણ તેનો આધાર થડ છે. જો કે ડાળાં-પાંખડાંથી વૃક્ષની શોભા છે. પણ વૃક્ષનો આધાર એ નથી. એટલે ભગવાનના મુક્ત છે એ સેવક છે અને ભગવાન સ્વામી છે. એટલે જો મુક્ત ખૂબ પરચા બતાવવા માંડે તો એ એમ જ કહે કે તમે અમારા ભગવાન છો. અહીં આવું છે. ગુણાતીતાનંદ સ્વામીએ પરચા બહુ જણાવ્યા. પછી બધા ગુણાતીતાનંદ સ્વામીને ભગવાન માનવા માંડ્યા, એવું છે. અને મહારાજને પડતા મૂકીને સ્વામીમાં બધા વળગી પડ્યા. એ વખતે પછી પ્રકરણ બંધ કર્યું. કારણ કે એમણે જોયું કે આ તો બધું અવળું થવા માંડ્યું. પછી બંધ કરી દીધું પાછું. ગોપાળાનંદ સ્વામીએ પણ મહારાજ ગયા પછી સમાધિઓ કરાવવા માંડી, સર્વોપરી ભગવાનને ઓળખાવવા માટે. પછી એમ લાગ્યું કે આ પ્રકરણ બરોબર નથી. પછી એમણે ય બંધ કરી દીધું. એટલે એ પરચા અને ચમત્કાર એવી વસ્તુ

છે કે ભગવાનને પડ્યા મૂકી એમનામાં જોડાઈ જાય પાછા. એટલે એ ઢાંક્યું જ રાખે છે.

મુક્ત હોય એ ભગવાનને મોટા કરી અને બતાવે કે તમે ભગવાનમાં જોડાવ. જેના સુખમાં રહેવું છે એમને વળગવું જોઈએને? એમ મુક્ત તો એ સુખમાં જોડવા માટે તમને મદદ કરે છે. તમને પહોંચાડે છે ત્યાં, પણ જોડાવાય તો ભગવાનમાંને? પ્રભુ એ પ્રભુ! ને મુક્ત એ મુક્ત! એટલે આ મનન કરીને સુખિયા રહેવું બસ! અને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. મુક્તદશા પ્રાપ્ત થાય ત્યારે જીવ ભગવાન જેવો સાકાર બને અને પછી જો એ મૂર્તિમાં જ એકલીન થઈ જાય, ત્યારે ભગવાન જ એક રહે અને મુક્ત અંદર રહે સુખમાં. જેમ લક્ષ્મીજી અતિ સ્નેહે કરીને લીન થઈ જાય એમ. મહારાજે લખ્યું, એમ મુક્ત છે તે અતિ સ્નેહ થાય ત્યારે મૂર્તિમાં - ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય. એટલે દેખાવ ભગવાનનો રહે, પણ જ્યારે મુક્ત મનુષ્યરૂપમાં હોય, ત્યારે એ એનો ચૈતન્ય પુરુષોત્તમરૂપ બની જાય. પણ એનો જે મનુષ્યદેહ છે એ કંઈ એનો આકાર બદલતો નથી એમ. અને અનાદિમુક્તની સ્થિતિમાં આ દેહ નિર્ગુણ ને દિવ્ય થઈ જાય છે. આમ છતાં પણ એ મનુષ્યરૂપનો આકાર પ્રભુ જેવો થઈ જતો નથી. કારણ કે સેવક છે એટલે.

બાપાએ એમ કહ્યું કે મુક્તનું ધ્યાન ન કરવું, પણ શ્રીજીમહારાજનું ધ્યાન કરવું. એ નિષેધ કર્યો, કારણ કે સેવક છે અને સેવકનું ધ્યાન ન થાય, પણ સુખદાતા એવા ભગવાન સ્વામિનારાયણનું ધ્યાન કરવું. એમ બાપાએ

આજ્ઞા કરી. મુક્ત ગમે તેટલા પ્રતાપી દેખાય પણ મુક્તનું ધ્યાન ન થાય. એની સાથે હેત થાય કે જેથી હેત થાય તો ભગવાનમાં લગની લાગે. ને એમ હેત કરવું, પણ સ્નેહ ભગવાનને વિષે રાખવો એ ભક્તિ કહેવાય. તમારે તો હરતા-ફરતા એમ કેફ રાખવો કે ભગવાનનાં સુખમાં છીએ. આપણે મઝા થઈ ગઈ. નારદજીને ભગવાને એમ કહ્યું કે જેટલા પાંદડાં એટલા યુગ જશે ત્યારે દર્શન આપીશ એમ કહેજે પેલાને. (યોગીને) તો ય એ યોગી નાચવા મંડી પડ્યા. શા માટે? જે એને નક્કી તો થઈ ગયું કે બોલ્યા જે આટલા યુગ જશે અને દર્શન આપશે. એમ નક્કી તો થઈ ગયું કે મારે. માટે નાચવા લાગ્યા ને આનંદમાં આવી ગયા. એને કેટલી શ્રદ્ધા કે બોલ્યા એટલે હવે થવાનું. તરત જ થઈ ગયું બધું. કારણ કે એ ભગવાન યુગ પૂરા કરી નાંખે. જેટલા યુગે એને થવાનું હતું એટલા યુગ એક ઘડીમાં સમાપ્ત કરી દીધા અને દર્શન આપ્યા. ભગવાન એવા છે. શ્રદ્ધામાં ખામી ન હોય તો તરત દર્શન આપે, પણ એ શ્રદ્ધામાં થોડી ખામી હોય છે. એટલે સુખમાં ફેર રહે છે. અંદરના આનંદમાં ફેર રહે છે. આમ હશે કે નહિ? હશે કે નહિ? એમ અશ્રદ્ધા રહે. એના લીધે જેવા સુખિયા રહેવું જોઈએ એવા રહેવાતું નથી. જો એમ ન રહે તો બહુ આનંદ આવી જાય. તો જુઓ પછી એમાં આનંદ જ રહ્યા કરે. ક્યાંય લેવા જવું ન પડે. કોઈ દી’ એમ ન થાય કે મને આનંદ નથી. અખંડ આનંદ વર્તે, પણ આમાં જરા ખામી હોયને! એટલો ફેર પડે છે. સુખમાં

રાખ્યા એનો કેફ અખંડ રાખે તો પછી શું રહ્યું? નિર્ભય થઈ ગયાને બધા? ભગવાનના સુખમાં રહ્યા પછી અભયપદ આપ્યું ભગવાને.

ભલે, જય સ્વામિનારાયણ! હવે રજા આપો.

**સારાંશ**

શ્રીજીમહારાજે જીવોને તેમના સુખમાં રાખ્યા છે છતાં બાધિતાનુવૃત્તિને લીધે સુખનો અનુભવ શક્ય બનતો નથી. જીવ પાત્ર થાય ત્યારે એ સુખનો અનુભવ શક્ય બને છે. જીવ ભગવાનના શરણે જાય પછી ભગવાન તેને અંતકાળે પણ બધું માફ કરી પોતાના સુખમાં લઈ જાય છે. ભગવાનની કૃપા અને અનાદિમુક્તના આશીર્વચનમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવા કે તેઓએ આપણા ચૈતન્યને મૂર્તિમાં રાખ્યો છે. દિવ્યદેહ અને માયિકદેહમાં કોઈ મેળ નથી. ભગવાનના સુખમાં જ છીએ એ મનન સતત કરવું. જીવને ભગવાનની મૂર્તિ ન દેખાય, પણ ભગવાન તેને જુએ છે એમ વિશ્વાસ રાખવો. અનાદિમુક્તમાં રહી ભગવાન બોલે છે. અનાદિમુક્ત આશીર્વાદ આપે પછી તે આશીર્વાદમાં સંપૂર્ણ શ્રદ્ધા અને દૃઢ વિશ્વાસ રાખી મને મૂર્તિમાં રાખ્યો છે તે વાતનું અંતિમ શ્વાસ સુધી મનન કરી સતત આનંદમાં રહેવું.

ભગવાનનું સુખ કેવું છે તે જ્યારે માણીએ, ત્યારે જ અનુભવ થાય. સંપૂર્ણપણે ભગવાનના શરણે જવાથી ભગવાન તે જીવને પોતાના સુખનો અનુભવ અનાદિમુક્ત દ્વારા કરાવે છે. અનાદિમુક્ત મનુષ્યરૂપે અદૃશ્ય થવા છતાં દિવ્યભાવે સદાય ભેળા જ હોય છે. મહારાજના

પ્રતાપે અનાદિમુક્તના ચરણમાં અડષઠ તીર્થ હોય છે. અનાદિમુક્ત બહુ પરચા-ચમત્કાર બતાવતા નથી, પણ મહારાજનું જ્ઞાન કરી મૂર્તિના સુખની પ્રાપ્તિ કરે તેવા જીવને પાત્ર બનાવે છે. બહુ પરચા-ચમત્કારથી જીવો તેમાં લેવાઈ જઈ પામવાનું પામી શકતા નથી. પરચા-ચમત્કારો જોઈ જીવો મુક્તને ભગવાન માની તેમને પૂજે અને ભગવાનને ભૂલી જાય છે. માટે અનાદિમુક્ત પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તે છે. મુક્ત ભગવાનને મુખ્ય કરી જીવોને ભગવાનમાં જોડે છે.

જીવો જ્યારે અનાદિમુક્તની સ્થિતિને પામે, ત્યારે ભગવાનના જેવા સાકાર બની મૂર્તિમાં લીન થઈ આનંદ અનુભવે છે. અનાદિમુક્ત સાથે હેત કરી ભગવાનમાં લગની લગાડી મહારાજનું જ ધ્યાન કરવું. અનાદિમુક્તના વચનમાં દૃઢ વિશ્વાસથી અનેક જન્મની કસર સમાપ્ત થઈ એક જન્મમાં જ પૂર્ણકામપણાને પમાય છે.

## ૧૧

શ્રીજીમહારાજ, બાપાશ્રી, સદ્‌ગુરુઓ તથા આ દિવ્ય સભામાં ઉપસ્થિત બાપાશ્રીની કૃપા અને આશીર્વાદથી મૂર્તિમાં રહેલા આપણે સૌ મુક્તમંડળને પ્રથમ સાદર દંડવત્ પ્રણામ કરીને ધન્યતા અનુભવું છું.

અમે શ્રીજીમહારાજ અને બાપાશ્રીની દિવ્ય પ્રેરણાથી પ્રથમ લંડન આવ્યા. કાર્યક્રમ અનિશ્ચિત હતો એટલે આપ સૌને જાણ કરી શક્યા નહિ. અમારો આવવાનો કાર્યક્રમ અચાનક ગોઠવાયો નહિતર આપની સાથે બેસવાનું, વાતચીત કરવાનું અને સમાગમ કરવાનું પરસ્પર સુખ ખૂબ આવત. અહીંયા આવવા માટેનો મુખ્ય હેતુ એ છે કે આપણે સૌએ ભેગા મળી બાપાશ્રીની દિવ્ય સ્મૃતિ કરવી. આપણા સૌના શ્રીજીમહારાજના સંકલ્પથી પધારેલા બાપાશ્રી જેમને આપણે જીવનપ્રાણ કહી શકીએ, એ હેતુથી કે શ્રીજીમહારાજે કૃપાસાધ્ય સામર્થ્ય વાપરીને પાત્ર-અપાત્ર જોયા સિવાય જેને દિવ્યભાવ આવે એવા સૌ કોઈને મૂર્તિમાં રાખવાનું અભય વરદાન આપ્યું. અત્યાર સુધી કોઈએ મૂર્તિમાં રાખવાનું અભય વચન આપ્યું હોય એવું કોઈ ગ્રંથમાં લખાયું નથી, બાપાશ્રી પધાર્યા પહેલા. શ્રીજીમહારાજનો પ્રબળ સંકલ્પ કે આ પૃથ્વી ઉપરથી મનવારો ભરીને મૂર્તિમાં કેવી રીતે લઈ જવા? જો એમ જોઈએ તો શ્રીજીમહારાજે કહ્યું કે અમારું બિરુદ છે કે અમારા આશ્રિતને અમારે જરૂર અંતકાળે

તેડવા આવવું, એ મુજબ આશ્રિતને જરૂર તેડવા આવે છે.

આશ્રિત એને કહેવાય જે ભગવાનની આજ્ઞાઓનું પાલન અણીશુદ્ધ રીતે કરવા સતત પ્રયત્નશીલ રહે, શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના દૃઢ હોય, ઉપાસનાનો અર્થ તો ઘણો વિશાળ છે. એ અહીંયા ચર્ચા કરીએ તો ઘણો સમય લાગી જાય, પણ ટૂંકમાં ઉપાસનાનો અર્થ એ થાય કે સ્વામિનારાયણ ભગવાન સિવાય ક્યાંય પ્રતીતિ ન આવવી જોઈએ. મહારાજે કહ્યું તેમ બધા દેવાલયો આવે, બધા ઈશ્વરો, અવતારો તો બધાને વંદન કરી શકાય. કારણ કે ભગવાન સ્વામિનારાયણ એ દરેક અવતારોની અંદર આવિર્ભાવરૂપે કામ કરે છે. પરંતુ શ્રીજીમહારાજના પતિવ્રતા ભક્ત સર્વોપરી ભક્ત છે. આ વાત કોના જેવી છે કે બાળક હોય એને પીએચ.ડી. નું જ્ઞાન આપવા બેસે તો પાંચ મિનિટેય બેસે ખરું? નહિ બેસે. એને કંઈ ખબર જ નહિ પડે. ગ્રીક અને લેટીન જેવું, કે આ શું બોલે છે? ત્યારે આ સર્વોપરીનું જ્ઞાન કાર્યસત્સંગની જેમ જલદી પ્રસરે એવું નથી. આ જ્ઞાન તો કેવળ કૃપાસાધ્ય બનીને મૂર્તિમાં રાખવા પધારેલા બાપાશ્રીનું જ કામ.

સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામી ભગવાન સ્વામિનારાયણને સર્વોપરી કહેવા માટે ઉપદેશ કરે, પ્રચાર કરે તો અયોધ્યાપ્રસાદજી મહારાજને કોઈએ ફરિયાદ કરી કે સ્વામી શાસ્ત્ર વિરુદ્ધ બધી વાતો કરે છે. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું કે સ્વામી, આ કરશો એ

નહિ ચાલે. બધાએ એવું નક્કી કર્યું કે નિર્ગુણદાસજી સ્વામીને આપણે રજા આપીએ. શ્રીજીમહારાજે પોતાની ગાદી ઉપર બેસાડેલા પોતાના પુત્રની આમન્યા તો રાખેને? આમ જોવા જઈએ તો અયોધ્યાપ્રસાદજી મહારાજ અને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની દિવ્યસ્થિતિમાં ફરક તો ખરો જ, પણ અવરભાવની દૃષ્ટિએ એ ગાદી ઉપર ભગવાને બેસાડેલા એટલે મહાપ્રભુજી એમના દ્વારા કામ કરે, માટે આપણે બધી જ આમન્યા રાખવી પડે. ગોપાળાનંદ સ્વામીને ના પાડી તો ગોપાળાનંદ સ્વામી પણ નહોતા આવી શકતા. મહારાજે એમને દર્શન આપીને કહ્યું કે આ તમે શું કરો છો? હું કોણ છું એ તમને ખબર નથી? હું તો સર્વોપરી પરમાત્મા છું. મારાથી પર કોઈ જ નથી. હું સર્વમાં રહીને કામ કરું છું. અનંત બ્રહ્માંડો મારા સંકલ્પથી અને મારી ચડાવેલી કળ વડે ચાલે છે. ત્યારે એ એવો હું એમને આ ગોપાળાનંદ સ્વામીના શિષ્ય સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામી આ કામ કરી રહ્યા છે તો તમે એમને કાઢી મૂકવા માંગો છો? આ ખોટું કરો છો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે, પ્રભુ મને આ ખબર નહોતી આજે જ ખબર પડી. આપ કેવા છો એ મને પણ ખબર નહોતી. દયા કરીને તમે જ મને તમારું સ્વરૂપ ઓળખાવ્યું. કારણ કે તમે મને ગાદી ઉપર પ્રસ્થાપિત કરેલ છે, એટલે હવે હું આ વાત બધાને કહીશ અને નિર્ગુણદાસજી સ્વામી મુક્ત કંઠે પ્રચાર કરશે. એમનો કોઈ પણ વિરોધ નહિ કરે. અયોધ્યાપ્રસાદજી મહારાજની વિનમ્રતાની એ પરાકાષ્ઠા હતી. પોતે ખૂબ

મહાન હતા. એ તો આપણે જાણીએ છીએ. ધામમાંથી આવેલા હતા. બીજા સદ્‌ગુરુઓ પણ નિર્ગુણદાસજી સ્વામીને બોલાવીને કહે છે કે સ્વામી, તમારો અપરાધ થઈ ગયો. કે અમને ખબર નહિ કે મહારાજ આવા સર્વોપરી પ્રભુ છે. અવતારની બધા વાતો કરે છે એને પણ કંઈ ખબર નથી તો આપ સુખે મહારાજને ઓળખાવો. તમને કોઈ વિરોધ નહિ કરે. પછી નિર્ગુણદાસજી સ્વામીએ છૂટથી સર્વોપરીપણાની વાતો કરવા માંડી.

શ્રીજીમહારાજને એમ લાગ્યું કે મારે એવા મહાઅનાદિ મુક્તરાજ પૃથ્વી ઉપર પ્રગટ કરવા પડશે કે જે વાત કરે અને સામી વ્યક્તિના હૈયામાં ‘હા’ પડી જાય. ભગવાને મહાસત્તા આપીને, મૂર્તિમાં રાખવાની સંપૂર્ણ સત્તા અને સામર્થ્ય આપીને બાપાશ્રીને આ પૃથ્વી ઉપર પ્રગટ કર્યા, આ હકીકત છે, સંપૂર્ણ સત્ય છે. બારસો સાધુ અને પાંચસો પરમહંસ સહિત શ્રીજીમહારાજની સાક્ષીએ કહું છું કે આ જે સર્વોપરીનું જ્ઞાન મૂર્તિમાં સળંગ રહી રસબસ રહેવાની રીત જે બાપાશ્રીએ અને સદ્‌ગુરુઓએ સમજાવી એ સંપૂર્ણ સત્ય છે, કપોળકલ્પિત નથી. જેને આ વાત સમજવાની ગતિ નથી તેને તો કપોળકલ્પિત જ લાગેને! જે કલ્પનાતિત હોય એની શું ખબર પડે? સ્વાભાવિક છે. આપણે એ સ્થિતિમાં હોઈએ તો આપણને પણ એવું લાગે કે મહારાજની મૂર્તિમાં અનંત મુક્ત રસબસ રહે અને છતાં મૂર્તિ જેમ છે તેમ જ રહે. એ વાત આજના વિજ્ઞાનને પણ કદાચ સમજવામાં અઘરું પડી જાય.

એક વાત છે કે ભૌતિક વસ્તુની અંદર ભૌતિક વસ્તુ ન રહી શકે. કારણ કે એ જગ્યા રોકે છે. ત્યારે દિવ્ય વસ્તુ અને ભૌતિક વસ્તુ એ બેમાં આસમાન જમીનનો ફરક છે. દિવ્ય વસ્તુ એવી વસ્તુ છે કે એનો સ્પર્શ જેને થાય એ પણ દિવ્ય બની જાય. 'મારા મુક્ત દિવ્ય સાકાર બને છે' એમ મહારાજ પણ લખે છે. શ્રીજીમહારાજ એ તો દિવ્ય સાકારસ્વરૂપ. મુક્તનો આકાર માયિક તો મટી ગયો, ભૌતિક દેહનો તો સવાલ જ રહ્યો નહિ, તો અનેક દિવ્ય વસ્તુ એક દિવ્ય વસ્તુમાં એકમેકની સાથે રહી શકે છે. એમાં કોઈ સંકોચ-વિકાસ અવસ્થા જ નથી. સંકોચ-વિકાસ અવસ્થા એ અવરભાવમાં ભૌતિક વિજ્ઞાનને આધારે છે. આ વસ્તુ ભૌતિકવાદથી પર છે. એ તો શ્રીજીમહારાજની કૃપાથી દેહથી અલગ પડી જાય છે. દેહથી અલગ પડવું કંઈ સહેલું છે? બહુ જ અઘરી વાત છે.

આ બધી વાત તો અત્યારે છૂટી છૂટી ને જલદી જલદી કરવી પડેને! એટલે ક્રમ જાળવી ન શકાય. માટે મહારાજે બાપાશ્રીને શું કામ પ્રગટ કર્યા એ વાત ટૂંકમાં જણાવું કે અનંત કોટી બ્રહ્માંડો છે કે જ્યાં મનુષ્યોની વસતી છે. આપણામાં સૂર્યમંડળની બહાર તો કોઈ જઈ શકે તેમ નથી. જે ગ્રહો છે એમાં જ વિજ્ઞાન આંટા મારે છે. ત્યારે એવા તો અનંત બ્રહ્માંડો છે કે જ્યાં ભગવાન સ્વામિનારાયણનું વિચરણ થઈ ચૂક્યું છે. ત્યાં સ્વામિનારાયણ - સ્વામિનારાયણ ભજન પણ થાય છે. તો મહારાજે જોયું કે જે બધા પંચ વર્તમાન પાળે એમાં

કસર રહી જાય તે પૂરી કરે અને મહારાજ તેડવા પણ જાય, પણ અર્જુનને જેમ વિશ્વદર્શન કરાવ્યું તો ખમી ન શક્યો. રાડ પાડી, ચીસ પાડી કે પ્રભુ! મને તમારું મનુષ્યસ્વરૂપ જ બહુ વહાલું લાગે છે. તમારું આ વિશ્વસ્વરૂપ સંકેલી લો, ત્યારે મહારાજ જીવોને તેડીને આવે પોતાના સ્વરૂપમાં, પણ અક્ષરધામમાં રહી શકે એવી પાત્રતા જ નહિ શું કરે? પછી જ્યાં જ્યાં એમને ઠીક લાગે, ત્યાં ત્યાં એમને પાછો સત્સંગમાં જન્મ ધરાવે અને પાછું ધીરે ધીરે પાત્ર કરીને સુખમાં લઈ જાય. આ ઉત્ક્રાંતિની ક્રિયા છે. છેવટની ઉત્ક્રાંતિ એ કે જ્યારે સંપૂર્ણ પાત્રતા મેળવીને શ્રીજીમહારાજના સુખમાં રસબસ અનુભવ થાય, એ પૂર્ણ ઉત્ક્રાંતિ. ત્યારે આ ઉત્ક્રાંતિની ક્રિયા અનંત બ્રહ્માંડમાં ચાલે છે.

મહારાજને મુક્તોએ કહ્યું કે મહારાજ, આ તો કોઈ ધામમાં આવતા નથી ને અહીં રહી શકતા નથી શું કરવું? કાંઈ વાંધો નહિ હજી અમારા ગોપાળાનંદ સ્વામી વિચરે છે, ગુણાતીતાનંદ સ્વામી પણ વિચરે છે અને અમારા સંકલ્પસ્વરૂપ એવા અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી અબજીબાપા નામ ધારણ કરી અને પૃથ્વી ઉપર પ્રગટ કરીશું. જેથી અમારા સુખમાં જેઓ રહી શકતા નથી અને પાછા પુનઃ સત્સંગમાં મોકલવા પડે છે એ જે સ્થિતિ છે એ બંધ થઈ જાય. તો મહારાજ કૃપાસાધ્ય બન્યા કે જેને ભાવ આવ્યો, જેને દિવ્યભાવ આવ્યો એ બધાને મૂર્તિમાં રાખ્યા, પણ પાત્ર નહિ હોવાથી બાધિતાનુવૃત્તિનું આવરણ રાખ્યું. કારણ કે જો

એ ન રાખે તો એ દિવ્ય સ્વરૂપના દર્શન જ જીરવાય એવા નથી. અનંત કોટી સૂર્યનું તેજ, પ્રકાશ જેમાંથી નીકળતું હોય અને એ સુખની પરાકાષ્ઠા એટલી કે અહીં અતિ ઠંડી પડે ને હાથ બરફ જેવો થઈ જાય તો જીરવી શકાય? એમ એ સુખ એટલું બધું છે કે અંદર પાત્રતા વગર રહેવું અઘરું પડી જાય. ત્યારે યાદ રાખીએ કે જો બાપાશ્રીને મહારાજે ન મોકલ્યા હોત તો આ કામ ન થઈ શક્યું હોત. હજીયે આપણે આંટા-ફેરા વધુ કરવા પડત. તો મહારાજે કૃપાસાધ્ય બનાવી દીધા. કૃપાને કોઈ શરત નથી. એક પશુઓ ઉપર જો કૃપાસાધ્ય બને તો એ બધા પશુઓના ચૈતન્ય ઉપરથી પણ એક સેકન્ડની વાર પણ ન થાય એટલામાં આવરણો હટી જાય અને એ પાત્ર બની જાય. અને એ પાત્ર બને તો સુખમાં સરળતાથી રહી શકે.

પ્રણવનાદ કોઈથી ખમી શકાય એમ નથી. મૂર્તિના તેજમાંથી જે દિવ્યધ્વનિ નીકળે છે એ પણ આ કાને સાંભળી શકાય એમ નથી. કાનના પડદા પણ તૂટી જાય. એ ધ્વનિ એવો લાગે છે, પણ જ્યારે એ ધ્વનિ આરતીના અવાજ જેવો, બંસરીના અવાજ જેવો મધુર લાગે, ત્યારે એ મૂર્તિના સુખમાં રહેવાય એવી પાત્રતા આવી કહેવાય. ભગવાન કહે છે કે હું જેટલો નિર્મળ છું, એટલો નિર્મળ મારા મુક્તને બનાવું ત્યારે એ મારી મૂર્તિના સુખમાં રહી શકે છે. માટે ભગવાનના સુખમાં રહેવું એટલે ભગવાન જેટલા નિર્મળ બનવું પડે. એ રીતે મહારાજ જો બાપાશ્રી દ્વારા કૃપાસાધ્ય ન થયા હોત

તો શું થાત?

મૂર્તિમાં રહેવાની વાતનો એક દાખલો આપું કે નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે મહારાજના સ્વરૂપમાં મુક્તની જળતરંગવત્ એકતા છે. જળતરંગવત્ એકતા એટલે શું થયું વિચારો? અલગપણું થયું? જળ અને તરંગ એ જુદી વસ્તુ નથી. એક જ છે, પણ જળતરંગવત્ અનાદિમુક્ત મૂર્તિની અંદર રસબસ એકતા અનુભવે છે. દિવ્યમૂર્તિની સાથે અનંત દિવ્યમૂર્તિરૂપ મુક્તો સેવકભાવે રહે છે અને એ મૂર્તિનું સુખ લીધા જ કરે છે અને મહારાજ પોતાના મુક્તોને ફક્ત દ્વાર બનાવે છે. કાર્ય પોતે કરે છે. જુઓ તો ખરા! કેટલી વિનમ્રતા! કે જે અનંત બ્રહ્માંડોનું કામ કરે છે એ મહાપ્રભુજી આપણને બધાને બીજાનું કલ્યાણ કરવાને માટે નિમિત્ત બનાવે છે. કરે છે એ પોતે. કેટલા આપણા ભાગ્ય કે આપણને બધાયને મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપીને માધ્યમ બનાવ્યા! એ બાપાશ્રીની સાર્ધશતાબ્દી દોઢસો વર્ષે આવે. શ્રીજીમહારાજે એમ કહ્યું કે મારી જન્મજયંતી તો બધા ઉજવે, પણ મારા અનાદિમુક્ત દ્વારા જે મેં કામ કર્યું એની સાર્ધશતાબ્દી ઉજવે ત્યારે હું વધુ રાજી થાઉં.

નારદજીએ તુંબરુની ઈર્ષા કરી અને ગાનવિદ્યા શીખવામાં બાકી ન રાખ્યું, પણ જેવી ગાનવિદ્યા કરે એવા ભગવાન શ્રીકૃષ્ણ ઉઠીને ચાલતા થાય. જ્યારે એ તુંબરુ પાસે શીખ્યા, ત્યારે ભગવાન રાજી થયા. ભગવાન નારદજીને કહે છે કે તમારી ઈર્ષા બીજા જેવી નહોતી. ભલે સાત્ત્વિક હતી, છતાં એ પણ ન જોઈએ. જેવું

તુંબરુ ગાન કરે એવું તમે કેવી રીતે શીખી શકો એના સિવાય? જે વિદ્યા ભણ્યો હોય એ જ બીજાને ભણાવી શકે. ત્યારે એ જ રીતે આ બ્રહ્મવિદ્યા તો જે મહારાજના અનાદિમુક્ત હોય એ થકી જ સમજાયને? એ રીતે એમ સમજાવું છું કે જેમ તુંબરુ અને નારદજીનું જે દૃષ્ટાંત છે એમાં એમ કહેવા માંગે છે કે મારા અનાદિમુક્તને જે રાજી કરે એના ઉપર હું વધુ રાજી થાઉં અને સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે કોટી સાધન કરે, અનંત કોટી સાધન કરે, પણ મહારાજના અનાદિમુક્ત વગર મહારાજની મૂર્તિના સુખને પમાતું નથી. પોતાના બળે કરીને પમાતું નથી. બાપાશ્રી દ્વારે શ્રીજીમહારાજે આપણને બધાને મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા એ સર્વોપરી ભગવાને આપ્યા. જ્યાં સુધી આ દેહ રહેશે, ત્યાં સુધી આપણી પાસે સેવાકાર્ય કરાવશે.

જય સ્વામિનારાયણ!

## સારાંશ

અનાદિમુક્તના કોઈ પણ સ્થાનના વિચરણનો એકમાત્ર આશય જીવોનું કલ્યાણ કરવાનો હોય છે. બાપાશ્રીએ પાત્ર-કુપાત્ર જોયા સિવાય દરેકને મૂર્તિમાં રાખવાનું અભય વરદાન આપ્યું છે. ફક્ત શ્રીજીમહારાજમાં જ પ્રતીતિ રાખવી. કારણસત્સંગ કાર્યસત્સંગ જેટલો ઝડપથી નથી વધતો. સર્વોપરી જ્ઞાન પચાવવું એ પીએચ.ડી.ના જ્ઞાન જેવું અઘરું છે. એ જ્ઞાન બુદ્ધિશાળી વર્ગ જલદી સમજી શકે છે. અનાદિમુક્ત મહારાજનું સ્વરૂપ જેમ છે તેમ

સમજાવી શકવા સમર્થ છે. શ્રીજીમહારાજે બાપાશ્રીને કેવળ કૃપા કરી જીવોના કલ્યાણ અર્થે સંપૂર્ણ સત્તા આપી પૃથ્વી પર મોકલ્યા. મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવવાની બાપાએ સમજાવેલી વાત, એ જ્ઞાન સંપૂર્ણ સત્ય છે. મહારાજ દિવ્ય હોવાથી દિવ્ય બનેલા અનંત મુક્તો એ મૂર્તિમાં રહી સુખ લઈ શકે છે.

અનંત બ્રહ્માંડોમાં મહારાજનું વિચરણ થઈ ચૂક્યું છે. જ્યારે મહારાજના સુખને જીરવી શકે તેવા પાત્ર બનાય, ત્યારે જ અક્ષરધામમાં રહી શકાય. એ માટે જ ભગવાને બાપાશ્રીને પૃથ્વી પર પ્રગટ કર્યા. તેમણે કૃપા વાપરી મહારાજના દર્શન કરી શકે તેવા જીવોને પાત્ર બનાવ્યા, પણ બાધિતાનુવૃત્તિનું આવરણ રાખીને. ભગવાનની કૃપાને કોઈ શરત નથી. મહારાજની મૂર્તિનો નાદ ભયંકર ન લાગતાં આરતીની ઝાલર જેવો કે બંસરી જેવો લાગે ત્યારે પાત્રતા આવી કહેવાય. ભગવાનના સુખમાં રહેવા ભગવાન જેટલા નિર્મળ બનવું પડે. અનાદિમુક્તો મહારાજ સાથે જળતરંગવત્ એકતા અનુભવે છે. મહારાજ પોતાનું કાર્ય કરવા માટે અનાદિમુક્તોને માધ્યમ બનાવે છે. તે મહારાજની વિનમ્રતાની પરાકાષ્ઠા છે.

મહારાજના અનાદિમુક્તની જન્મજયંતી ઉજવવાથી મહારાજ વધુ રાજી થાય છે. જેઓ મૂર્તિના સુખને પામ્યા હોય તેઓ જ બીજાને તે સુખ પમાડી શકે. માટે અનાદિમુક્ત થકી જ શ્રીજીમહારાજના સુખને પામી શકાય છે એ સત્ય હકીકત છે.

# ૧૨

સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ, પરમ કૃપાળુ બાપાશ્રી, સંત મૂર્તિઓ તથા વહાલા સત્સંગી બંધુઓ.

આજના પ્રસંગનું કાંઈ વર્ણન થઈ શકે એવું નથી. પ. પૂ. દિવ્યમૂર્તિ જાદવજીબાપાએ આ યજ્ઞ યોજીને આપણને ખરેખર ન્યાલ કરી દીધા! આપણને તેડાવ્યા, ખૂબ આશીર્વાદ આપ્યા. પ.પૂ. દિવ્યમૂર્તિ વાલબા તથા પ.પૂ. દિવ્ય મૂર્તિ રાધાબા એ શ્રીજીમહારાજના સમકાલિન લાડુબા ને જીવુબા સમા મહા અનાદિમુક્ત હતાં. બાપાશ્રી તેમને બાઈઓનો સત્સંગ ખૂબ વિકસાવવા માટે સાથે લાવ્યા. બાઈઓમાં અનાદિમુક્તની સ્થિતિ સમજાવવા માટે આ બંને બાઈઓએ જબરજસ્ત ફાળો આપ્યો છે. આજે એક ૮૦ વર્ષના વયોવૃદ્ધ હરિભક્ત પ.પૂ. લાલજીભાઈ મને હાથ ઝાલીને ઊભો રાખીને કહે, મેં બાપાશ્રીની લીલાઓ જોઈ છે. મને ૮૦ વર્ષ થયા. એ વખતે હું ૨૦ વર્ષનો હતો. એમણે એમ કહ્યું કે કચ્છના ૨૪ ગામના બાઈઓ અને હરિભક્તો વાલબા તથા રાધાબા બંનેના દર્શન કરવા આવતા. એમના દર્શન કરીને ધન્યતા અનુભવતા. વાલબા અને રાધાબાના પરચાઓ મેં નજરે જોયા છે. એમના જેવા કચ્છમાં કોઈ થયા નથી. એવા એ મહા અનાદિમુક્ત હતાં. એમણે બાપાશ્રીની પણ ખૂબ વાતો કરી. મને ખૂબ આનંદ થયો. આ છત્રીનું ઉદ્‌ઘાટન લાડુબા અને જીવુબાની લક્ષ્મીબાગમાં જેમ છત્રી

છે એની સ્મૃતિ કરાવે છે. અવરભાવની દૃષ્ટિએ મર્યાદા હોય અને એ મર્યાદા ભગવાનના સુખ તરફ લઈ જવા માટે જરૂરી છે. બાકી તો એ ક્યાં સ્ત્રી હતાં? એ તો ચૈતન્યમૂર્તિ મહારાજના અનાદિમુક્ત હતા. સ્ત્રી સ્વરૂપે બાપા લાવ્યા જીવોને સમાસ કરવાને માટે. એ છત્રીમાં આપણે ભાઈઓએ દૂરથી દર્શન કરવા અને ધન્યતા અનુભવવી.

આ પ્રસંગે જે - જે મુક્તો આવ્યા, આપણે સૌએ એનો લાભ લીધો, એ કેવળ બાપાની મહાકૃપા. સાથે સાથે બાઈઓના મંદિરમાં શ્રીજીમહારાજ અને બાપાશ્રી બિરાજ્યા. સિંહાસન ખૂબ સુંદર થયું છે. એ જાણે અક્ષરધામરૂપ સિંહાસન ન હોય! એવો ભાવ અંદરથી નીકળે છે. શ્રીજીમહારાજ અને બાપા સદાકાળ માટે સૌને આશીર્વાદ આપશે. કૃપાને કોઈ શરત નથી. પાત્રતા હોય કે ન હોય, પણ જો એ પ્રભુની કૃપાદૃષ્ટિ પડી જાય અને એમ કહે કે તમને અમે અમારી મૂર્તિમાં રાખ્યા છે એનો વિશ્વાસ રાખજો. સમય આવ્યે એ સુખ ભોગવાવશે. તો આ કૃપાનું કામ છે. એકવાર કૃપાથી જો અલગ રીતે જુઓ તો શ્રીજીમહારાજના સુખમાં સંપૂર્ણ પાત્રતા વગર રહી શકાતું નથી. ગમે તેટલા ઉત્સવ સમૈયા કરે, ગમે તેટલી ભક્તિ કરે, ખૂબ જપ-તપ બધું જ કરે, છતાં પણ એ સુખમાં રહેવાની પાત્રતા કેળવી શકાતી નથી. અનેક જન્મ સુધી કરે ત્યાર પછી ભગવાનના અનાદિમુક્ત એને પ્રાપ્ત થાય છે. અને એ અનાદિમુક્ત દ્વારા ભગવાન એના ઉપર કૃપા વરસાવી આશીર્વાદ

આપે ત્યારે જ એ સુખમાં રહેતા આવડે. બાપાએ ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો, છતાં આપણને સૌને એમ લાગે કે આ દેહભાવ કેમ જણાય છે? તો એ દેહભાવ ખોટો સમજવો. કેવળ વધુ સુખ આપવાને માટે, આ અવરભાવના કામ કરાવવાને માટે શ્રીજીમહારાજ અને બાપાશ્રીને ઓળખાવવાને માટે બાધિતાનુવૃત્તિ રાખી છે. બાકી આપણે બધાય એ દિવ્ય સુખમાં ભેળા છીએ. એ સુખનું મનન કરી, ચિંતવન કરતાં કરતાં સુખિયા રહેવું, અને મુક્ત દ્વારા જે આશીર્વાદ આપ્યા એ મહારાજે આપ્યા એ આપણે અદ્ધરથી ઝીલી લીધા છે. વારંવાર એ આશીર્વાદની વર્ષા વર્ષે છે. એ પ્રતીતિ કરાવે છે કે આપણા ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે. એ છેક સુધી દર્શન આપીને, પરચા આપીને એ પરચા સામાન્ય નહિ. એ સુખના પરચા. બીજા પરચા-ચમત્કાર તો સાવ નકામા છે. પરચા-ચમત્કાર ઈચ્છે તે પામર, એવા પરચા નથી. આ તો દિવ્યસુખના પરચાઓ. એ સાંભળીને અંતરમાં, ચૈતન્યમાં સુખની ધારા છૂટે છે, એવા એ પરચા છે. એને સંભારીએ તો પણ અવરભાવની રીતનું પણ ખૂબ સુખ આવે.

આ દિવ્યસભા ખૂબ ખૂબ વિકસે એમાં કોઈ દહાડો એકતા તૂટવાની નથી. ક્યારેક એવો ભાસ થાય એ અવરભાવની રીત હોવાથી થાય. આવી અનાદિમુક્તની સ્થિતિ બાપાશ્રીએ સમજાવી અને આ આશીર્વાદ જેને જેને મળ્યા છે, એના વચ્ચે કોઈ દહાડો એકતા તૂટવાનો સંભવ જ નથી, છતાં પણ એ અનુસંધાન રાખીને ખૂબ

શાંત, સૌમ્ય, અંગ-સ્વભાવ કેળવવો કે જેથી બધાયને આનંદ આવે. બાપાશ્રી એમ કહેતા કે કોઈને તુંકારો કરીને બોલાવવો નહિ અને સૌ નાના-મોટા દરેક હરિભક્તોને દિવ્યસ્વરૂપે નિહાળવા. દેહ સામું નજર નહિ કરવાની. ચૈતન્ય સામે નજર કરવાની કે મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે. એ કૃપાનું અનુસંધાન જો રહે, તો એક ક્ષણ પણ એવી ન જાય કે જ્યારે ઉદ્વેગ કે કાંઈ દુઃખ થાય. આનંદ જ વર્તે. એ અનુસંધાન ભૂલાય એટલીવાર આનંદમાં ખામી આવે. બાકી આનંદમાં કોઈ ખોટ કે ઓટ આવવાનો સંભવ જ નથી. વિશ્વાસીને શીશ એમ બાપાએ કહ્યું. એ વિશ્વાસ તો જોઈએ જ. એ વિશ્વાસ એ આશીર્વાદ અદ્ધરથી ઝીલ્યા એનું પ્રતિક છે. વિશ્વાસ જો એકવાર આવી ગયો, તો જાણે અજાણે કાંઈ આજ્ઞા લોપાઈ જાયને! તો પણ મહારાજ એ માફ કરી દે છે. એમ દાસપણું એવું આવે કે કોઈકવાર નાની સરખી એવી આજ્ઞા ભૂલથી લોપાય તો દિલમાં એની દાઝ રહી જાય કે બાપા! આવું કેમ થઈ ગયું? દયા કરીને આવું કદીયે ન થાય, તમારી આજ્ઞા લોપાય નહિ, એ મર્યાદા લોપાય નહિ, એવી દયા કરજો એવી પ્રાર્થના કરવી. આ પ્રાર્થના એ નિષ્કામ વસ્તુ છે. જે પ્રાર્થના સ્વાર્થ કે આ લોકના હિત પૂરતી હોય, કે બાપા, આ રોગ મટાડી દેજો, આમ કરતા થોડી તકલીફ થાય છે તો માફ કરી દૂર કરજો, એવી બધી જે પ્રાર્થના એ સકામ છે, છતાં પણ બાપા તો જાણેને! એ દૂર કરી દે છે. નિષ્કામ પ્રાર્થના એ કોઈ ઇચ્છા કે સકામ વસ્તુ

નથી. પ્રાર્થના એ તો મહારાજની મૂર્તિમાં જોડવા માટેનું એક અમોઘ સાધન છે. એવી પ્રાર્થનાની વાત કરું છું અને એ પ્રાર્થનામાં દાસત્ત્વભાવ મહારાજ અને બાપાનું સતત અનુસંધાન કરતાં કરતાં કરવો.

અહીંયા એક રામાનંદી સંત કોઈ પૂર્વના યોગે કરીને આવ્યા. આ સ્થાન તરફ ખેંચાયા. એ અહીંયા છે. એ મને કહે કે મહારાજની મૂર્તિનું સુખ બરોબર આવતું નથી અને મનમાં ઘાટ - સંકલ્પના વિક્ષેપ ખૂબ નડે છે, તો એનું કેમ કરવું? મેં કહ્યું, અનેક જન્મ સુધી ભગવાનનું ચિંતન - મનન કરતાં કરતાં પાત્ર થાય ત્યારે એને મહારાજના અનાદિમુક્ત મળે છે અને એ આશીર્વાદ આપે છે અને એ આશીર્વાદ સુખમાં પહોંચાડે. તો તમે તો હજી થોડાક મહિના પણ પૂરા નથી થયા અને આપ આવ્યા છો, તો ઘાટ-સંકલ્પ અને વિક્ષેપથી શું મૂંઝાઓ છો? બાપા ને મહારાજનું ચિંતન - મનન કરતાં કરતાં ઘાટ-સંકલ્પ જતા રહેશે, ત્યારે એક વાત યાદ રાખવી કે જો ઘાટ - સંકલ્પને ટાળવા હોય તો બધાયને દિવ્યસ્વરૂપે જોવા. એટલે કે કોઈનું અંગ આવું છે, આમ છે, એવું જોવામાં આવે તો એના વિચાર ચાલે. એનો અપરાધ થાય છે. એ નહિ કરવાનું. એનો અર્થ એ નથી કે મહારાજની મર્યાદાઓ જે મહારાજે બાંધેલી છે એનાથી જરાપણ બહાર જવું. અને ગયા હોય તો ધ્યાન દોરવાનું, પણ સંકલ્પ નહિ કરવાનો કે આ બરોબર નથી. આજ્ઞાલોપ જો અટકાવીએ નહિ, તો એ દ્રોહ છે. દ્રોહ એટલે જીવનું ખરાબ થવું, કોઈનું ખરાબ કરવું કે

ઈચ્છવું એ દ્રોહ છે. જો સત્સંગમાં આજ્ઞાલોપ ચાલતો હોય અને જો આપણે મૌન રહીએ અને એનો જો પ્રતિકાર કે અટકાવવા માટે દિવ્યભાવ સાથે જો પ્રયત્ન ન કરીએ, તો એ દ્રોહ કર્યો કહેવાય. કારણ કે આજ્ઞાલોપથી જીવનું બગડે. તો એ આજ્ઞાલોપથી અનેક જીવનું બગડતું હોય એ જો આપણે મૌન રાખીને નજરે જોયા કરીએ તો એ દ્રોહ નહિ તો બીજું શું છે? અને જો ખૂબ સદ્‌ભાવથી, ખૂબ દિવ્યભાવથી, એને જો અટકાવીએ અને સમજાવીએ તો એ અદ્રોહ છે. મહારાજની એમાં ખૂબ પ્રસન્નતા છે. એટલી વાત યાદ રાખવી કે તેનું ભૂંડું કે ખરાબ ઈચ્છવું નહિ, પણ એવી રીતે પ્રયત્ન કરવો કે આજ્ઞાલોપનો પ્રતિકાર પણ થાય અને એ બંધ થઈ જાય. જો આપણે દિવ્યભાવ વગર એ કરીએ તો બરોબર નહિ. એથી જ તો બાપાએ એમ કહ્યું કે સારાયે સત્સંગને વિષે દિવ્યભાવ રાખવો.

સદ્‌ગુરુ વૃંદાવન સ્વામી ધ્રાંગધ્રા પધારેલા હતા ત્યારે મને પૂછ્યું કે આજે સભા તો બહુ મોટી છે. એ સભામાં જે આવ્યા હતા, જે આખી સભા થઈ એ અનાદિમુક્તની સભા હતી? મેં કહ્યું આપ બિરાજો છો એમાં સાક્ષાત્ મહારાજ બિરાજે છે. અને એ વખતે એ આખી સભા અનાદિમુક્તની સભા સાથે જોડાઈ ગઈ હતી, એટલે એ વખત તો એ આખી સભા અનાદિમુક્તની થઈ, પણ જે જે આવેલા એ બધા જ કંઈ અનાદિમુક્ત હતા એમ નથી. એમાં ચાલોચાલે ય હતા. ગુણભાવવાળા ય હતા. આશીર્વાદ જીરવે અને ઝીલે એવા પણ હતા. આ મારી

સમજણ છે. એમાં ખામી હોય તો એ તમે સુધારો. તો મને કહે, જીરવે અને જેને અદ્ધરથી ઝીલાય એટલાને અનાદિમુક્તની સ્થિતિ થઈ જાય, બાકી ધીરે-ધીરે આવશે. એમાં ચાલોચાલ હોય એને વારે ય લાગે થોડોક સમય જાય, પણ એ દૃષ્ટિમાં આવ્યા એટલે કાળે કરીને કાં તો આ જન્મે ભગવાનની ઈચ્છા મુજબ જો એ વિશ્વાસ ધારણ કરે તો પહોંચી પણ જાય. અવિશ્વાસ હોય તો થોડો વિલંબ પણ થાય એમ. પણ દિવ્યભાવનો અર્થ એ નહિ કે હું આજ્ઞાલોપ કરું ને એ તમે નિહાળ્યા કરો. મને તમારે કહેવું જ જોઈએ. બરાબર! હાથ જોડીને, એકલા બોલાવીને. અને જો સમૂહમાં આજ્ઞાલોપ થતો હોય તો એનો પ્રતિકાર સદ્‌ભાવથી કરવો જ જોઈએ. આજ્ઞાલોપ કેમ ચલાવાય? આજ્ઞાલોપ તો કદીયે ન ચલાવાય. નિષ્કામધર્મ એ આ સત્સંગનો પાયો છે, મજબૂત પાયો, નિષ્કામધર્મ વગર મૂર્તિનું સુખ આવે જ નહિ. કોઈ દિવસ ન આવે. ભૂલેચૂકે ય નિષ્કામધર્મ લોપ થાય એવી રીતે વર્તવું નહિ. એનો સંગ પણ ન કરવો. એવું સિનેમા ચિત્ર પણ નિહાળવું નહિ જોઈએ. એ પણ નિષ્કામધર્મનો લોપ છે. નિષ્કામધર્મ એટલે શું? સ્વામિનારાયણ ભગવાનની જે દિવ્યમૂર્તિ છે ને? એ નિષ્કામધર્મનું સંપૂર્ણ સ્વરૂપ છે. નિષ્કામધર્મનું સંપૂર્ણ સ્વરૂપ ધારણ કર્યા વગર એ સ્વરૂપ સાથે એકતા કેવી રીતે થાય? માટે મહારાજે એમ કહ્યું છે કે નિષ્કામધર્મની જેનામાં ખામી હોય એના હાથનો થાળ હું જમતો નથી. મહારાજના આ શબ્દો પણ સાથે સાથે ઝીલવાના એ

આશીર્વાદની અંદર આવી જાય છે. એ કહેવાની જરૂર ન હોય કે આશીર્વાદની અંદર આજ્ઞા ને ઉપાસના એ બંનેનો સમાવેશ થઈ જાય છે. એવા રૂડા આશીર્વાદ આપ્યા છે કે નૃત્ય કરવા માંડવું જોઈએ. અરે! દેહ પડી જાય તો ય શું? મહારાજની આજ્ઞા અને નિષ્કામધર્મનો લોપ કેમ ચાલે? બરાબર!

લાડુબાએ અને જીવુબાએ કેવું બતાવ્યું? આ વાલબા અને રાધાબા કેવાં હતાં? જેમને અગ્નિ સ્પર્શ ન કરે. એ વખતે એ વાત પણ યાદ રાખવી કે લાડુબા ને જીવુબા જેવા મહામુક્તોને અગ્નિ સ્પર્શ નથી કરી શકતો, બરોબર! શ્રીજીમહારાજનું તેજ અગ્નિરૂપે છે. એ અગ્નિ એ (ભૌતિક) અગ્નિ નથી. શ્રીજીમહારાજનું તેજ અગ્નિરૂપે દેખાય છે અને એનો સ્પર્શ થાય છે. એટલે અગ્નિ સંસ્કાર જે શબ્દ વાપરીએ છીએ એ તેના માટે. (વાપરીએ છીએ) એ તો અક્ષરધામમાં પહોંચી જવાની દિવ્યયાત્રાનું એક સ્વરૂપ છે. ત્યારે જુઓ તો ખરા, અગ્નિ જેને સ્પર્શ ન કરે કેવડી મોટી વાત! કેવો નિષ્કામધર્મ પાળ્યો હશે? કેવા મહારાજને ઓળખ્યા હશે? કેવા રાખ્યા હશે? વિચારો, એવા ને એવા આપણને પણ બાપાએ પકડીને કર્યા તમે પણ એવા જ. અમારા જેવું જ તમને સુખ આપીશું. એમના દ્વારા ભગવાન કહે છે કે અમારા જેવું જ તમને સુખ આપશું એ થોડી વાત! જબરજસ્ત વાત!

બાપાએ કહ્યું કોઈને તુંકારો કરીને બોલાવવો નહિ. બધાએ એક થઈને રહેવાનું. નાની મોટી વસ્તુ બહુ નહિ જોવાની. બરોબર! અને બધાએ સાથે મળીને કામ કરવાનું.

શબ્દો અને વાણી તો એવી વાપરવી કે અંદર જીવમાં ઊતરી જાય અને બાપા વિશે એમને સદ્‌ભાવ પણ થઈ જાય. તો આવી એકતા રાખી બાપાનો કારણસત્સંગ ખૂબ વધારવો. કાર્યસત્સંગ તો ખૂબ વધ્યો છે, કારણસત્સંગ વધતા વાર લાગે છે. પીએચ.ડી. થતાં તો વાર લાગેને! બાળપોથી, એકડીયા, પ્રાથમિક શિક્ષણ એ બધું વધારે પ્રમાણમાં હોય એ સ્વાભાવિક છે, પણ આ કારણસત્સંગ. કારણ એટલે મૂર્તિ. મૂર્તિનો આ સંબંધ ઓળખાવવો સહેલો છે? મને કાર્ય સત્સંગવાળા કહે, આ બાપાએ મૂર્તિમાં રહેવાની વાત કરી એ તો અમને ધતિંગ જ લાગે છે. મેં કહ્યું ત્યારે મને એવું લાગે છે કે તમે બધા પોતે ધતિંગ છો, માટે તમને એવું લાગે છે. તમે સૌ ધતિંગ છો. હવે એ ધતિંગ નીકળી જશે, એટલે આ વાત તમને સરસ લાગશે કે આ વાત વૈજ્ઞાનિક રીતે છે. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે અનાદિ મહામુક્તની સેવકોરૂપે જળ-તરંગવત્ એકતા થાય છે. જળ-તરંગ, જળ અને તરંગ જુદી વસ્તુ નથી, પણ એકતા એવી. જરાય ભિન્નતા નહિ. દૂધ-સાકરનું દૃષ્ટાંત તો એક સેવક અને સ્વામીભાવ બતાવવા પૂરતું છે. એ વૈજ્ઞાનિક રીતે સત્ય નથી. જળ-તરંગવત્ એકતા ભગવાનની મૂર્તિ સાથે નખશિખાન્ત સુખમાં, એ વ્યાખ્યા, એ અનાદિમુક્તની સ્થિતિ છે. મેં કહ્યું અરે ગાંડા! એક નાની કોઠી હોય તેમાં દાણા ભરે તો ભરાઈ જાય. શા માટે? એ પોલી છે. અને પોલી હોવાથી એ ભૌતિક છે એટલે વધુ ભરે તો નીકળી જાય. ત્યારે આ મૂર્તિ પોલી નથી. એટલે

મહારાજે જે લખ્યું છે એ તમને ખબર છે કે તેમાં ત્યાગ-ભાગ નથી? અરે સળંગ દિવ્યમૂર્તિ છે. એ સળંગ દિવ્યમૂર્તિ સાથે અનંત દિવ્યવસ્તુ જો એના જેવી થાય તો એની સાથે રહી શકે. એમ અનંત મુક્તો અંદર રહીને સુખ ભોગવે છે. એ તો ત્યાં (એ સ્થિતિમાં) પહોંચીએ ત્યારે ખબર પડેને? તો એ મૂર્તિ પોલી હોત તો એકાદ જ સમાત. મેં કહ્યું મૂર્ખ હજી તને પોલાનો વિચાર આવે છે? અરે! તું આટલો બધો ગ્રેજ્યુએટ થયો, તો પણ બુદ્ધિ વગરનો! મને તો એમ લાગે છે કે હજી તો તું એકડા ભણવાને પણ લાયક નથી. પછી મેં કહ્યું મારી સાથે ચર્ચા કર અને તું ચર્ચા કરી અર્ધો કલાક કે કલાક કરીને પછી મને સાચું કહે કે બાપાનું જ્ઞાન બરાબર છે કે નહિ? ચર્ચા કર્યા પછી મેં કહ્યું તું ધતિંગ હતોને અત્યાર સુધી? તો કહે હા, ખરેખર હું ધતિંગ હતો. આ વાતો વૈજ્ઞાનિક સત્ય છે.

જેને વિજ્ઞાન સમજતાં નથી આવડતું. વિજ્ઞાન ભણ્યો છે, પણ સમજતાં ન આવડે એ આધ્યાત્મિક વિજ્ઞાન કેવી રીતે સમજી શકે? આ તો આધ્યાત્મિક વિજ્ઞાન. એ તો સત્પુરુષ અને મુક્તપુરુષ થકી જ સમજી શકાય. સદ્. ગુણાતીતાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામીએ એકવાર કહ્યું, અમે વચનામૃત લખ્યા, શોધ્યા, સાંભળ્યા બધું જ કર્યું, પરંતુ ગોપાળાનંદ સ્વામીના સમાગમ થકી જ્યારે સમજ્યા, ત્યારે મનમાં શાંતિ અને સુખ વર્તે છે. એના ઉપર શ્રીજીમહારાજે પણ કહ્યું કે આવી ભગવદ્વાર્તા શાસ્ત્રમાં તો હોય, પણ શાસ્ત્રથી સમજાતી નથી. એ તો

ભગવાનની મૂર્તિમાંથી આવેલા સત્પુરુષ ભગવાનની ઈચ્છાથી પ્રગટ થાય, ત્યારે એના થકી સમજે ત્યારે જ સમજાય. ત્યારે અનાદિમુક્તની સ્થિતિ કાંઈ એમને એમ સમજાઈ જાય? આપણે આ રીતે વૈજ્ઞાનિક રીતે ગળે ઉતારવી. કારણસત્સંગ વધતા થોડી વાર લાગે છે, પણ એની મર્યાદા નહિ રહે, વધતો જ જશે, ઘટતો નહિ રહે. કારણ કે ભગવાને કૃપા વરસાવવા (રહસ્યાર્થ વચનામૃત) બનાવ્યું છે, તો કૃપા તો કોઈ દહાડો ઘટે ખરી? ધીમે - ધીમે - ધીમે બહુ જ મક્કમતાથી (કારણ સત્સંગ) વધતો જશે. બળ રાખવું. કોઈ દિવસ કોઈની શેહમાં દબાવું નહિ. અનાદિમુક્તની સ્થિતિ સામે કોઈ ટકી શકતા જ નથી. કારણ કે એ સત્ય છે. સત્યને અસત્ય કહેવાય?

આ (વચનામૃત રહસ્યાર્થ પરનો) પ્રતિબંધ ૫૫ વર્ષથી છે, તો બાપાશ્રી દ્વારા આ પ્રશ્નોત્તર કોણે કર્યા? શ્રીજીમહારાજે કર્યા. અનાદિમુક્ત તો સુખમાં રમે છે. અને મહારાજે પોતે એ ટીકા કરી. પોતાના વચનામૃત પોતે જ અનાદિમુક્તમાં રહીને સમજાવ્યા. (પ્રતિબંધ મૂકનાર) ભગવાનના ભક્ત ખરા, પણ પૂર્વગ્રહને લીધે અને ઈર્ષા એ ખરાબમાં ખરાબ સ્વરૂપ ગણાય છે. એના લીધે એ વાણી ઉપર પ્રતિબંધ મૂક્યો. કેટલું અજ્ઞાન કહેવાય? ૫૫ વર્ષ થયા એ શીલા, પ્રતિબંધરૂપી શીલા મુકાણી એના લીધે હજારો લોકો એ માનતા નથી, કારણ કે અંધશ્રદ્ધાળુ છે. કે આ ગાદી સ્થાનેથી પ્રતિબંધ આવ્યો એટલે એને વંચાય નહિ. મેં કહ્યું ભાઈ! અયોધ્યા-

પ્રસાદજી કે રઘુવીરજી મહારાજ જેવા આચાર્યશ્રીએ આ પ્રતિબંધ નથી મૂક્યો. એ આચાર્યશ્રીઓને તો ખેદ થાય છે, કે આ અમારા મુક્તોએ ભગવાનની વાણી પર પ્રતિબંધ મૂકી દીધો? આપણે એક વસ્તુ એમને સમજાવવી કે આ પ્રતિબંધ વહેલો ઉઠાવવો એ અમારા ને તમારા જ હિતમાં છે.

અત્યારે તો જો એક વસ્તુ આપણે મગજમાં લઈએ કે ૧૯૩૩ ને ૩૪ની સાલ લગભગ હતી, ત્યારે દેવની મિલકતનું રક્ષણ કરવા માટે અને આજ્ઞાનું રક્ષણ કરવા માટે લડત ચાલતી હતી. એ લડત અહિંસક અને દિવ્ય લડત હતી. કલ્યાણકારી પ્રયત્નો હતા. એવામાં આ પ્રતિબંધ મુકાઈ ગયો. એ પણ શ્રીહરિની એક ઈચ્છા. એટલે સામા પક્ષે અવરભાવમાં ઈર્ષાનું સ્વરૂપ. હવે એ શું કામ કર્યું? ભગવાનની ઈચ્છા વગર તો થાય નહિ. હવે અજ્ઞાનીઓ હતાને! એને કારણભૂત બનાવી દીધા. એ કેવી અદ્‌ભૂત વાત! કારણભૂત બનાવ્યા કારણ કે અજ્ઞાની હતા. એના લીધે બધાયને એમ થયું કે જોઈએ આમાં શું છે? ખોટું શું છે? એટલે બધાય વાંચવા લાગ્યા. ઊંડો અભ્યાસ કરે છે કે આમાં ખોટું શું છે? તો કેટલાકને એમ લાગ્યું કે વચનામૃત અમથા ક્યાં સમજાય છે? એ આ (રહસ્યાર્થ) વાંચતાં જ સમજાય છે. કેટલાય લોકો અત્યારે રહસ્યાર્થ વચનામૃત વાંચે છે. અરે! જે સાધુ-સંતો વિરોધ કરે છે એ પણ એમના કબાટમાં રાખે છે અને બીતા હોય એની માફક ઓરડી બંધ કરીને વાંચે છે. પછી જ્યારે જ્ઞાનવાર્તા કરેને! ત્યારે એમાંથી જ

હોય. ત્યારે કોઈ કહે કે સ્વામી, તમારું આ જ્ઞાન તો રહસ્યાર્થ વચનામૃતનું છે. ત્યારે રહસ્યાર્થ વગર કાંઈ વચનામૃત સમજાય ખરું? આ એક ઝલાણુંને! પછી ટંગડી ઊંચી ને ઊંચી રહે. એમ ટંગડી ઊંચી રાખવાની વાત છે.

એ પ્રતિબંધ ૧૯૩૩-૩૪માં મુકાયો. પછી ૪૭ની સાલમાં ભારત આઝાદ થયું. એનું બંધારણ ઘડાયું. એ બંધારણની કલમ છે. constitutionમાં Freedom of speech - વાણી સ્વાતંત્ર્ય, તો એ વાણી સ્વાતંત્ર્ય ઉપર આ પ્રતિબંધ હવે ટકી શકતો નથી. આપણે અહિંસક રીતે વાત કરવી કે આ પ્રતિબંધ દયા કરીને ઉઠાવો. હવે આ ભગવાનની વાણી ઉપરનો પ્રતિબંધ કેમ છે? એના સામે પ્રતિકાર તો કરવો જ પડે. માટે આપણે બરાબર સંગઠન કરો. સત્યાગ્રહ કોને કહેવાય? સત્યનો આગ્રહ. સાચી વસ્તુ ઉપર પ્રતિબંધ? મને તો કલ્પના આવતી નથી. અરે, આચાર્ય મહારાજ દ્વારા મહાન વિદ્વાન સંતો અને હરિભક્તો, એમની કમિટીના બધા મોટા મોટા આગેવાનોની વચ્ચે બોલાવીને લાંબી ચર્ચા તો કરેલી. અચાનક અમને બોલાવેલા. રહસ્યાર્થની વાત કરી તો કહે, પહેલા સમાધાન કરો. આપણે કહ્યું સમાધાન જ છે ને! મહારાજ, પધારોને છત્રીએ. અમારી સુવિધા રહે અને તમારી ય સુવિધા રહે. તો કહે ના એમ નહિ આપણે કેટલાક પ્રશ્નો પતાવીએ.

કહેવાનું એટલું જ કે એ ચર્ચા કરતા પહેલા એમ કહ્યું કે ભાઈ, ચર્ચા ફોગટ કરવા માટે આપણે ભેગા

નથી થયા. તમે અચાનક બોલાવ્યા છે. તો એક વાતની પ્રતિજ્ઞા કરો કે જો ચર્ચા કરતા તમારા ગળે વાત ઊતરે તો તમારે સ્વીકારવી અને અમારા ગળે વાત ઊતરે તો અમે સ્વીકારીશું અને તમે જવાબ ન આપી શકો, તો એનો અર્થ એ થયો કે એ વસ્તુ સત્ય છે. ચર્ચા કરી રહસ્યાર્થ ઉપર. તો એ વખતે તો પાંચ બાબતોની ફોર્મ્યુલા ઘડી કાઢી, વચનામૃત ઉપરનો પ્રતિબંધ ઉઠાવી લેવો. બાપાશ્રીની મૂર્તિ સિંહાસનમાં રાખવી, પણ બીજા કોઈની નહિ. મહારાજ સાથે બાપાશ્રીની મૂર્તિ સિંહાસનમાં ભલે રહી. પછી લખાણ કર્યું ને મહારાજશ્રીએ રાજી થઈને સંમતિ આપી. (પછી દસ દિવસની ચર્ચા-વિચારણા બાદ અમુક સંતોના વિરોધને કારણે એ વાત બંધ રહી. એ વાત કરીને પછી કહે છે.)

હું તો કહું છું જરા ય મૂંઝાવું નહિ હો! કોઈ દિવસ. બંને દેશોની ગાદીનો કાર્યસત્સંગ છે, એ આપણો જ છે. શ્રીજીમહારાજનો છે. એને આપણે કારણસત્સંગમાં ફેરવવો છે. કારણસત્સંગ એટલે આ છેવટની દિવ્ય સ્થિતિ. એ બધા જ ઓળખે એવું આપણે ઇચ્છીએ છીએ. તો આ પ્રતિબંધ ઉઠાવવા પાછળ આપણું એ જ મૂખ્ય કારણ છે, જો એ ઊઠે તો અંધશ્રદ્ધાથી ઘેરાયેલા હોય એ પણ કહે કે, પ્રતિબંધ ઊઠી ગયો એટલે આ વચનામૃત વાંચવામાં વાંધો નહિ. તો આ કારણસત્સંગની વૃદ્ધિ ઝડપથી થવા માંડે. માટે એ પ્રયત્ન કરવો. આ દિવ્યસભાને પ્રાર્થના કે એ પ્રયત્નમાં મહારાજ અને બાપાની કૃપા ભળે અને એ પ્રતિબંધ, હવે એના માટે

શું શબ્દ વાપરું? કે પ્રતિબંધ ફૂગ્ગાની માફક ફૂટીને ઊડી જાય. એ ભગવાન સ્વામિનારાયણ એમની વાણી છે. આ તો બધાને થોડો ખ્યાલ આપ્યો કે જેથી ખ્યાલ આવે. એટલા માટે થોડો સમય લીધો. આપ સૌને રાજી કરવાને માટે, બાપાશ્રીને રાજી કરવા માટે આપ સૌની આજ્ઞાથી થોડીક વાત કરી. આવો પ્રસંગ હોય ત્યારે કેટલીક વાતોથી પરિચિત થવું પડે. જો પરિચિત ન થઈએ તો આપણે કોઈની સાથે વાત કરીએ ત્યારે મૂંઝવણમાં પડી જઈએ. એમ ન થાય એટલા માટે.

સાચો માર્ગ છે આપણો. એ હકીકત કહું છું. શ્રીજીમહારાજ, પાંચસો સાધુ અને પાંચસો પરમહંસની સાક્ષીએ કહું છું કે આ માર્ગ જે બાપાએ બતાવ્યો ને આપણે અપનાવ્યો એ સંપૂર્ણ સત્ય છે. આખા સત્સંગમાં જો કોઈ ઊભો થઈને એમ કહે કે આ વાત સત્ય નથી, તો હું એને કહું કે શ્રીજીમહારાજના ચરણે હાથ મૂકી, પાંચસો સાધુ અને પાંચસો પરમહંસના સમ ખાઈને તું કહે કે આ સત્ય નથી. તે જોયું છે? જાણ્યું છે? એમ કહેવાનું. અને આપણે તો તરત કહીએ કે અમે પાંચસો સંતો ને પાંચસો પરમહંસોની સાક્ષીએ કહીએ છીએ કે આ મૂખ્ય માર્ગ છે. આ માર્ગ શ્રીજીમહારાજે બતાવ્યો છે, બાપાએ એ બરાબર સ્પષ્ટ કર્યો અને કૃપા વરસાવીને આપણને સૌને તેનું ભાન કરાવી દીધું. એટલે આ વાત સંપૂર્ણ સત્ય છે. એમ હંમેશાં દિલમાં રાખવું. કોઈ પણ ગમે એવી ચર્ચા કરે ને ન સમજાય તો નૃહસિંહાનંદ સ્વામી જેવું કરવું.

નૃહસિંહાનંદ સ્વામીને કોઈએ પૂછ્યું કે તમે સ્વામિનારાયણ ભગવાનના સંત છો, તો કહો ભગવાનનું સ્વરૂપ કેવું? સ્વરૂપ શું એ સમજાવો? તો કહે ભગવાનની વાણી, ભગવાનનું વચન એ ભગવાનનું સ્વરૂપ. આમ સ્વામી ખિજાઈ ગયા. ને કહ્યું તને ન સમજણ પડે. ભગવાનના વચન એ ભગવાનનું સ્વરૂપ. ત્યારે સ્વામિનારાયણ ભગવાને જે આજ્ઞાઓ, વચનો કહ્યા છે. એ સ્વરૂપ. તો કહે શાસ્ત્રોમાં એમ ક્યાં છે? તો શાસ્ત્ર કોના માટે છે હું તો શાસ્ત્રથી પર થઈ ગયો, હવે મારે એને શું કરવાના? એ તો તમારા માટે છે. એમ ન સમજાય તો બળ આવું રાખવું, ડરવું નહિ. અને કોઈવાર આવી મોટી સભા થાયને! ત્યારે અતિ જ્ઞાનચર્ચા થાય. અને જો બુદ્ધિશાળી વર્ગને વૈજ્ઞાનિક રીતે સમજાવી શકીએ, તો એક જણ અનેકને સમજાવે કે નહિ? બુદ્ધિશાળી તો બધે ય ફરી વળે. એટલે સમજાવે. ત્યારે આવો પ્રસંગ થાય, ત્યારે રહસ્યાર્થની ગુથ્થિઓ હોય એ મોટા પાસે સમજી લેવી. એ આપણા માટે જાત પ્રમાણ છે.

આ વાતો પરથી એક વસ્તુ ઉપર આવીએ કે બાપાએ આપણને શ્રીજીમહારાજની દિવ્યમૂર્તિમાં કૃપા કરીને રાખ્યા છે. એવા અનુસંધાન સાથે આપણે બધાય ભેળા છીએ, એવું સદાય જીવમાં રહે અને બાપાના આશીર્વાદ ઝીલીએ બસ એ જ અભ્યર્થના. અને સૌના રાજીપાની ઇચ્છા સાથે વિરમું છું. થોડો સમય લીધો માફ કરજો.

## સારાંશ

સ્ત્રીભક્તોને લાભ મળે તે માટે મહારાજ તેમના અનાદિમુક્તને સ્ત્રીરૂપે પણ પૃથ્વી ઉપર મોકલે છે. અનાદિમુક્ત મૂર્તિ પધરાવે પછી તે મૂર્તિમાં રહી ભગવાન સદાકાળ આશીર્વાદ વરસાવે છે. ભગવાનની કૃપાને કોઈ શરત હોતી નથી. એમની કૃપા વગર ગમે તેટલા જપ-તપ, ભક્તિ, ઉત્સવ, સમૈયા કરે પાત્રતા આવતી નથી. અનાદિમુક્ત વારંવાર આશીર્વાદ આપી આપણને પ્રતીતિ કરાવે છે કે આપણા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે. અનાદિમુક્તના આશીર્વાદ જેને મળ્યા તે બધામાં એકતા તૂટવાનો સંભવ નથી. સેવકોએ ભગવાનનું અનુસંધાન રાખી ખૂબ શાંત-સૌમ્ય, અંગ-સ્વભાવ કેળવવો જોઈએ. નાના-મોટા દરેક હરિભક્તોને દિવ્યસ્વરૂપે નિહાળવા. દેહ સામે નજર ન રાખતાં ચૈતન્ય સામે નજર રાખવી.

શ્રીજીમહારાજે મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે તેનું અનુસંધાન હંમેશાં રહેવાથી હંમેશાં આનંદ રહે. અનાદિમુક્તના આશીર્વાદમાં પૂરો વિશ્વાસ રાખવો. આજ્ઞા કદીયે ન લોપાય એવી પ્રાર્થના નિષ્કામ હોવાથી એ કરવી. નિષ્કામ પ્રાર્થના મહારાજની મૂર્તિમાં જોડાવાનું અમોઘ સાધન છે. ઘાટ-સંકલ્પ ટાળવા હોય તો બધાને દિવ્યરૂપે જોવા. આજ્ઞાલોપ કરનારને દિવ્યભાવથી તેનું ભૂંડુ કે ખરાબ ઈચ્છ્યા સિવાય સમજાવવું. તેના જીવનું ભલું થાય તેવા પ્રયત્નો કરવા એ અદ્રોહ છે અને તેમાં મહારાજની પ્રસન્નતા છે. અનાદિમુક્ત જે સભામાં બિરાજતા હોય તે સભામાં

મહારાજ બિરાજતા હોય. એ સભામાં ચાલોચાલ, ગુણભાવવાળા, આશીર્વાદ જીરવે અને ઝીલે એવા જુદા જુદા પ્રકારના ભક્તો હોવા છતાં એ વખતે અનાદિમુક્તને લીધે આખી સભા અનાદિમુક્તની સભા સાથે જોડાઈ જવાથી તે આખી સભાને અનાદિમુક્તની સભા કહી શકાય.

અનાદિમુક્તના આશીર્વાદ જે જીરવે અને અદ્ધરથી ઝીલે તે અનાદિમુક્તની સ્થિતિને પામે. સ્વામિનારાયણ સંપ્રદાયનો પાયો નિષ્કામધર્મ છે. સ્ત્રી અનાદિમુક્તને તેમના સતીત્વને લીધે શ્રીજીમહારાજનું તેજ અગ્નિરૂપે થઈ તેમના દેહને અગ્નિસંસ્કાર કરે છે. સંસ્થાના સભ્યોએ સંપ અને સદ્ભાવ રાખી કારણસત્સંગ વધારવાની સેવા બજાવવી. મૂર્તિમાં રહેવાની વાત વૈજ્ઞાનિક સત્ય છે. અને એ અનાદિમુક્તની સ્થિતિ છે. અને એ સ્થિતિને પામેલા અનંત મુક્તો એ મૂર્તિમાં રહે છે, રહી શકે છે. શ્રીજીમહારાજને પામેલા અનાદિમુક્ત થકી જ એ સમજી શકાય છે. હંમેશાં કાર્યસત્સંગ કરતાં કારણસત્સંગ વધતા વાર લાગે. સત્ય વસ્તુ પર પ્રતિબંધ લાદવાથી અનેક જીવો ઊર્ધ્વગતિને પામતા અટકી જાય છે. માટે ધીરજપૂર્વક સત્ય વસ્તુને ઉજાગર કરી પ્રતિબંધ દૂર કરવાની સેવા બજાવવી.

અનાદિમુક્ત બાપાશ્રીને માધ્યમ બનાવી શ્રીજીમહારાજે બનાવેલ રહસ્યાર્થ પ્રદીપિકાટીકા સંપૂર્ણ સત્ય, સચોટ અને પૂર્ણ છે. બધા સત્સંગીઓ આપણા જ કહેવાય. તેઓ જે કાર્યસત્સંગ કરે છે તે પણ આપણો જ છે. તે કાર્યસત્સંગને આપણે કારણસત્સંગમાં ફેરવવાના બનતા બધા જ પ્રયત્ન

કરી છૂટવા. કારણસત્સંગ એટલે છેવટની અનાદિની સ્થિતિ. મૂર્તિમાં રહી સુખ ભોગવવાની વાત એ વાત પહેલાં પોતે બરાબર સમજવી અને બીજાને 'વચનામૃત રહસ્યાર્થ'ના આધારે સમજાવવા પ્રયત્ન કરવો. સાચી વાત કહેવામાં ક્યારેય ગભરાવું નહિ, નીડર બનવું. શ્રીજીમહારાજ અને બાપા સદાય આપણી સાથે જ છે તે વાત કદીયે વિસારવી નહિ.

## ૧૩

શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા અનાદિમુક્તની આ દિવ્યસભાને વંદન કરું છું.

મનુષ્યજન્મ દુર્લભ કેમ કહ્યો? તો મનુષ્યજન્મમાં ભગવાને બુદ્ધિ આપી છે. વિચારશક્તિ આપી છે. બીજી યોનીમાં પશુ વગેરે યોનીમાં બુદ્ધિશક્તિ નથી. વિચાર કરવાની શક્તિ નથી. પ્રભુને ઓળખવાની શક્તિ નથી. જ્યારે મનુષ્યજન્મમાં પ્રભુને ઓળખી શકાય. માટે મનુષ્યજન્મ વેડફાઈ ન જાય તે માટે કાળજી રાખવી જોઈએ. મનુષ્યજન્મમાં દિવસના ચોવીસ કલાક પૂરા થાય ત્યારે એમ તો થવું જોઈએને કે આજની સ્થિતિ શું? આજે આપણે કેટલી પ્રગતિ કરી? કેટલું આગળ વધ્યા કે પાછળ પડ્યા? એ બેયનો સરવાળો કરવો જોઈએ, વિચાર કરવો જોઈએ. પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તવું. પ્રભુને ન ગમે એવું વર્તન એનું નામ પાપ અને પ્રભુને ગમે એવું કાર્ય કરીએ તે પુણ્ય. કોઈનો તિરસ્કાર કરીએ તો પ્રભુને ન ગમે. કારણ કે, દરેકની અંદર ભગવાન રહેલા છે. કોઈનું અપમાન કરીએ તો પ્રભુને ન ગમે. કોઈની વસ્તુ ચોરી લઈએ તો ભગવાનને ન ગમે. છાનુંમાનું કોઈનું લઈ લઈએ તો પણ ભગવાનને ન ગમે. સરકારી ચોરી કરવી એ પણ પાપ છે. એ પણ પ્રભુને ન ગમે. કાયદાનું પાલન ન કરવું એ પણ પ્રભુને ન ગમે. કાયદા-કાનૂન એ પ્રભુએ રચેલા કાનૂનો છે. એ પ્રમાણે બધાએ

વર્તવું જોઈએ. પ્રભુપરાયણ જીવન જીવવું એનો અર્થ એ છે કે જે જે કાર્યો કરીએ તેમાં સૌ હા પાડે કે આ બરોબર છે. આપણે કોઈ કાર્ય એવું કરીએ કે જે કોઈને ન ગમે તો સમજવું કે એ બરાબર નથી.

કેટલીકવાર એવું બને કે સમજનારની સમજણ ખોટી હોય એના લીધે સંતપુરુષનું વચન એને ન ગમે. એ વિચારવાની બાબત છે. પાપ અને પુણ્ય. પુણ્યનો અભાવ એનું નામ પાપ અને પાપનો અભાવ એનું નામ પુણ્ય. પ્રભુનો સંબંધ રાખીએ તો કોઈ ખોટી વસ્તુ આપણા મન, કર્મ, વચને ન થાય. પ્રભુને રાખવાનો અર્થ એ છે કે પ્રભુથી કોઈ ખોટું કામ થતું નથી. સંપૂર્ણ સત્ય એટલે પરમાત્મા. પરમાત્માનું સ્વરૂપ એ સંપૂર્ણ સત્ય અને પ્રેમ સ્વરૂપ છે. માટે જે પ્રભુને સાથે રાખે એ હંમેશાં સારી રીતે વર્તી શકે. પ્રભુ અંતર્યામી છે. મનની અંદર પણ ખોટો સંકલ્પ કરીએ, ખોટો વિચાર કરીએ, કોઈનું ખોટું થાય એવો પણ સંકલ્પ કરીએ, પોતાના સ્વાર્થને ખાતર બીજાનું જરાકે ય બગાડીએ એ પણ પ્રભુ તો જાણે છે. આડંબર કરીએ તે પણ પ્રભુ જાણે છે. તો આ બધી જ વાત ભગવાન જાણે છે. પોતાના અંતરાત્મામાં બિરાજેલા ભગવાન આ બધું જાણે છે. એમ જો બરોબર મનુષ્ય વિચાર કરે તો એ ખોટું નહિ કરે.

આ બધાયની વચ્ચે આપણે ચોરી કરીશું ખરા? ચોર ચોરી કરે બધા હોય ત્યારે? નહિ કરે. બધા અંધારામાં હોય ત્યારે એ ચોરી કરીને ચાલ્યો જાય. ત્યારે ભગવાન

હાજર છે, સદાય નિરંતર હાજર છે, એની હાજરી અખંડ છે. જો એવું સમજાય તો કોઈ પણ ખોટું કાર્ય ન થાય. ચોરીનું કર્મ પણ ન થાય. અપ્રમાણિકતા પણ ન થાય. કોઈના વિશે ખોટો સંકલ્પ પણ ન થાય. કોઈના વિશે અદેખાઈ પણ ન થાય. કોઈની ઈર્ષા પણ ન આવવી જોઈએ. ત્યારે પ્રભુનો સંબંધ આનું નામ કહેવાય. પ્રભુનું રૂપ ધાર્યા કરીએ અને ગુણ એકે ય ન આવે તો એ તો યાંત્રિક વસ્તુ થઈ. ભક્તિ કરીએ અને પ્રભુના એકે ય ગુણ આવે નહિ તો એ ભક્તિની ફળશ્રુતિ શું? આત્માનું કલ્યાણ તો ત્યારે જ થાય કે પરમેશ્વરનું ભજન કરતાં કરતાં પરમેશ્વરના કલ્યાણકારી ગુણો આપણા જીવનમાં ઉતરે તો પ્રભુની ભક્તિ સાચી. પ્રભુની ભક્તિ નિષ્કામ ભક્તિ હોવી જોઈએ, કોઈ પણ ઇચ્છા વગરની.

ભગવાન ભક્તોના સંકલ્પ પૂરા કરે છે એમ કહેવાય છે. એ સત્ય છે, પણ ભગવાનના ભક્તને એમાં પૂર્ણ શ્રદ્ધા નથી એટલે એ માગ્યા કરે છે. એને એમ કે હું માંગુ તો જ ભગવાન સાંભળશે, નહિ તો ભગવાન નહિ સાંભળે. ભગવાન જાણે બહેરા ન હોય! ભગવાનને પ્રાર્થના કરવી, પણ શ્રદ્ધા સંપૂર્ણ હોવી જોઈએ. શ્રદ્ધા વગરની ભક્તિ કોઈ દિવસ ફળ આપતી નથી. એનાથી કોઈ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. વિજ્ઞાન પણ કહે છે કે જો વિજ્ઞાનના પ્રયોગોમાં શ્રદ્ધા ન હોય તો કોઈ દિવસ વૈજ્ઞાનિક સત્યો શોધી શકાતા નથી. શ્રદ્ધા દરેકમાં હોવી જોઈએ. તમે કોઈ કાર્ય કરો કે કોઈ ધંધો કરો એમાં જો તમને આત્મશ્રદ્ધા ન હોય તો એ ધંધો તમને કદીયે ફળ

આપશે નહિ. એ ધંધામાં તમે સફળતા નહિ મેળવી શકો. કોઈપણ મનુષ્યને વિષે તમને શ્રદ્ધા નહિ હોય તો તમે તેની સાથે આત્મીયતા નહિ કરી શકો. માટે શ્રદ્ધા એ તમામ વસ્તુઓની સિદ્ધિઓ માટેનું અમોઘ શસ્ત્ર છે. અમોઘ સાધન છે. શ્રદ્ધાવાળો હંમેશાં પોતાનું ધારેલું કામ પાર પાડે છે.

દરેક મનુષ્યને કંઈક કંઈક મહત્વાકાંક્ષા હોય છે. ત્યારે મહત્વાકાંક્ષા કોને કહેવાય? આકાંક્ષા તો બધી હોય, પણ સાચી મહત્વાકાંક્ષા તો સત્પુરુષો એને કહે છે કે પ્રભુને પ્રાપ્ત કરવાની આકાંક્ષા રહે એનું નામ મહત્વાકાંક્ષા. ગાંધીજીએ એકવાર કહેલું કે શાસ્ત્રમાં કે ભારતમાં જે જે સંતપુરુષોએ ભગવાનનો સાક્ષાત્કાર કર્યો છે તે જ સાચા મહત્વાકાંક્ષી કહેવાય. હજી હું એવી મહત્વાકાંક્ષાની સ્થિતિને પામ્યો નથી. હું વિચારથી બ્રહ્મની ઝાંખી કરી શકું છું, પણ અનુભવે કરીને એ બ્રહ્મની સ્થિતિને પામ્યો નથી. એમ પોતે કહેતા. કારણ કે સત્યવાદી હતા. તેઓ એમ કહેતા કે મને લોકો મહાત્મા કહે છે, પણ સંત તો એનું નામ કે જેને પ્રભુના સાક્ષાત્ દર્શન થઈ ચૂક્યા હોય એને સંત કહેવાય. સંતને માર્ગે ચાલ્યો હોય એ પણ સંત કહેવાય. પેલા સંપૂર્ણ સંત અને આ સાધનિક સંત કહેવાય. સંતના માર્ગે ચાલે, સત્યના માર્ગે ચાલે, પ્રભુના માર્ગે ચાલે એ સંત કહેવાય. દરેકે સંત બન્યા વગર છૂટકો નથી.

તમામ મનુષ્યે જગતમાં ગમે તે મનુષ્ય હોય, ગમે તે જ્ઞાતિનો હોય, પણ એ મનુષ્યે ભલે એ ભૌતિકવાદી હોય,

નાસ્તિક હોય કે આસ્તિક હોય કોઈ પણ મનુષ્યને પોતાની મુક્તિને માટે પ્રભુનો આશ્રય લીધા વગર છૂટકો નથી. એક જન્મે નહિ તો બીજે જન્મે. ભક્તિ વગર કોઈ વસ્તુ પ્રાપ્ત થાય નહિ. પ્રભુની ભક્તિ એટલે પ્રભુની ઉપાસના. વિજ્ઞાનમાં પણ સત્ય શોધવા હોય તો વિજ્ઞાનની ભક્તિ કરવી પડે. એમ કહેવાય કે એ વિજ્ઞાનભક્ત છે. ત્યારે મોટા મોટા જે વૈજ્ઞાનિકો થયા એ વિજ્ઞાનની ભક્તિ કરીને થયા. આ જગતનો વિચાર કરો કે પ્રભુએ કેટલી કેટલી વસ્તુઓ બનાવી છે કે જે મનુષ્ય કરી શકે નહિ. કરતો જાય છે. એમ નવું નીકળતું જાય છે. એ પણ પાછો પાર પામતો નથી. એ પણ માને છે કે અનંત બ્રહ્માંડો છે. તો હજી તો એ એક-બે ગ્રહો પર અવકાશ યાત્રાથી પહોંચ્યા છે. એનું સંશોધન કરતાં પણ એનો દમ નીકળી જાય છે. એવા તો અનંત બ્રહ્માંડો છે.

આ પૃથ્વી ઉપર જે મનુષ્યો છે એવા બીજા બ્રહ્માંડો નથી? એવા તો અનંત બ્રહ્માંડો છે કે જ્યાં મનુષ્યો ઉચ્ચ સ્થિતિને પામેલા છે. એવા બ્રહ્માંડો છે જ્યાં સતયુગ વર્તે છે. એવા પણ બ્રહ્માંડો છે ત્યાં દ્વાપરયુગ પ્રવર્તે છે. કોઈને કોઈ બ્રહ્માંડોમાં અવતારોનું પ્રગટીકરણ થયા જ કરે છે. અને એ તમામ અવતારો જેમાંથી પ્રગટ થયા એ અવતારી પણ છેવટે પ્રગટ થઈ અને મનુષ્યોનું કલ્યાણ કરે છે. એમ ન સમજીએ કે આ પૃથ્વી પર આપણે છીએ એ બ્રહ્માંડમાં જેટલા મનુષ્યો છે એટલા જ છે. અનંત જીવો છે. મનુષ્યો ઉપરાંત પણ એટલા બધા જીવો છે. જુઓ ચોર્યાસી લાખ યોનીમાં કેટલા બધા

જંતુઓ છે. ઝીણા ઝીણા, મોટા જીવો એ બધાયના રૂપ જુદા જુદા આ પ્રભુની લીલા અકળ છે એવું નથી લાગતું? જો વિજ્ઞાન એમ કહેતું હોય કે પ્રભુ નથી, તો વિજ્ઞાન આ બધું સર્જન કરે નહિ? લાખો કરોડો જીવ-જંતુઓ પેદા કરી દે નહિ? કેમ નથી કરતું? પ્રભુ ઈચ્છે ત્યારે એ બધું પ્રલય થઈ જાય, લીન થઈ જાય, ઈચ્છે ત્યારે સૃષ્ટિની ઉત્પતિ થાય. એને કોઈ રોકી શકતું નથી. હવામાન બદલાય છે, પ્રલય થાય ત્યારે કોઈ રોકી શકતું નથી. વિજ્ઞાન ગમે તેટલી મહેનત કરે, પણ પ્રભુ આગળ એનું કંઈ ચાલતું નથી. ત્યારે એ એમ માનતું થયું છે કે એવી કોઈ અજબ શક્તિ છે કે જે શક્તિ પારાવાર છે. એવી અપાર છે કે એનું સંશોધન કરતાં કોઈ પાર જ નહિ આવે, ચાલ્યા જ કરશે.

ટેલિવિઝન તો ટેલિવિઝનમાંથી વળી બસ્સો વર્ષ પહેલા મનુષ્યો જે વાણી બોલેલા તે સાંભળવાનો પણ અત્યારે પ્રયોગ ચાલે છે. કૉમ્પ્યુટરો વિચાર કરતા થઈ ગયા, પણ યાંત્રિક રીતે છતાં પણ કૉમ્પ્યુટરો કંઈ ભગવાનની પ્રાપ્તિ કરાવી શકે? ન કરાવી શકે. પ્રભુની શોધ એ ન કરી શકે. એના માટે તો સંતરૂપી કૉમ્પ્યુટર જોઈએ કે જે પ્રભુને જોઈ શકે. ત્યારે કૉમ્પ્યુટર બધું જ કરશે. વૈજ્ઞાનિકો બધી જ શોધખોળ કરશે, પણ પરમાત્માની શોખોળ, પરમાત્માને મેળવવા હોય તો સંત પાસે જવું પડશે. કારણ કે સંતે પ્રભુની પ્રાપ્તિ કરેલી છે. એની મહત્વાકાંક્ષા પૂરી થઈ ચૂકી છે. માટે પ્રભુને પામવા માટે આ મનુષ્યજન્મ છે એ યાદ રાખવું. આ જન્મે

પ્રભુને મેળવવા માટે થોડો પ્રયત્ન કર્યો હોય તો એ જરૂર ઊગી નીકળશે, પણ બીજો જન્મ ધરવો પડશે. અને ત્યાંથી શરૂઆત કરવી પડશે. એ કરતાં સંત મળે તો તરત જ ન કરી લઈએ? જેથી આ જન્મે જ પાર આવે.

બ્રહ્માનંદ સ્વામીને કોઈએ પૂછ્યું કે મરવું એટલે શું? તો સ્વામી બોલ્યા, 'મરના મરના સૌ કહે, મરી ન જાને કોઈ, મરના તો ઐસા મરના ફિર જનમ ન હોય.' એનું નામ મરવું. મરીને જો ફરી જન્મ લેવાનો હોય તો એ મરી જાણ્યું ન કહેવાય. એ મૃત્યુ પામ્યો ન કહેવાય. એને મરતાં આવડ્યું નહિ. મરવું તો એવું મરવું કે ફરી જન્મ ન ધરવો પડે. એનું નામ સાચું Death જેને કહીએ, સાચું મૃત્યુ જેને કહીએ. ત્યારે એવું મૃત્યુ પામીએ કે કોઈ કહે કે આ...હા..હા! એનું મૃત્યુ ભવ્ય થયું. ભવ્ય મૃત્યુ એનું નામ કે ફરી જન્મ ન આવે તો એ ભવ્ય મૃત્યુ કહેવાય. ત્યારે મૃત્યુની એ વ્યાખ્યા છે. મૃત્યુ એ સૌથી સરસ ઘટના છે, પણ ક્યારે? કે જ્યારે ફરી જન્મ ન આવે ત્યારે. તો ફરી જન્મ ન આવે એવી સ્થિતિ થાય ત્યાં સુધી મૃત્યુને દૂર રાખવાનું. મૃત્યુને પાસે નહિ આવવા દેવાનું. પ્રભુની પ્રાપ્તિ કરવામાં પોતાની આળસે કરીને જો ચલાવે રાખે તો મૃત્યુ દૂર નહિ જાય, પણ જો આપણને પ્રભુપ્રાપ્તિ માટેની સાચી આકાંક્ષા હોય તો મૃત્યુ છેટે રહેશે. આપણને તક આપશે પ્રભુને ભજવાની. પણ બોલીએ અને કરવા ન માંડીએ તો મૃત્યુ રાહ જોતું નથી. માટે આ મનુષ્ય જન્મની એકે

એક પળ અમૂલ્ય છે. મૂલ્યવાન છે. એના તુલ્ય કોઈ મૂલ્યવાન વસ્તુ નથી. એ અમૂલ્ય છે.

સંતો એમ કહે છે કે દુનિયામાં મોટામાં મોટી સિદ્ધિઓ પ્રાપ્ત કરવાને માટે પણ લોકો આખી જિંદગી કાઢે છે. કેટલી બધી મહેનત કરે છે. વિદ્યાર્થી ગ્રેજ્યુએટ થવાને માટે બાળમંદિરથી માંડીને નર્સરી કે કે.જી.થી માંડીને ગ્રેજ્યુએટ થાય, પોસ્ટગ્રેજ્યુએટ થાય, ત્યાં સુધી સત્તર-અઢાર વર્ષો સુધી સાધના કરે છે. અગિયારથી પાંચ શાળામાં જાય, ઘરે આવે, ગૃહકાર્ય આપ્યું હોય શિક્ષકોએ એ બેસીને તૈયાર કરે, સવારે વહેલો ઉઠે, ત્યારે સત્તર વર્ષે એ ગ્રેજ્યુએટ થાય. ગ્રેજ્યુએટ થયા પછી ય નોકરી મળે નહિ. ગ્રેજ્યુએટ થયા પછી તમે એને બી.એ.ની કોઈ બાબત પૂછો તો કાંઈ ન આવડે. પરીક્ષામાં જાય અને ત્યાં લખી આવ્યો બસ. ગ્રેજ્યુએટ થઈ ગયા પછી એની કિંમત કાંઈ નહિ. ત્યારે એ વિદ્યા નથી. વિદ્યા એનું નામ કે જે મુક્તિ અપાવે. **सा विद्या या विमुक्तये।** મુક્તિ એટલે દુઃખમાંથી મુક્તિ. દુઃખ કેનું નામ? કે જે નાશ પામે એ વસ્તુની આકાંક્ષા એનું નામ દુઃખ. એક જ એવું છે, આત્મા અને પરમાત્મા એ બંનેનો યોગ એ શાશ્વત છે.

બધી નદીઓનું વહેણ કઈ તરફ હોય? સમુદ્ર તરફ તો જીવાત્માનું વહેણ પ્રભુ તરફ હંમેશાં રહેવાનું. પ્રભુએ એવી કળા કરી છે કે એક જન્મે નહિ, બે જન્મે નહિ, અનેક જન્મે પણ અંતે પ્રભુ એ જીવને પોતાની તરફ લઈ લે છે. કોઈ પ્રશ્ન પૂછે કે આ પ્રભુની લીલા શું?

શા માટે અનેક જન્મો લેવડાવે છે? એક જન્મે પૂરું કેમ કરી દેતા નથી? તો પ્રભુ એમ કહે છે કે એક જન્મે શું હું તો એક પળમાં પૂરું કરી દઉં. જો અમારા તથા અમારા સંતના આશીર્વચનમાં સાચી શ્રદ્ધા હોય અને અમારા સ્વરૂપનું જ્ઞાન અને અણીશુદ્ધ ઉપાસના દૃઢ કરી હોય તથા આજ્ઞામાં અણીશુદ્ધ વર્તન હોય તો પાત્ર કરીને પૂરું કરી દઉં.

જય સ્વામિનારાયણ!

## સારાંશ

મનુષ્યજન્મ દુર્લભ છે. ચોવીસ કલાકમાં એક વખત તો અંતર્દૃષ્ટિ કરવી જ કે આધ્યાત્મિક માર્ગમાં કેટલા આગળ વધ્યા. પ્રભુને ગમે તેવું કાર્ય તે પુણ્ય અને ન ગમે તેવું કાર્ય એટલે પાપ. ભગવાનને સદાય સાથે રાખવાથી ખોટું કાર્ય થતું નથી. ભજન - ભક્તિ કરતા ભગવાનના ગુણો ભક્તમાં આવે ત્યારે ભક્તિ સાચી અને ભક્ત સાચા પથ પર આગળ વધે છે તેમ મનાય. ભગવાનમાં અતૂટ શ્રદ્ધા હોવી આવશ્યક છે. જીવનમાં પ્રભુને પામવાની મહત્વાકાંક્ષા રાખવી. ભગવાનના સાક્ષાત્કારવાળા હોય તેમને ખરા મહાત્મા કહેવાય.

અનંત બ્રહ્માંડોમાં સર્વોપરી પરમાત્માની અનંત લીલાઓ ચાલ્યા કરે છે. અનાદિમુક્ત મળે ત્યારે જ પ્રભુપ્રાપ્તિ શક્ય બને છે. ફરી જન્મ ન થાય એવું જીવન જીવાય ત્યારે ધન્ય બનાય. નાશવંત વસ્તુની આકાંક્ષા જ્યાં સુધી જીવને રહે, ત્યાં સુધી જીવ દુઃખી રહે.

આત્મા પરમાત્મા સાથે જોડાય ત્યારે સર્વ દુઃખોનો અંત આવે છે. પ્રભુના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન, અણિશુદ્ધ આજ્ઞાપાલન અને સર્વોપરી ઉપાસના હોય તો પ્રભુ પૂરું કરી દે છે.

## ૧૪

(સેવકના પિતાશ્રી ધામમાં પધાર્યા તે નિમિત્તે તેના પરિવારને આશ્વાસન આપવા પધાર્યા હતા ત્યારે કરેલી વાત અતિ આદર્શરૂપ હોવાથી અહીં પ્રસ્તુત કરી છે.)

જય સ્વામિનારાયણ! આ દેહ અદૃશ્ય થાય, ત્યારે ચૈતન્ય તો મહારાજની મૂર્તિમાં ભગવાન જેવો જ દેહ ધારણ કરીને શ્રીજીમહારાજના સુખમાં રહે છે. ચૈતન્ય નિરાકાર છે. જ્યારે ચૈતન્ય દેહમાંથી છૂટો પડે, ત્યારે ભગવાન એને ખેંચી જાય છે અને તરત જ પોતાની કૃપાથી એ ચૈતન્યને સાકાર દેહ આપે છે. શ્રીજીમહારાજના જેવો જ દિવ્યરૂપ બને છે, એટલે મહારાજ તેને પોતાના સુખમાં રસબસ રાખે છે. ચૈતન્યને એકદમ દિવ્યસુખનો અનુભવ થવા માંડે છે, જ્યારે દેહમાંથી વિદાય લે છે ત્યારે. જેના ઉપર મહારાજની કૃપા થઈ હોય એને જ આમ થાય છે, બધાને એવું થતું નથી. મહારાજની જેની ઉપર કૃપા થઈ હોય એને અંતે મહારાજના દર્શન થાય માટે બધું ભુલાઈ જાય. અને ભગવાનના સુખમાં તરત અંદર ખેંચાઈ જાય. એ તો સુખમાં કિલ્લોલ જ કરે છે. આપણને બધાયને મૂર્તિમાં રાખ્યા છે એ પોતે દેખે છે. આપણે ન દેખીએ કારણ કે આપણી બાધિતાનુવૃત્તિ ભગવાને રાખી છે. એ ખબર પડવા દેતા નથી. એ છૂટા તો પડતા જ નથી. દેહે કરીને છૂટા પડવાનું તો બધાયને છે.

મહારાજે કાર્ય પૂરું કર્યું અને ૪૯ વર્ષે જતા રહ્યા. વહેલી ઉંમરે જતા રહ્યાને? પોતે બોલ્યા કે મારું કામ પૂરું થઈ ગયું હવે અમે જઈએ છીએ. પછી મંદવાડ ગ્રહણ કર્યો અને અંતર્ધાન થઈ ગયા. પછી પાંચસો પરમહંસો અને સાધુઓ બધા ધીમે-ધીમે-ધીમે એક પછી એક કાર્ય કરી બધાય અદૃશ્ય થઈને મૂર્તિના સુખમાં જ્યાંથી આવ્યા હતા ત્યાં જતા રહ્યા. એટલે આપણે બધાય હવે એ સુખમાં છીએ, જવા - આવવાનું નથી. પણ દેહ છોડીએ ત્યારે દેહ છૂટી જાય એટલે ખબર પડે કે સુખમાં છીએ. ચૈતન્ય નીકળી જાય એટલે સુખમાં રહ્યાની ખબર પડે છે અને મહારાજના સુખમાં રહીએ ત્યારે અનંત પ્રકારના વિધ-વિધ, વૈવિધ્ય ભર્યાં સુખો આવે છે. જેમ માછલું કિલ્લોલ કરેને! એવો જ આપણને અનુભવ થાય છે. એ સુખનો એવો આનંદ આવે છે એમાં ધરાતા જ નથી. ચૈતન્યનો આહાર એ છે. એવા દિવ્ય સુખ સિવાય ત્યાં કોઈ આહાર નથી. અહીંની કોઈ ક્રિયા ત્યાં નથી. બરોબર છે?

ભગવાન જણાવે ત્યારે મહારાજ દેખે એટલું આપણે દેખીએ. બ્રહ્માંડમાં રજેરજમાં આપણે છીએ એવો અનુભવ થાય મહારાજ સાથે. બધી વસ્તુમાં આપણું વ્યાપકપણું શ્રીજીમહારાજ સાથે લાગે છે. જ્યારે મહારાજ જણાવે ત્યારે. કારણ કે મહારાજ અન્વયપણે બધે જ છે એવું આપણને પણ લાગે, એવું ધ્યાન થાય. અને બધા સમૈયાઓ આ લોકમાં થાય છેને! એ ત્યાં દિવ્યભાવમાં દેખાય છે. એ અલૌકિક વાત છે. આ બધા સમૈયાઓ

જ્યારે દેખાડે ત્યારે, નહિતર તો સુખમાં ગરકાવ કરી દે પછી સુખ સિવાય તો ક્યાં કંઈ રહે છે? બસ પતી ગયું ત્યારે. બરાબર છે? પછી આહીંની કથા કરવી ને થાળ ધરાવવા ને માળા કરવી એવું કાંઈ ત્યાં (પરભાવમાં) હોતું નથી. બરોબર છે? એ કશું જ ત્યાં નથી. કારણ કે ત્યાં તો સુખનો જ અનુભવ છે. એ સુખનો અનુભવ થઈ ગયો પતી ગયું. એ સુખ જ એવું છે કે બસ એમાં બીજી કાંઈ ખબર જ નથી પડતી. આનંદ જ લાગે. અને અહીંયા ય શું કરે બધા? દોડા-દોડ કરીને આનંદ જ લે છે બધા. અહીં દોડા-દોડ કરીને આનંદ લે છે. એમ મહાપ્રભુજી જ્યારે જણાવે, ત્યારે અલૌકિક વાત થઈ જાય છે બધા બ્રહ્માંડોની. આ એવી વાત છે. એથી વિશેષ તો બધું અનુભવથી ખબર પડે છે. ત્યારે હવે સુખમાં રહ્યા.

જુઓને પેલા ભક્ત હતા તે મહારાજ પાસે ગયા. મહારાજ કહે, શેના માટે આવ્યા? તો કહે મારે રસોઈ આપવાની છે. તમે અમારા બે કામ પૂરા કરી દીધાં. બે જણને ધામમાં લઈ ગયા ને સુખમાં તમે મૂકી દીધા. હવે એક જણ રહ્યા અને એક અમે ય રહ્યા છીએ. સુખમાં લઈ જાવ એટલે પતી જાય પછી. તમે અમારા પર બહુ દયા કરી. પછી બ્રહ્માનંદ સ્વામી ને બીજા સાધુઓ બેઠા હતા તેમને મહારાજ કહે કે તમારી સમજણ આના જેવી છે? તમારે તો એક શિષ્ય હોય છે ને તે શિષ્યમાં ય જીવ રહે છે. એમાં ય તમને આસક્તિ. નહિ લેવા નહિ દેવા તો ય. બરોબર છે? અને આ તો બધા

સંસારમાં રહ્યા થકા માત-પિતા બધા સંબંધથી જોડાયેલા તો ય પણ કેવી સમજણ છે જુઓ? એમ સમજે છે કે ભગવાને સુખમાં રાખ્યા છે. એટલે આનંદ જ થાયને? આ લોકમાં ઘણા વર્ષ ભેગા રહ્યા. દુઃખ શેનું લાગે? તો ભેગા હોય તો ભજન કરાવે બરાબર! કથા-વાર્તા કરાવે, મહારાજની વાતો કરે, દિવ્ય સ્મૃતિ કરાવે, આ લોકનું સુખ આવે. ત્યારે સત્સંગની જરૂરને! સત્સંગ થાય. તમે ને ભાઈઓ ને બા ને બહેન ને બધા ભેગા હો તો કથા - વાર્તા કરો તો સત્સંગ કહેવાય અને એ બધો વ્યવહાર ચલાવતા હતા. હવે મહારાજે ખેંચી લીધા એટલે આ લોકમાં થોડું દુઃખ લાગે. આ લોકમાં ખોટે ય પડે. મહારાજ કહે કોનું એવું હૃદય કઠણ હોય કે ભગવાનના મુક્તો ધામમાં જાય તો દુઃખ ન થાય? મને ય ખૂબ શોક લાગ્યો.

જુઓને! બ્રહ્માનંદ સ્વામી મહારાજ ભેગા રહ્યા તો રહી ન શકે. બાળકની જેમ રડવા મંડ્યા મહારાજ ધામમાં ગયા ત્યારે. કારણ કે હંમેશ ભેગા જ રહેતા બરોબરને! ગોપાળાનંદ સ્વામી ધીર-ગંભીર હતા. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું એટલે મહારાજે દર્શન આપ્યા ત્યારે એમને શાંતિ થઈ. મહારાજ એમને કહે કે આવી શું સમજણ છે? હું તો આ રહ્યો. બીજા જેવો મનુષ્ય છું? આવી સમજણ ધરાવવી. કારણ કે જો અમે અદૃશ્ય ન થઈએ તો નવું કામ ન થાય, એટલે અમારે જે કામ કરવું હતું તે હવે થશે. માટે હવે અમે અદૃશ્ય થઈએ છીએ બરાબર છે! એ કારણસર વહેલા અદૃશ્ય થયા નહિ તો ૧૨૫ વર્ષનો

વાયદો હતો, અક્ષરધામમાંથી. બાપાને પ્રગટ કરી મહારાજે એ પોતાનું કાર્ય પૂરું કર્યું અને સુખમાં રાખવાના બધાયને આશીર્વાદ આપ્યા. શરૂઆત મૂર્તિમાં રાખવાના આશીર્વાદથી કરી. ખૂબ કૃપાસાધ્ય બન્યા. મહારાજે કૃપાસાધ્ય બનવાનું બાકી રાખ્યું હતું. કૃપાસાધ્ય બન્યા ખરા, પણ આટલા બધા નહોતા બન્યા બરાબર છે? મહારાજને એ કામ હવે કરવાનું હતું. બધા ઉપર કૃપા વરસાવવાનું કે જાવ ગમે તેવા કાળ-કર્મ-સ્વભાવ હોય છતાં પણ અમે તમને મૂર્તિમાં રાખ્યા. હવે તમને અમારા સુખનો અનુભવ કરાવશું. એવા સુખમાં આપણને રાખ્યા છે. એટલે હવે જ્યાં સુધી બાધિતાનુવૃત્તિની કોટડી છે ને એનું બંધન છે, ત્યાં સુધી ઘાટ - સંકલ્પ એ બધું થાય, દુઃખ થાય, બધું સાંભરે પણ ખરું. બધાને થાય, પણ દેહથી રહિત થઈએ ત્યાર પછી ન થાય. જ્યાં સુધી દેહ છે, ત્યાં સુધી દેહનું બંધન રહે છે. તો આપણે સુખિયા રહેવું. એ જતા રહ્યા નથી. બીજા જીવ જતા રહે છે બરાબરને! એ તો ક્યાંના ક્યાં અવતરે બરોબર! એ ક્યાં જન્મ ધરે, કઈ જગ્યાએ કે કઈ સૃષ્ટિમાં એ શું ખબર પડે? બરોબર છે! નહિ તો વિયોગ થાય. એને તો વિયોગ મહારાજે મટાડી દીધો. એની ભેળા જ રહેવાનું, જુદા પડવાનું નથી. એ કેટલું સરસ કહેવાય! એ મોટી વાત ન થઈ ગઈ? વિયોગ મટાડી દીધો મહારાજે. ત્યારે એવી સમજણથી આનંદમાં રહેવું મહારાજને સંભારીને બરોબર! ધીમે ધીમે એમની સ્મૃતિ મહારાજમાં દેખાય. મહારાજ એવું દેખાડે. મૂર્તિના સુખમાં

જોડાઈ ગયા છે, પણ આપણે દેખતા નથી. મહારાજે બાધિતાનુવૃત્તિ સૌમાં રાખી છે એટલે કેમ રહ્યા છે ને કેમ કિલ્લોલ કરે છે એ જોઈ શકાતું નથી. એટલે દુઃખ થાય.

સદ્‌ગુરુઓએ એકવાર બાપાને પૂછ્યું કે બાપા! તમે ભગવાનરૂપ મહામુક્ત છો તો ય તમને દુઃખ થાય છે? બાપા કહે અમને શું દુઃખ હોય! પણ બીજાને સહાનુભૂતિ દેખાડવા માટે એવી લીલા કરવી પડે. અવરભાવની દૃષ્ટિએ લીલા કરવી પડે. ગોપાળાનંદ સ્વામી ધીર-ગંભીર રહેતા હતા, તો ય ગંભીર થઈ ગયા પણ આંસુ નહોતું પડ્યું. કારણ કે એ સુખમાં જ હતાને! અને પોતે જાણતા હતા કે જો મારી આંખમાં આંસુ પડશે તો આખો સત્સંગ રડશે અને ઉપાધિનો પાર નહિ રહે. અને મારી આંખમાં આંસુ નહિ પડે ને તો બધા રડતા બંધ થઈ જશે. એટલે સ્વામીએ આંસુ પડવા ન દીધું તો બધાયાંત થઈ ગયા. સ્વામી કહે, મહારાજ ગયા જ નથી. તમે ગયા એમ માનો છો, જુદા પડ્યા એમ માનો છો માટે રડો છો. અને મને ગયા છે એવું લાગતું નથી, માટે મને રડવું આવતું નથી. ત્યારે જતા રહ્યા જ નથી પછી ક્યાં રહ્યું?

દાદાખાચરને દર્શન દીધાં ત્યારે મહારાજે પણ એવું કહ્યું બરોબરને! એવું થાય છે, પણ ભગવાને સુખમાં રાખ્યા છે એમ માની આનંદ જ માનવો, પણ મૂંઝાવું નહિ કોઈ દી'. એ ગયા છે, ગયા છે એવું સંભારવું જ નહિ. મહારાજની મૂર્તિમાં જ રહ્યા છે બરોબર! આ બધું

કામ કરીએ એ મહારાજનું કાર્ય છે એમ માની કરીએ. સેવા કરીએ છીએ એમ માનવાનું. ભગવાનના ઘરમાં રહીએ છીએ. થાળ કરીએ, વાળીએ એમાં એમ માનવાનું કે એ બધી ભગવાનના નિવાસસ્થાનની સેવા થાય છે. બધું કાર્ય ભગવાનનું, પાણી ભરવાનું, થાળ કરવાનું વગેરે. થાળ કરીએ ત્યારે કોઈ પૂછે કે શું કરો છો? તો ભગવાન માટે થાળ કરું છું એમ બોલવાનું. જમતા હોઈએ ત્યારે શું કરો છો? ભગવાનને જમાડું છું, તો એવો ભાવ બધા કાર્યમાં રાખવો. પાણી પીએ તો મહારાજને જળ ધરાવું છું. અખંડ એનું અનુસંધાન આમ રહ્યા કરે. બધી ક્રિયા ભક્તિરૂપ થઈ જાય. હવે એ અદૃશ્ય થઈ ગયા એ તો થઈ ગયા.

મહારાજ અદૃશ્ય થઈ ગયા તો ક્યાંથી એવા દર્શન થાય? મહારાજને ધામમાંથી ફરી મનુષ્યદેહ ધારણ કરવો પડે. ધરી લીધો એકવાર. પછી વારે વારે દેહ ધરે કાંઈ? પછી દિવ્યરૂપે જ જોવા પડે. દિવ્યરૂપે જોવા મળે પછી. કોઈવાર દર્શન દઈ દે છે, પણ એ કેવું હોય? થોડી ક્ષણવાર. મનુષ્યરૂપ ધારણ કરીને દર્શન પણ આપી દે. કોઈ ભક્ત બહુ ભાવથી સંભારે તો, પણ થોડીવારમાં અદૃશ્ય થઈ જાય. પણ એ એવો મનુષ્યદેહ ધારણ કરે. એવો સૂક્ષ્મદેહ, દેખાય એવો ધારણ કરે છે. દિવ્યદેહ કહેવાય બીજી રીતે કહીએ તો. એવો દેહ ધારણ કરી નાંખે. આ આંખે દેખાય એવો દેહ ધારણ કરે તો જ દેખી શકાય, નહિ તો ક્યાંથી દેખાય આ આંખે? બધાને એવા જ દર્શન દે. દેવબાને એવા જ દર્શન દીધાને!

મનુષ્યરૂપે થયા. એવો દેહ ધારણ કરીને પછી કહે માગો. પછી માંગ્યું કે તરત એક મિનિટમાં અદશ્ય થઈ ગયા. દેવબા, બાપાશ્રીના માતૃશ્રીને દર્શન દીધાને! એક મિનિટ વાત-ચિત કરી ને તરત જ અદશ્ય થઈ ગયા. ભગવાન પછી ઝાઝો વખત રહેતા નથી. થોડીવાર દર્શન આપે. મનુષ્યરૂપે વિચરતા હોય ત્યારે વધારે કામ કરે. કામ કરવા તો પધાર્યા હતા તો બધું જ કામ કરવું પડેને! એમનો સંકલ્પ હોય એટલું કરે, પણ જબરજસ્ત કાર્ય થાયને! કામ કર્યા પછી વિલીન થઈ જાય. પછી દિવ્યરૂપે કામ કરે. કારણ કે એ સર્વોપરીતત્ત્વ છે પરમાત્મા, મહારાજ સદાય પ્રગટ જ રહે છે. બીજા બારણા બંધ કરી દીધા. બધાને બીજબળ કરી દીધા. પછી અંતે ત્યાં જ જવાનું, મહારાજ પાસે.

આશીર્વાદથી બધાએ સુખિયા રહેવું. તમારા બા જેવી સમજણ કોઈની નથી. છતાં ય દાસ એ દાસ. નમ્રતા એટલી બધી. અને ભગવાન આગળ ખૂલ્લા થવા માટે બહુ ઓછા લોકો ખૂલ્લા થાય છે. ભગવાન પાસે મનને, હૃદયને ખૂલ્લું કરવું બધાય માટે સહેલું નથી. એમના માટે સહેલું છે. બાપુજી તો મહારાજના સુખમાં પહોંચી ગયા. (પછી બા ધામમાં લઈ જવાનું માગે છે ત્યારે કહે છે.) તમે તો ધામમાં જ બેઠા છો. ધામમાં આપણે ક્યાં જવાનું છે? તમે તો ધામમાં બેઠા જ છો. આપણે બધાય બેઠા છીએ. બધાયની ચિંતા કાઢી. એટલે કોઈ દી' નહિ સમજવાનું કે હું સુખમાં બેઠો નથી. એવી અચળ નિષ્ઠા રાખવી બરોબર છે? મહારાજના કોઈ મુક્તને

બાપાએ આશીર્વાદ આપ્યા. પછી તેમને એક ભક્ત કહે, ‘તમે તો વિદેહીમુક્ત છો.’ વિદેહીમુક્ત પણ મોટા જ કહેવાય, પણ એથી આગળ અનાદિમુક્ત છે. એટલે તેઓ કહે, ‘હું તો મૂર્તિમાં રસબસ રહેલો અનાદિમુક્ત છું. હું ક્યાં વિદેહી હતો? તું હો તો ભલે!’ બોલો કેટલું બળ! બાપા કહે, ‘આની કેવી સમજણ છે જુઓ. એ તો કહે છે કે હું તો ગોપાળાનંદ સ્વામી જેવો થઈ ગયો’ સમજણ એવી હોવી જોઈએ, કે હું તો મહારાજની મૂર્તિમાં રસબસ રહેલો અનાદિમુક્ત છું. એને એટલો વિશ્વાસ થઈ ગયોને!

ભગવાન કૃપાસાધ્ય બન્યા છે, નહિ તો ગમે તેટલાં સાધન કરે તો પણ ક્યાં પાર આવે? મૂર્તિમાં રહેવાની વાત સમજવી કાંઈ સહેલી છે? ભગવાનના સુખનો અનુભવ કરવો એ ખૂબ જ અઘરું છે. ભગવાન ઓળખાયા પછી નિષ્કામવ્રતનું પાલન કરે ને પછી એ ભગવાન કૃપા કરે તો સુખનો અનુભવ થાય, નહિ તો ન થાય, પછી ક્યાં વાત જ રહી? બીજાને તો આ સુખમાં રહેવાની ગતિ જ નથી સમજાતી. એ તો દેખે ત્યારે ખબર પડે. એમ પૂછે કે ત્યાં આમ ને આમ પડ્યા જ રહેવાનું છે? કાંઈ કરવાનું જ નથી? એટલો દેહમય થઈ ગયો છે કે એને ખબર પડતી જ નથી કે કેમ મૂર્તિમાં રહેવાય. પછી ક્યારે એને એવું જ્ઞાન થવાનું હતું? એ તો સમજીએ ત્યારે પાર આવેને કે કેમ થાય છે? અને બીજા એમ સમજાવે છે કે અક્ષરધામમાં આનું સુખ લેવાનું છે ને આનું સુખ લેવાનું છે એમ વાતો કરે. ત્યાં

હીંડોળા છે ને ખાટ છે, મહોલ ઝરૂખા છે, એમ સમજે છે. એ તો ભક્તને એવી ભાવના હોય એટલે સમાધિ અવસ્થામાં ભગવાન એવું કોઈવાર દેખાડી દે. પેલા નારાયણજીભાઈને એમ દેખાડ્યું એટલે એને એમ થયું કે આવું જ અક્ષરધામ છે, પણ એવું અક્ષરધામ છે જ નહિ. કેટલાયને અક્ષરધામની હજી ખબર જ નથી અને મોટા થઈ જાય. અને અબજીબાપાએ જેવું છે એવું ઓળખાવી દીધું.

(પછી સેવકે વડતાલમાં કોઈ ભક્તે હું ગોપાળાનંદ સ્વામીની છત્રીએ ફલાણી તારીખે દેહ મૂકીશ જેને આવવું હોય તે આવજો એવી જાહેરાત કરી હતી, તેની વાત કરી. તે ઉપર પૂ.મામા કહે છે.)

ભગવાન કહી ગયા હોય તો દેહ મૂકશે. મહારાજ કહી ગયા હોય તો તેમ થાય. કાશીરામભાઈની જેમ કોઈ ભક્તને બહુ હેત હોય તો મહારાજ તેડવા આવે તો લઈ જાય, પણ જો અંદર રાગ રહી ગયો હોયને તો તેડવા આવીને પાછા જ્યાં ઠીક લાગે ત્યાં ફરીથી મૂકે. તેડવા આવે પણ પાછા બીજે મૂકે, પણ અનાદિમુક્તના જેને આશીર્વાદ મળ્યા એનું પૂરું થઈ જાય, એટલો ફરક છે. મહારાજ કહે છે કે અમારી ગાદી સ્થાન પર ધર્મગુરુઓ સ્થાપ્યા છે. પણ એ જો ધર્મ-નિયમમાં ન વર્તે તો એને અમે બદ્રિકાશ્રમમાં મૂકીને તપ કરાવીને, શુદ્ધ કરીને પછી ધામમાં લઈ જઈએ. અનાદિમુક્ત ગોપાળાનંદ સ્વામી હતા ત્યારે ગાદી ઉપર અયોધ્યાપ્રસાદજી મહારાજ હતા. એમના કરતાં ગોપાળાનંદ સ્વામીની સ્થિતિ અધિક

હતી. એમનો મહિમા એ જાણતા હતા.

જ્યારે ચૈતન્ય મૂર્તિમાં સ્થિર થાય, ત્યારે આનંદ આવવા માંડે. સિનેમા જોવા જાઓ છો ત્યારે ગમતું ચિત્ર હોય તો બહુ હલન-ચલને ય ન કરે. એટલો અંદર સ્થિર થઈ જાય. એમ મહારાજની મૂર્તિમાં અંદર સ્થિર થાય ત્યારે હલન-ચલન ને દોડા-દોડ કરવાનું ક્યાં રહ્યું? બરાબર છે? એ એને ખબર નથી. જ્યારે સુખનો અનુભવ થાય, ત્યારે પાર આવે! બસ, અનુભવ કરવાનો. પછી ભગવાન પોતાની લીલાઓ બતાવે. બતાવવા ધારે તો બતાવે નહિ તો સુખમાં જ રહેવાનું કે બીજું કાંઈ? End of this Pain, દુઃખનો અંત, પછી બધું પતી ગયું. ખીચડી ચડ્યા પછી તડ-તડ-તડ માથાકૂટ થાય છે? અવાજ થાય છે? પછી સ્થિર થઈ જાય. ઘડો છલકાય ક્યારે? અધૂરો હોય ત્યારે, પછી ન છલકાય. એ સુખમાં રહેવાય ત્યારે પૂરું થયું કહેવાય. એવો કેફ રાખવો કે હું મહારાજના સુખમાં જ રમણ કરું છું. એ સુખમાં રહ્યા થકા બધી જ ક્રિયા ભગવાનની ઈચ્છાથી થાય છે. ભણાવનારા ભગવાન, અભ્યાસ કરનારા ભગવાન, વિચારનારા ય ભગવાન, બીજું બધું ય કરનારા ય એ જ. બધું જ એ કરે. અને બધાય ભગવાનના મુક્ત સ્વરૂપો છે. બધાય મૂર્તિમાં રહ્યા છે. મૂર્તિમાં રહેવાની વાત અલૌકિક છે. બરોબર! માટે મૂર્તિ સંભારવાની. મૂર્તિમાં રહે ત્યારે ખબર પડે કે નખશિખાંત છું.

આપણું કેમ થશે? એમ સંકલ્પ થાય, ત્યાં સુધી શ્રદ્ધામાં ફેર છે. ત્યાં સુધી સુખનો અનુભવ ન થાય. હું

મહારાજના સુખમાં જ છું એમાં વિચાર સરખો ન કરવો અને નાસ્તિકપણાનો ભાવ લાવ્યા સિવાય આગળ વધવાનું. પછી એ ભગવાનની દયાથી અનુભવ થાય. જ્યાં સુધી ડગમગાટ હોય, ત્યાં સુધી દૃઢ કર્યા જ કરવું પડે. દૃઢતા ન થાય ત્યાં સુધી કેમ છે, કેમ નહિ એમ થાય. આ લોકના ભાવ જણાય. વળી પાછી વૃત્તિ ખેંચાઈને મૂર્તિમાંથી બહાર જતી રહે. સંકલ્પ - વિકલ્પ થાય. બીજું થાય, ત્રીજું થાય અને એમ થાય કે મૂર્તિમાં આપણે હશું કે કેમ? ત્યારે કૃપાસાધ્ય એનું નામ કે આ બધું છે છતાં તમે અમારા જોગમાં આવ્યા એટલે તમને અમે મૂર્તિમાં રાખી દીધા છે. બધું છે તમારામાં. દોષો હોય, કેટલાય જનમ થાય એવું છે. એ બધાય જનમ ટાળ્યા છે. અને તમને અમે સુખમાં રાખ્યા છે. એણે રાખ્યા છે માટે રહ્યા છીએ. રાખ્યા તો આપણને મનાવું જોઈએને! ન મનાય તો એટલું કાચું. કોઈક પૂછે તમે ક્યાં છો? તો મહારાજની કૃપાથી હું મહારાજની મૂર્તિમાં છું એવું બોલવું જોઈએ બરોબર છે? એમણે રાખ્યા છે એવી શ્રદ્ધા ડગવી ન જોઈએ. રાખનારાએ રાખ્યા છે. પછી ગમે ત્યારે ગમે ત્યાં જાવ તો ય એમ લાગે કે હું મહારાજની મૂર્તિમાં જ છું. મહારાજની મૂર્તિમાં હોઈએ તો પૂરું રક્ષણ મળેને! ચિંતા માત્રનો અંત આવી જાય. પૂરા નિર્ભય થઈ ગયાને! ભગવાનની મૂર્તિમાં રહ્યા પછી કોઈ ભય ડરાવતો નથી. સહી સલામત થઈ ગયા. આ વાતનું મનન કરતાં કરતાં એ પાકું થઈ જાય ને સાક્ષાત્કાર થાય.

બીજા લોકો દોષો ટાળવા માટે દેહદમનની માથાકૂટ કર્યા જ કરે છે બરોબર છે! ઠીક છે, પણ ભગવાનની મૂર્તિનું સુખ પ્રાપ્ત કરવા માટે પહેલા તો આ અભ્યાસ પાકો કરવો પડે. પછી ભગવાનના સુખમાં રહી શકાય. પછી અંદર રહ્યા થકા મૂર્તિના દર્શન થાય. નખથી માંડીને શિખા પર્યંત દર્શન થાય. સળંગ દર્શન થાય. અંદર રહીને થાય. અંદર રહ્યા છીએ એવું જ લાગે. સરસ દર્શન થાય. બેઠા હોઈએ તો આમ જ બેઠા છીએ. મહારાજ જ આમ બેઠા છે એવો ભાવ થાય. ત્યારે આ દિવ્યભાવમાં જ રાચવું. પછી અહીંના ભાવ જેવું ત્યાં (પરભાવમાં) રહેતું નથી. આમ બેઠા કે આમ બેઠા એવું રહેતું નથી. મુક્તોને મૂર્તિમાં કિલ્લોલ કરવાની રીત એવી છે કે જેવું માછલું કિલ્લોલ કરે છે ને એની પદ્ધતિ જુદી છે, બાકી જે Comparision (તુલના) આપીને! સુખ લેવાની, એમાં જેમ આનંદ આવે છે એવી રીતે કિલ્લોલ કરવાની એ રીત. એવો જ આનંદ આવે છે. વૈવિધ્યસભર. એ સવાચોસઠ તસુની મૂર્તિ, પણ મહાસાગરોના મહાસાગરો સમાઈ જાય એવડી મોટી છે. સુખમાં રમતાં એવું લાગે. અને છતાંય અંદર ભગવાને સુખમાં રસબસ રાખ્યા છે, એમ અનુભવાય. એ વાત બહુ અલૌકિક છે. એ તો માણે એ જાણેને? એ કરવું પડે.

પહેલા તો આપણે વિશ્વાસ કેળવવો પડે. વિશ્વાસ આવ્યા પછી સંકલ્પ બંધ થાય ને? ત્યાં સુધી વિચાર જ કરે કે આમ હશે કે આમ હશે? એવી માથાકૂટ કર્યા

કરે. પહેલા તો નાસ્તિકપણું ભગવાનને વિષે ટાળો. આ લોકની વસ્તુ યાદ આવે એવા ઘાટ છેને! એ તો હિસાબમાં જ નથી. એ કાંઈ બહુ પરાભવ નથી કરતા. જે અવિશ્વાસ રહે છે ને! જે શ્રદ્ધા નથી આવતીને! એ સૌથી ખરાબ છે. એના લીધે બધા દુઃખી થાય છે. ઘડીકમાં બેસી જાય. થોડું દુઃખ આવે તો ય ગભરાઈ જાય. શરણાગતિ કોને કહેવાય ખબર છે? શ્રીજીમહારાજે સર્જેલી કોઈ પણ જાતની પરિસ્થિતિ એનો સહર્ષ સ્વીકાર કરીને આનંદ આવે ત્યારે માનવું કે હવે બરોબર છે. તરત જ વિચાર કરે આવું કેમ મહારાજે કર્યું? વિચાર આવે આવું કેમ કર્યું એટલે પતી ગયું. એવું નહિ વિચારવાનું કેમ કર્યું? કેમ નહિ? એ બધી એની મરજી. તો પછી આપણે એની ગતિ પાર પામી ગયા કહેવાયને? કેમ કર્યું એ જાણીએ તો - તો ભગવાનનો પાર પામી ગયા કહેવાઈએ. એટલે એમ નહિ થવું જોઈએ કે આમ કેમ કર્યું હશે? શું મારું હશે? શું કોઈકનું કંઈક કર્યું હશે? બાપુજીએ અંત વખતે મહારાજના દર્શન કર્યા એ ભાગ્યને? એટલા દર્શન થયા એ ભાગ્ય. મહારાજના દર્શન કર્યા પછી કોના દર્શન બાકી રહે? બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી ક્યા મુક્ત બાકી રહ્યા? એવા દર્શન થયા મહારાજના.

આ લોકની બાધિતાનુવૃત્તિ એવી છે ખરી કે દુઃખ થાય, મૂંઝવણ થાય બધું જ થાય, પણ સમજણ બદલાવી જોઈએ નહિ. એક સેકંડ પણ ન બદલાવી જોઈએ. આમ કેમ કર્યું એમ ન થવું જોઈએ. આ Pain (દુઃખ)

ભલે ભોગવે. that is another thing દુઃખ પડે. ખૂબ મૂંઝવણ થાય. આમ થાય, તેમ થાય એ બધું સહન કરવું. કરવું પડે ભલે, પણ એ વખતે વિચાર ન આવવો જોઈએ કે મહારાજે આમ કેમ કર્યું? બરોબર! તો એ પાકી નિષ્ઠા ન ગણાય. ત્યાં સુધી કાચપ. ત્યારે એવું પાકું કરવું બરોબર! મોરબીમાં પેલું પૂર આવ્યું ત્યારે બધા મૂંઝાઈ ગયા. એ વખતે સચ્ચિદાનંદ સ્વામી હતાને એના જેવું કરવું. એમની સામે વાઘ આવ્યો. પોતે જાણતા હતા કે વાઘનું કાર્ય એવું છે કે ખાઈ જાય. હિંસક પ્રાણી. પોતે એમ સમજતા હતા કે ખાય એનુંય કલ્યાણ થઈ જશે. પોતે મૂર્તિમાં ઊંડા ઉતરી ગયા વાઘ જોયો એટલે. સંકલ્પ કર્યો કે આ દેહને એ જમી જશે તો એનું કલ્યાણ થઈ જશે. એ પોતે ઊભા રહ્યા, ઊભા ઊભા મૂર્તિમાં ઊંડા ઉતરી ગયા. પછી લગભગ અર્ધા કલાકે મહારાજે એમને જાગૃત કર્યા. તો વાઘ ઊભો રહ્યો હતો. પછી માથું નમાવીને જતો રહ્યો. એ વખતે ત્યાં સુધી ઊભો રહ્યો. સ્વામી જ્યારે દેહમાં આવ્યા ત્યાર પછી દર્શન કરીને જતો રહ્યો. ભગવાનને રાખવા હતા તો રાખ્યા. કોઈવાર એવું ન પણ કરે તો એ વખતે વિચાર કરે કે ભગવાને આમ કેમ કર્યું? બહુ મોટા ભક્ત હતા ને આમ કેમ થયું? આવા મોટા હતા ને મોટર નીચે આવીને કેમ કચડાઈ ગયા? જેની ઉપર કૃપા નથી કરી એના માટે સંકલ્પ થાય બરોબર! પણ જેને અનાદિમહામુક્ત મળ્યા ને કહ્યું, જાવ મૂર્તિમાં રાખ્યા એનું ભૂંડું ન થાય. પછી દેહ ભલે ગમે તે રીતે પડે,

પણ સુખમાં ફેર ન પડે. ચૈતન્ય સુખમાં રહે.

એક સમજણ એવી દઢ રાખવાની કે કૃપા - જો આશીર્વાદ ઝીલ્યા હોય, એ ઝીલવામાં ફરક પડે તો બરોબર આનંદ ન આવે તો એટલો વધુ વખત કાઢવો પડે. એના કરતાં વહેલું ન કરીએ? જેમ બને તેમ જલદી પાર ઉતરવું. નહિ તો એટલું મોડું થાય. ભગવાન કહે છે કે મૂર્તિમાં રાખ્યા જાવ. પરમાત્મા કહેતા હોય કે મૂર્તિમાં રાખ્યા ને જો બીજો વિચાર કરે તો ઘેલો કહેવાયને? તો પછી. હવે બાપુજી ભલે ધામમાં જતા રહ્યા. થોડો વખત તકલીફ રહે, પણ મહારાજ પાછા બધું સરખું ગોઠવી દે. એ સુખમાં આપણે બધા રહ્યા છીએ કંઈ કમી રાખી છે? મહારાજે કંઈ કમી નથી રાખી. એવી દઢતા રાખી સદાય આનંદમાં રહેવું.

જય સ્વામિનારાયણ!

## સારાંશ

જે જીવ ઉપર મહારાજની કૃપા થઈ હોય તે જીવ જ્યારે દેહનો ત્યાગ કરે છે, ત્યારે તેને દિવ્ય સાકાર દેહ પ્રાપ્ત થાય છે અને ત્યારબાદ મહારાજના વૈવિધ્યભર્યા સુખનો ચૈતન્યને અનુભવ થવા લાગે છે. એ સુખ એ જ ચૈતન્યનો આહાર છે. મહારાજ અન્વયપણે સર્વત્ર વ્યાપક છે. એ અનુભવ જીવને જ્યારે કરાવે, ત્યારે જીવ પણ ભગવાનની સાથે સર્વત્ર વ્યાપકપણાનો અનુભવ કરે છે. સગા-સંબંધી ધામમાં પધારે ત્યારે આ લોકમાં ભજન - ભક્તિ કરવામાં સાથ આપતા તે બંધ થયું

તેવા ભાવનું દુઃખ થવું જોઈએ. આસક્તિ સાથેનું દુઃખ ન થવું જોઈએ. બાપાએ પૃથ્વી પર પધારી મહારાજની મૂર્તિના સુખમાં રહેવાના આશીર્વાદ આપી કૃપા વરસાવી અને સુખમાં રાખી દીધા. બાધિતાનુવૃત્તિ દૂર થતાં એ સુખનો અનુભવ થાય છે.

જે જીવ ધામમાં ગયો તે પણ મહારાજના સુખમાં અને આપણે પણ એ સુખમાં જ છીએ. માટે વિયોગ કે જુદાપણાનો ભાવ રહેતો જ નથી. એવી સમજણ રાખી સદાય આનંદમાં રહેવું. અનાદિમુક્તને તો દુઃખ જેવું હોતું જ નથી. બીજાને સહાનુભૂતિ બતાવવા દુઃખ થયું એવી લીલા કરતા હોય છે. હંમેશાં ભગવાનના ઘરમાં રહ્યા છીએ અને ઘરની બધી ક્રિયાઓ એ ભગવાનની સેવા માટે જ કરું છું એવી ભાવના રાખવાથી તે ક્રિયાઓ ભક્તિરૂપ બને છે. ધામમાં જ બેઠા છીએ અને મૂર્તિનું સુખ લઈએ છીએ, સદાય એવી દૃઢ નિષ્ઠા રાખવી. ભગવાન પૃથ્વી પરથી અદૃશ્ય થયા પછી ભક્તના ભાવને જાણી થોડી ક્ષણો માટે જ ભક્તને દિવ્યરૂપે દર્શન આપે છે. અનાદિમુક્ત જ્યારે મહારાજની મૂર્તિમાં રહી સુખ લેવાની વાતનું જ્ઞાન સમજાવે, ત્યારે જ પાત્ર મુમુક્ષુ જીવને તે જ્ઞાન સમજાય છે.

મહારાજ જીવને તેડવા આવે છે, પણ પછી તે જીવને ક્યાં મૂકે છે તે કોઈ જાણતું નથી, પરંતુ જેને અનાદિમુક્ત મળ્યા, જેને તેમના આશીર્વાદ મળ્યા તેનું આધ્યાત્મિક સ્તર ઊંચું થઈ જાય છે. ચૈતન્ય જ્યારે મૂર્તિમાં સ્થિર થાય, ત્યારે આનંદ આવે. પછી બધા જ

દુઃખોનો અંત આવે છે. દરેક ક્રિયા મહારાજ કરે છે એવું અનુસંધાન સદાય રાખવું. જીવમાં અનેક દોષો હોવા છતાં મહારાજે મૂર્તિમાં રાખ્યો છે તેવો દૃઢ વિશ્વાસ જ જીવને મહારાજના સુખમાં પહોંચાડે છે. આ લોકના ઘાટ - સંકલ્પ કરતાં મહારાજ અને અનાદિમુક્તના આશીર્વચનમાં અવિશ્વાસ જ જીવને વધુ દુઃખદાયી બને છે.

શ્રીજીમહારાજે સર્જેલી ગમે તે પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કરી આનંદ માનવો તેનું નામ સંપૂર્ણ શરણાગતિ. મહારાજના દર્શનમાં બધાના દર્શન આવી જાય. શ્રદ્ધામાં કેમ, શા માટે જેવા પ્રશ્નો ઊઠે તે અશ્રદ્ધા છે. અનાદિમુક્તના આશીર્વાદ જે જીવને મળ્યા તેનું પૂરું થયું સમજવું. પછી ભલે તે જીવનો દેહ ગમે તે રીતે પડે તેનું પૂરું થઈ જાય.

## ૧૫

પરમ કૃપાળુ શ્રીજીમહારાજ અને બાપાશ્રીની અક્ષરધામની આ દિવ્ય સભાને કોટાનકોટી વંદન કરી આનંદ અનુભવું છું.

જેમ બાપાશ્રીને સદ્‌ગુરુઓએ અને દિવ્ય સભાએ પ્રાર્થના કરી તો મહારાજના સંકલ્પથી પોતે દસ વર્ષ વધુ રહ્યા. તેમ આપણી પ્રાર્થનાથી મોટા પુરુષ રહેવું હોય તેટલું રહી શકે. મોટા પુરુષને આયુષ્યની કોઈ મર્યાદા નથી. એ તો સામાન્ય જીવો માટે છે. આપણા પ્રારબ્ધ મહારાજ બન્યા એટલે હવે તેમને જેટલું રાખવું ઘટે તેટલું આપણને બધાયને રાખે. બાપા ધીમે-ધીમે જીવોનું કલ્યાણ કરવા આગળ વધી રહ્યા છે અને કલ્યાણનું સદાવ્રત કાયમ ચાલુ રહે એવી જાતનું આખું વાતાવરણ સર્જશે.

એકવાર ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ વાત લખાણમાં કદાચ નહિ હોય, પણ સાંભળેલી વાત છે. સ્વામીને સભામાં પ્રશ્ન પૂછ્યો કે મહારાજ એમ કહે છે કે આ અક્ષરધામની સભા છે, તો આ સભા બધા અનાદિમુક્તોની સભા છે? તે શું સમજવું? તો મહારાજ કહે છે કે અમે સારીયે સભા લઈને અહીં પૃથ્વી ઉપર દર્શન દેવા આવ્યા છીએ અને એ સભાની અંદર આ સભા એક થઈ જાય છે. માટે એ પણ અક્ષરધામની સભાના મુક્તો બની ગયા. તો આ

અક્ષરધામની દિવ્ય સભામાં આપણે પણ બધા અનાદિની પંક્તિમાં બેસી તો ગયા. કોણે બેસાડ્યા? બાપાશ્રીએ અને બાપાશ્રી દ્વારા કોણે સંકલ્પ કર્યો? સ્વામિનારાયણ ભગવાને. ત્યારે કોના સંકલ્પ પોતે હતા? સ્વામિનારાયણ ભગવાનના. સંકલ્પ - સંકલ્પીનો ભેદ તો જ્યારે એ દિવ્યસ્થિતિ થાય, ત્યારે જ ખબર પડે એવું છે. સંકલ્પ અથવા સંકલ્પી પણ કામ તો એક જ કરે. સુખમાં એ બેય લઈ જાય. એ બંને સુખરૂપ. મહારાજના ય સંકલ્પ હોય, અને મહારાજના મુક્તના ય સંકલ્પ ફરતા હોય. સદ્ગુરુ વૃંદાવનદાસજી સ્વામી મહાસમર્થ સદ્ગુરુ એમને બાપાશ્રી કહે કે તમારા તો સંકલ્પ ફરે છે. અમે તે જાણીએ છીએ, પણ તમને તે જણાવા દેતા નથી. ત્યારે કેટલી સામર્થી! વિચારો! કેમ એમ કરતા હશે એવો પ્રશ્ન ઊભો થાયને? કેમ ખબર ન પડવા દે? તે ધણી જાણે. એ પ્રશ્ન અગમ્ય છે.

ગોપાળાનંદ સ્વામીને કોઈએ પૂછ્યું તો એમ કહ્યું કે મારી સમજણ પ્રમાણે આમાં ચાલોચાલ છે, પરમએકાંતિક છે, એકાંતિક છે, અનાદિમુક્તો પણ છે. ત્યારે મહારાજે પૂછ્યું કે ચાલોચાલ હરિભક્તો વિષે તમને મનુષ્યભાવ આવે ખરો? કહે ન આવે. કેમ એમ? તો કહે આ સભાને તમે અક્ષરધામની સભા કહી તો તેમાં બધા આવી ગયા. અને જે ન આવ્યા એનું કારણ હું એવું દેખું છું કે એમને મનુષ્યભાવ આવે છે, પણ આપના પ્રતાપથી મનુષ્યભાવ આવે તેને સંકલ્પથી ટાળી મૂકે. એમ કરતાં કરતાં આગળ વધે છે. એ પ્રક્રિયા હું જોઉં

છું. અને જ્યારે દિવ્યસ્થિતિ થાય, ત્યારે કોઈનો અવગુણ આવતો નથી. મૂર્તિસ્થ થયા પછી અવગુણનો સવાલ જ રહેતો નથી. કારણ કે એ તો બધું દેખે છે, એમ જ આગળ વધાય. એમ દરેક જણને પાત્ર બનાવે છે અને પાત્ર બનાવી ધીમે ધીમે દિવ્ય સુખ તરફ લઈ જાય છે. ત્યારે સ્વામીએ કહ્યું કે મહારાજ! અનાદિમુક્તો તો તમારા સંકલ્પથી એ બધાયનો મનુષ્યભાવ ટાળી અને તમારા સુખને પમાડી દે છે. ત્યારે મહારાજે રાજી થઈ ખૂબ હાસ્યરસ વરસાવ્યો. હસવા માંડ્યા! વાહ સ્વામી વાહ! આ તો તમે સરસ નવીન વાત કરી. ત્યારે જુઓ તેમાં બાપા લખે છે કે કોઈનો અવગુણ ન લેવો. આવતો જ નથી. મુક્તો દિવ્યસ્વરૂપને એક નજરે જુએ છે. એને એમ જ થાય કે ધીમે ધીમે બધા આવશે.

એક એવો વખત આવશે કે બાપાશ્રીના જ્ઞાનનો વિરોધ કરનારા પણ અહીં આવશે. અને એમને એમ થશે કે આ તો લાંબુ સ્વપ્ન આવી ગયું. એ સ્વપ્ન જતું રહ્યું અને હવે તો આપણે બધા એક જ છીએ. બાપાશ્રીએ સમજાવેલી અનાદિમુક્તની સ્થિતિ સમજવાની કેટલાક હજી ગતિ ધરાવતા નથી. આ હકીકત છે, પણ એ અંતરપડદો જતો રહેશે ત્યારે એમને જણાશે કે આ વાત તો બરાબર છે. બાપાશ્રી ભૂજ મંદિરના સભામંડપમાં પોતાનું આસન રાખીને રહેતા હતા તો યે કેટલાક ન ઓળખી શક્યા. ત્યારે બાપાએ એમ કહ્યું કે મહારાજ અને અનાદિમુક્તોને ઓળખવા એ જબરી ઘાંટી છે. મુક્તો મનુષ્યો જેવા જ દેખાય. બાપા પણ બોલ્યાને કે સાવ મનુષ્ય જેવા દેખાય

અને ઢાંકીને વર્તવું એ તો બહુ જબરી વાત છે. એક સારું સ્વપ્ન આવે તો ય આપણે કહી દઈએ છીએ. અરે! કોઈકવાર અંદર ઉજાસ દેખાય તો પણ કહી દે છે. ત્યારે જબરજસ્ત સામર્થી ઢાંકીને વર્તવું એ તો બહુ મોટાઈ છે. ત્યારે બાપા એવી રીતે ઢાંકીને વર્તતા જેથી કોઈ ઓળખી શક્યા નહિ. પણ મહારાજ જ્યારે જણાવે ત્યારે ખબર પડે કે ઓહોહો! આખા બ્રહ્માંડોના બ્રહ્માંડો એ સ્વરૂપના પ્રકાશમાં લીન થઈ જાય એવું એ સુંદર સ્વરૂપ છે. મનુષ્યરૂપે આવીને આમ બેઠા અને આપણને ઓળખાઈ ગયા એ આપણા મોટા ભાગ્ય. તો બધાને ઓળખાવવા. શત્રુ હોય, દ્રોહ કરે એને પહેલા ઓળખાવવા. લે ભાઈ, તારો પહેલો વારો. બાપાએ એવાને દીનજન કહ્યા. ભગવાનને ન ઓળખી શકે એ બધા દીનજન કહેવાય. માટે એ દીનજનને વિષે આપણે અવગુણ ન લેવો, પણ એ દીન, રાંકમાંથી રાજા થાય એટલે અનાદિમુક્ત થાય એવા એમને બાપાની વાત રાખીને કરવા પડશે.

## સારાંશ

અનાદિમુક્તને આયુષ્યની કોઈ મર્યાદા હોતી નથી. અનાદિમુક્ત દ્વારા મહારાજ કલ્યાણનું સદાવ્રત કાયમ ચાલુ જ રાખશે. અનાદિમુક્તને લઈને આખી સભા તેમાં દરેક પ્રકારના જીવો હોવા છતાં અનાદિમુક્તની કહેવાય. મહારાજની જેમ જ તેમના અનાદિમુક્તના પણ સંકલ્પો મૂર્તિમાન ફરતા હોય છે. અનાદિમુક્ત પોતાના વર્તન

દ્વારા શીખવે છે કે કોઈ જીવને વિશે સંકલ્પ ન કરવો. દરેક જીવ જે અનાદિમુક્તની દૃષ્ટિમાં આવ્યા તે ધીમે ધીમે મહારાજના સુખને પામશે.

બાપાશ્રીએ સમજાવેલી અનાદિમુક્તની સ્થિતિ એ સત્ય હકીકત છે. એ જ્ઞાન ધીમે ધીમે બધા સમજશે. અનાદિમુક્ત પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તતા હોવાથી જીવો તેમને જેમ છે તેમ ઓળખી શકતા નથી. જીવને અનાદિમુક્તની ઓળખાણ થાય તે મોટા ભાગ્ય છે. જેને ઓળખાયા તેમણે બીજાને ઓળખાવવાની સેવા કરવી જેથી તેનું પણ કલ્યાણ થાય.

## ૧૬

આ દિવ્ય સભાને કોટાનકોટી દંડવત્ પ્રણામ સહ વંદન કરું છું.

આજે સત્સંગસભા મહારાજની મરજીથી ખૂબ સરસ થઈ. શ્રીજીમહારાજે પોતાના મુક્તો દ્વારા ખૂબ સારી વાતો કરાવી. એવી વાતો કરાવી કે આખી સભા એમાં સ્થિર થઈ ગઈ. કોઈને ઉઠવાનું મન થયું નહિ. એ બતાવે છે કે મહારાજે વાતો ખૂબ સારી કરાવી અંતરમાં ઉતારવા જેવી હતી. હવે એમાં કાંઈ આજની સભા પૂરતું વિશેષ કહેવાનું રહેતું નથી. માત્ર સમાપન કરવાની વાત છે, એટલે બે મિનિટ જો ન કહું તો ઠીક ન કહેવાય અને સભાનો બહુ રાજીપો મળે નહિ.

આ બધી વાતમાંથી મને એમ લાગ્યું કે બાપાવક્ત થવું એ ગૌરવની વાત છે. આજ્ઞા અને ઉપાસનામાં અણીશુદ્ધ વર્તન હોય તેને બાપાવાળા કહેવાય. અક્ષરધામમાં જવું હોય તો બાપાવાળા બને જ છૂટકો કે નહિ? કહો જોઈએ? વિચારો! બાપાવાળા એટલે આજ્ઞા અને ઉપાસનામાં જેનું અણીશુદ્ધ વર્તન હોય તેને બાપાવાળા કહેવાય. અને આજ્ઞા અને ઉપાસનામાં અણીશુદ્ધ વર્તન ન હોય તો અક્ષરધામમાં સ્થાન મળે ખરું? ન મળે. ત્યારે જો કોઈ આપણને બાપાવાળા કહે તો આપણી છાતી ગજ-ગજ ફૂલવી જોઈએ. હું તો આનંદથી નાચું જો કોઈ મને કહે કે ઓ હો! આ જુઓ નારાયણભાઈ બાપાવાળા છે. કેટલા

શ્રેયની વાત કે આજ્ઞા અને ઉપાસનામાં જેનું અણીશુદ્ધ વર્તન હોય તેને બાપાવાળા કહેવાય. સારાય સત્સંગમાં દરેકે બાપાવાળા બને જ છૂટકો છે. એકે એક બાપાવાળા બનશે. એટલે કે આજ્ઞા અને ઉપાસનામાં અણીશુદ્ધ, વર્તનવાળા. આખા રહસ્યાર્થ વચનામૃતમાં અણીશુદ્ધ આજ્ઞા અને સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરી પુરુષોત્તમસ્વરૂપ સમજવામાં જરા ય કસર ન રહે એટલી બધી અંદર તત્ત્વજ્ઞાનના બધા પાસાઓની છણાવટ થઈ ચૂકી છે. માટે બાપાવાળા કોઈ કહે તો એમ ન માનવું કે આપણે કંઈ બીજા કરતાં ઓછા છીએ. અરે! જો બાપાવાળા ન હોય તો એના કરતાં તો અણીશુદ્ધ વર્તનવાળા કોઈ બીજા ખરા કે નહિ? તો ગૌરવ લેવું.

એક હરિભક્તે મને પૂછ્યું કે તમે બાપાવાળા છો? તો મેં કહ્યું બરોબર બાપાવાળો છું. પછી મેં કહ્યું તમે બાપાવાળા નથી? તો કહે ના, હું બાપાવાળો નથી. ત્યારે તમે કોના વાળા છો? બાપાવાળા તમે કોને સમજો છો? જેનું આજ્ઞા અને ઉપાસનામાં અણીશુદ્ધ વર્તન હોય તે બાપાવાળા. તમારું અણીશુદ્ધ વર્તન છે ખરું? જો હોય તો તમે બાપાવાળા. અમે પણ બાપાવાળા અને એવું ન હોય તો નથી. જો એવું ન હોય તો સ્વામિનારાયણના આશ્રિત પણ ક્યાં રહ્યા? ત્યારે અક્ષરધામમાં જવા માટે, સ્વામિનારાયણ ભગવાનના સાચા આશ્રિત કહેવાવાને માટે બાપાવાળા બનવું પડશે. અણીશુદ્ધ આજ્ઞા અને ઉપાસના પાળવા પડશે. આ વાત જીવમાં જો ઉતરે તો ન્યાલ થઈ જવાય. એક ભાઈએ વાત કરી કે બળદિયાથી અમે

આવ્યા તો ભૂજમાં કોઈકે કહ્યું સ્મશાનિયા આવ્યા. એમને પોતાની સમજણમાં ખામી છે. ભૂજના મંદિરમાં ૭૦ મહાન સંતોની સભા બેઠી હતી મેં કહ્યું તમે આવો પ્રચાર કરો છો ખરા? એ ચર્ચા લાંબી છે. ચર્ચાના અંતે સર્વે એટલું સ્વીકારે કે આમ કહેવામાં દ્વેષ, કેવળ તેજોદ્વેષ સિવાય બીજું કોઈ કારણ નથી.

(વર્ષો પહેલાં થયેલા ઝઘડા વિષે પૂ.મામા વાત કરે છે.)

એ ઝઘડાનું કારણ, શેનો ઝઘડો હતો? એ ઝઘડો આજ્ઞાલોપ સામે હતો, અણીશુદ્ધ ઉપાસના નહોતી એના સામે ઝઘડો હતો. આ ટ્યુબલાઈટ અને ઘાસલેટના નાના કોડીયાનો દીવો એને સરખા કહેવું, એ કોઈ રીતે શક્ય છે ખરું? થોડું ભેજું હોય એ પણ સમજે કે ક્યાં ટ્યૂબલાઈટ ને ક્યાં દીવો? ક્યાં અવતાર અને ક્યાં અવતારી? કેટલો ફરક છે? તો એ અણીશુદ્ધ ઉપાસનાની વાત જ્યારે ત્યાં કરી તો ઝઘડવા મંડી ગયા. કારણ કે એમને ટ્યૂબલાઈટ શું કે કોડીયું શું એ જ ખબર નહોતી એટલે ઝઘડ્યા. અને ઈશ્વરચરણદાસજી સ્વામીએ કહ્યું કે ઉપાસના સમજાવવા માટે આ દેહ ધર્યો છે. એ લડત સામાન્ય લડત નથી. એ લડત તો આજ્ઞાની કાચપ અને ઉપાસનાની કસર સામે છે. એ લડત તો અક્ષરધામ સુધી પહોંચાડે એવી કહેવાય. શા માટે? કે જો આજ્ઞાલોપ સામે લડત કરીને આજ્ઞાનું શુદ્ધિકરણ સમાજમાં થઈ જાય, ઉપાસનાનું શુદ્ધિકરણ થઈ જાય તો એ લડત તો અહિંસામય છે. અહિંસા અને સત્ય એ બે તો ભગવાનનું

સ્વરૂપ છે. તો એવી લડત એમણે ઉપાડી કે જેથી સત્સંગમાંથી આજ્ઞાનો લોપ જતો રહે. વહીવટશુદ્ધિની અંદર ધર્મશુદ્ધિ ટકી રહે એનો જે અભાવ એની સામે લડત. પરમાત્માને ગમે એવી એ લડત. એ લડત કોણે કરાવી? ભગવાન સ્વામિનારાયણે કરી. નહિ કે ઈશ્વરચરણદાસજી સ્વામીએ. ઈશ્વરચરણદાસજી સ્વામી એ તો નિમિત્ત સદ્ગુરુ હતા. ભગવાન સ્વામિનારાયણના મહાન સંત હતા અને આજ્ઞા અને ઉપાસના આ બે ચોખ્ખી થઈ ત્યાં સુધી લડત ચાલુ રાખી. હજી પણ એ લડત ચાલ્યા જ કરે છે. આજ્ઞા શું કહેવાય? એની પણ પૂરી ખબર નથી. જો આજ્ઞા બરોબર સમજીને પળાય તો ઉપાસનાની કાચપ પણ જતી રહે. સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના મેં કહ્યું તેમ, ટ્યુબલાઈટ ને કોડીયું એમ સરખામણી એ ય ઓછી છે.

બાપાવાળા જો કોઈ કહે તો ડરવું નહિ. ખરેખર એને પણ બાપાવાળો બનાવી દેવો જોઈએ. જેના જ્ઞાનગુરુ અબજીબાપા એ બાપાવાળા. એ જ્ઞાનગુરુએ શું સમજાવ્યું? કે જો આજ્ઞા અને ઉપાસના જીવનમાં જ્યાં સુધી અણીશુદ્ધ રીતે આચરણમાં નહિ મૂકાય, ત્યાં સુધી અક્ષરધામમાં રહેવાશે નહિ. આમાં કાચપ હોય છતાં ય દયાળુ ભગવાન સર્વોપરી પરમાત્મા, આ તો પુરુષોત્તમપદવીપણું કામ જ કરી નાંખ્યું. ક્યાં અવતારોનું કાર્ય અને ક્યાં અવતારીનું કાર્ય? અંતે એ લેવા આવે અને પોતાના સુખમાં ઊભા રહી શકે એવી કૃપાવર્ષા કરે. સત્સંગમાં ફરી જન્મ ધરાવીને સારા સંજોગો ઊભા કરે અને અણીશુદ્ધ કરે.

કંસારા જેમ વાસણને ટીપી ટીપીને સરસ પાત્ર બનાવે છે, એમ સ્વામિનારાયણ સર્વોપરી પરમાત્મા પોતાના આશ્રિતને પાત્ર ન થયો હોય તો આ રીતે ફરી જન્મ આપે ત્યારે અણીશુદ્ધ બનાવે. પોતે કેટલો ઉપકાર કરે! પોતે જવાબદારી સ્વીકારી લીધી, પોતાનું બિરુદ સાચવ્યું જે જીવ અભિમુખ થયો તો મોડો - વહેલો એને અણીશુદ્ધ બનાવી પોતાનું સુખ જીરવી શકે એવો બનાવીને પોતાના સુખમાં રાખે છે.

બાપાશ્રીએ રહસ્યોનો ઉકેલ કેવો સરસ આપ્યો છે. મને એમ લાગે છે કે સ્વામિનારાયણ ભગવાનના તત્ત્વજ્ઞાનના તમામ રહસ્યોની છણાવટ બાપાશ્રીએ સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પથી કરી નાંખી છે. કોઈ કહે કે મહારાજનું કાર્ય અધૂરું કેમ કહેવાય? અધૂરું કામ કરવા મહારાજ આવ્યા હતા? પૂરું નહોતું કર્યું? એમ કેમ કહેવાય, અને ભગવાન અધૂરું કામ પૂરું કરીને કેમ ન ગયા? તો હું એમ પૂછું કે મહારાજે સ્વરૂપનિષ્ઠા અને પોતાની ઉપાસના પ્રવર્તાવી. અરે! ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે પાંદડે - પાંદડે હજી ભજન થશે સ્વામિનારાયણ - સ્વામિનારાયણ. તો મહારાજનું કામ જો પૂરું થઈ જાયને! તો કરવાનું શું રહ્યું? હજી તો ભારતમાં લાખો - કરોડો ભગવાન સ્વામિનારાયણને ઓળખતા નથી. તો કામ અધૂરું છે કે પૂરું થઈ ગયું? સમજણ નથી કે શું અધૂરું ને શું પૂરું? બસ, અધૂરું ભાઈ અધૂરું. અધૂરું શું ને પૂરું શું? સમજો તો ખરા, કાંઈ સમજ્યા વગરની વાત! ભગવાનનું કામ તો ચાલુ જ રહેવાનું. અનંત

બ્રહ્માંડમાં એ કામ ચાલે છે. ભગવાન એક પછી એક બ્રહ્માંડમાં મનુષ્ય સ્વરૂપ ધારણ કરીને પોતાની ઉપાસના પ્રવર્તાવે છે. સ્વામિનારાયણ ભગવાનનું એ કામ તો સદાકાળ ચાલ્યા જ કરવાનું છે. જ્યાં સુધી એક પણ વ્યક્તિ આનાથી વંચિત હશે, ત્યાં સુધી એ કામ ચાલશે. એ અધૂરું કામ તો આપણે બધાએ કરવાનું છે. આ રીતે મહારાજનું જણ જણ પ્રત્યે પોતાનું સ્વરૂપ સમજાવવાનું. અધૂરું કામ તો આપણે બધાએ કરવાનું છે. ત્યારે એ અધૂરું કામ તો આપણા માટે સેવા મૂકી કે જો તમે એ કામ કરશો તો મારી તમારા ઉપર કૃપા વરસશે.

એક જીવને જો ભગવાન સન્મુખ કરી શકીએ, તો ભગવાન એક બ્રહ્માંડ ઉગાર્યા જેટલું ફળ આપે છે, હા! આપણે માટે તો અધૂરું કામ ચાલુ જ રહેવાનું છે. એ અધૂરું કામ છે જ. અરે! હજી તો કેટલાય બ્રહ્માંડોમાં એ કામ ચાલ્યા કરે છે અને અધૂરું કામ કરવારૂપ સેવા કરાવી ને આપણને પાત્ર બનાવવાના અને જો આપણે બીજાને ભગવાન ઓળખાવીએ તો આપણને પાકું થતું જાયને! મહારાજની મૂર્તિ પાકી થતી જાય, સ્વરૂપ સિદ્ધ થતું જાય. તો બાપાવાળા કોઈ કહે તો આપણે ગૌરવ લેવાનું. જે સામાન્ય વાક્યમાં કે એક શબ્દમાં સમજાવી શકાય કે ભાઈ, તમારે પણ બાપાવાળા થયે જ છૂટકો છે. જો તમે અણીશુદ્ધ આજ્ઞા પાળતા હો તો તમે ય બાપાવાળા ને હું પણ બાપાવાળો અને બાપાવાળા કહેતા સ્વામિનારાયણ ભગવાનના સાચા ઉપાસક, સાચા આજ્ઞામય.

હવે આપ સૌનો હું રાજીપો ઇચ્છી ને વિરમું છું.

સહજાનંદ સ્વામી મહારાજની જય!

## સારાંશ

જેનું આજ્ઞા અને ઉપાસનામાં અણીશુદ્ધ વર્તન હોય તે આપોઆપ બાપાવાળા થઈ જાય છે. બાપાવાળા કહેવડાવવામાં ગૌરવ અનુભવવું. આજ્ઞા અને ઉપાસના શુદ્ધ કરવા શ્રમ લેવો એ સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવા બરાબર છે. સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી અવતારના અવતારી છે તે વાત દૃઢ કરવી. અણીશુદ્ધ આજ્ઞા અને ઉપાસના જીવનમાં ઉતારી આચરણમાં ઉતારીએ ત્યારે અક્ષરધામમાં રહેવાના અધિકારી બની શકીએ. એ ન થાય ત્યાં સુધી ભગવાન ફરી જન્મ ધરાવે છે.

રહસ્યાર્થ વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાનના તત્ત્વજ્ઞાનના તમામ રહસ્યોની છણાવટ બાપાશ્રી દ્વારા થઈ છે. પૃથ્વી પરના દરેકે દરેક જીવ ભગવાનનું સર્વોપરી તત્ત્વજ્ઞાન જ્યાં સુધી નહિ સમજે, ત્યાં સુધી એ તત્ત્વજ્ઞાન સમજાવવાનું કાર્ય ચાલુ જ રહેશે. એ કાર્યને સેવા સમજી દરેકે કરવું, જેથી ભગવાનની તેના ઉપર કૃપા વરસે. એક જીવને પણ જો ભગવાન સન્મુખ કરી શકીએ તો ભગવાન એક બ્રહ્માંડ ઉગાર્યા જેટલું ફળ આપે છે. બાપાવાળા એટલે સ્વામિનારાયણ ભગવાનના સાચા ઉપાસક અને સાચા આજ્ઞામય.

## ૧૭

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ, પરમ કૃપાળુ બાપાશ્રી, સદ્‌ગુરુઓ, પરમ પૂજ્ય સદ્‌ગુરુ સ્વામીશ્રી હરિનારાયણદાસજી સ્વામી, પરમ પૂજ્ય અન્ય સંતો તથા આદરણીય સત્સંગી બંધુઓ.

હું તો અહીંયા પરમ પૂજ્ય સ્વામીશ્રીની વાણી સાંભળવા આવ્યો હતો. મેં એ શરત હીરાભાઈ સાથે કરી હતી. હીરાભાઈને મેં કહ્યું કે, 'ભાઈ, સ્વામીશ્રી ત્યાં અત્યારે બિરાજે છે તો અમસ્તો જોવા આવતો નથી. તેમની પાસે બેસીને આપણે સ્વામિનારાયણ ભગવાન ને તેમના અનાદિ મુક્તરાજ બાપાશ્રીની વાતો એકાંતમાં સાંભળીશું.' થોડા સમય માટે સાંભળી પણ ખરી. હજી સાંભળવી હતી. હજુ મને એમ હતું કે એકાદ કલાક સ્વામીની વાણી સાંભળવા મળશે. કીર્તન પાછળથી રાખ્યું હોત તો સારું થાત, તો એમની વાણી મારે સંભળાત. હવે એમણે જ્યારે આગ્રહ કર્યો કે મારે બોલવું. જો ન બોલું તો અવિવેક થાય અને પોતે રાજી ન થાય. એમને રાજી કરવા તો આવ્યો છું. એટલે આવા સદ્‌ગુરુનો રાજીપો મેળવવો એ જ ધ્યેય છે. વાતોમાં તો દરરોજ પોતે જે વાતો કરે છે તેમાં બધું આવી જાય છે. કાંઈ બાકી નથી રહેતું અને રહેશે નહિ. મારે તો બીજું શું બોલવાનું હોય! મને પોતાને તો એક જ વાત સતત રહ્યા કરે છે કે ભગવાન સ્વામિનારાયણના દિવ્યસ્વરૂપની

સાથે લગની લગાડવી. જ્યાં જ્યાં ભગવાનના ભક્તો કીર્તન કરતા હોય, ભગવાનની ધૂન કરતા હોય, આવા સદ્‌ગુરુઓ વાતો કરતા હોય, દિવ્યસભા બેઠી હોય, ત્યારે ત્યારે ભગવાનની મૂર્તિના સ્વરૂપમાં ઊંડા ઉતરી અને એની સાથે કેમ લગની લગાડવી એ જ કરવાનું છે. એવું મને પોતાને લાગ્યું છે. કદાચ ઉંમરને લીધે પણ એમ હોય અને સદ્‌ગુરુઓની વાતોમાંથી પણ મને પોતાને તો એમ જ સમજાયું છે.

સારનો સાર કે બધા જ બ્રહ્મયજ્ઞનું ફળ એ ભગવાનની મૂર્તિ સાથે લગની લગાડવાનું છે. ભગવાનની મૂર્તિ સાથે જો અખંડ સંબંધ રહે તો કંઈ કરવાનું બાકી રહેતું નથી. ભગવાનની મૂર્તિ સાથે તો અખંડ સંબંધ ત્યારે જ રહે કે બાળપણથી જ ભગવાનની મૂર્તિ સાથે લગની લાગે. ભગવાનની મૂર્તિ જ ગમે. ખૂબ વહાલી લાગે. નાના બાળકને જેમ મા વહાલી લાગે છે, તેમ એ ભગવાન વિષે સ્નેહ ઉત્પન્ન થાય છે, ત્યારે ભગવાન સિવાય બીજું કાંઈ જ ગમતું નથી. બધો આનંદ એ મૂર્તિના દર્શન કરવામાં. મૂર્તિમાં રહીને, મૂર્તિ જોવી એમ બાપાશ્રી કહે છે. એનો અર્થ જ એ કે અતિ સ્નેહે કરી અને એ મૂર્તિ સાથે રસબસ થઈ જવું. ભગવાનની કૃપા થતાં આમ થાય છે. ભગવાનનો સંબંધ થતાં મૂર્તિમાં જોડાતાં જોડાતાં ભગવાનની આપણા ઉપર કૃપા ઉતરે છે. એ કૃપાને લીધે મૂર્તિ ભૂલાતી નથી. મૂર્તિ ન ભૂલાય એ રીતે બધી જ ક્રિયા કરવી જોઈએ. ક્રિયા એવી ઉતાવળે ન કરવી જોઈએ કે જેથી મૂર્તિ ભૂલાય. કાર્ય

બગડે તો વાંધો નહિ, પણ મૂર્તિ ન ભૂલાય એમ કરવું જોઈએ. મૂર્તિનો સંબંધ રાખતાં રાખતાં કીર્તન બોલવાં. મૂર્તિ સાથે જોડાઈ જતા જો કીર્તન બંધ થઈ જાય તો કંઈ જ વાંધો નહિ, પણ ભગવાનની મૂર્તિનો સંબંધ છે એ સર્વોપરી પ્રાપ્તિ છે. જ્યારે જ્યારે સમય મળે, ત્યારે ભગવાનની મૂર્તિમાં અખંડ જોડાવું. મૂર્તિનું ધ્યાન કરતાં વિક્ષેપ આવે એવી જગ્યાએ બેસીને ધ્યાન કરવું નહિ. નૈમિષારણ્ય ક્ષેત્ર એવા સદ્‌ગુરુઓના સાંનિધ્યમાં રહીને જો ધ્યાન થાય તો જલદી થાય.

મંદિરમાં પ્રવેશ કર્યા પછી સદ્‌ગુરુના સાંનિધ્યમાં રહીને એમની વાણી સાંભળવી, પણ મંદિરમાં પ્રવેશ કર્યા પછી કોઈ પણ વ્યાવહારિક વાત જો કરવામાં આવે તો એનો અર્થ એ કે આપણે ભૂલી ગયા કે આપણે ભગવાનના મંદિરમાં આવ્યા છીએ. કલાક - બે કલાક એવો નિયમ જ રાખવો જોઈએ કે મંદિરમાં પ્રવેશ કર્યા પછી ભગવાનની મૂર્તિ સિવાય કાંઈ જ યાદ આવવું જોઈએ નહિ. એવી શાંતિથી ભગવાનનું દરેક જણાએ ધ્યાન કરવું. મંદિરમાં આવીને અન્ય વ્યાવહારિક વાતો નહિ કરવી જોઈએ. પછી તે સત્સંગ વિષયક હોય તો પણ ન કરવી જોઈએ. મહાપ્રભુજીનું કીર્તન કરી શકાય, ભગવાનની કથા વાંચી શકાય, સદ્‌ગુરુઓની પાસે બેસીને એમની વાણી સાંભળી શકાય, ધૂન કરી શકાય, પણ સત્સંગ વિષયક કે બીજા વિષયક વાત નહિ કરવાની અને મંદિરમાંથી, મંદિરના બારણામાંથી બહાર નીકળીએ પછી વાત કરીએ તો વાંધો નહિ. આવો નિયમ રાખવો

જોઈએ, તો એ મંદિરની શિસ્ત જાળવી કહેવાય. નહિતર એ વાતો કરવાનું સ્થાન થઈ જાય. અન્ય વાતો કરવાનું સ્થાન મંદિર! બીજે વખત ન મળે તો ચાલો મંદિરમાં જઈને વાતો કરીએ એવું બની જાય. મંદિરનો અર્થ એ નથી. મંદિર એટલે તો ભગવાનને રહેવાનું ધામ છે. જ્યાં ભગવાન બિરાજતા હોય, ત્યાં તો સુખ અને શાંતિ જ હોય. ત્યાં બીજી વાતો હોય નહિ. તો જ ભગવાનના સ્વરૂપને વિષે સ્થિતિ થાય. મંદિર આવ્યાનું સાર્થક ગણાય. નાના બાળકોને પણ આ વાત શીખવવી જોઈએ.

ભગવાન સ્વામિનારાયણના દિવ્યસ્વરૂપ વિષે બ્રહ્માનંદ સ્વામીએ એકવાર કીર્તન ગાયું. એક હરિભક્તને સંકલ્પ થયો કે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજનું શું કાંઈ વર્ણન કર્યું? ભગવાન તો એ વખતે બિરાજતા હતા તો ભગવાનના મુખ સામું જોયા કરે, ભગવાનના સ્વરૂપને જોયા કરે, દર્શન કરે. એને એમ થયું કે બ્રહ્માનંદ સ્વામી વર્ણન કરે છે એવા તો સૌંદર્યવાન ભગવાન લાગતા નથી. પણ ભગવાનનો મહિમા બ્રહ્માનંદ સ્વામીને ખૂબ છે એટલે સ્વામી એમ બોલતા હશે. ભક્ત તો બહુ ભોળા. શ્રીજીમહારાજને જઈને એકવાર પૂછ્યું. મહારાજ એકલા હતા. તો મહારાજને પૂછ્યું કે, 'મહારાજ! બ્રહ્માનંદ સ્વામી આજ કીર્તન બોલ્યા એવા રૂપાળા તમે લાગતા તો નથી. તો બ્રહ્માનંદ સ્વામીએ આવું બધું વર્ણન કર્યું એનું શું કારણ મહારાજ?' મહારાજ કહે, 'એનું કારણ તો બ્રહ્માનંદ સ્વામીને પૂછો તો ખબર પડને! તો તમે બ્રહ્માનંદ સ્વામીને પૂછો. બ્રહ્માનંદ સ્વામી બહુ

હર્ષઘેલા છે. મારા વિષે ખૂબ હેત છે એટલે મારી બહુ પ્રશંસા કરે છે એટલે એવું કીર્તન બોલ્યા હશે. તમે જઈને પૂછો તો ખરા, તો મને ય ખબર પડે કે બ્રહ્માનંદ સ્વામી આમ કેમ બોલે છે.'

ભક્ત તો બ્રહ્માનંદ સ્વામી પાસે ગયા. બ્રહ્માનંદ સ્વામી ધ્યાનમાં બેઠા હતા. થોડીવાર પછી ધ્યાનમાંથી જાગ્યા ત્યારે ભક્તે બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું કે, 'સ્વામી, તમે મહારાજના સ્વરૂપનું વર્ણન કર્યું એટલું સૌંદર્ય તો ભગવાનમાં જોવા મળતું નથી તો એનું શું કારણ? તમે આ કઈ રીતે વર્ણન કર્યું?' બ્રહ્માનંદ સ્વામી હસ્યા. બ્રહ્માનંદ સ્વામી કહે, 'ભક્તરાજ, મારી પાસે શબ્દો નથી. એ સ્વરૂપના સૌંદર્યનું વર્ણન કરવા માટે, એટલે આવા પાંગળા શબ્દોમાં એ વર્ણન કર્યું છે. તે ગમ્યું નહિ પણ શું કરું? બધાને એ સ્વરૂપને વિષે લગની લગાડવાને માટે જે શબ્દો મળ્યા એવા શબ્દોમાં એમના સ્વરૂપનું વર્ણન કર્યું. તમને જે મનુષ્યસ્વરૂપ દેખાય છે એ મનુષ્ય સ્વરૂપ દિવ્ય સૌંદર્યને ઢાંકીને વર્તે છે એટલે તમે ક્યાંથી જોઈ શકો? હું તો એ જોઈને વર્ણન કરું છું. હું તો એ દેખું છું. એ તો અતિ સૌંદર્યવાન છે. એનું વર્ણન થઈ શકતું નથી. મહારાજ તો કોટીમાં ભાગનું સૌંદર્ય લઈને પણ મનુષ્યરૂપે પ્રગટ નથી થયા. એવી રીતે ઢાંકીને વર્તે છે. જો એ બધું લઈને આવ્યા હોય તો આખી પૃથ્વી સ્તબ્ધ થઈ જાય.' 'ઓ હો હો! કહે મહારાજ એટલા બધા રૂપાળા છે?' 'અરે, રૂપાળા તો કેવા? અનંત કોટી બ્રહ્માંડમાં પણ કોઈનું એવું રૂપ નથી. એ રૂપ એકવાર

જોયામાં આવે તો આંખ એમાંથી આઘી પાછી ખસે જ નહિ. મન એવું ઠરે કે બીજે ક્યાંય ચોંટે નહિ, એવું તો એ સુંદર સ્વરૂપ છે.'

એ દિવ્યસ્વરૂપના દર્શન આ મનુષ્યસ્વરૂપ સાથે લગની લગાડવાથી થાય છે. બંનેની એકતા છે. એ સ્વરૂપ એવું રૂપવાન છે, પણ જો એ એવું રૂપવાન સ્વરૂપ ધારણ કરે તો જીરવાય નહિ. જોઈ શકાતું નથી. માટે ભગવાન કહે છે કે આ જે મનુષ્યરૂપે આવ્યો એ મારું દિવ્યસ્વરૂપ છે. એ સ્વરૂપમાં અને ધામના સ્વરૂપમાં એક રોમનો પણ ફરક નથી. એ વાત સાચી છે. બ્રહ્માનંદ સ્વામીને બંને સ્વરૂપ એક સરખા જ ભાસતા હતા. કારણ કે એમની દૃષ્ટિ દિવ્ય બની ગઈ હતી. મહારાજ નખથી શીખા પર્યંત દિવ્યમૂર્તિ છે. એનું એકે એક અંગ છે તે અતિ સૌંદર્યવાન છે. સળંગ મૂર્તિ જોયા કરો તો કલ્પે કલ્પ વિતી જાય ત્યાં સુધી એ મૂર્તિમાંથી ખસવું ગમે નહિ એવી એ સુંદર મૂર્તિ છે. એ નેત્ર, એ નાસિકા, એ ભાલ, એ ભ્રમર, એ હોઠ, હસ્ત, આખું શરીર, મહારાજનું કોઈ અલૌકિક છે! એ સ્વરૂપ દોરી શકાય એવું નથી. એટલું સુંદર છે. કોઈ ચિત્રકાર પણ ચિતરી શકે નહિ, કે કોઈ અનાદિમુક્ત પણ કાગળ ઉપર ચિતરી શકે નહિ. એટલું એ સુંદર સ્વરૂપ છે, પણ ભગવાને શું કર્યું છે? કે કોઈ પ્રશ્ન પૂછે કે મહારાજના સ્વરૂપોના મોઢા કેમ અલગ અલગ છે? તો શું કરે? ચિત્રકારને ભગવાનનો જે રીતે ભાવ આવે તે એવું સ્વરૂપ દોરવાનો પ્રયત્ન કરે. ઘનશ્યામ મહારાજનું

સ્વરૂપ છે, વડતાલમાં ઘનશ્યામ મહારાજની ત્રણ મૂર્તિ છે તો ત્રણેયના મુખમાં ફરક છે. માત્ર ભગવાન આમ પોતાનો વરદ્ હસ્ત રાખીને ઊભા હોય એના ઉપરથી ખબર પડે કે આ મહારાજની મૂર્તિ છે. પણ બધાના મુખારવિંદમાં તો ફરક. પણ મુખારવિંદ કાંઈ જુદું હોઈ શકે? જુદું તો ન હોઈ શકે. એક સરખું જ બરોબર હોવું જોઈએ, પણ ભગવાન છે એ જુદા-જુદા ભાવો ગ્રહણ કરે છે. મહારાજના મુખના ભાવોમાં ફરક પડતો હોય છે. મહારાજ ક્યારે કયું સ્વરૂપ ધારણ કરે એ કહી શકાય જ નહિ.

ભગવાનને અવરભાવમાં પારખવા માટે અમુક લક્ષણો છે, દિવ્ય લક્ષણો, એના લીધે એ ભગવાનનું સ્વરૂપ છે એ મનુષ્ય સમજી શકે છે. એ સ્વરૂપ સાથે એકતા કરવાની. ભગવાન સ્વામિનારાયણનું જે કોઈ સ્વરૂપ વહાલું લાગે એની સાથે લગન લગાડવી. એ સ્વરૂપ બરોબર દેખાય એવી મૂર્તિ પહેલા સિદ્ધ કરવી જોઈએ અને મૂર્તિ સિદ્ધ કરતાં - કરતાં જ્યારે છેવટે ભગવાનની કૃપા ઉતરે છે, ત્યારે એ જ મૂર્તિ તેજોમય બની જાય છે. અને તેજોમય બનતાની સાથે જ મૂર્તિમાં ખેંચાઈ જવાય છે. એ તેજોમય બનીને ક્યારે દર્શન આપે, જ્યારે આપણે પાત્ર થઈ ગયા હોઈએ ત્યારે. નહિતર તો એ જીરવાતી જ નથી. જેમ કોઈ ભયંકર ભય લાગેને! અને આમ ખમાય નહિ એવું એ સ્વરૂપ લાગે છે. છે તો શીતળ શાંત, છતાં પણ એનું જે તેજ અને એ સ્વરૂપમાંથી નીકળતી જે જબરજસ્ત દિવ્યશક્તિ એ ખમાતી જ નથી.

જ્યારે ખમાય, ત્યારે જેમ ચંદ્રમાંનું તેજ શીતળ-શાંત અનુભવાય છે, એમ એ મહારાજની મૂર્તિ જોવા માટે આપણે સમર્થ થઈએ છીએ. અને એ સ્વરૂપના દર્શન થાય છે.

ભગવાનના જે તલ છે, તે તલ એ ભગવાનના ગુણોના લક્ષણરૂપ છે. એ ભગવાને ગ્રહણ કરેલા છે. ભગવાનની દિવ્યમૂર્તિને મૂછ નથી. ભગવાન જ્યારે અવરભાવમાં આવ્યા, ત્યારે કાઠી, કોળી ને એક શૂરવીરતાના અંગ તરીકે એમણે પણ મૂછો રાખેલી. એ મનુષ્ય સ્વરૂપ હતું, પણ દિવ્યસ્વરૂપ હતું. એમાં ત્યાગ-ભાગ નહોતો. જેમ મનુષ્ય શરીરમાં હાડ-માંસ હોય છેને! તેમ ભગવાન જ્યારે મનુષ્યસ્વરૂપ ધારણ કરે છે ને! ત્યારે તેમાં પણ ત્યાગ-ભાગ નથી. તેમાં પણ હાડ-માંસનો સંકલ્પ ન કરવો જોઈએ. છે જ નહિ, મહારાજનું એ કૈવલ્ય સ્વરૂપ છે. શ્રીજીમહારાજની દિવ્યમૂર્તિને જીરવવાને માટે, સમર્થ થવાને માટે મહાન સદ્‌ગુરુઓના સાંનિધ્યમાં રહીને પાત્ર થવું પડે, આજ્ઞાઓ બરાબર પાળવી પડે, પંચ વર્તમાન બરાબર પાળવા જોઈએ. અને એ બધા ગુણો, એ બધી આજ્ઞાઓના શિરછત્રરૂપ આજ્ઞા નિષ્કામવ્રત, એ જ્યાં સુધી બરાબર દૃઢ ન થાય, ત્યાં સુધી મહારાજનું દિવ્ય દર્શન થતું નથી, ત્યાં સુધી સાક્ષાત્કાર થતો નથી. માટે નિષ્કામવ્રતનો પાયો અતિ દૃઢ કરવો જોઈએ. ગૃહસ્થ હોય કે ત્યાગી હોય. જ્યાં સુધી એ પાયામાં કચાશ છે, ત્યાં સુધી જોઈએ એવી પાત્રતા આવતી જ નથી. બીજા ગુણો પણ આવતા નથી.

મહારાજે પંચ વર્તમાન દારૂ, માંસ, ચોરી, અવેરી, વટલવું નહિ ને વટલાવવું નહિ. આ પંચ વર્તમાન લાગે સાદા, પણ સાદા નથી. ભગવાનના સ્વરૂપનું દર્શન કરાવે એવા પાત્ર બનાવવા જેટલા મહાન પંચ વર્તમાનો છે. દારૂની અંદર તો બધું જ આવી જાય. આજના નાટક - ચેટક - સિનેમા એ પણ દારૂ સમાન છે. જેમ દારૂથી ઘેન ચડે ને કેફ ચડે ને અંતે માણસ મરી જાય, તેમ આજના ફેલ-ફતુર એવી વસ્તુઓ છે કે જે દારૂથીયે ખરાબ છે. એને દારૂ કહેવાય. પેલો દારૂ તો ન જ પીવાય, નહિ તો પશુતુલ્ય કે પશુથીયે ખરાબ કહેવાય. મનુષ્યદેહ ધારણ કર્યા પછી, મનુષ્યરૂપ લીધા પછી. દારૂ, માંસ, માંસમાં પણ ઘણી બધી વસ્તુ આવી જાય માત્ર માંસ એટલે પેલું પશુનું માંસ તથા જે દવાઓમાં માંસ ભરેલું હોય એટલું જ નહિ, એ તો ન જ લેવાય. અનાજ પણ શોધીને જમવું જોઈએ. બહારનું ન જમાય એ વિશેષ સારું છે. અત્યારના દેશકાળ એવા છે કે બધાને બહાર જમવું પડે છે એ મોટી તકલીફ રહે છે, પરંતુ જેમ બને તેમ એવી વ્યવસ્થા કરવી જોઈએ કે એવી અશુદ્ધ વસ્તુ બહારની ન લેવાય તો સારું. મન, કર્મ, વચને ચોરી નહિ કરવી જોઈએ. અત્યારે ચોરીએ તો આખા વિશ્વને અભડાવી મૂક્યું છે. થોડા ભક્તોને બાદ કરતા ચોરીરૂપી ભ્રષ્ટાચારના પ્રલોભને કોઈને છોડ્યા નથી.

બાપા પાસે એક સોની આવ્યો, તો બાપાને પ્રાર્થના કરી કે, 'બાપા! મારું કલ્યાણ કરજો.' પછી બાપા તો

અંતર્યામી. તો બાપા કહે, 'ચોરી ન કરે તો અમે કલ્યાણ કરીએ.' ત્યારે એ વિચારમાં પડ્યો. થોડીવાર રહીને કહે, 'બાપા! અમારો ધંધો જ એવો કે ચોરી ન કરીએ તો પૂરું જ ન થાય.' બાપા કહે, 'તો ત્યાંએ પૂરું ન થાય.' તો કહે, 'શું કરવું?' બાપા કહે, 'તમારી ઈચ્છા. ચોરી ન કરો તો પૂરું કરીએ.' પછી કહે, 'સારું બાપા, હું નક્કી કરીને કાલ કહી જઈશ.' ભલે કહે કે, 'કાલે આવજે.' પછી એ તો ઘરે ગયો. એમના ઘરના મનુષ્યને પૂછ્યું, 'કે બાપાએ તો આવું કહ્યું છે તો હવે આપણે શું કરવું?' એના ઘરનું મનુષ્ય બળવાન હતું. એ કહે, 'બીજું શું થવાનું હતું પૂરું નહિ થાય તો બીજું શું થશે? દેહ પડી જશે કે બીજું કાંઈ થવાનું છે? દેહ પડી જશે તો પૂરું કરીને ધામમાં તો લઈ જશેને? તો ઓછી ઉપાધી! આપણે સાધન કરવા મટ્યા! એક જ સાધન કરવાનું રહ્યું. ચોરી ન કરવી. ત્યારે હવે એક સાધનથી પતતું હોય તો બીજી લપ શું કામ કરવી?' પછી દેહ મૂક્તી વખતે શ્રીજીમહારાજ અને બાપાશ્રી તેજોમય દર્શન આપીને આખા ઘરના મનુષ્યોને તેડી ગયા. બાપાશ્રીનું વચન માન્યું તો બધાને મહારાજ અને બાપા દર્શન દઈને તેડી ગયા. પણ ભગવાને એટલી બધી કસોટી કરી ચોરી માટેની, પણ એને પાર ઉતારી દીધો. ઘરના મનુષ્યે આમ કહ્યું એટલે પૂરું થયું.

વટલવું નહિ ને વટલાવવું નહિ એ વ્યાપક અર્થમાં એવું થાય છે કે જેનું તેનું જમવા માંડીએ તો ઠેકાણું ન રહે. પછી અશુદ્ધ આહાર ખાવાથી બુદ્ધિ પણ બગડી

જાય. માટે વટલવું નહિ ને વટલાવવું નહિનો બીજો પણ મોટો અર્થ છે કે મન અપવિત્ર થાય એવું એકપણ ઈંદ્રિયથી કાર્ય થવું જોઈએ નહિ, નહિતર આપણે વટલ્યા કહેવાઈએ. આપણે પણ કોઈને એવો વિચાર આપીએ કે એ ભગવાન ભૂલી જાય તો આપણે એને વટલાવ્યો કહેવાય, બીજાને પણ ભગવાનનો સંબંધ થાય એવી વાતો કરવી. તો એ પાંચમું વર્તમાન બરોબર પાળ્યું કહેવાય. એને પણ મન એવું પવિત્ર થઈ જાય કે જેથી ભગવાનની મૂર્તિ એકદમ દેખાવા લાગે. માટે ભગવાનની આજ્ઞાઓ પાળવાથી પાત્ર થવાય છે અને ભગવાનના દિવ્યસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આ સ્વરૂપને અને આ સ્વરૂપને એકતા છે. ભગવાનની આ જે ચિત્રપ્રતિમા છે અને ભગવાન પ્રત્યક્ષ બિરાજતા હતા મનુષ્યસ્વરૂપે એ સ્વરૂપ અને અક્ષરધામનું સ્વરૂપ એ ત્રણેય સ્વરૂપની એકતા છે, એક જ સ્વરૂપ છે. જ્યાં સુધી ચિત્રમાનો ભાવ જાય નહિ, ત્યાં સુધી એ મૂર્તિ છે તે એવી દિવ્ય ભાસતી નથી.

આપણે ભોજન કે કંઈ ધરાવીએ ત્યારે પણ એવા જ ભાવથી ધરાવવું જોઈએ. આપણે ભગવાનની મૂર્તિ સમક્ષ બેઠા હોઈએ અને બીજું કોઈ પાસે ન હોય તો ય આપણને એકલાપણું ન લાગવું જોઈએ. તો એ દિવ્ય મૂર્તિ પ્રત્યક્ષ છે એમ સમજ્યા કહેવાઈએ. કારણ કે એ મૂર્તિ સાથે અનંત મુક્તો ભેળા છે અને એ મૂર્તિનો સમાગમ મળ્યો પછી બીજું શું જોઈએ? બીજો ક્યો સહવાસ જોઈએ? એથી વિશેષ શું જોઈએ? ત્યારે એકલવાયાપણું કદીયે ન લાગવું જોઈએ. મહારાજની મૂર્તિ

હોય પછી એકલા ક્યાં રહ્યા? એકલા કદીયે નથી રહ્યા. મહારાજ અંતર્ધાન થયા ત્યારે આ લોકમાં તો જબરજસ્ત ખોટ આવી ગઈ, પણ ગોપાળાનંદ સ્વામીને મહારાજ જતા રહ્યા એવું લાગ્યું નહિ. કારણ કે એમને અખંડ એમની ઉપસ્થિતિ લાગતી હતી. અખંડ સાંનિધ્ય લાગતું હતું. અખંડ ભેળા હતા. અખંડ સુખ ભોગવતા હતા. એમ આપણે પણ એ મૂર્તિ સાથે એવી દૃઢતા કરી નાંખવી કે આપણને કોઈવાર એમ ન લાગે કે એ મૂર્તિના સ્વરૂપમાં આપણો ચૈતન્ય નથી. એમ નહિ લાગવું જોઈએ. સદાય એ સ્વરૂપમાં આપણને મહારાજે રાખ્યા છે એમ થવું જોઈએ. મહારાજની મૂર્તિનું ધ્યાન કરવાની આ છેલ્લી લટક.

સન્મુખ ધ્યાનમાં આપણે જુદા વર્તીએ છીએ. આપણે અહીંયા છીએ ને મહારાજને જોઈ રહ્યા છીએ એવું લાગે છે. મહારાજથી જુદાપણું લાગે છે. 'જ્યું મીસરી પય માંહી ભળી.' એવું લાગતું નથી. એ અનુલોમ વૃત્તિ બહુ અઘરી પડે છે. એ અનુલોમવૃત્તિમાં શું થાય છે કે જ્યાં સુધી તમે સ્થિર રહીને એના સામું જોયા કરો, ત્યાં સુધી એ મૂર્તિ વિશે તમને થોડીક સ્થિરતા થાય, પણ પછી પ્રવૃત્તિ કરો એટલે પાછું દેહભાવમાં આવીને ભૂલી જવાય. ત્યારે બધા દૃષ્ટાંત હું કહું છું તે અધૂરા હોય છે. થોડીક દિશમાત્ર બતાવે છે. જેમ દેહમાં જીવ રહ્યો છે તો આપણે આ સ્વરૂપને જોઈ શકીએ છીએ. આપણા ચૈતન્યને જોઈ શકતા નથી. પરંતુ એ ચૈતન્ય દિવ્યદેહ ધારણ કરે, દિવ્યસ્વરૂપ ધારણ કરે, ત્યારે આપણે એ

દિવ્યસ્વરૂપને જોઈ શકીએ છીએ. એ તો ભગવાનને પમાય ત્યારે ચૈતન્યને દિવ્ય ભાગવતીતનું મળે છે. ત્યાં સુધી નથી મળતું.

મૂર્તિનું ધ્યાન કરવા માટે દેહમાં જેમ જીવ રહ્યો છે, તેમ આપણે મૂર્તિમાં છીએ. આપણે આ દેહને ભૂલી જવાનો. પહેલા તો આપણું શરીર ભૂલવા પ્રયત્ન કરો કે આપણે છીએ જ નહિ. બધું ભૂલી જાવ. આંખો મીચી જઈએ ત્યારે ક્યાં દેહ દેખાય છે? પછી મન કલ્પના કરે છે. બધું ભૂલી જાવ. મનને સ્થિર રાખીએ અને જેમ દેહમાં જીવ રહ્યો છેને? તેમ ભગવાનના સ્વરૂપમાં આપણો ચૈતન્ય રહ્યો છે. અને અંદર રહીને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. પછી દાસપણું વધતું જશે. નખથી શિખા પર્યંત મહારાજની મૂર્તિ ધારવાની. આ શરીર નથી. એની જગ્યાએ મહારાજની મૂર્તિને નિહાળવી, દર્શન કરવું. પછી નખ-શિખા પર્યંત પાકી કરવી. એ સ્વરૂપને બરોબર જોવાનું. અને જોતાં-જોતાં-જોતાં મસ્તકથી નખ સુધી અને નખથી શિખા પર્યંત એમ એકે એક અંગ બરાબર નિહાળી અને પછી હવે મહારાજને ક્રિયા કેમ કરાવવી? પાંચ માનસી પૂજાઓ કેમ કરવી?

પ્રતિલોમ ધ્યાનમાં મહારાજ બધી ક્રિયા કરે. તો આપણે જમીએ ત્યારે મહારાજ જમેને! જો આ રીતે ધ્યાન પાકું થાય, તો જ્યારે જમવાનું જમાય, ત્યારે આપણે જમતા નથી. આપણને ભગવાન જમતા દેખાય. આપણે એનો દિવ્ય આનંદ લૂંટીએ છીએ. એ અલૌકિક

સુખ માણીએ છીએ. ધ્યાન એટલે ભગવાનનું સ્વરૂપ સાક્ષાત્ લાગવું જોઈએ. આપણે ક્રિયા કરીએ છીએ એમ નહિ. શ્રીજીમહારાજ બધી ક્રિયા કરે છે એવું દેખાય, એવું દર્શન થાય, ત્યારે એ ખરું ધ્યાન. આમ બેઠા હો કે સૂતા હો, તો મહારાજ સૂતા છે એ અંદર રહીને જુઓ. એ મૂર્તિમાં રહીને મૂર્તિને જોવાની લટક છે. એ સહેલું થઈ ગયુંને! નહિતર તો કેવી રીતે ધ્યાન કરતાં આવડે? જમતી વખતે તમે જમતા જાવ તો કોને જમાડો બોલો? હું પૂછું કે મહારાજ કરે તો મહારાજ સામું ધ્યાન રાખું કે આમ લેતા જવું ને મૂર્તિનું ધ્યાન રાખવું બેય ક્રિયા કરવી? (સન્મુખભાવમાં જમાડતા હોય એવું ઈશારાથી બતાવે છે.) નહિ મહારાજ જમે છે એના દર્શન કરો. મહારાજ બધી ક્રિયા કરે છે અને એમ કરતા કરતા કાંઈ ક્રિયા ન કરે (ક્રિયાનું અનુસંધાન ન રહે તો) તો મહારાજની મૂર્તિમાં જોડાઈ જવાનું.

પછી પૂજા, પાઠ, નહાવું - ધોવું ત્યાં તો કાંઈ (પરભાવમાં) છે જ નહિ. અક્ષરધામમાં તો અવરભાવની કોઈ ક્રિયા નથી. ત્યાં તો અપવિત્રપણું છે જ નહિ. દેહ અશુદ્ધ થાય છે, પણ ચૈતન્ય જ્યારે નિર્મળ બની જાય, ભગવાન જ્યારે આવરણોથી રહિત કરે, ત્યારે એ દિવ્ય સ્વરૂપમાં રહી જાય છે. પછી તો કોઈ ક્રિયા કરવાની રહેતી જ નથી. ત્યાંની સુખ ભોગવવાની રીતો પણ અલૌકિક છે. આ પરભાવની વાતોનો આનંદ તો ત્યારે જ આવે, જ્યારે અનુભવ થાય. મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા માટે આપણા દેહને ભૂલો. આવું ધ્યાન શીખવવાને

માટે મહારાજે એકવાર ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી, તમે આકારે રહિત વર્તો. ત્યારે બધાને વિચાર આવ્યો કે આ તો મહારાજે નિરાકારની વાતો કરી નાંખી. આમ તો સાકાર મૂર્તિનું પ્રતિપાદન કર્યું છે અને આજે શું આના ઉપર ચડી ગયા? આજે મહારાજ શું એકદમ ભાવમાં આવી ગયા? બધાને વિચાર થયો, પણ કોઈએ મહારાજને પૂછ્યું નહિ. સ્વામી તો સ્તબ્ધ થઈને બેસી રહ્યા. સ્વામી બધું સમજી ગયા.

એકવાર સભા થઈ ત્યારે કહે મહારાજને પૂછવું કે આ શું કર્યું. પછી કહે રહેવા દોને! ગોપાળાનંદ સ્વામીને જ પહેલા પૂછીએ. પછી કહે હા, ચાલો સ્વામીને આસને જઈને ગોપાળાનંદ સ્વામીને પૂછીએ. સ્વામી પાસે ગયા અને સ્વામીને પૂછ્યું કે મહારાજે વાત કરી કે આકારે રહિત વર્તો. સ્વામી, એ શું કાંઈ સમજાયું નહિ. સ્વામી કહે મહારાજ કહે છે, આપણે સદાય આ આકારે સહિત વર્તીએ છીએ એ દુઃખ મોટું છે. દેહભાવમાં વર્તીએ છીએ. આ આકાર ભૂલાતો જ નથી. માટે એમ કહ્યું કે આ (દેહનો) આકાર ભૂલીને અમારા આકારે વર્તવાનું, પુરુષોત્તમરૂપ બનવાનું. ત્યારે પુરુષોત્તમરૂપ બનવાનો અર્થ એ છે કે પુરુષોત્તમરૂપ બનવું હોય તો આ દેહનું ખોખું ભૂલવું પડે કે નહિ? દેહમાંથી રાગ ત્યારે જ ટળી જાય કે જ્યારે આ દેહ ભૂલાય. દેહ ભૂલવા માટેનો એક સારો રસ્તો એ આ પ્રતિલોમ ધ્યાનનો છે. દેહ ભૂલીને ભગવાનનું સ્વરૂપ ધારવું. એના ઉપર એકદમ એકાગ્રિત થાવ. એટલે મહારાજનું સ્વરૂપ તમને દેખાય. પછી

હાલતા-ચાલતા તમે એમ જ દર્શન કરો છો કે મહારાજ હાલે છે, મહારાજ ચાલે છે એવું તમને દર્શન થાય છે. પોતે ભગવાન બની જવાતું નથી. એ તો દેહભાવમાં જ્ઞાન ન હોય ત્યારે એવું સમજે છે. વધુ દાસપણું આવતું જાય છે ને ભગવાનના અખંડ દર્શન કરે છે. ત્યારે અખંડ દર્શન કોણ કરે? સેવક હોય એને આનંદ આવે કે નહિ? ત્યારે એ રીતે ધ્યાન કરવાથી વધુ સારું ધ્યાન થાય છે.

પ્રતિલોમ ધ્યાન સહેલું છે, અઘરું નથી. વધારે સહેલું છે. બસ, ભગવાનની મૂર્તિ પાકી કરી લીધી તો આપણે ભગવાનને ક્રિયા કરતા અખંડ જોયા જ કરીએ તો ભગવાનનો હાથ દેખાય કે નહિ? ભગવાનને જમતાં જોયા કે નહિ? ભગવાનને શયન કરતા, પોઢાડતા જોયા, કે નહિ? તો યોગનિદ્રામાં પોઢી જવાય છે. પ્રતિલોમ ધ્યાન કરતા કરતા ઊંઘમાં પણ તમને એમ લાગે કે જાણે હું મહારાજના સ્વરૂપનું ધ્યાન કરું છું અને દેહ આરામ કરે છે. આ યોગાભ્યાસ કહેવાય. મૂર્તિ સિદ્ધ કરવાનો એક યોગાભ્યાસ. આ યોગાભ્યાસની થોડી વાતો વૃંદાવન સ્વામીએ કરેલી. અને મહાન અનુભવી સંતો સદ્ગુરુઓ, મોટા-મોટાઓએ આ રીતે ભગવાનનું પ્રતિલોમપણે ધ્યાન કર્યું. આ એક ધ્યાનની વાત કરી. આ છેલ્લા ધ્યાનની વાત. બીજા શરૂઆતના ધ્યાન અનુલોમ વગેરે બધા ધ્યાન તો છે જ અને પહેલા એ કરવા જોઈએ કે જેથી મૂર્તિ દૃઢ થાય. તમારે મંદિરમાં જઈને મૂર્તિ જોવી પડે એમ નહિ. મંદિરમાં ઘનશ્યામ મહારાજ બિરાજે છે. તમો એવી મૂર્તિ દૃઢ કરો

કે તમે જ્યાં જાવ, ત્યાં એ જ નખ-શિખાંત દેખાય. પછી જેવી મૂર્તિ સિદ્ધ કરી તેવી પ્રતિલોમ આપણે કરી નાંખવી, જેથી એ મૂર્તિ આપણને બરાબર દેખાય અને પછી કથા-કીર્તન બધું સાંભળીએ તો બહુ જ આનંદ આવે. આ મૂર્તિમાં રહીને સાંભળવાની વાત છે. મહારાજના મસ્તકે મસ્તક, ભાલે ભાલ, અને દિવ્યસ્વરૂપમાં રહેવાની રીત છેને! એ ગળે ઉતરે એવી નથી.

પોલી વસ્તુમાં ન રહી શકાય, પણ દિવ્યમાં તો ત્યાગ-ભાગ જ નથી. એ દિવ્ય મૂર્તિની સાથે અનંત દિવ્ય મુક્તો રસ-બસ રહી શકે છે. છતાં મોટી સાગર જેવી, સિંધુ જેવી એ મૂર્તિ લાગે છે. એ સવાચોસઠ તસુની મહારાજની જે દિવ્ય મૂર્તિ છે એની અંદરનો જે પ્રવેશ અતિ સ્નેહે કરીને, અને એનો આનંદ એ એક સુખના સાગરમાં જેમ પડ્યા હોય એવી અલૌકિક વાત છે. ત્યારે આ હવે કેવી રીતે ખબર પડે? તો જ્યારે સાક્ષાત્કાર થાય, ત્યારે એની અલૌકિક રીતનો ખ્યાલ આવે છે. એ વગર ખ્યાલ આવતો નથી. આપણે એટલું કરીએ કે છેવટે ભગવાનના દર્શન તો ભગવાન વડે જ થાય ને? તો ભગવાન સ્વામિનારાયણ સાથે પહેલા જોડાઈ જવું. ગમે એમ કરીને એની સાથે લગન લગાડવી. પછી બધા દર્શન થઈ જશે.

ભગવાનના સ્વરૂપનો અનુભવ થાય ત્યારે બધી જ અલૌકિક વાતો સમજાય છે. ભગવાન શું કરે છે? ભગવાન આમ જ ઊભા છે ત્યાં અક્ષરધામમાં? કોઈ ક્રિયા જ નથી કરતા? શું કરે છે આખો દહાડો? એવા

ય પ્રશ્નો થાય કે નહિ? અક્ષરધામમાં શું કરે છે? અક્ષરધામ કોઈ જગ્યા છે? નહિ. એ અક્ષરધામ મર્યાદિત નથી. ભગવાન તો અમર્યાદિત છે. મહારાજનું અક્ષરધામ બધે જ છે. જે જગ્યાએ મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યાં ભગવાનનું અક્ષરધામ. ત્યાં મહારાજની દિવ્ય મૂર્તિ. દિવ્ય મૂર્તિના સુખમાં જ્યારે થીજી જવાય છે ને ત્યારે એ મુક્તોની વાત જુદી છે અને મુક્તો જ્યારે સુખમાં થીજી જાય ત્યારે એ સુખ સિવાય બીજું જાણપણું રહેતું નથી.

ભગવાનની ઈચ્છા થાય ત્યારે મહારાજ અનંતકોટી બ્રહ્માંડોમાં વિચરે છે. અત્યારે પણ કોઈને કોઈ બ્રહ્માંડમાં મહારાજ મનુષ્યરૂપે વિચરે છે. ત્યારે પોતાના અનંત મુક્તોના સ્વરૂપો પણ ત્યાં પોતાની સાથે ધારણ કરાવીને સાથે લઈ જાય છે. એ મનુષ્યસ્વરૂપમાં જે લીલા કરે છે એ દિવ્યસ્વરૂપમાં અલૌકિક રીતે અનુભવાય છે. એ મુક્તોને જ્યારે સુખમાંથી જાણપણું કરાવે, ત્યારે એ પણ સુખના આનંદરૂપ જ લાગે છે. એવી ભગવાન લીલાઓ કરે છે. પરભાવમાં પણ એવું લાગે છે. પણ ત્યાં અવરભાવની જે ક્રિયાઓ છે એનાથી એ અલગ પડે છે. ત્યાં કોઈ માયિકભાવ છે જ નહિ. ગોલોક, વૈકુંઠ સુધી સ્ત્રીભાવ છે. ત્યાં લક્ષ્મીજી, રાધીકાજી જેવા સ્વરૂપો છે, અક્ષરધામમાં એ સ્વરૂપો નથી. અક્ષરધામમાં તો મહારાજનું દિવ્યસ્વરૂપ છે. ત્યાં મુક્તોના સ્વરૂપ પણ એવા જ દિવ્ય છે. અને આ બધા વૈકુંઠ - ગોલોક ધામ છે એ પણ દિવ્યધામ છે. ત્યાં પણ નિર્વિકારીતા છે, બધું જ છે,

દિવ્યધામ પણ ખરા. મનુષ્યભાવ ત્યાં નથી, પણ દિવ્યતામાં ફરક છે.

મહારાજની મૂર્તિનું સુખ બહુ જ અધિક છે અને મહારાજ એ બધાનું નિયમન કરે છે. બધા જ ધામો, સૂર્યના તેજમાં તારા-ચંદ્રો જેમ લીન થઈ જાય છે ને! વિલીન કરી નાંખે છે, એમ ભગવાન પણ પોતાના સ્વરૂપમાં બધાને લીન પણ કરી નાંખે છે. એટલે સ્વામિનારાયણ ભગવાન એ સર્વોપરી ભગવાન છે, અવતારી છે. એમાંથી જ બધા અવતારો પ્રગટ થયા છે. એમાં લેશમાત્ર ફરક નથી અને જે કોઈ માત્ર શબ્દોમાંથી અર્થ ઝીલે છે એને ખબર નથી. જ્યારે અવતાર - અવતારીમાં ભેદ નથી એમ કહે છે, ત્યારે એને અનુભવજ્ઞાન નથી એ સ્પષ્ટ છે. એ કેવી રીતે એમ કહી શકે કે અવતાર અને અવતારીમાં ફરક નથી? શબ્દોના અર્થ જુદી જુદી જગ્યાએ જુદા જુદા છે, એક સરખા નથી. તો એ ત્યારે જ એમ કહી શકે કે જ્યારે એને અનુભવે એ સ્વરૂપના દર્શન થાય ત્યારે. ત્યાં સુધી કેવી રીતે કહી શકે? જુએ ત્યારે ખબર પડેને? કઈ કઈ ભૂમિકાઓ ક્યાં ક્યાં? કેવી છે? કેમ છે? મહારાજ દેખાડે ત્યારે જ ખબર પડેને?

ભગવાન સ્વામિનારાયણનું એવું સર્વોપરી દિવ્યસ્વરૂપ છે કે જેમાં અનંત અવતારો તેમ જ અનંત ભૂમિકાઓ ભગવાન પોતે વિલીન કરી નાંખે છે. એવું એ ભગવાનનું દિવ્યસ્વરૂપ છે. એ દિવ્યસ્વરૂપની આપણને બધાયને પ્રાપ્તિ થઈ એ થોડી વાત છે? આવી વાત સમજીએ. ભગવાનનું

જો આવું સર્વોપરી સ્વરૂપ સમજાયું હોય તો કોઈ સામાન્ય કચાશો રહે ખરી? કોઈ ભય રહે ખરો? કોણ ડરાવી શકે એને? જેની સાથે ભગવાન સ્વામિનારાયણ હોય એને કોઈ વસ્તુથી ડરવાનું રહે ખરું? ભય માત્ર જાય. નિર્ભય બની ગયા. ભગવાને આપણને નિર્ભયપદ આપી દીધું. સ્વામિનારાયણ ભગવાનને આવી રીતે સર્વોપરી સમજે અને એનો નિશ્ચય બરોબર થાય અને એની આજ્ઞાઓ બરોબર પળાય, તો બેડો પાર અને આજ્ઞાઓ એવી અઘરી પણ નથી. કઈ આજ્ઞા અઘરી છે કહો? આખી શિક્ષાપત્રી વાંચો. કઈ આજ્ઞા અઘરી છે કહો? અઘરી તો નથી. એ પાળી શકાય એવી છે. બહુ સરળ માર્ગ છે. વિશ્વમાં કોઈ માર્ગ સરળ હોય છતાં સંપૂર્ણ હોય તો ભગવાન સ્વામિનારાયણનો માર્ગ છે. એ સરળ ને સંપૂર્ણ છે, બાકી બધા કઠીન અને અપૂર્ણ છે. આ હકીકત છે અને આ હકીકત આપણે બધાને સમજાવી શકીએ એમ છીએ.

અનુભવવાણી એ પ્રમાણભૂત વાણી છે અને શબ્દોના અર્થ ઉપરથી સમજાયેલી જે વાતો છે એ બરાબર પ્રમાણભૂત ન ગણી શકાય. ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામીની વાણી છે એ વાણીમાં ઉતરી જવું. ગોપાળાનંદ સ્વામીની વાણીએ ભગવાન સર્વોપરીની વાતો ખૂબ સારી કરી છે. એ સંતો પાસેથી સાંભળવી. તેમને બધું કંઠાગ્ર હોય છે. મેં તો પરભાવની થોડી વાતો સાંભળેલીને! એ તમારી પાસે મૂકી. આ બધી વાતો સદ્‌ગુરુઓ પાસેથી જાણી લીધેલી. હવે મહારાજે જે જે ચરિત્રો કર્યાં એ

બધી વાતો સાંભળવાનો આનંદ ઓર આવેને? એ વાતો દિવ્યભાવમાં સમજાય છે. કોઈ પણ દિવ્ય પ્રસંગો કહે ત્યારે દિવ્યભાવમાં સાંભળવાથી આનંદ આવે. એ દિવ્ય વાણીનો આનંદ એવો છે. બસ...

જય સ્વામિનારાયણ!

## સારાંશ

હંમેશાં શ્રીજીમહારાજના સ્વરૂપમાં લગની લગાડવી. ભગવાનના ભક્તોની સભા થઈ હોય ત્યારે ભગવાનની મૂર્તિના સ્વરૂપમાં ઊંડા ઉતરી જવાનો પ્રયત્ન કરવો. નાનપણથી જ ભગવાનની મૂર્તિ યાદ રાખવાનો પ્રયત્ન કરવાથી મહારાજની કૃપા ઉતરતા મૂર્તિનું ધ્યાન થવા લાગે છે. ભગવાનનું અખંડ અનુસંધાન રાખવું એ બધી વાતનો સાર છે. અનાદિમુક્તના સાંનિધ્યમાં ધ્યાન કરવાથી ધ્યાન જલદી સિદ્ધ થાય છે. મંદિરમાં પ્રવેશ કર્યા પછી ફક્ત ભગવાન જ સંભારવા કે અનાદિમુક્તની વાણી સાંભળવી એવી જ ક્રિયાઓ કરી મંદિરની શિસ્ત જાળવવી. એ જાળવવાનું નાના બાળકોને પણ શીખવવું.

અનાદિમુક્તને મહારાજના મનુષ્ય સ્વરૂપ અને દિવ્ય સ્વરૂપની સાથે એકતા હોવાથી તેમને મહારાજ અતિ સ્વરૂપવાન, સૌંદર્યવાન, પ્રકાશમાન લાગે છે. મહારાજ પૃથ્વી પર ઐશ્વર્ય ઢાંકીને મનુષ્ય જેવા થઈ પ્રગટ થાય છે. તે મનુષ્યસ્વરૂપ અને દિવ્યસ્વરૂપની એકતા છે. માટે તે મનુષ્યસ્વરૂપ સાથે લગની લગાવવાથી દિવ્ય સ્વરૂપના

દર્શન થાય છે અને તે દર્શનમાં કલ્પે કલ્પ વીતી જાય છે. ભક્તોના જુદા જુદા ભાવ હોવાથી મહારાજના પ્રતિમા સ્વરૂપના મુખારવિંદ જુદા જણાય છે. ભક્તને જે સ્વરૂપ ગમે તેમાં લગની લગાડે. ભક્ત પાત્ર થાય ત્યારે ભગવાનનું સુખ જીરવી શકે છે. ભગવાનનું સુખ જીરવવા અનાદિમુક્તનું સાંનિધ્ય આવશ્યક છે અને ભગવાનની આજ્ઞા પાળવી આવશ્યક છે. બધી આજ્ઞાઓમાં નિષ્કામધર્મ પાયો છે. ગૃહસ્થ - ત્યાગી બધાએ નિષ્કામધર્મનો પાયો મજબૂત કર્યા વગર પાત્રતા આવતી નથી. પંચ વર્તમાન તેના સ્થૂળ-સૂક્ષ્મ અર્થમાં સમજીને પાળવાથી પાત્ર થવાય છે. ભગવાનની આજ્ઞાઓ પાળતા ભગવાન કસોટી કરે તો તેનાથી ગભરાયા વગર તેમાંથી પાર ઉતરવાથી ભગવાન પોતાના સુખરૂપી ફળ આપે છે. મહારાજની મૂર્તિ સાથે અનંત મુક્તો ભેગા હોવાથી તે મૂર્તિ સાથે એકતા થતાં, તેની સાથે લગની લગાવતા ક્યારેય એકલવાયાપણું લાગતું નથી.

શ્રીજીમહારાજની મૂર્તિમાં આપણો ચૈતન્ય મહારાજે રાખ્યો છે તેવું અખંડ અનુસંધાન એ મૂર્તિનું ધ્યાન કરવાની છેલ્લી લટક છે. ધ્યાનમાં અનુલોમ ધ્યાન અઘરું પડે છે એટલે દેહભાવ કાઢી ભગવાનના સ્વરૂપમાં ચૈતન્ય છે, એમ ધારવાથી દાસપણું વધતું જાય અને ધીરે ધીરે મૂર્તિ પાકી થતી જાય. માટે પ્રતિલોમ ધ્યાન શીખવું. એ મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવવાની લટક છે. અક્ષરધામમાં અવરભાવની કોઈ ક્રિયા નથી. પરભાવમાં સુખ ભોગવવાની રીત અલૌકિક છે એ અનુભવે ખબર પડે

છે. પ્રતિલોમ ધ્યાનથી દેહભાવ ભૂલાય છે અને અખંડ ભગવાનના દર્શન થાય છે એ લટક હાથ આવતાં વાત સહેલી બની જાય છે. પ્રતિલોમ ધ્યાનની પહેલા અનુલોમ વગેરે બીજા ધ્યાનના પ્રકારોથી મૂર્તિ પાકી કરી લેવી. પુરુષપ્રયત્ન તો કરવો પડે. તે કરવાથી ભગવાન સાથે ભળી દિવ્ય દર્શન કરાવે છે. સાક્ષાત્કાર થતાં બધા જ પ્રશ્નોનો અંત આવે છે.

અત્યારે પણ ભગવાન કોઈકને કોઈક બ્રહ્માંડમાં વિચરી લીલાઓ કરે છે. પરભાવમાં એ બધી લીલાઓ અલૌકિક આનંદરૂપે અનુભવાય છે. સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. તેમાંથી જ બધા અવતારો પ્રગટ થયા છે. એ વાત અનાદિમુક્ત સમજાવે ત્યારે જ યથાર્થ સમજાય કે પછી અનુભવે યથાર્થ સમજાય છે. ભગવાનને જેમ છે તેમ સમજવાથી નિર્ભય બનાય છે. ભગવાનની કોઈ આજ્ઞાઓ અઘરી નથી. સારાય વિશ્વમાં ભગવાન સ્વામિનારાયણનો માર્ગ સરળ છતાં સંપૂર્ણ છે. અનાદિમુક્ત બોલે તે અનુભવે જોઈને બોલે છે, માટે અનુભવવાણી એ પ્રમાણભૂતવાણી છે. અનુભવવાણી પર સંપૂર્ણ વિશ્વાસ રાખવો.

# ૧૮

ગુણાતીતાનંદ સ્વામીના શબ્દોમાં કહીએ તો ભગવાન સ્વામિનારાયણનું રટણ પાંદડે-પાંદડે થશે. એક વાત બરાબર યાદ રાખવાની કે મહારાજની મૂર્તિમાં રહેલા અનાદિમુક્તોમાં કેટલું બધું રસબસપણું! કેટલી બધી આત્મીયતા! કેટલી બધી એકતા! એમાં કોઈ દિવસ સંપ ન હોય એવું બને ખરું? બાપાએ એમ કહ્યું છે કે આ આખી સભા અક્ષરધામમાં છે, અક્ષરધામનું સુખ અનુભવશે. ત્યારે આ સભાની પ્રશંસા, પરમદયાળુ બાપાશ્રીએ સ્વમુખે કરી તો સારોય સત્સંગ સંગઠિત રહે, મતભેદ કે મનભેદ તો કોઈ દિવસ થાય જ કેમ? મહારાજની મૂર્તિમાં રહ્યા પછી મનભેદ શું રહે? મન તો ક્યાંય ગયું. માયિક મન તો ફગાવી દીધું. બાપાએ દેહભાવ તો ઉડાડી દીધો કે ગોત્યો ય જડે નહિ. તો પછી આવું બધું યાદ કરી શું કામ લીલા કરવી પડે? એક થઈને રહીએ, બધા સાથે મળીને કામ કરીએ અને મહારાજે શું કહ્યું? ‘‘શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય.’’ તે તેજની અંદર મહાપ્રભુજી અને તેમના અનાદિમુક્ત શીતળતા વરસાવે છે. તો આપણા મગજ પણ કેટલા શીતળ હોવા જોઈએ? આપણે આવેશમાં આવવું એ આપણા માટે અશક્ય થવું જોઈએ. આપણે કોઈને એમ કહી શકીએ કે ભાઈ! આવેશ, આવેગ, ક્રોધ તો અમારી ડીક્ષનરીમાં જ નથી. આપણા શબ્દકોષમાં છે ખરો? અનાદિમુક્તના શબ્દકોષમાં

આ શબ્દ બતાવો. તો આજે આપણે પરમ કૃપાળુ શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના સાંનિધ્યમાં કટિબદ્ધ રીતે નિશ્ચય કરીએ કે કારણસત્સંગની સારાય જગતમાં ફેલાવવાની સેવાની તક આપણને આપે. સેવા કરવી અને સેવાની તક એમાં ફરક છે. 'સેવા કરી, મેં સેવા કરી' તો એની અંદર અહ્‌મ છે. તક આપવી એ તો પ્રભુએ કૃપા કરીને નિમિત્ત બનાવ્યા છે. તો તક આપીને હે મહારાજ! આપે અમારા ઉપર કૃપાવર્ષા કરી છે. આપને સારાય જગતમાં ઓળખાવીશું. સારુંય જગત ઓળખે તો એનું કલ્યાણ થાય. એની અમને તક આપો અને અમને નિમિત્ત બનાવો જેથી ગુણાતીતાનંદ સ્વામીના શબ્દો સાર્થક થઈ જાય.

## સારાંશ

સત્સંગની સેવા કરવામાં સંપ રાખવો, જુની વાતો ભૂલી જવી અને આવેશ, આવેગ, ક્રોધથી અળગા રહેવું. મહારાજને ઓળખાવવાનું કાર્ય કરવાની આપણને મહારાજે તક આપી તે તકને પૂરી ઈમાનદારીથી નિભાવવી.

# ૧૯

પરમ કૃપાળુ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન, પરમ કૃપાળુ અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી, સદ્‌ગુરુઓ તથા અત્રે ઉપસ્થિત સર્વે સંત હરિભક્તોને અનેક વંદન સાથે પ્રણામ કરું છું.

સર્વોપરી પરમાત્માની ઉપાસના કરવાથી બીજી ઉપાસનાનો ભંગ થતો નથી. પતિવ્રતાની ટેક જતી નથી. જેમ રામચંદ્રજીથી શ્રીકૃષ્ણનો અવતાર મોટો. જો રામચંદ્રજી ભગવાનનો ભક્ત હોય અને શ્રીકૃષ્ણમાં જોડાઈ જાય તો એની ઉપાસનાનો ભંગ થતો નથી. ત્યારે ભગવાન સ્વામિનારાયણ માટે તો નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યુંને કે ‘કોટી કૃષ્ણ કર જોડી’ કોટી કૃષ્ણ હાથ જોડીને ભગવાન સ્વામિનારાયણની સેવામાં ઊભા છે. તો ઉપાસનાની બાબતનો એક પ્રસંગ તમને કહું. અક્ષરપુરુષોત્તમ મંદિર જે શાહીબાગમાં છે, એમાં એક ઈશ્વર સ્વામી કરીને હતા, હર્ષદભાઈના દીકરા એ સંત છે. એમણે એક પ્રસંગે મને નિમંત્રણ આપીને પરાણે બોલાવ્યો. હું ગયો. ત્યાં હરે કૃષ્ણના ભક્તજનો એવી મસ્તીમાં કૃષ્ણની ધૂન લગાવતા હતા કે આપણને એમ થાય કે આટલી બધી લગની! એ વાતનો પ્રોગ્રામ પૂરો થયા પછી અક્ષરપુરુષોત્તમના એક ભક્તજને ઊભા થઈને ભગવાન સ્વામિનારાયણને સર્વોપરી કહ્યા. કૃષ્ણ કરતાં અનેક ગણા મોટા! તો એનું તબલું લઈને મારવા

દોડ્યો! કે તારું માથું તોડી નાંખું! અમારા કૃષ્ણથી તું તારા ભગવાનને પૂર્ણ પુરુષોત્તમ કહી મોટા કહે છે? એટલે હું કેમ સાંભળી શકું? બધાએ એને પકડી રાખ્યો. પેલા બધા એમ બોલ્યા કે ભાઈ, હવે શમાવી લો. સ્વામીએ I am sorry એમ કહ્યું. હવે આપ બેસો.

હું ત્યાં હતો. મેં કહ્યું ભાઈ Sorry શા માટે? મેં કહ્યું જુઓ, I am not sorry, હું ઊભો થયો. હું દિલગીર નથી. આપ શ્રીકૃષ્ણ ભગવાનને સર્વોપરી પરમાત્મા માનો છો બરાબર? તો કહે હા. અચ્છા. તમે ભગવાનની મસ્તીમાં ખૂબ હતા એ જોઈને ખુશી થઈ, પણ તમે ભગવાન શ્રીકૃષ્ણને જોયા છે દિવ્યસ્વરૂપમાં કહો? જો તમે હા કહેશો તો એનો જવાબ હું આપીશ. જો તમે દિવ્યસ્વરૂપમાં રહેતા હો અને ભગવાન શ્રીકૃષ્ણને જોયા હોય તો તમે આટલો ક્રોધ કરો ખરા? શ્રીકૃષ્ણ ભગવાનમાં ક્રોધ છે ખરો? પરમાત્મામાં ક્રોધ હોઈ શકે? એના મહામુક્તોમાં ક્રોધ હોય? તમે મહામુક્તો કહેવડાવો છો એ ખોટું છે. તમે શ્રીકૃષ્ણ ભગવાનને દિવ્યસ્વરૂપમાં જોયા નથી. How can you say that Shri Krishna is superior to Lord Swaminarayan? You have no right to say. તમારામાંથી એક જણ ઊભા થઈને કહો કે મેં ભગવાન શ્રીકૃષ્ણને દિવ્યસ્વરૂપમાં જોયા છે પછી આપણે આગળ ચાલીએ. કોઈ ઊભા ન થયા. મેં કહ્યું જો તમે હા પાડી હોત તો હું તમને પૂછત કે આ ભીંત પાછળ શું ચાલે છે એ તો કહો? આવરણ હટ્યું દીવાલનું? ત્યારે ભાઈ,

ભગવાન સ્વામિનારાયણ શ્રીકૃષ્ણથી superior નથી એમ ન કહી શકાય. હું કહું છું કે He is superior. મને એવા સંત મળ્યા છે કે જેમણે આરપાર જોઈને મને કહી દીધું. એમણે એમ કહ્યું કે અનંત બ્રહ્માંડ સોંસરું હું દેખું છે. અને તમે તો દિવ્યદર્શન થયા પહેલા તબલું લઈને મારવા દોડ્યા એ અધિકાર છે? તમે શ્રીકૃષ્ણ ભગવાનના ગુનેગાર થયા. Now you say ‘we are sorry’, we are not sorry બરાબર છે ને? પછી કહે, અચ્છા ચાલો we forgive each other. આપણે એકબીજાના વાંક ભૂલી જઈએ. તો જુઓ, ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે એ તો અનુભવથી ખબર પડે. જ્ઞાનથી સમજાવી શકાય છે, પણ ખરું તો ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે એ તો અનુભવનો પ્રશ્ન છે. તો મારું કહેવું એમ છે કે આપણે કોઈને ફરજ નહિ પાડવાની, પણ પ્રેમથી સમજાવી શકાય. અને જો એ પોતાના અવતારોની ઉપાસના મૂકી દે અને સર્વોપરી તત્ત્વમાં જોડાય, તો ઉપાસનાભંગ ક્યાં રહ્યો? એ બધા જ અવતારો એ તત્ત્વમાંથી જ પ્રગટ થાય છે ને એમાં જ લીન થાય છે તો પતિવ્રતાની ભક્તિ ક્યાં ગઈ? જતી નથી. આપણે તુલસીદાસજીના જેવી પતિવ્રતાની ભક્તિ કરવી. તે માટે આપણે પતિવ્રતાની કેટલી હદે જતા રહેવું જોઈએ વિચારો.

બોલો સ્વામિનારાયણ ભગવાનની જય! બાપાશ્રીની જય!

**સારાંશ**

બીજા અંશાવતારની ઉપાસના છોડી સર્વોપરી પૂર્ણ

પુરુષોત્તમની ઉપાસના કરવાથી ઉપાસના ભંગ થતો નથી. ભગવાનને પામવાના પથ પર ચાલનારમાં ભગવાનના કલ્યાણકારી ગુણો આવે છે. સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે એ અનુભવનો વિષય છે. બીજા અવતારોની ઉપાસનાવાળાને કોઈ જાતની ફરજ ન પાડતા સર્વોપરી તત્ત્વજ્ઞાન સમજાવવું જેથી પોતાની મેળે એ સર્વોપરી તત્ત્વમાં જોડાશે.

# ૨૦

જુઓ શ્રીકૃષ્ણ ભગવાનનો અવતાર એ પોતાનો મોટો અવતાર મહારાજે કર્યો છે. તો એક બાજુ રાધિકાજીને બેસાડ્યા, બીજી બાજુ લક્ષ્મીજીને બેસાડ્યા. તો અહીં (હૃદયમાં) બેસાડ્યા તો ય સંકલ્પ નથી થતો અને બાપાશ્રીને પાસે બેસાડ્યા, પાસે ઊભા રહે તો સંકલ્પ થાય! શું કારણ? આપણને જ્યારે આ ચક્ષુ મટી જશે અને મહારાજની કૃપાથી જ્યારે દિવ્યચક્ષુ ઉદય થશે, ત્યારે ખબર પડશે કે આ વળી કેવું અજ્ઞાન! ભગવાનની મૂર્તિમાં અનંત મુક્ત છે. અરે! એમના સ્વરૂપમાં જ બેઠા છે. એથી શું વિશેષ? જ્યાં સુધી આ ભાવના ટળશે નહિ, ત્યાં સુધી સંકલ્પ - વિકલ્પ થાય. મહારાજે એમ કહ્યું છે કે સંકલ્પ થાય અને શમાવે તે સંત, અને ન થાય તે ભગવંત. પાછો એનો અર્થ પણ સમજાવ્યો. અને બીજી રીતે મહારાજ એમ પણ બોલે છે કે ‘સંત તે મારી મૂરતિ રે, તેમાં ફેર નહિ એક રતી રે.’ ક્યાં મેળ? પોતાની મૂર્તિ તુલ્ય હોય તેવા અનાદિમુક્ત સંત અને એક બાજુ કહે છે કે સંકલ્પ થાય અને શમાવે તે સંત. કેટલી બધી controversy (વિરોધાભાસ)? એને સમજવી ઘટે.

આપણે પંચ વર્તમાન પાળીએ, ભલે પચાસ ટકા પાળીએ, તો પણ સંત કહેવાઈએ. થોડું ઓછું-વત્તું પાળીએ તો પણ સંત કહેવાઈએ. તો એ સંતની કક્ષામાંથી ‘સંત તે મારી મૂરતિ રે, તેમાં ફેર નહિ એક રતી રે.’

એવા કૈવલ્ય મુક્ત સુધી પહોંચી જવાનું મહારાજ કહે છે આપણને. અને આપણામાંથી કોઈ ત્યાં ન પહોંચે એવું હું તો દેખતો જ નથી. આ સત્ય કહું છું. તમારા કંઈ Praise (વખાણ) કરતો નથી. ખરેખર આ આખી દિવ્ય સભા ત્યાં જ બેઠી છે. મહારાજ એમ કહે છે કે, છે તો એમ જ, પણ કોઈને ખબર ન હોય તો તું બોલીશ નહિ. તને એમ પૂછે કે ભાઈ! તું અનાદિમુક્ત છે? તો એમ કહેજે કે હા, ભગવાન સ્વામિનારાયણે આશીર્વાદ આપ્યા કે અમે તમને પૂર્ણકામ બનાવ્યા. પૂર્ણકામનો અર્થ એ જ કે : પૂર્ણ અને કામ. તો પૂર્ણતાને પામ્યા. એ અનાદિમુક્ત સિવાય કોણ બોલે? ગોપાળાનંદ સ્વામીએ કૈવલ્ય મુક્ત કહ્યા. તો એ સ્થિતિએ આપણે છતી દેહે જ પહોંચી જવું જોઈએ. અરે! આવડી મોટી કૃપા ભગવાન સ્વામિનારાયણ વરસાવે છે એમ અબજીબાપાએ મને કહ્યું. કૃપાસાધ્ય કોને કહેવાય? કૃપાસાધ્ય એટલે કંઈ કરવાનું જ બાકી નથી રાખ્યું. એમણે એમ કહ્યું હું બોલું અને તું હા પાડ બસ!

## સારાંશ

મહારાજની મૂર્તિમાં અનંતમુક્તો રહે છે. જ્યારે એ જ્ઞાન થાય, ત્યારે મહારાજની બાજુમાં બાપાશ્રીની મૂર્તિ શા માટે? જેવા સંકલ્પનો અંત આવે છે. સંકલ્પ થાય અને શમાવે તે સંત અને ન થાય તે ભગવંત. દરેક જણે સંતમાંથી ભગવંત એટલે ભગવાનરૂપ મુક્ત બનવાનું છે.

# ૨૧

જુઓ કે એક નાનો બાળક અહીં મંચ ઉપર આવીને જો નીડર રીતે, જરાય ગભરાયા વગર બોલે છે એ શું બતાવે છે કે મહારાજ એનામાં અંતરપડદે રહીને બોલ્યા. ત્યારે મહારાજને બાળકોએ ખૂબ રાજી કર્યા છે. તો આવા બાળકોએ નાનપણથી જ ભગવાનનું જ્ઞાન લઈ પચાવીને અને મોટા થઈ બહાર પ્રસરાવે તો કેટલો બધો સમાસ થાય!

એક શબ્દમાં જ વાત કે મૂર્તિમાં રાખ્યા છે તે મૂર્તિ જ જોવાની. પાંસઠ વર્ષ પછી તદ્દન એવું કરી મૂકવું જોઈએ. એ પહેલા તો બધું કામ કરવું પડે. એક મૂર્તિમાં જોડાઈને બેસી રહો તો મહારાજ ઠપકો આપે. કે હું કહું એમ કરવાનું. હું કહું છું કે તમે અમારું કાર્ય ખૂબ કરો અને તમારે સુખ જોઈએ છે તો સુખ આપવાવાળો હું છું, આપી દઈશ. આ છેલ્લો જન્મ કર્યો એ થોડી વાત છે? જે અનંત જન્મે પાર ન આવે એ આ એક જન્મે જ કર્યું હવે શું કામ અધીરા થાવ છો? તો કામ કરીએ. પાંસઠ વર્ષ સુધી સત્સંગનું સરસ કામ કરીએ અને સાથે સાથે મૂર્તિનો સંબંધ પણ રાખીએ. આ ત્રણ કલાકમાં મૂર્તિ સિવાય કોઈ વાત થઈ? તો આપણને મૂર્તિનો સંબંધ રહે છે. જેટલો રખાય એટલો. બાકી ભગવાને અંદર રાખ્યા જ છે એ તો બરાબર કે નહિ? તો બસ પછી. આપણે મૂર્તિનો સંબંધ રાખવાનો અને

દરેક કામ સરસ રીતે બજાવવાનું અને આપણું શરીર પણ સરસ રાખવાનું.

## સારાંશ

નાનપણથી જ બાળકોને સાચું જ્ઞાન આપવું જેથી મોટા થઈ તેઓ તેનો પ્રચાર કરે. જીવનના પાંસઠ વર્ષ સુધી ભગવાનને સાથે રાખી દરેક કાર્ય ફરજ સમજી કરવું. સત્સંગકાર્ય પણ કરવું તો જ ભગવાન રાજી થઈ પોતાની મૂર્તિનું સુખ આપે છે.

# ૨૨

બાપાશ્રીનું જીવન એ સર્વોપરી અધ્યાત્મશાસ્ત્ર પોતે જ હતું. બાપાશ્રીનું જીવન જે જાણે એને કોઈ જ્ઞાન પામવાનું બાકી રહે નહિ. જેનું જીવન જ સ્વયં અધ્યાત્મશાસ્ત્ર છે, જે બધાયના કલ્યાણને માટે અનુકરણીય - અનુસર્ય છે. સારાય સત્સંગ સમાજને તેમ જ સારાય વિશ્વને એમના આ સર્વોપરી અધ્યાત્મશાસ્ત્રરૂપ જીવનની જાણકારી થાય તો આ સર્વોપરી દિવ્યજ્ઞાન તેમના હૃદયમાં, તેમના મનમાં ઉતરે, તેમના જીવનમાં પરિવર્તન થાય અને સારુંય વિશ્વ કલ્યાણને માર્ગે વળે. તેથી આપણી તો પરમ ફરજ છે. આપણા ઉપર એમના એટલા બધા ઉપકારો છે. એમણે એવા છેલ્લા આશીર્વાદ આપી દીધા કે તમને મૂર્તિમાં રાખ્યા. એવા કોઈ તો દિવ્ય પુરુષ કે વિભૂતિ બતાવો કે જે પાત્ર-કુપાત્ર, પાત્ર-અપાત્ર જોયા સિવાય કેવળ કરુણા કરી મૂર્તિમાં રાખી દે. એવો પુરુષ બતાવો!

એવા પુરુષ આપણને મળ્યા ત્યારે આપણે એમ વાતો કરીએ કે આપણા વચ્ચે કાંઈ એકબીજામાં મેળ નથી, એકબીજામાં જોઈએ એવો સંપ નથી, અવગુણ લેવાની થોડી-ઘણી પ્રકૃત્તિ છે. આવી વાતો સાંભળવી એ ખરેખર આપણને બધાયને ખૂબ જ દુઃખરૂપ થાય. એ તો ન જ જોઈએને? શ્રીજીમહારાજ અને બાપાશ્રીએ આપણને તેમના સર્વોપરી દિવ્યસ્વરૂપમાં મૂકી દીધા એ

કંઈ થોડી વાત? તેનું અનુસંધાન કેમ ભુલાય? દેહનું અનુસંધાન જો ભુલાતું નથી તો મૂર્તિનું અનુસંધાન કેમ ભુલાય? મૂર્તિ ભુલીએ તો આપણું અપમૃત્યુ થયું કહેવાય. અને જો કોઈ પણ વસ્તુ એવી જોવા મળે કે સુમેળ નથી કે એકતા નથી તો એનો અર્થ એવો થાય કે મૂર્તિમાં રાખ્યા છે એ વચન એમણે અદ્ધરથી ઝીલ્યું નથી. એ ન દેખાવું જોઈએ. એની જરૂર ક્યાં? એટલે એ વાત તો જીવમાંથી તદ્દન કાઢી નાંખીએ. ભગવાન મળ્યા એનું જ અનુસંધાન રાખીએ.

મહારાજના અનાદિમુક્તનું જીવન સારાય માનવકુળને ઉપયોગી છે. તો સારુંય માનવકુળ બાપાશ્રીને જેમ છે તેમ ઓળખે, એમના જીવનને જાણે, ચારેકોર સત્સંગમાં તેમ જ વિશ્વમાં એમના દિવ્ય જીવનની જાણકારી થાય એવો પ્રસંગ યોજવો જોઈએને? એવો ત્યારે જ યોજાય કે જ્યારે આપણે બધા આપણને મૂર્તિમાં રાખ્યા છે એવી એકતા પરસ્પર અવરભાવમાં પણ દેખાઈ આવે, ત્યારે અવરભાવ અને પરભાવની એકતા છે એમ જણાઈ આવે અને જોનારને એમ લાગે કે આ વ્યક્તિ બાપાશ્રીની હેતભાવવાળી વ્યક્તિ છે એ જણાઈ આવવું જોઈએ. જ્યારે બહારની વ્યક્તિ આપણને એકતાનો ઉપદેશ કરે એ મને તો પસંદ નથી. એ એમ કહે કે આહાહા! સત્સંગમાં આવી એકતા! આવો સુમેળ, આવો રસબસભાવ ક્યાંય જોવા મળ્યો નથી. એવો જ સૂર વ્યક્તિના મુખમાંથી સરી પડે, ત્યારે આપણી છાતી ગજગજ ફૂલી કહેવાય અને આપણે એ કરી બતાવવું છે. ખરેખર

આપણે બધા મૂર્તિમાં છીએ. આ સભા અક્ષરધામની છે. આવાને આવા મનુષ્યરૂપે છીએ એવા જ દિવ્ય સાકાર મહારાજના સ્વરૂપે આપણે મૂર્તિમાં રહ્યા છીએ અને સદાય એમાં છીએ, જવું-આવવું, બાકી કોઈ ઉધારો બાપાએ રાખ્યો નથી. આ વાત આપણે બતાવવી પડે. અને અત્યારથી જ એક અનુસંધાન કે મૂર્તિમાં રાખ્યા છે. એનું સભાનપણું એવું જાગૃત કરી દઈએ કે હવે કોઈ અન્ય નવો શબ્દ ઉચ્ચારવો પડે નહિ.

આ દિવ્ય સભાનો રાજીપો ઈચ્છું છું. મોટા-મોટા સંતો એમ કહેતા કે જ્યારે દિવ્યસભા ભરાય, ત્યારે ગમે તેવી ઊંચી સ્થિતિવાળા આપણે બધા હોઈએ છતાં પણ ભગવાનના રાજીપા અને પ્રસન્નતા માટે આપણે ક્ષમાયાચના કરવી જોઈએ. એ અનુસાર હું પણ આ દિવ્યસભામાં પ્રાર્થના કરું છું કે જાણ્યે અજાણ્યે આ દેહથી, મનથી આ જીવથી તો થતો જ નથી બાપાની એ કૃપા છે, મનુષ્યભાવ કદીયે પરઠાતો નથી. જે બીજે આજ્ઞામાં થોડી કસર જોવા મળે છે એના વિષે પણ મનુષ્યભાવ આવતો નથી. તો આ દિવ્યસભાને વિષે મનુષ્યભાવ આવવાનો ક્યાં પ્રશ્ન જ આપણને કોઈને રહે છે? તો આવો દિવ્યભાવ સદાય આપણે રાખવાનો છે. એ સદાય રહે અને સદાય મૂર્તિનો આનંદ રહે એવા રૂડા આશીર્વાદ આપ સૌ આપજો. એવી પ્રાર્થનાઆપણે સૌએ મહારાજ પાસે કરવી એ પ્રાર્થના સાથે વિરમું છું.

**સારાંશ**

અનાદિમુક્તનું જીવન પોતે જ અધ્યાત્મશાસ્ત્ર છે.

તેમના જીવનનું ઝીણવટપૂર્વકનું નિરીક્ષણ પણ જીવને કલ્યાણને માર્ગે લઈ જાય છે. અનાદિમુક્તના આશીર્વાદ મળ્યા પછી અવરભાવમાં એટલે આપણા જીવનમાં પરિવર્તન દ્વારા એ જણાઈ આવવું જોઈએ. સંપ અને સુમેળ બીજાને ઉદાહરણીય બનવા જોઈએ. અનાદિમુક્ત બિરાજતા હોય તે સભા દિવ્ય હોવાથી સભામાં દીનભાવ બતાવી સભાનો રાજીપો મેળવવો એમ અનાદિમુક્ત પોતાના વર્તન દ્વારા આપણને શીખવે છે.

## ૨૩

એક વખત એક જૈનમુનિ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને કહે તમે રિદ્ધિ-સિદ્ધિનો એટલો બધો ઉપયોગ કરો છો અને જબરજસ્ત ચમત્કાર સર્જો છો. તો જે રિદ્ધિ-સિદ્ધિનો ઉપયોગ કરે એ સંત જ ન કહેવાય. બોલો બરોબર છે? જૈનમુનિ સ્વામીને અહંકારથી કહે છે. ત્યારે સ્વામી કહે કે એ રિદ્ધિ-સિદ્ધિનો ઉપયોગ કરવાનો કોઈને અધિકાર ખરો? ચોક્કસ. કોને? એક પરમાત્માને. હું કોને પરમાત્મા માનું છું એ તો તમે જાણો છો ને? હા, ભગવાન સ્વામિનારાયણને. તો જો હું ભગવાન સ્વામિનારાયણને પરમાત્મા માનતો હોઉં, તો એમના સોગંદ ખાઈને તમને કહું છું કે એકપણ પરચો - ચમત્કાર મેં સર્જ્યો નથી, એકપણ રિદ્ધિ-સિદ્ધિનો મેં ઉપયોગ જ કર્યો નથી. ઓલા છક થઈ ગયા! હવે તમારે જે કહેવું હોય તે કહો.

એ મુનિ સ્વામી સામે જોઈ રહ્યા. સ્વામીએ એની સામે દૃષ્ટિ કરી ને સમાધિ થઈ ગઈ. જૈનમુનિ સડક થઈ ગયા. સમાધિમાં ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી પરમાત્માતત્ત્વ છે એવું એણે જોયું. એમના તીર્થંકરો પણ ભગવાનના ચરણમાં નમતા હતા. એ તીર્થંકર ભગવાનને ભગવાન માનતા હતા. થોડીવાર પછી સ્વામીએ દૃષ્ટિ પાછી ખેંચી લીધી, મુનિ દેહમાં આવ્યા, સ્મૃતિ આવી, પછી સ્વામીને દંડવત્ કર્યા. કહે ખરેખર તમે સંત છો,

ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે, પણ મારા મગજમાં એવી ગ્રંથિ ઘડાઈ ગઈ છે કે હવે હું તીર્થંકરને છોડી શકું એમ નથી. સ્વામી કહે, છોડતા કેટલીવાર? કહે બાપજી! હું નથી છોડી શકું એમ, પણ હવે હું સ્વામિનારાયણ ભગવાનનું ઘસાતું નહિ બોલું, પણ તીર્થંકરને છોડી શકું એમ નથી. ત્યારે એમ કરને કે તું જે તીર્થંકરને માને છે ને! એ તો ભગવાન સર્વોપરી પરમાત્માના ચરણોમાં નમ્યા, તો એ તીર્થંકરને જે થઈ ગયેલા તીર્થંકર છે તે ન માનીશ. સર્વોપરી પરમાત્મા તરીકે તું એનું ભજન કરજે. તો તું આ જન્મે નહિ તો આવતા જન્મે એ સુખમાં પહોંચી જવાનો.

જુઓ પરમાત્મા તો એક જ છે. બે હોય તો સીમિત થઈ ગયા. તો એ પરમાત્મા કેવી રીતે હોઈ શકે? God is only one and one only. તો એ સર્વોપરી પરમાત્માતત્ત્વનો બધાયમાં થોડો-થોડો આવિર્ભાવ થાય છે. અને થોડો આવિર્ભાવ હોય એને પૂર્ણ કેમ કહેવાય? અવતારમાં આવિર્ભાવ છે તો એ અવતારને Supreme Lord નહિ કહી શકાય. Supreme Lord ક્યારે થાય કે એમાં તમે સર્વોપરી પરમતત્ત્વની ભાવના કરો. મહાત્મા ગાંધીજીને કોઈએ પૂછ્યું કે તમે શ્વાસોશ્વાસ રામ-રામ-રામ-રામ કર્યા કરો છો. તમે એટલો અભ્યાસ કર્યો છે કે તમારા શ્વાસમાં એ શબ્દ વણાઈ ગયો છે, પણ મને નવાઈ લાગે છે કે તમારા ઓરડામાં રામચંદ્રજીની મૂર્તિ જ કેમ નથી? તો પોતે કહે છે કે ભાઈ! પૃથ્વી પર થઈ ગયેલા જે રામાવતાર છે તે મારા રામ નથી.

મારા રામ તો સર્વોપરી એવા પરાત્પર પરમાત્મા છે કે જે ઘટઘટમાં વ્યાપક છે એવા એ સર્વ કર્તાહર્તા પરમાત્મા છે. આ તો spritual ideal king હતા. Ideal King! It is very difficult to reach the ideal તો રામાવતારમાં ભગવાન સર્વોપરી પરમાત્મા શ્રીહરિનો આવિર્ભાવ હતો. we have to go ahead કોઈ પણ સ્વરૂપ ભલે મળે, પણ એને તમે થઈ ગયેલાની ભાવના નહિ કરો. સર્વોપરી પરમાત્મા માનીને એ સ્વરૂપની ઉપાસના કરવી.

**સારાંશ**

અનાદિમુક્ત દ્વારા ચમત્કારો ભગવાન પોતે સર્જે છે. એકવાર જીવ અનાદિમુક્તની દૃષ્ટિમાં પડ્યો પછી તે ઉપાસના ન ફેરવે તો બીજા જન્મે પણ તેનું કલ્યાણ નક્કી થાય જ છે. ગમે તે સ્વરૂપને માનતા હોવા છતાં જો એ સ્વરૂપમાં સર્વોપરી પરમતત્ત્વની ભાવના સાથે એને ભજે તો એ જીવ સુખમાં પહોંચી જાય છે.

## ૨૪

સ્વામિનારાયણ ભગવાને આપણને ન્યાલ કર્યા છે. અનાદિમુક્ત બાપાશ્રીએ ભગવાનની કૃપાવર્ષા આપણા ઉપર કરી. એ દાસત્વ સ્વરૂપ છે. ખરું દાસત્વ કયું? નિર્માની થયા હોય છતાંય ઊંડે ઊંડે નિર્માનીપણાનું સહેજ માન રહે તો ય દાસત્વ પૂરું ન કહેવાય એવું અબજીબાપાશ્રીએ સમજાવ્યું. એનો અર્થ એ થયો કે ભગવાન અને ભક્તની વચ્ચેનું અંતર જ ન રહ્યું, અલગ અસ્તિત્વ ન રહ્યું. અલગ અસ્તિત્વ એટલે સ્વામી-સેવકભાવ ખરો, પણ ભગવાન ત્યાં અને આપણે અહીં એમ નહિ. નિષ્કુળાનંદ સ્વામીએ 'નિષ્કુળાનંદ કાવ્ય'માં કહ્યું કે ભગવાનના સ્વરૂપમાં રહેલા મુક્તો જળ-તરંગવત્ એકતાની જેમ રહેલા છે, પણ સ્વામી-સેવકભાવ છે. હવે એ સુખમાં આપણને રાખ્યા એનું ફળ અંતસમે અથવા તો એ પહેલા પણ આપે એ એમના હાથમાં છે બરાબર? ધણીનો ધણી કોઈ? ચપટી વગાડતાં આપી દે ને વારે ય લગાડે તો કંઈ વાંધો નહિ.

કોઈકે એમ કહ્યું કે ભગવાન સ્વામિનારાયણે એમ કહ્યું કે ગધેડા ઉપર બેસાડે તો ય રાજી રહેવું અને હાથીએ બેસાડે તો ય રાજી રહેવું. તો કહે એનું શું કારણ? ત્યારે ભગવાનના સંતે શું જવાબ આપ્યો ખબર છે? કે ભાઈ! એ બેમાંથી પશુ કોણ નહિ? બેય પશુ. આ મોટું પશુ અને આ નાનું પશુ. એ તો તમારો મોહ છે કે

આ હાથી. હાથી તો ઉલટો વળગણરૂપ છે, ગધેડો ઉપયોગી છે. એટલે એ દૃષ્ટાંત દ્વારા મહારાજ એમ કહે છે કે હું રાજી થાઉં એમ રહેવાનું, એમાં સંકલ્પ નહિ કરવાનો કે આમ કેમ કર્યું મહારાજે? એ question (પ્રશ્ન) જ રહેતો નથી. એવો વિશ્વાસ રાખવાનું આપણને કહે છે. એ અચળ વિશ્વાસ એવો દૃઢ કરી રાખવો કે માથું ઉડાડી દે તો ય ફિકર થાય નહિ.

આવા પરમાત્મા મળે એને રાંકપણું દર્શાવવાની જરૂર ખરી? ભલે, વિનમ્ર દેખાવું જ જોઈએ, દાસપણું રાખવું જોઈએ, પણ અંદરથી રાંક છીએ એવું ન લાગે. અરે! સંકલ્પ-વિકલ્પ થાય એ તો દેહનો ભાવ છે તો થાય જ. અનંત કાળ સુધી બાહ્યવૃત્તિ કરી છે તે સંકલ્પ ન થાય? એ તો આ મળ્યા ત્યારે આપણને પૂર્ણકામ કરી દીધા. કેટલાં જન્મનું ભેગું થયું હોય! બહિર્વૃત્તિ થઈ હોય પછી અંતર્વૃત્તિ થતાં વાર ન લાગે? પણ સહેલી કેટલી બનાવી! એક જ જન્મે પાર પાડી દીધો! નહિતર તો હજી અનંત જન્મો લઈને દમ નીકળી જાય. વિચાર કરો. (આપણે કેટલા ભાગ્યશાળી છીએ.) How fortunate we are! ખરું? બધા ખૂબ રાજી રહેજો એવી પ્રાર્થના સાથે હું વિરમું છું.

### સારાંશ

નિર્માનીપણાનું સહેજે માન ન રહે ત્યારે પૂરું દાસત્વ વિકસે છે. અનાદિમુક્ત રાજી થાય તો મૂર્તિનું સુખ ચપટી વગાડતામાં આપી દે. આમ કેમ? એવો પ્રશ્ન

જ્યારે ન થાય, ત્યારે પ્રભુનો રાજીપો થાય છે. ગમે તેવી પરિસ્થિતિ આવે તે પ્રભુએ સર્જેલી છે તેમ માની તે પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કરવો. અનંત જન્મ સુધી બહિર્વૃત્તિ કરી હોવાથી અંતર્વૃત્તિ થતાં વાર લાગે. સંકલ્પ - વિકલ્પ થાય, પણ અનાદિમુક્ત મળ્યા એ સૌથી મોટા ભાગ્ય જીવે પોતાના માનવા. એ મળતા સર્વ કાંઈ પાર પડે છે.

## ૨૫

જીવનનું ઉચ્ચત્તમ ધ્યેય, દરેક મનુષ્યનું ઉચ્ચત્તમ ધ્યેય ભગવાનના સ્વરૂપમાં જોડાવવાનું છે. એ પ્રાપ્તિ થઈ ગયા પછી કંઈ જ કરવાનું રહેતું નથી. એ કામ શ્રીજીમહારાજે બાપાશ્રીને દ્વાર બનાવીને કર્યું. શ્રીજીમહારાજનું કામ બાપાશ્રીએ એમના સંકલ્પ મુજબ સંપૂર્ણ પૂરું કરાવ્યું. અનાદિ મુક્તરાજનો ધ્યેય દરેકને સર્વોપરી મહાપ્રભુની મૂર્તિમાં રસબસ રાખી દિવ્યસુખને પમાડવાનો હોય છે. અનાદિમુક્તે આપેલા આશીર્વાદ અવિચળ છે. આપણે શ્રદ્ધા અને મહિમા એવા રાખીએ કે બધું ચલિત થઈ જાય, પણ આશીર્વાદમાં કોઈ પણ જાતની અસ્થિરતા આવે નહિ. એક વાત તદ્દન હકીકત છે કે જો આશીર્વાદ મહિમા સાથે, સંપૂર્ણ શ્રદ્ધાથી અને કોઈ પણ જાતના વિકલ્પ વગર ઝીલીએ, તો આપણું સમગ્ર જીવન દિવ્ય બની જાય એમાં કોઈ શંકા નથી. આપણા બધા અવયવો ફરી જઈ ભગવાનનું સ્વરૂપ આપણા અંતરમાં અનાયાસે દેખાશે અને અંત વખતે અથવા તે પહેલાં સ્વામિનારાયણ ભગવાન એ આશીર્વાદ મૂર્તિમાન કરી આપણને એ મૂર્તિના સુખભોક્તા કરશે. આ કંઈ થોડી વાત? આ સત્ય છે એમ માનવાનું. આશીર્વાદ ફરવાના નથી, ભલે આપણે બરાબર પાત્ર ન હોઈએ તો પણ ચિંતા કરવાની જરૂર નથી.

ભગવાન કહે છે કે હું તમારો સર્વોત્તમ ઉદ્ધાર કરી

દઈશ અને હું તમને મારી મૂર્તિના સુખમાં રાખીશ એ ભગવાન પરમાત્મા બોલે એમાં કંઈ ફેર પડે ખરો? ત્યારે આપણે એક નિરાંત તો થઈ ગઈ કે પૂર્ણકામપણું ભગવાનના આશ્રિત થયા એટલે થયું અને બીજું એ પણ પૂર્ણકામપણું હૃદયમાં દૃઢ થઈ ગયું કે હવે પછી આપણો જન્મ રહેશે નહિ. અનેક જન્મ સુધી આપણે કેટલા બધા દુઃખો ભોગવ્યા? હેરાન-પરેશાન થયા. પૂર્વે કોઈ મોટા મુક્તના જોગમાં આવી ગયા તો આ કારણ સત્સંગરૂપ બગીચો જે બાપાશ્રીએ ખીલવ્યો એમાં આપણે પણ આવી ગયા. હું સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરું છું કે આપની દિવ્યસ્મૃતિ પરમપૂજ્ય બાપાશ્રી સહિત હંમેશાં સામે રહે. આપણે એ મૂર્તિરૂપ થઈને કાર્ય કરી શકીએ એવી કૃપાવર્ષા કરી છે તે મહાપથારી સુધી જાળવી રાખી અમારું સેવન કરજો. અને અમને એ દિવ્યસુખના અનુભવમાં મૂકી દેશો કે જે મૂર્તિના સુખમાં અત્યારથી જ અમને રાખવાના આશીર્વાદ આપી દીધા છે. એ આશીર્વાદમાં મુખ્ય બોલનારા તો ભગવાન સ્વામિનારાયણ જ છે. મહારાજ સુખદાતા અને અનંત મુક્તો સુખભોક્તા છે, મુક્તને નિમિત્ત બનાવી પોતે કામ કરે છે.

સર્વોત્તમ માધ્યમ તો અનાદિમુક્ત જ કહેવાયને? કારણ કે અનાદિમુક્ત દ્વારા ભગવાને અનેક કામ કર્યા. આ સદાવ્રત માત્ર થોડા સમય માટે જ નહિ, પણ આ પૃથ્વી - બ્રહ્માંડ ચાલશે ત્યાં સુધી સ્વામિનારાયણ ભગવાન તેમના અનાદિમુક્તોને આ પૃથ્વી ઉપર પ્રગટ કરી અને ચાલુ જ રાખશે. સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ સિવાય

ક્યાંય સારપ નહિ રહેવી જોઈએ. બધા જ અવતારો, બધા જ દેવોમાં ભગવાન સ્વામિનારાયણનો પ્રેરણા દ્વારા આવિર્ભાવ છે. એટલે બધા જ પૂજનીય, આદરણીય છે. આપણે એમનું દર્શન કરીએ, પરંતુ એ કોઈ પણ ઉપાસ્યમૂર્તિ ન ગણાય. ઉપાસ્યમૂર્તિ તો એ ગણાય કે જેનો સર્વોપરી મંત્ર શ્વાસોશ્વાસ ચાલતો હોય. તે સિવાય બીજો કોઈ મંત્ર અધિક નથી. માટે આપણે એક વસ્તુ નક્કી કરવી કે કોઈ પણ જાતનું દુઃખ આવે એ તો આ જન્મ લીધો છે અને આ જગતમાં આવ્યા તો સુખ દુઃખ તો ચાલ્યા જ કરવાનું. સંપૂર્ણ વિશ્વાસ રાખીને એ સહન કરવું એ જ ભગવાનની પ્રસન્નતા છે. વિશ્વાસ જો ડગી જાય અને બીજે ક્યાંય સારપ મનાઈ જાય તો સર્વોપરી ઉપાસનામાં કચાશ કહેવાય. ગમે તેવું દુઃખ પડે, વધુમાં વધુ શું થઈ જવાનું છે? આ દેહ પડી જશે. તો સર્વોપરી ઉપાસના દૃઢ રાખવી. કોઈ જગ્યાએ સારપ નહિ રાખવાની. કોઈ દુઃખ મટાડે એ શું? ભગવાનની પ્રેરણાથી જ બીજા દુઃખ મટાડે છે. એ બધા દેવો મટાડે છે? ના ના. ભગવાન સ્વામિનારાયણે આપેલા ઐશ્વર્યથી મટાડે છે. જો એ પાછું ખેંચી લે, તો કોઈ કામ કોઈ દેવથી થઈ શકે જ નહિ.

આ વાત અતિ દૃઢ કરીને આપણે એવા મજબૂત અડગ ભગવાન સ્વામિનારાયણના સિંહ-સૈનિક બની રહીએ કે જેથી બીજે ક્યાંય આપણને એ મૂર્તિ સિવાય સારપ મનાય નહિ. એ મૂર્તિ જ આનંદરૂપ લાગે. બધી જ ક્રિયા કરતાં કરતાં બાપાએ કહ્યું કે ભગવાનનું અનુસંધાન રાખીને કામ કરવું. ફરીથી આ દિવ્યસભાને વંદન કરી,

સૌના રૂડા આશીર્વાદની અપેક્ષા સાથે વિરમું છું. ભગવાનને પ્રાર્થના કરું છું કે આ આશીર્વાદ બધાય અખંડ ઝીલાયા કરે એવી પ્રાર્થના સાથે વિરમું છું.

## સારાંશ

શ્રીજીમહારાજ પોતાનું કાર્ય તેમના અનાદિમુક્તને દ્વાર બનાવી પાર પાડે છે. અનાદિમુક્તના એક વખતના આશીર્વાદ અને તે આશીર્વાદમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ જીવને મૂર્તિના સુખભોક્તા બનાવે છે. અનાદિમુક્તના આશીર્વાદ અનેક જન્મે સિદ્ધ થતું કાર્ય એક જન્મમાં સંપન્ન કરે છે. જીવના પૂર્વના કોઈ મોટા સુકૃત ઉદય થાય ત્યારે અનાદિમુક્ત ઓળખાય છે, તેમના આશીર્વાદ મળે છે. આપણે અનાદિમુક્તને પ્રાર્થના કરવી કે મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદની કૃપાવર્ષા કરી છે તે સદાય સાથે રહે ને એ સ્મૃતિ સહિત અમારાથી દરેક કાર્ય થાય. અનાદિમુક્તને પૃથ્વીપર મોકલી જીવોના કલ્યાણ કરવારૂપી સદાવ્રત શ્રીજીમહારાજ આ પૃથ્વી રહેશે ત્યાં સુધી ચલાવશે. સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. બીજા દેવો તેમણે આપેલા ઐશ્વર્યો દ્વારા કાર્યો કરે છે.

## ૨૬

આ સભા દિવ્ય છે એ હકીકત છે, પણ હનુમાનજીની જેમ આમ કરીને (માથે હાથ દઈને) બેઠા છે અને લંકા ઓળંગવી છે. વચમાં જબરજસ્ત મોટો સમુદ્ર છે. હવે જવું કેમ? છૂટકો છે નહિ. આટલો બધો લાંબો સમુદ્ર ઓળંગવાનો કેમ? તો હાથ ઊંચા કરીને બેઠા. ત્યાં જાંબુવાન આવ્યા. તે કહે, કેમ હનુમાનજી! તમે આમ કરીને બેઠા છો? તો કહે, લંકાની ભાળ કરવા જવું છે, પણ હવે વિચાર કરું છું કે આ સમુદ્ર કેવી રીતે ઓળંગવો? અરે! શું તમે? ભગવાનના ભક્તને - રામના ભક્તને આટલો સમુદ્ર ઓળગંવો એ કંઈ બહુ મોટી વાત છે? મારો છલાંગ! પછી હનુમાનજીએ શ્રીરામ કહીને છલાંગ મારી તો ઊલટું લંકાની મધ્યમાં પડ્યા જઈને! દરિયો તો એક કોર રહ્યો! ત્યારે એમને ખ્યાલ આવ્યો પોતાની શક્તિનો કે તેમનામાં મહાશક્તિ શ્રીરામ પરબ્રહ્મ પરમાત્માની શક્તિ રહેલી છે.

તો ભગવાન સ્વામિનારાયણના આપણે બધા ભક્તો એમાં કંઈ ઓછી શક્તિ છે? બિલકુલ નહિ. આપણે સભાન થયા નથી. ત્યારે કોઈએ પ્રશ્ન પૂછ્યો કે ભગવાનના સ્વરૂપમાં રાખ્યા પછી આ શું ધમાલ? તો ભગવાન જવાબ આપે છે - પહેલા તમારા ચૈતન્યને મૂર્તિમાં રાખ્યા પછી વર્તમાન ધરાવું છું ત્યારે ખરેખર તમારા ચૈતન્યને મુક્ત કરીને બધા આવરણો હટાવીને મૂર્તિમાં રાખું છું, પણ એ પોતાના પૂર્વના સ્વભાવને લીધે એને સંકલ્પ - વિકલ્પ

થાય છે. એટલે મારી કૃપા જે સુખ એને એ ઝીલી શકતો નથી. એટલે એને આટલી ગડમથલ ચાલે છે. ત્યારે મહારાજ! તમે મને સ્વરૂપમાં રાખ્યો તો મારો હાથ પકડેલો છોડી દીધો? કહે, ના એને આકર્ષણ કરીને એવો રાખ્યો છે કે ખસી શકે નહિ. ત્યારે આપણો હાથ પકડી રાખ્યો, પણ આપણા સ્વભાવ અને આપણા જે સમજણના અંગો છે તે બરાબર નથી. એ પાત્રતાને લાવવા માટે મહારાજ એવા સંકલ્પો-વિકલ્પો દ્વારા આપણને ભાન કરાવે છે કે તમે અમારી આજ્ઞાનો કાંઈક લોપ કરતા હશો ખરા. માત્ર આકર્ષણ કરીને રાખ્યા છે, પણ સ્વરૂપનું જેવું સુખ છે એવું ઝીલી શકતા નથી એટલે શું કરે? પછી બાધિતાનુવૃત્તિ દૂર થઈ પાત્ર થાય ત્યારે જ મૂર્તિના સુખનો અનુભવ થાય છે.

## સારાંશ

મહારાજ અને મુક્તોની હાજરીને લઈને સત્સંગ સભા દિવ્ય સમજવી. મહારાજ ચૈતન્યને મૂર્તિમાં રાખ્યા પછી વર્તમાન ધરાવે છે, પૂર્વના સ્વભાવને લઈને સંકલ્પ-વિકલ્પ થઈ જાય છે. ચૈતન્યમાં રહેલી પરમાત્માની શક્તિ તરફ મુક્ત સભાન કરે છે. મૂર્તિમાં રહ્યા પછી હતાશ કે નિરાશ થયા વગર પોતાનામાં પરમાત્માની અનંત શક્તિ છે તેમ દૃઢપણે માનવું. બાધિતાનુવૃત્તિ દૂર થયા પછી મૂર્તિના સુખનો અનુભવ થાય છે.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે--

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

પ્રાર્થના એ શક્તિશાળી હથિયાર છે.
પ્રભુને નિઃસ્વાર્થભાવે પ્રાર્થના કરવી.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org
Email: info@shriswaminarayandivinemission.com